**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા

## પ્રસ્તાવ-ત્રીજો

**(પ્રવચન ૧૧૧ થી ૧૨૦)**

= કર્તા =

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા

= સંકલન =

રિતેશ સરવૈયા


**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ – **94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

વૈશાખ, સંવત ૨૦૭૭

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો

બુધવાર

વ્યાખ્યાન નંબર- ૧૧૧ DATE 30 12 2020

પ્રશ્ન છે, આ રીતે અંગુઠો માંગી લે એને ગુરુ કઈ રીતે કહેવાય ? જવાબ સીધો સીધો એ છે કે આપણને અંગુઠાની વધારે પડી છે કે ગુરુની વધારે પડી છે ! હવે ક્રેડિટ અંગુઠા ઉપર છે, હવે ક્રેડિટ મારા ઉપર છે, હવે ક્રેડિટ સુજશીલતા ઉપર છે, હવે ઈચ્છા ઉપર ક્રેડિટ છે, હવે આપણા જ ગણિતની ઉપર આપણી ક્રેડિટ છે, અને જે ગણિતની ને ગુરુ માપથી લે આ વ્યાખ્યા સાથે આપણે ચાલી રહ્યા છીએ, ત્યારે ગુરુ હકીકતમાં ગુરુ હોતા જ નથી, આપણે ગુરુ હોઈએ છીએ.

પ્રશ્ન છે, દ્રોણાચાર્ય ને કોઈ ન હતું ઓળખતું, ન હતા ધૃતરાષ્ટ્ર ઓળખતા, નથી ભિષ્મ ઓળખતા, નથી કૌરવો પાંડવો ઓળખતા, ન હતા દરબારી ઓળખતા, નહતા નગરજનો ઓળખતા, કોઈ નહતું ઓળખતું આ કઈ રીતે શક્ય છે ?

બધાને ખબર છે દ્રોણાચાર્ય છે, કલાગુરુ છે, એમને વિદ્યા આપી છે, એમને શીખવાડી છે, એમના ગુરુકુલવાસમાં કૌરવો - પાંડવો ભણી રહ્યા છે, એ જ્ઞાની છે, બધા માને છે ઓળખે છે તો નથી ઓળખતા એવું કઈ રીતે કહી શકાય ?

અમને હવે સદ્ગુરુની ઓળખ નથી, ખબર નથી, કશી ગતાગમ નથી, સદ્ગુરુ શું છે ? કશી જ ખબર નથી, સદ્ગુરુતો અમારા માટે અજાણ્યા છે. આવું કઈ રીતે કહી શકાય ? [કાર્યક્રમ]

ધારોકે કોઈ એવા PROGRAM ની અંદર - તમારે જવાનું થયું જેની અંદર PRIME MINISTER - [વડાપ્રધાન] આવ્યા છે. PROGRAM જ એ TYPE નો છે જેમાં STAGE ઉપર બધા મહાનુભાવો બેસે અને કોઈ રીતે તમે PRIME MINSTER ની બરાબર બાજુમાં આવી ગયા છો. તમને ખબર છે કે નહિ એ ખબર

બુધવાર

DATE 30 12 2020

પડની નથી, જીગ્નને કે ભાઈ તમે PRIME MINISTER ની બાજુમાં છો. કોઈ એ તમારું ધ્યાન દોર્યું કે આ તમારી બાજુમાં છે ને એ નરેન્દ્રભાઈ મોદી પોતે છે. તમે કીધું હા બરાબર! પેલા હવે અકળાય છે કારણકે એ સાંભળ્યા પછી તમારો જે પ્રતિભાવ હોવો એવો હતો, એવો કોઈ તમારો પ્રતિભાવ છે નહિ. તમે કહો છો હા બરાબર છે, આતો સમજ્યુ ગયા પણ - એમાં તો કોઈ સમજ્યા જેવું દેખાતું નથી એટલે ભાઈ જરા ભારપૂર્વક ફરી કહે છે કે ભારતના પ્રધાનમંત્રી છે, હા બરાબર છે. વળી પાછા કહીએ છીએ કે મને ખ્યાલ જ હતો. ખબર છે હું ઓળખું છું, એવું કાંઈ છે નહિ. હવે એ ભાઈની અકળામણ એકદમ વધી જાય કે ભાઈ તમે ઓળખો છો એ તમારી ગેરસમજ છે, તમે સમજો છો એ તમારી અણસમજ છે. તમે કશું સમજ્યા જ નથી તો માટે જ તમે આ રીતે, આમ આતો કોઈ પ્રતિભાવ જ નહિ. કોઈ - આવકાર્યા નહિ, એમના પ્રત્યેનો કોઈ RESPECT નહી, આમ આતો કોઈ સામાન્ય માણસ બાજુમાં ઉભું હોય, એ રીતે એ ઉભા છે. આવી તમારી કઈ રીતની સમજ છે. એ કહે આપણને?

આપણી સ્થિતિ આવી છે. જે ગુરુ ભગવંત છે! મને ખબર છે! જે આચાર્ય ભગવંત છે, મને ખબર છે! છત્રીસ ગુણોના ધારક છે. હા મને ખ્યાલ છે! આપણ ને બધો જ ખ્યાલ છે, અને આપણને કશો જ ખ્યાલ નથી. જેને માટે જ આપણને અંગુઠાની કિંમત છે, ગુરુની કિંમત નથી.

સિકંદર એના ગુરુ ARISTOTAL સાથે, લશ્કર મળવા નીકળ્યો છે, અને જઈ રહ્યા છે ----

જઈ રહ્યા છે, જઈ રહ્યા છે ને આગળ દુર.. દુર.. દુર ઓઝળી ગયા ને વચ્ચે નદી આવી. એરીસ્ટોટલ વિચાર તો કરે છે કે સાથે જવું છે, પણ કઈ રીતે જવું ને આ-જગ્યાએ પહેલી વાર આવ્યા ને નદી કેવી છે, પ્રવાહ કેવો છે, ઊંડાણ કેટલું છે, કશી જ ખબર નથી. એરીસ-ટોટલ સહેજ બોલી ગયા કે આ નદી કેટલી ઊંડી હશે, ને આ બોલતાની સાથે, કુદી પડ્યો સિકંદર તરતો-તરતો સામે કિનારે પહોંચી ગયો. કાંઠે જઈને ઉભો થયો, ને બોલ્યું ગુરૂજી, આવી જાવ કંઈ વાંધાજનક નથી. એરીસ્ટોટલ આવી જાય છે ને આવીને ઠપકો આપે છે, નદી વધારે ઊંડી હોત તો, જેવા કોઈ પાણીમાં જળચરો હોત તો, પાણી નો પ્રવાહ એટલો ઝડપી હોત તો, તણાઈ ગયો હોત તો, ડુબી ગયો હોત તો, મરી ગયો હોત તો, આ રીતે કુદી પડાતું હશે, ખબર નથી પડતી ! અને સિકંદરે કહ્યું ગુરૂજી, જોખમ હતું. આપણી નદીમાં હું કુદી પડ્યો હતો, ગયો તો થઈ શકત, પણ ગુરૂજી સિકંદર મરી જાય તો, એરીસ્ટોટલ જેવી જાય તો બીજા દસ સિકંદર પેદા થઈ જાય, પણ જો એરીસ્ટોટલ જશે તો, તો પછી આ સિકંદર કોઈ જ કામનો નહિ રહે. મુલ્ય સિકંદર નું વધારે કે એરીસ્ટોટલ નું વધારે ?

આપણે અનંતાભવોમાં, સિકંદર નું મુલ્ય આંક્યું છે. આપણી જાતનું મુલ્ય આંક્યું છે. આપણને-આપણી બધી જ મહત્તા છે. સદ્ગુરૂની આપણને કોઈ જ મહત્તા નથી, માટે આપણો મોક્ષ થયો નથી. દ્રોણાચાર્ય ને કોઈ ઓળખતા ન હતા, કારણકે દ્રોણાચાર્ય નું જે ગુરૂત્વ, એમના પ્રત્યેની જે [illegible], એમના પ્રત્યેનો જે સદ્ભાવ, જેનામાં હોય એ લોકો જ દ્રોણાચાર્ય ને ઓળખ્યા કહેવાય. બાકી ROUTINE ની જેમ જીવાતું હોય, ROUTINE ની જેમ વ્યવહાર થતા હોય, ત્યાં

દ્રોણાચાર્ય ની ઓળખાણ કઈ રીતે હોય શકે ? PM છે તમારી બાજુમાં ખબર પડે, ઉછળી જાવ, આખ ની-ગાળ ફુટ દુર જતી જાવ, હાથ જોડાઈ જાય, જુકી જાવ, પ્રણામ કરો, અહોભાવ થઈ જાય, આખ તમારો ચહેરો આખી જિંદગીમાં ના થયો હોય એવો થઈ જાય તો તમે PM ને ઓળખ્યા છો! એમાને એમા તમે વર્તો છો, તો તમે એને ઓળખ્યા એવું કઈ રીતે માની લેવાય. તમે નથી નરેન્દ્રભાઈ મોદી સમજ્યા, નથી PM સમજ્યા, નથી પ્રધાનમંત્રી સમજ્યા, તમે કશું જ સમજ્યા નથી. તમે સમજી ગયા છો પણ તમે નથી સમજ્યા!

સિધ્ધસેન દિવાકરસૂરી મહારાજ, ભગવાનની સ્તુતિ ની અંદર, અદભુત વાત કરે છે,

मौ प्रत्यसौ न मनुजप्रकृतिर्जनोऽभूत

ભગવાન આવે તો દેરાસરમાં માણસો જ આવે, સમવસરણ ની અંદર, આગળ ની આખી પર્ષદા, આખો એ પહેલો ગઢ, દેવ-દેવીઓ અને માણસોથી ભરેલો હોય, પણ ભગવાન મને લાગે છે કે એ બધા માણસો નથી.

शङ्के च नातिगुणदोषविनिश्चयज्ञः।

તેઓ ગુણદોષ ની વિશેષતાઓ ને જાણતા હોય એવું પણ મને નથી લાગતું.

यस्त्वां जिन! त्रिभुवनातिशयं निरीक्ष्य, नोन्मादमाप न भवज्वसुन्माथ,

ભગવાન ત્રણે લોકમાં, ત્રણે ભુવનમાં, સમગ્ર વિશ્વમાં, ચૌદ રાજલોકમાં, સર્વોત્કૃષ્ટ કોઈ વ્યક્તિત્વ હોય તો એ આપનું છે ને આપને જોઈને, જે ગાંડો નથી થઈ ગયો, જે પાગલ નથી થઈ ગયો, જે આફરીન નથી થઈ ગયો, જે ઓવારી નથી ગયો, જેના રોમ-રોમ ખડા નથી થઈ ગયા, જેની આંખમાંથી આનંદ ના

બુધવાર

DATE 30 12 2020

એક્રુઓ વરસી નથી રહ્યા, તો ભગવાન દેશના ની વાત દૂર છે, તત્વની વાત દૂર છે, સંસારનું સ્વરૂપ ઓળખાય એની વાત દૂર છે. ભગવાન માત્ર આપના દર્શન થાય, સંસારને લાત મારીને જે સાધુ નીકળી ના જાય તો, ભગવાન,

નોન્માદમાપ ન ભવજ્વરમુન્મમાથ।

નથી જે ગાંડો થયો કે નથી જે સંસાર છોડી ને નીકળી ગયો, તો ભગવાન હું એને ડાહ્યો કહેવા તો તૈયાર નથી, એને હું સાધુ પણ કહેતો નથી, એ પશુ જ હોવો જોઈએ. એ જનાવર જ હોવો જોઈએ, કે ભગવાન આપ મળ્યા, તો આપની પાછળ પાગલ ન બની જાય, તો સંસાર-ને લાત મારી ને નીકળી જાય !

PRIME MINISTER છે મને ખબર છે, સદ્ગુરૂ છે, મને ખબર છે. આ ભગવાન છે, આ શીતલનાથ દાદા છે, મને ખબર છે ! એક અજ્ઞાની કદાચ એટલો અજ્ઞાની નહી હોય, એક નાસ્તિક કદાચ એટલો નાસ્તિક નહિ હોય, કે જ્યાંયા કશો આવ્યો જ નથી, કશું સમજ્યો જ નથી, જેને આ ધર્મ, આ કુળ, આ શાસ્ત્ર, આ જિનવાણી કશું જ નથી મળ્યું, જ્ઞાની ઓની દ્રષ્ટિ માં આપણે એનાથી આગળ છીએ કે પાછળ, આ એક પ્રશ્ન છે !

સભાનો પ્રશ્ન :- આ ઘટના માં પહેલી વાર તો લાગે છે કે PM બેઠા છે. દસ વરસના હોય PM છે, પછી સો વરસ જેમ સમય વધતો જાય, પછી તો ROUTINE આવે કે ન આવે, પહેલા દિવસે થયું એવું થોડું છેલ્લા દિવસે આવે ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- દિલ્હીની PM OFFICE ની બહાર તમે ઊભા રહો ને દશ વાર જે

જે આવે છે, એનો તમે RESPECT કરો ને તમને બધા જ જવાબ મળી જશે. સવાલ સો વાર થઈ ગયું, હજાર વાર થઈ ગયું એનો નથી, આપણી પાસે પહેલી વાર પણ પ્રતિભાવ નથી કારણકે, આપણી - સમજ્યા જ નથી, જેને સમજ્યા હોય તો હજારમી વાર પણ એ જ પ્રતિભાવ હશે, હું તમને કહું કે પૈસા ની નોટો તમારા હાથમાં કેટલી વાર આવે ? તમને એમ લાગે કે પૈસા છે, ઠીક છે, એ જેવા છે, આવું લાગે છે કે રોજ છોડવાનું મન થાય ?

[ "પૈસાનું મુલ્ય સમજ્યું છે, હજુ આપણને સદ્ગુરૂનું, ભગવાનનું મુલ્ય જ સમજ્યું નથી." ]

*EXTREMELY IMPORTANT*

આપણે પહેલા દિવસે એ સમજતા હતા, આપણે જિંદગીના છેલ્લા દિવસે પણ સમજદાર હોઈએ છીએ, આપણે કદી ગાંડા થયા જ નથી, આ આપણી ખરી તકલીફ છે. સિધ્ધસેન દિવાકરસૂરી મહારાજ કહેવા માંગે છે, ડાહ્યા એનો કદી મોક્ષ થતો જ નથી, સમજદારો એમની સમજણ સાથે ભવમાં ભટક્યા જ કરે છે. સદ્ગુરૂની પાછળ પાગલ થાય, એમનો જ ભવસાગર-માંથી નિસ્તાર થાય છે.

પ્રશ્ન નંબર ત્રણ :- તમે કહો છો કે એકલવ્ય જેવા સમર્પણાંધ બનવું જોઈએ, આને દ્રષ્ટિરાગ કહેવાય કે નહિ ? શું આ દ્રષ્ટિ રાગ નથી ? શાસ્ત્રની અંદર ના પાડી, કામરાગ ના કરાય, સ્નેહરાગ ના કરાય, દ્રષ્ટિ રાગ, આંધળો રાગ, સમજ્યા વગરનો રાગ, તમે દ્રષ્ટિ ઉપર જ ATTACK કરો, સમજવાનું જ નહિ, તો શું આ દ્રષ્ટિ રાગ ના કહેવાય ? આવી રીતે અમે ગુરૂને ભેટી પડ્યા, વળગી પડ્યા,

આવું આંધળું સમર્પણ રાખવીએ, એકલવ્ય બની જઈએ - તો એ અમારી ભૂલ નહીં હોય ને ? મિથ્યાત્વ નહીં હોય ને ? દ્રષ્ટિરાગ નહીં હોય ને ?

જવાબ એ છે, જિનશાસનના ગુરુ ભગવંત હોય, પંચ મહાવ્રતના ધારી હોય, આટલું તમારા ધ્યાનમાં આવ્યું ને હવે છેક સુધી તમે આંધળું સમર્પણ રાખશો જ નહિ, ટીકા-ટીપ્પણ-નિંદા-વિચારણા, મસલતો કર્યા જ કરશો, તો તમારો ઉદ્ધાર ક્યારે થશે ? શાસ્ત્રીય પરિભાષાની અપેક્ષા એ વિચારીએ, જ્યાં ગુણદોષની વિચારણા જ નથી, ગમે ત્યાં જેવા રાગી થઈ જવું, દોષો-એવા છતાં રાગી થઈ જવું, જ્યાં નથી સંયમ, જ્યાં નથી સમ્યક્ત્વ, જ્યાં નથી સૂક્ષ્મ પ્રકારનો ધર્મ, નથી જ્યાં સૂક્ષ્મ પ્રકારની સમજણ, એવા મિથ્યાત્વની અંદર પાગલ થઈ જવું, આનું નામ દ્રષ્ટિરાગ !

दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामपि ।

વિતરાગ સ્તોત્રની અંદર કલિકાલ સર્વજ્ઞ કહે છે કે, દ્રષ્ટિરાગ એટલો પાપી છે, એટલો અઘરો છે, કે સજ્જનો માટે પણ ઉચ્છેદ કરવો અઘરો થઈ જાય છે. પારિભાષિક દ્રષ્ટિરાગ, જે મિથ્યાત્વની અંદર આવે, જે સંસાર માર્ગની અંદર આવે, માની લો કે સદ્ગુરુ પ્રત્યે આંધળું સમર્પણ રાખવું એ દ્રષ્ટિરાગ છે, એમની દ્રષ્ટિનો રાગ, એમણે જે કહ્યું એનો આંધળો સ્વીકાર, પણ પારિભાષિક શાસ્ત્રોમાં જે મિથ્યાનુબંધી જે દ્રષ્ટિરાગ કહ્યું, એ નહિ ગણાવું. અને વ્યુત્પત્તિથી તમારે દ્રષ્ટિ રાગ કહેવું હોય તો, કંઈ વાંધો પણ નથી. અને આચારાંગ સૂત્રની અંદર તદ્દીઠ્ઠી દ્વારા, આ પદ દ્વારા, ગુરુની દ્રષ્ટિ એ જ આપણી દ્રષ્ટિ, એના દ્વારા આજ વ્યુત્પત્તિક દ્રષ્ટિરાગની વાત કરી છે. ધર્માચાર્ય બહુમાન કુલક કહે છે,

બુધવાર

DATE 30 12 2020

जुत्ताजुत्तविचारो गुरुआणाए न जुज्जए काउं।

યુક્ત કે અયુક્ત વિચાર, એ ગુરુઆજ્ઞામાં કરવા ઉચિત જ નથી.

दइवाओ मंगुलं पुण

કદાચ દૈવ યોગે, કદાચ અપ્રિતવ્યનાથી, કદાચ છદ્મસ્તથા-થી, કદાચ અનાભોગથી, કદાચ ભુલથી, સદ્ગુરુથી ખોટી આજ્ઞા પણ થઈ ગઈ હશે,

जं कुज्जा तंपि कल्लाणं।

એના પણ પાલનથી શિષ્યનું કલ્યાણ જ થવાનું!

ખરો પ્રશ્ન હરિરાગ થઈ જશે તો શું ? એનો નથી, હજુ આપણને આપણી હરિરનો રાગ છુટતો નથી, આ અંદરનું નૈશ્ચયિક ગાઢ મિથ્યાત્વ, એ છુટતું નથી, એ આપણો ખરો પ્રશ્ન છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, બહુ પ્રેમથી આપણને કહેવા માંગે છે,

अज्ञानं मरणं मतम्।

આ અજ્ઞાન, આ અંધારું એ જ તમારું મૃત્યુ છે. એ જ અનંત મૃત્યુ નું કારણ છે. આનાથી બચવુ હોય, તો જ્ઞાન સિવાય બીજો કોઈ જ ઉપાય નથી. કહેવાય છે કે એકલવ્ય છે ને, એણે જંગલની અંદર જઈને દ્રોણાચાર્યની એક મૂર્તિ બનાવી હતી, જે મૂર્તિ ની સમક્ષ એણે ધનુર વિદ્યાના પાઠો શીખ્યા હતા. આ મૂર્તિ એ શું હતું ? એકલવ્યના હૃદય સિંહાસન ઉપર બિરાજમાન દ્રોણાચાર્ય નું જે પ્રતિબિંબ હતું. સંસ્કૃત ની અંદર પ્રતિમા અને પ્રતિબિંબ, આ બંને સમાનાર્થી નામો છે આપણા ગુરુની મૂર્તિ ની પ્રતિષ્ઠા થઈ હશે તો આપણને ગમશે. પણ જો આપણા હૃદય સિંહાસન ઉપર ગુરુ નથી, જો આપણા ભુવન સિંહાસન ઉપર ગુરુ નથી, તો પછી એ ગુરુની પ્રતિષ્ઠા છે, કે અહમ્ ભમ ની છે, એ કોણ વિચારશે. જો હૃદય સિંહાસન ઉપર અહમ્ જ

છે. એ હૃદય સિંહાસન ઉપર પ્રેમ જ છે. એ હૃદય સિંહાસન ઉપર મોહરાજ જ બિરાજમાન છે, તો બહાર ગમે તેટલી ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાની મહોજલાલી, ધામધૂમ, સરસ મજાનો મહોત્સવ થઈ રહ્યો હશે. શાની એને પૂછીએ, તો એમની દ્રષ્ટિએ એ સરસ નાટક ચાલતું હશે.

તમે મારી પાસે આવો, તમે કહો કે સાહેબ અમે ફલાણી જગ્યાએ પ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રતિષ્ઠા કરવાના છીએ. હું પણ ખુશ થઈ જઈશ. પણ જો મારા ભુવનમાં મારા હૃદયમાં, ગુરુ બિરાજમાન નથી, તો મારે એ ખુશીનું સંશોધન કરવાની જરૂર છે, કે એ શાની ખુશી છે? શું એ તાત્વિક દ્રષ્ટિએ ગુરુ ભક્તિ છે, કે એ ય આત્મ ભ્રમ છે. મારા ગુરુ આનો અર્થ શું છે? શું આનો અર્થ મારા અધિપતિ ગુરુ છે? મારા ભુવનના સ્વામી એવા ગુરુ છે? મારા આજ્ઞાદાતા જેમની આજ્ઞાનું અક્ષરશ: પાલન કરું, એવા ગુરુ છે? મારા ગુરુનો અર્થ શું છે? જે મારા અધિપતિ ગુરુ, મારા ઉપર જેમનો સંપૂર્ણ અધિકાર, એમની ઇચ્છા, એમનો ઇશારો, એમની આજ્ઞા, એના વગર હું આમ થી આમ ન થઉં, એવી જે મારી સ્થિતિ નથી, તો પછી ત્યાં મારા ગુરુમાં ગુરુ ગૌણ બને છે, મારું એ મુખ્ય બને છે. અને હું જ્યારે એવી રીતે ગુરુની પ્રતિષ્ઠા કરાવી રહ્યો છું, ત્યારે હકીકતમાં હું મોહની પ્રતિષ્ઠા કરાવી રહ્યો છું.

હું તમારી આગળ આગ્રહ કરું, તમને FORCE કરું, તમારે મારા ગુરુની પ્રતિષ્ઠા કરાવવી જ પડશે, ત્યારે હું હકીકતમાં મારા ગુરુનું ઉત્થાપન કરાવી રહ્યો છું, એમની જે નિ:સ્પૃહતા એમનું ઉત્થાપન કરાવી રહ્યો છું. એમની જે નિરપેક્ષતા, એનું ઉત્થાપન કરાવી રહ્યો છું. એમની કરુણા, એમનું વાત્સલ્ય, એનું ઉત્થાપન કરાવી રહ્યો છું. એમની જે

જિનાજ્ઞા પાલનની ખુમારી, એનું ઉત્થાપન કરાવી રહ્યો છું. તો હું આ રીતે જ્યારે ગુરૂની પ્રતિષ્ઠા કરાવી રહ્યો છું, એનો અર્થ એ છે, કે હું જે નથી સમજ્યો, એ તમને સમજાવી રહ્યો છું. આત્મબોધ-કુલક ની અંદર, પૂર્વાચાર્ય જયશેખરસૂરીશ્વ મહારાજ, બહુ અદ્ભુત વાત કરી છે,

अन्नाणमबोहिंता केइ बोहिंति परे०

કેટલાક એવા જીવો હોય છે જે પોતાને પ્રતિબોધ નથી કરતા, બીજાને સમજાવવા નીકળે છે, બીજાને પ્રતિબોધ કરવા માટે અથાગ પરિશ્રમ કરે છે. હજુ હું નથી સમજ્યો, તમને સમજાવી રહ્યો છું, મારા ગુરૂ-આવા છે, મારા ગુરૂ આમ છે, મારા ગુરૂનું આવું સંયમ, આવું તપ, ફલાણું, ઢીંકણું તમે આમ આફરીન થઈ જાવ, તાજુબ થઈ જાવ, ભીના-ભીના થઈ જાવ, આંખ માંથી તમને આંસુ નીકળી જાય, એવા ગુણાનુવાદ હું કરી દઉં, પણ મારા જીવનની-અંદર એમની આજ્ઞાનું સામ્રાજ્ય નથી, એમનો ઉપદેશ, એમના આદર્શ, એમનો માર્ગ, એમની ઈચ્છા, એમનું હાર્દ આને હું સ્પર્શ્યો જ નથી, કંઈ લેવા દેવા જ નથી, એનો અર્થ એ જ છે કે હું જે નથી સમજ્યો, એ તમને સમજાવી રહ્યો છું!

मण परिजणम्मि छुहिए सत्तागारम्मि किं कज्जं?।

જ્યારે પરિવાર જ ભૂખ્યો હોય પોતાનો, પત્ની ભૂખે મરતી હોય, મા-બાપ ભૂખે મરતા હોય, દીકરો ભૂખે મરતો હોય, દીકરી ભૂખે મરતી હોય, આખો પરિવાર ભૂખ્યો છે, ત્યારે બહાર અન્નક્ષેત્ર ખોલીને, ખીચડી ઘર ખોલીને, બધાને પેટ ભરીને જમાડવાનો મતલબ શું છે? હું ઘોર નિદ્રામાં છું, અને તમને ઢંઢોળી રહ્યો છું, એ હું સમજ્યા વગર તમને સમજાવી રહ્યો છું. બહુ સરસ મજાની વાત યોગસાર પ્રકરણ ની અંદર,

પ્રાચીન પરમર્ષિ કહે છે,

उपदेशादिना किञ्चित् कथञ्चित् कार्यते परः।

ઉપદેશથી કંઈક કોઈ રીતે, બીજાને કંઈક શીખવાડી શકાય છે, સમજાવી શકાય છે. કંઈક એની પાસે ધર્મ કરાવી પણ શકાય છે.

स्वात्मा तु स्वहिते योक्तुं मुनीन्द्रैरपि दुष्करः।

પણ પોતાના આત્માને પોતાના હિતમાં જોડવો, એ તો મોટા મોટા મુનિન્દ્રો દ્વારા પણ, ન થઈ શકે, એવી અઘરી પડે, મુશ્કેલ પડે, એવી વસ્તુ છે.

परोपदेशे पाण्डित्यं।

હું પંડિત છું જ્ઞાની છું, સમજેલો છું પણ, પણ કંઈ બાબતમાં સમજાવવામાં હું છું, તો હું કશું જ સમજ્યો નથી.

## આવડત નું પણ એક અંધારું હોય છે !

## પુણ્યનું પણ એક અંધારું હોય છે !

ટોળાનું, ભીડનું, પણ એક અંધારું હોય છે. નામના નું પણ એક અંધારું હોય છે. પ્રશંસાનું પણ એક અંધારું હોય છે, જેની અંદર જીવ પોતાના અજ્ઞાન ને સમજી શકતો નથી. સદ્ગુરૂ બધું જ અજવાળી દે એમ છે. સદ્ગુરૂ તૈયાર છે, સજ્જ છે, કરૂણાના સાગર છે, બધું જ અંધારું દૂર કરી દે, બધું જ અજવાળી દે, પણ આ આવડત વગેરે નું અંધારું, એ જીવને સદ્ગુરૂ ની-પાસે જ જવા દેતું નથી. એ કહે કે હું અહીં-અહીં જઈ આવ્યો, મોટા મોટા આચાર્યો ને મળ્યો આમ કર્યું તેમ કર્યું. પણ એટલું બધું બિચારાને અંધારું હતું, એ સદ્ગુરૂ સુધી પહોંચી જ ના શક્યા. એ ઉપાશ્રયમાં પહોંચી ગયા, એ પાટ સુધી પહોંચી ગયા, એ કોઈ

ત્યાં સુધી પહોંચી ગયા, જ્યાં પોતાના સુહતો કહી શકાય, જ્યાં અંદરની અહંકારની ભુખ સંતોષાય, એના માટે ય આગળ ચાર જગ્યાએ જઈ જાવે, એ સદ્‌ગુરુ સુધી નથી પહોંચી શકતો.

એકલવ્યને અજવાળું મળી ગયું

કારણકે એની પાસે આવડતનું અંધારું ન હતું! એકલવ્યને બધું જ આવડી ગયું, કારણકે એને કશું આવડતું ન હતું. આવડતવાળાંને કશું આવડી શકતું નથી. અણઘડોને કશુ જણાવી શકાતું નથી. કલ્પિત અજવાળાની અંદર બેઠા હોય, એ લોકો. અજવાળાની જરૂર નથી, એવું BOARD લઈને બેઠા હોય છે. જેમના માટે હું નો અર્થ સુરજ હોય છે. એમના માટે દીવાનો અર્થ, વ્યર્થ હોય છે, હું જ સુરજ છું, હવે મને દીવાની જરૂર જ શું છે?, ભવ ખોઈ, લઈ ભવ તમારો દીવો! કંઈ જ જરૂર નથી! હું જ્ઞાની છું, આ ભ્રમણા, એ અજ્ઞાન ની "Z SECURITY" હોય છે. અજ્ઞાન એમાં એકદમ સુરક્ષિત રહેશે, હજુ એવી FEELINGS હશે, કે હું, અણસમજુ છું, કફોળ છું, બેવકુફ છું, ઘોર અજ્ઞાની છું તો હજુ જ્ઞાન પામવાની એક શક્યતા પણ ઉભી રહેશે, અજ્ઞાન અસુરક્ષિત થશે, પણ મનમાં જ્યાં ઠસી ગયું કે, હું સમજદાર, જ્ઞાની, સમજેલો ભણેલો, બધી જ મને ખબર છે, હવે અજ્ઞાનની "Z SECURITY" થઈ ગઈ!

"મર્યો અનંતવાર બીન સમજ્યો"

દ્રોણાચાર્ય નો અર્થ એક-લવ્યમાટે વરસાદ હતો, કારણકે એકલવ્ય નો અર્થ ભુમિકા હતો. વરસાદ સ્પર્શી શકે

છે, વરસાદ સમાઈ શકે છે, શીરન જેટલી જ કે સામે પણ ભૂમિકા હોવી જોઈએ. સામે પણ ભૂમિકા ન હોય, સામે પણ અદ્ધર હોય, ત્યાં વરસાદ લાચાર છે. વરસાદ નથી એને સ્પર્શી શકતો, વરસાદ નથી એમાં સમાઈ શકતો, અદ્ધર હોય છે નથી એને શીતળતા મળતી, નથી ભીનાશ મળતી, નથી પ્રક્ષાલન મળતું, નથી તૃપ્તિ મળતી. અદ્ધરને ફક્ત એક જ વસ્તુ મળી શકે છે, જેનું નામ છે પછડાટ. બહુ સરસ મજાની વાત એક કવિએ કરી છે.

"કેટલી પછડાટ ખાધી બાદમાં,
ચાલવા ગયા હતા અમે અદ્ધર જરા!"

હજુ આપણને ભૂમિકા નથી ફાવતી, હજુ અદ્ધર જ ફાવે છે, હજુ અદ્ધર ને અદ્ધર! આપણી COMEDY છે, TRAGEDY છે, શું કહીએ, આપણને ખરેખર આપણા માટે હસવું ને રડવું આવે. હજુ આપણે અદ્ધર છીએ.

"કેટલી પછડાટ ખાધી બાદમાં,
ચાલવા ગયા હતા અમે અદ્ધર જરા!!"

આપણે કાંઈ ભૂમિકા ઉપર હોઈએ, આપણે નીચે, આપણી ડોક, તમે હજુ આપણને સમજ્યા જ નથી. બસ - આપણે આપણને સમજ્યામાં એટલા બધા વ્યસ્ત થઈ ગયા કે, આપણે સદ્ગુરુને સમજ્યુ જ ના શક્યા! અંદરની રાય, અંદરની તુમાખી, અંદરની અહમ્, અંદરનું મમ, બસ આટલો જ સંસાર છે. નરક શું છે આ જ છે, નિગોદ શું છે, આજ છે. ૮૪ લાખ યોનિ શું છે. આજ છે. અનાદિ કાળનું ભવ ભ્રમણ.

અનંત પુદ્ગલ પરાવર્ત, આ ભયાનક માં ભયાનક - યાતનાઓ, કીડીકન માં શું છે, એ આજ છે નારકની દુઃખ ડર લાગે છે, નિગોદ નો લાગે છે, આનો આપણને ડર નથી લાગતો, આ તો મિલકત લાગે છે, મૂડી લાગે છે, સાચવવા જેવું લાગે છે.

એક ભાઈ રોજ વ્યાખ્યાનમાં જતા હતા, એક દિવસ સવારે છોકરો એ તૈયાર થયો, પપ્પા રોજ જાવ છો, વખાણ કરો છો, આજે હું એ આવું વ્યાખ્યાનમાં, પપ્પા એ કહી દીધું તારે નથી આવવાનું. પપ્પા કહો છો આટલું સારું વ્યાખ્યાન છે, હું આવું એમાં શું વાંધો છે, કીધું ને નથી - આવવાનું, પણ પપ્પા કારણ શું ?, પપ્પા કહે કે આ બધુ સાંભળવા માટે મજબુત છાતી જોઈએ. ~~આવી વિચારો આ બધી બાબતો માનતો હતો~~ !

"જેટલી પછડાટ ખાધી બધ્યાં,
ચાલવા ગયા હતા અમે અધ્ધર જરા !"

અધ્ધર ની વાતો જ આખી જુદી હોય છે, અધ્ધરને ફરીયાદ હોય છે, મને ગુરુ એ કંઈ આપ્યું નથી, બીજાને ભણાવ્યા, બીજાનું - પૈસાનું બધું બરાબર રાખે છે, મારું નથી રાખ્યું. અધ્ધર ની ફરીયાદ છે, મને ગુરુએ કંઈ આપ્યું નથી, એ નથી કહેતો કે મેં કાંઈ લીધું નથી. ખરી વાત તો એ હોય છે, એને કંઈ લેવું જ નથી, વાત આગળ વધે છે, તમે મને આપનારા કોણ ?, ભૂમિકાને મન ગુરુ એ જ સર્વસ્વ હોય છે. અધ્ધર ને મન પોતાની ભ્રમણા સર્વસ્વ હોય છે. એ આખી જિંદગી એ ભ્રમણા ને સાચવવાનો મરણિયો પ્રયાસ કરતો રહે છે અને એ પ્રયાસમાં એ હંમેશા સફળ પણ થાય છે.

કારણકે પરુષાર્થ જાગ્યા પછી પણ અધ્ધર તો અધ્ધર જ હોય છે. પરુષાર્થ પણ જો ભૂમિકા મેળવી લેવાય તો કામ થઈ જાય. પરુષાર્થ પછી જો અધ્ધર રહે, માટે એ કહી ભૂમિકા બની શકતી નથી, માટે એનું કામ થઈ શકતું નથી.

"મર્યો અનંતવાર બીન સમજ્યો"

"નહિ સમજેંગે વો મરેંગે"

अज्ञानं मरणं मतम्।

શ્રોતાની પ્રશ્ન :- ભગવંત! આવા જીવો સાધનાના માર્ગે આવી કઈ રીતે જાય? એટલે પહેલી ખ્યાલના આવે?

ગુરુજીનો ઉત્તર :- વ્યવહાર દ્રષ્ટિએ સાધનાના માર્ગે અભવ્ય પણ આવી શકે છે. નિશ્ચય દ્રષ્ટિએ, ચરમાવર્ત સીવાય, અત્યંત આસન્નસિદ્ધિક સીવાય, કોઈ સાધના માર્ગે આવ્યા હોતા જ નથી. બહુ સરસ સમજની વાત, ઉપદેશ માલા ગ્રંથની અંદર,

ન હોઇ સવ્વં પિ નડપઢિયં।

એક નટ છે, નાટકીયો છે, ACTOR છે, ભવાઈ છે, ભાંડ છે, અને સાધુનો વેષ પહેરી લે, વ્યાસપીઠ ઉપર બેસી જાય, સરસ ભગવત નું વ્યાખ્યાન આપી દે. એ રીતે જેમ મોક્ષ યાત્રી નથી બની શકાતું, એ રીતે જેમ સાધક નથી બની શકાતું. મારામાં ગુણો નથી, કપડા મેં પહેરી લીધા, પાટ ઉપર હું ચઢી ગયો, ઉપમિતિ નું વ્યાખ્યાન હું કરવા લાગ્યો, આટલા માત્રથી મોક્ષ યાત્રી કે સાધક ન બની શકાય, આટલા માત્રથી મને સાધના માર્ગ મળી ગયો, આવું ના કહી શકાય.

બુધવાર

DATE 30 12 2020

સભાનો પ્રશ્ન :- સાધના માર્ગ ની પારાશીશી શું ?
અમારે અમારી જાતને કઈ રીતે - તપાસવી ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- શાસ્ત્રકાર ભગવંતો, બહુ સરસ મજાની પારાશીશી, વ્યવહાર ભાષ્ય - વૃત્તિની અંદર રજુ કરી છે, પૂજ્ય મલયગીરી સૂરી - મહારાજ ના શબ્દો છે,

अधिगतश्रुतस्य शास्त्रे गुरौ सङ्घे चाकृत्रिमो बहुमानभाव - उपजायते।

તમે સમજ્યા, તમે પામ્યા, તમે સાધના માર્ગે આવ્યા, તમે મોક્ષ યાત્રી ખરા અર્થમાં બન્યા, એની પારાશીશી આટલી જ છે, શાસ્ત્રો પ્રત્યે, સદ્ગુરુ પ્રત્યે, અને સકલ શ્રી સંઘ પ્રત્યે, તમારો હૃદય નો બહુમાન ભાવ, જો ઉછળતો જ હોય, ઉલ્લસતો હોય, વાંભ-વાંભ ઉછળતો હોય, તો સમજવું, કે ખરેખર તમે મોક્ષ માર્ગે આવી ગયા છો, તમારી મોક્ષ યાત્રા ચાલુ થઈ ગઈ છે.

[EXTREMELY IMPORTANT]

કહેવાય છે કે એકલવ્ય છે ને, એનો અંગુઠો કપાઈ ગયો હતો, એનો એનો અંગુઠો કાપી નાખ્યો હતો, ધનુર વિદ્યા ના પ્રયોગ માટે નું જે મુખ્ય અંગ હતું, એ જ એનું કપાઈ ગયું હતું. ઊંડાણથી વિચાર કરીએ તો આ વાત સાવ ખોટી લાગશે, ધનુર વિદ્યા નું મુખ્ય અંગ શું ? ધનુર વિદ્યાનું મુખ્ય અંગ હતું અસ્તિત્વ નું વિસર્જન, ધનુર વિદ્યા શીખવાનું મુખ્ય અંગ હતું, વિદ્યાદાતા પ્રત્યે સંપૂર્ણ સમર્પણ, આ અપેક્ષાએ જો જોઈએ, તો અંગુઠાનું ખરું સ્વરૂપ હતું, સંપૂર્ણ સમર્પણ ! આ અપેક્ષાએ જો જોઈએ, તો અર્જુનનો અંગુઠો જરા મચકોડાઈ ગયો હતો, બીજા કેટલાક ના અંગુઠામાં જરાક ઘસરકા પડ્યા હતા, કેટલાક ના અંગુઠા ઘવાઈ ગયા હતા, કેટલાના અંગુઠા

સાવ લકવાગ્રસ્ત થઈ ગયા હતા. કેટલાક ના અંગુઠા
સાવ કપાઈ ગયા હતા, પણ એકલવ્યનો અંગુઠાનો
અકાન અને અખંડ જ હતો. એકલવ્યનો અંગુઠો કઈ-
રીતે કપાઈ શકે? એ તો વજ્રનો અંગુઠો હતો, એ કઈ
રીતે કપાઈ શકે? એકલવ્યે ધડ દઈને એનો અંગુઠો કાપી
નાખ્યો હતો, માટે એનો અંગુઠો કદીએ કપાઈ શકે એવી
કોઈ શક્યતા જ ન હતી !

જે કપાઈ જાય છે, એ સચવાય જાય છે !
જે સચવાય જાય છે, એ કપાઈ જાય છે !

એક-લવ્યને સ્પષ્ટ સમજ હતી, શિષ્યત્વના વિશ્વની-
અંદર, ખ્યાલ જ થવું હોય ને, તો ખુવાર થઈ જવું જોઈએ.
બહુ સરસ મઝાની વાત એક કવિ એ કરી છે.

"શિખરો ઊંચા ને મારગ આકરા,
પંડ ને ખોવે તે પ્રિતમ પામે !"

પંડ ને સાચવી રાખવું છે, છુપાવી રાખવું છે, તિજોરીમાં
મુકી દેવું છે, સદ્‌ગુરુની નજર ના પડી જાય, ચોરી ના જાય
સદ્‌ગુરુ, પંડને તો કઈ રીતે ખોઈ શકાય, ગુમાવી શકાય.
રેઢું મુકી શકાય, એનું RISK બિલકુલ ના લેવાય !

"શિખરો ઊંચા ને મારગ આકરા,
પંડને ખોવે તે પ્રિતમ પામે !"

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે કે,
તુ હકીકતમાં છે ને, તું નહી સમજ કે તે પંડ ને-
સાચવી રાખ્યું, જાત ને સાચવી રાખ્યો, તુ આવુ ના
સમજ. તુ સમજ કે તારી ભવિષ્યની નરક ને સાચવી રાખી,

ભવિષ્યની નિગોધને સાચવી શકી. અનંતકાળે ભવિષ્યનું ભવભ્રમણ સાચવી રાખ્યું. આ બધું કઈ રીતે જોઈ શકાય!

કહેવાય છે કે એકલવ્ય અંગુઠાથી પણ આગળ વધ્યો હતો. એણે OFFER કરી હતી દ્રોણાચાર્યને, આપ કહો ને મારું માથુ એ ધરી દેવા તૈયાર છું. અંગુઠાની તો શું વાત છે! એકલવ્ય ને આપણામાં આ જ ફરક છે. ગુરૂએ અંગુઠાની વાત કરી અને એણે માથુ ધરી દેવાની તૈયારી બતાડી. આપણને ગુરૂ માથા ની વાત કરે અને આપણે અંગુઠો બતાડીએ. એકલવ્યની સ્પષ્ટ તૈયારી હતી, ગુરૂદેવ અંગુઠાની આટલી નાની વાત કેમ કરી, ગુરૂદેવ આદેશ કરો આ માથુ ઉતારી ને આપી દઉં. એકલવ્યની સમજ બહુ જ સ્પષ્ટ હતી, કે આ શિષ્યત્વની દુનિયા છે, એમાં ખુવાર થઈ જવાથી જ ખુવી શકાય છે.

★ શિષ્યત્વની દુનિયાની અંદર ફુરબાની એ જ ખુવન હોય છે.

★ શિષ્યત્વની દુનિયાની અંદર મૃત્યુ એ જ શિષ્યનો જન્મ હોય છે!

એકલવ્ય બરાબર સમજતો હતો, શુન્યની રીતિની અંદર જ શિષ્યત્વ ખરા અર્થમાં સાકાર થતું હોય છે. બહુ સરસ મઝાની વાત એક કવિ એ કરી છે.

"મૃત્યુ તારે આંગણ આવ્યું,
શુન્યં તને જન્માભીનિનંદન!"

તુ જ્યારે શુન્ય બની જાય ત્યારે મૃત્યુનો અર્થ જન્મ જ થઈ જતો હોય છે. તારે કંઈ થયું છે તો બધી ઉપાધિ

છે. તું શુન્ય જ છે, તું નથી, તું કુરબાન છે, તું જુદાર છો, અસ્તિત્વનું વિસર્જન થઈ ગયું. પછી આવા કોઈ પ્રશ્નો જ આવતા નથી. યા માધુ હોય શકે, યા શિષ્યત્વ હોય શકે. શિષ્યત્વ ને માધુ બંને હોય, એ તો સંભવિત જ નથી. બહુ મનોમંથન કરવું છે. આપણે આપણું માધુ સાચવી ને રાખ્યું છે. માધુ તો કઈ રીતે આપી શકાય !

સાધ્વીનો પ્રશ્ન : સાહેબજી, ગુરુની કૃપા હતી, પણ પુરુષાર્થ તો એકલવ્યનો પોતાનો જ હતો ને ?. - પુરુષાર્થ કાંઈ ગણાય જ નહી ?. ફક્ત ગુરુકૃપા જ ગણી લેવાની ?.

પૂજ્યશ્રીનો ઉત્તર : બહુ સરસ પ્રશ્નનો જવાબ. શાસ્ત્રકાર-ભગવંતો આપે છે.

તદ્ગતગુરુબહુમાનભાવસ્યૈવ તત્પ્રસાદરૂપત્વં ।

હવે તમે બહારમાં અટવાવ છો, ગુરુના શબ્દો, શાબાશી, પ્રસંશા, તમારી અનુમોદના, તમારો પ્રસંગ હતો, પચાસ કિલોમીટર નો વિહાર કરીને સદ્ગુરુ આવી ગયા, તમે ખુશ થઈ ગયા, કૃતકૃત્ય થઈ ગયા, તમારું કામ થઈ ગયું, હવે તમે કશું સમજ્યા જ નથી. સદ્ગુરુએ ના પાડી દીધી, બાજુમાં હતા, પાંચ મિનિટના અંતરે હતા, ના પાડી દીધી, મારે સ્વાધ્યાય છે, મારે શિષ્યોનો પાઠ છે. હું નહી આવી શકું, તમારા પૂજનમાં, સદ્ગુરુ આવ્યા હોય ને જે બહુમાન તમારાં અંતરમાં હોય, એ જ બહુમાન આ સ્થિતિમાં પણ હોય, તો સદ્ગુરુની તમારા ઉપર કૃપા ! તમારો બહુમાન ભાવ - એ જ સદ્ગુરુની કૃપા છે. બહુમાનભાવમાં મોટામાં મોટું વિઘ્ન હોય, એ આપણું માધુ છે. જ્યાં સુધી માધુ છે, ત્યાં સુધી બહુમાન ભાવ નથી, ને તાત્વિક દ્રષ્ટિએ સદ્ગુરુની કૃપા પણ નથી. યા માધુ હોય શકે, યા શિષ્યત્વ હોય શકે. શિષ્યત્વ અને માધુ બંને હોય, એ તો શક્ય જ નથી.

લૌકિક વિશ્વની અંદર, માથુ હોવું એ ગૌરવની વાત છે. લોકોત્તર વિશ્વની અંદર, માથુ હોવું એ નામોશી ની વાત છે. લૌકિક વિશ્વમાં મોટા માથાના હોવું, એ સજ્જનોની વચ્ચે પ્રશંસનીય બને છે. લોકોત્તર વિશ્વ-ની અંદર, માથુ હોવું, જ્ઞાનીઓની દ્રષ્ટિમાં, માથુ હોવું એના જેવી શરમની વાત બીજુ કોઈ જ નથી !

સભાનો પ્રશ્ન :- સાહેબ, શિષ્ય હોશિયાર હોય, તપસ્વી હોય, આચારનો શુદ્ધ હોય, અને પુણ્યશાળી હોય, બધા ગુણો છે એનામાં, કયા ચિંતન દ્વારા શિષ્યે, ગુરૂ પ્રત્યે ઊંચો બહુમાન કેળવવો ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- બસ એ જ પદાર્થની આ વાત છે. અને હજુ ઊંડાણમાં જઈએ ને, ભારે કર્મી જીવ હશે ને એને ઘણું બધું શિખવાડવા છતા-પણ, કશું પલ્લે પડશે નહિ. હળુકર્મી જીવ હશે, એ પહેલી જ ક્ષણે, એ ગુરૂનો બની જશે, એનો મટી જશે.

બહુ સરસ મજાની વાત ઉપદેશમાલામાં કરી,

थोवेण वि सप्पुरिसा सणंकुमारं व केइ बुज्झंति

કેટલાક એવા જીવો હોય છે. સનત કુમાર રાજર્ષિ જેવા જે થોડામાં પણ બોધ પામી જાય છે. અને કેટલાક એવા ભારે કર્મી જીવો હોય છે,

संसारवंचणा ण वि गणन्ति संसारसूअरा जीवा

સંસાર ગમે તેટલા તમાચાઓ મારે, તો પણ સંસારની ગટરમાં ભૂંડ જેવા અમુક જીવો હોય છે. જે છેક સુધી સમજતા જ નથી. સવાલ કઈ રીતે શીખવું એનો નથી, સવાલ શું સમજવું, કેવી રીતે સમજવું, કેવી રીતે અંદર ઉતારવું એનો પણ નથી. સવાલ આપણને માથુ જોઈએ છે કે સદ્‌ગુરૂ જોઈએ છે આટલો જ છે !

વિદેશનું એક લશ્કર, અને એ લશ્કરની અંદર, સૈનિક ને ભરતી કરવાનો હોય તો, ભરતી કરતી વખતે, એનો INTERVIEW લેવામાં આવે અને INTERVIEWમાં એને એક પ્રશ્ન પુછવામાં આવે, WHERE IS YOUR HEAD ? તમારું માથુ ક્યાં છે ? ગમે તેટલી એની HEIGHT- BODY હોય, ગમે તેટલી એની તાકાત હોય, ગમે તેટલી બીજી યોગ્યતાઓ હોય, એને છેલ્લો પ્રશ્ન પુછવામાં આવ્યો, તમારું માથુ ક્યાં છે ? WHERE IS YOUR HEAD ? એ જો જવાબ આપી દે કે HERE, મારું માથુ અહીંયા છે તો એને રવાના કરવામાં આવે ! જો એ જવાબ આપે, I FREEZED IT AT MY HOME, મેં મારા ઘરે એને ફ્રીઝ ની અંદર મુકી દીધું છે, તો ઘરે મુકીને હું અહીંયા આવ્યો છું, એને લઈ લેવામાં આવે. માથા વાળાઓનું લશ્કરમાં કંઈ કામ જ હોતું નથી, માથાવાળા કદી યુધ્ધ ની શકતા જ નથી. માથાવાળા કદી દુશ્મનો ની સામે, લડી શકતા જ નથી. કારણકે માથા-વાળા, એના CAPTAIN ની સામે જ લડવામાંથી ઊંચા આવતા નથી.

લૌકિક વિશ્વની અંદર જે માથાનો માણસ કહેવાય, આ માથાનો છે આવું કહેવાય, એ જ અધ્યાત્મ વિશ્વની અંદર માથા વાળો કહેવાતો હોય છે. લૌકિક વિશ્વમાં માથા ના હોવું આ નામોશી ની વાત છે. લોકોત્તર વિશ્વની અંદર, માથા વાળા હોવું એ નામોશીની વાત છે. જ્યાં સુધી માથુ છે, ત્યાં સુધી ઠેકાણું પડવાનું નથી. જ્યાં સુધી માથુ સાબુત છે, સાબુત રાખવું છે, માથુ ગુમાવવું જ નથી, ત્યાં સુધી ઠેકાણું પડવાનું નથી. એકલવ્ય ની જે વાત છે ને ગુરુદેવ હું માથુ ઉતારી ને આપી દેવા તૈયાર છું. આ વાત ઉપર છેને ગંભીર સંશોધન કરવાની જરૂર છે. એકલવ્ય માથું ઉતારે કઈ રીતે ? એકલવ્યનું માથુ તો પહેલાથી ઉતરેલું જ હોય.

અને એકલવ્ય પોતાનું માથું ઉતારે આ તો પીષ્ટપેષણ જેવી વાત થઈ, આ તો લોટ દળવા જેવી વાત થઈ, લોટ તો દળેલો જ હોય, લોટને વળી કઈ રીતે દળવાનો હોય ?, એકલવ્યનું માથુ કઈ રીતે ઉતારવાનું ? અને છતાં એકલવ્યે એનું માથુ ઉતારવાની વાત કરી, એમાં બહુ ગહન ચિંતન કરીએ તો, એમાંથી સમાધાન એ મળી શકે કે, એકલવ્યનું માથુ હતુ જ નહિ, અને માટે જ એણે માથુ ઉતારવાની વાત કરી હતી! જેનું માથું હોય તે એ કદી માથું ઉતારવાની વાત જ ન કરી શકે. માથાનો તાત્પર્યવાદ છે સંજ્ઞા. માથાવાળા હોવું એટલે સંજ્ઞી હોવું. સંજ્ઞા નો અર્થ છે વિચાર-શક્તિ. સંજ્ઞી હોવું એટલે વિચાર-શક્તિ-સંપન્ન હોવું.

વિચાર શક્તિ સંપન્ન હોવું એટલે શિષ્ય ન હોવું. નિશ્ચય દ્રષ્ટિએ શિષ્ય સંમુર્છિમ હોય છે એ સાંભળી શકે, એ સમજી શકે, એ અમલ કરી શકે એ વિચારી ના શકે. ભૌતિક વિશ્વની અંદર જ્યાં વિચાર-શક્તિ હોય છે ત્યાં, કાર્ય શક્તિ હોય છે. આધ્યાત્મિક વિશ્વ ની અંદર, જ્યાં વિચાર શક્તિ નથી હોતી, ત્યાં કાર્ય શક્તિ હોય છે. વિચારવા વાળા કશું કરી શકતા જ નથી. કારણ કે હકિકતમાં વિચારવા-વાળા, એ આધ્યાત્મિક વિશ્વની અંદર હોતા જ નથી.

સિધ્ધર્ષિગણિ મહારાજ, બહુ પ્રેમથી આપણને સમજાવવા માંગે છે, જ્યાં સુધી માથુ છે, ત્યાં સુધી મોક્ષ નથી. તમે એ માથુ ગુમાવી શકો, એ માથા ને ખોવાની તમારી તૈયારી હોય, તો તમને મોક્ષ મળશે. નિશ્ચય દ્રષ્ટિએ મોક્ષ યાત્રાનું પહેલું પગલું છે, માથુ ગુમાવવું. પહેલું પગલું એ સમ્યક્દર્શન કહો તો, આ જ વાત છે. તમારી બધી જ દ્રષ્ટિ, બુધ્ધિ,

ગણિત, છોડવાનું. દેવ-ગુરુની ભક્તિ અપનાવવી. તો આખું ગુમાવવામાં પણ આ જ વાત કરવાની છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આ જ આપણને સમજાવવા માંગે છે. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ.

x x x x x x x

ગુરુવાર

વ્યાખ્યાન નંબર - ૧૧૨ - પ્રથમ DATE 31 12 2020

તમારો પ્રશ્ન છે કે એકલવ્ય તો અંગુઠો આપવા માટે તૈયાર પણ થઈ ગયો ને આપી પણ દે, પણ દ્રોણાચાર્ય એ તો વિચારવું જોઈએ ને !

અનંત ભવોમાં આપણો મોક્ષ એટલા માટે જ નથી થયો, કારણકે આપણે એ જ વિચાર કર્યો છે કે ગુરુએ શું કરવું જોઈએ, મારે શું કરવું જોઈએ આ વિચાર આપણને આવ્યો જ નથી. શાસ્ત્રકાર - ભગવંતો બહુ ગમની વાત કરે છે,

आत्मदोषोपसंहार - आत्मगुणोपबृंहणम् ।

માનવ ભવ આપણને મળ્યો, આ દુર્લભ અવસર આપણને મળ્યો, જિનશાસન મળ્યું, સદ્ગુરુ મળ્યા, એમની વાણી મળી, સાધના ની બધી જ શક્યતાઓ મળી, હવે માત્ર ને માત્ર આટલું જ કરવા જેવું છે.

आत्मदोषोपसंहार: ।

પહેલા નંબરની અંદર, આત્માના દોષો એનો નાશ !
બીજા નંબરની અંદર,

आत्मगुणोपबृंहणम् ।

અને પોતાના ગુણોની પુષ્ટિ !

प्रस्तुतं हि द्वयं नृत्वे शेषं स्यात् आत्मवञ्चनम् ।।

મનુષ્યપણામાં આ બે જ વસ્તુ કરવા જેવી છે, આની સિવાય તમે જે પણ કર્યું, એ આત્મવંચના સિવાય, પોતાની છેતરપીંડી સિવાય, મુર્ખામી સિવાય, બીજું કશું જ નથી.

બીજો પ્રશ્ન છે, વાત બધી સાચી, પણ માથુ ઉતારી દેવાની વાત, માથામાં બેસતી નથી ! અને એનો જવાબ છે કે જ્યાં સુધી માથુ છે, ત્યાં સુધી આ વાત બેસવાની જ નથી. માથુ રાખીને તો માથુ ઉતારવાની વાત બેસશે જ નહિ, માથું નહિ હોય

નો જ આ વાત બેસશે ને હવે તમે પુછો કે ભાઈ માથુ ન હોય તો માથુ ઉતારવાની વાત બેસે ને માથુ ઉતરી જાયને પછી વાત બેસી જાય, આ બધુ અઘરૂં લાગે છે, આ જાણે શક્ય છે. બહુ પ્રહાર છે આપણને, મગજમાં રાઈ ભરેલી છે, આપણને જ બધી ખબર પડે છે, - હોંશિયારી આપણી પાસે જ છે. રાઈ કાઢી નાખીએ તો આજ જાણે માથુ ઉતરી જાય એમ છે. એ આ જાણો જ સમર્પણ આવી જાય એમ છે. માથુ કઈ રીતે ઉતરે એ ખરો સવાલ નથી હોતો, હવુ આપણને ઉતારવાની ઈચ્છા- પણ થઈ છે કે નહિ, એ ખરો સવાલ છે !

ત્રીજો પ્રશ્ન :- ચાલો માથુ ઉતારી એ દઈએ, જેમ ગુરૂ કહે એમ કરીએ, પણ પછીનો ગુરૂ દીક્ષા જ આપી દે. પછી આપણે ગયા !

જવાબ એ છે કે ભાઈ, ગયા તો સંસારમાં છે. અહીંયા તો ફાવીગયા છે. બીજો જવાબ એ છે, કે તમે એમ માનતા હો કે તમે, માથુ ધરી દો, માથુ ઉતારી દો, સમર્પિત થઈ જાવ, એટલે ગુરૂ દીક્ષા જ આપી દે, આ પણ તમારી ભ્રમણા છે. તમે તૈયાર થાવ એટલે હું તો તમને દીક્ષા આપવા તૈયાર જ હતો, આ પણ એક મનની ભુલ છે, અને તમે આવી ને કહો હો ને કે સાહેબ મને દીક્ષા આપી દો, આ પણ એક મનની ભુલ છે. દીક્ષા આપવી, ન આપવી, તમારે લેવી, ન લેવી, એ તમારો કે મારો વિષય જ નથી, એ શાસ્ત્રનો- વિષય છે ને, શાસ્ત્ર નક્કી કરે એ મુજબ ગુરૂ આજ્ઞા કરે, તમારો વિષય માત્ર સમર્પણનો છે ! શાસ્ત્ર- ગ્રંથોની અંદર બહુ અદ્ભુત વાત. એમ સંયમ.. સંયમ.. સંયમ એની ઉપાદેયતા, તમને એટલી સમજાવીએ, ને તમને એમ થઈ જાય કે સંયમ લઈ જ લેવું છે ને,

મને આપી જ દો. હું કહું છું. હેપુ કંઈક જાણી છે.
ચરિત્ર ગ્રંથોની અંદર સદ્ગુરુ દેશના આપી રહ્યા છે,
સભા પલળી રહી છે, રાભ, કોઢી, રાજકુમાર,
ઉભા થાય છે. દેશના પુરી થાય છે ને કહે છે કે
પ્રભુ, આવો સંસાર! આટલા દોષો, આટલા પાપો,
આવા પાપોના પરિણામો, મેં તો ઘણા પાપો કર્યા છે,
મારો ઉદ્ધાર કઈ રીતે થાય, હું કઈ રીતે બચી-
શકું? અને સદ્ગુરુ કહે કે બધા જ પાપોનું કંઈ
પ્રક્ષાલન હોય તો એ પ્રવ્રજ્યા છે, દીક્ષા છે, આ
સાધના ભુવન છે. અનંતા પાપીઓને આ ભુવને
પખાળ્યા છે, પવિત્ર કર્યા છે, મોક્ષે પહોંચાડ્યા છે,
તો તમારા માટે પણ આ જ કર્તવ્ય છે, અને પેલા
રાભ, સદ્ગુરુનો આ જવાબ પુરો થાય એટલે-
વળતો પ્રશ્ન કરે

'કિં જોગ્ગો (હમેયસ્સ?

શું હું આ દીક્ષા ભુવન માટે ઉચિત છું ખરો? શું
હું એના માટે યોગ્ય છું ખરો? અને અતિશય-
જ્ઞાનના સ્વામી સદ્ગુરુ, પોતાના જ્ઞાનથી યોગ્યતા
જોઈને, કહે

નો (ણો) જોગ્ગો?

એ આપ યોગ્ય નથી તો બીજા ક્યા યોગ્ય છે?
આપણને જ્યારે યોગ્યતા નો પ્રશ્ન આવતો નથી, ત્યારે
આપણે દીક્ષાનું પણ DEVALUATION કરીએ છીએ,
કે હું તો એના માટે લાયક જ છું, એ તો મને
લેવા માટે તૈયાર જ હતા, આ તો હું ન હતો માનતો,
હવે હું માન્યો એટલે તો મને આપી જ દેવાની હોય!

સંઘની અંદર સત્તર વર્ષના દીક્ષાર્થીનો
બહુમાન સમારંભ છે, મંડપ આખો સજ્યો છે, ત્રણ
હજારની ભીડ ભેગી થઈ ગઈ છે. સ્ટેજ ઉપર આપ

રાજાશાહી દબદબા સાથે દીક્ષાર્થી ને બિરાજમાન કરાવવામાં આવ્યા છે. બધા એક પછી એક એમના માટે જે બોલે.. જે બોલે.. જે બોલે, અક્ષત ના વધામણા થાય છે, ફૂલોના વધામણા થાય છે, ANCHOR પણ બહુ જ સારા છે, દીક્ષાર્થી ના કપડા.. દીક્ષાર્થી ના ઘરેણા, દીક્ષાર્થી નો-ઠાઠમાઠ, આમ આખો ફાટી મય જોવો, વિદાય સમારંભ પુરો થાય છે ને તેર વરસનો દીકરો ઘરે પાછા જતા જતા મમ્મી ને કહે છે, મારે પણ દીક્ષા લેવી છે. બની શકે કે એ છોકરાને બહુમાન લેવું છે. એણે દીક્ષા નો અર્થ બહુમાન કર્યો.

હજુ ખબર નથી દીક્ષા શું છે ?, દીક્ષાનું હાર્દ શું છે ?, દીક્ષાનુ વ્યવહારીક સ્વરૂપ શું છે ?, દીક્ષા નુ નૈશ્ચયિક સ્વરૂપ શું છે ?, હજુ કશી ખબર-નથી, એ છોકરાને કહેવામાં જ નથી આવ્યુ કે ભાઈ-લોઢાના ચણા ચાવવાના છે, છોકરાને કહેવામાં જ નથી-આવ્યું કે ભાઈ બે હાથે દરિયો તરવાનો છે.

बाहुभ्या दुष्करो यद्वत् क्रूरनक्रो महोदधिः।

ભયંકર જળચરો હોય, હિંસક જળચરો, એનાથી ભરેલો દરિયો ને હાથે તરી જવાનો. યોજનોના યોજન સુધી, તરે રાખો.. તરે રાખો - દિવસ-રાત.. દિવસ રાત.. દિવસ-રાત, દુષ્કર છે !

यतित्वं दुष्करं तद्वदित्याहुस्तत्त्ववेदिनः।

બરાબર એ જ રીતે, સાધુપણુ એ દુષ્કર છે. આવું તત્ત્વ વેદીઓ એ કહ્યું છે. દીક્ષા ને સમજ્યા વગર દીક્ષા લેવાની ઈચ્છા એ કોઈ બીજી ઈચ્છા હોય શકે. બહુમાન મળ્યા, પગલા મળ્યા, વાયણા મળ્યા, દબદબો મળ્યો, વખાણો મળ્યા, ઠાઠમાઠ મળ્યો, મન થઈ ગયું, મારે પણ દીક્ષા લેવી છે. એનો તાત્પર્યાનુવાદ એ થતો હોય કે મારે પણ ઠાઠમાઠ જોયે છે. મારે પણ વાયણા જોઈએ છે. મારે પણ પગલા જોઈએ છે. મારે પણ આવા બહુમાન સમારંભો જોઈએ છે.

ગુરુવાર

DATE 31 12 2020

મારે પણ આવા વધામણાં જોઈએ છે. મારે પણ આવા માનપાન જોઈએ છે. મારે પણ આવા તિલક જોઈએ છે. મારે દીક્ષા નથી જોઈતી.

ધર્મબિંદુ ગ્રંથની અંદર હરીભદ્રસૂરી-મહારાજ કહે છે,

ભવસ્વરૂપવિજ્ઞાનાત્ તદ્વિરાગાચ્ચ તત્ત્વતઃ।

એક બાજુ સંસારના સ્વરૂપનું જ્ઞાન થયું ને બીજુ બાજુ એ સંસારના સ્વરૂપ પ્રત્યે તીવ્ર ધિક્કાર છુટી ગયો, કંટાળો છુટી ગયો, નિર્વેદ થઈ ગયો. ન જોઈએ આ સંસાર! ખરા અર્થમાં દીક્ષાને સમજેલા હોય એ-દીક્ષાર્થી, એ વાયણા, બહુમાન, પગલા, વધામણાં, બહુમાન સમારંભો, બોલબાલાઓ, એની એમને ભાન સુધ્ધા ન થતી હોય, ખબર સુધ્ધા ન હોય, સ્વજનોના દાક્ષિણ્યથી ઔચિત્યના પાલન ખાતર, ગુરુ આજ્ઞાથી જવું પડ્યું, જઈ આવ્યા, કશી ખબર જ નથી. એને પુછવામાં આવ્યું, બહુમાન સભામાં કેટલા લોકો હતા? એ કહે કે મેં વૈરાગ્યશતક અને ઈન્દ્રિય પરાજય શતકનો મેં પાઠ કર્યો, સિંહાસન હતું એના ઉપર બેઠા-બેઠા મેં પાઠ કર્યો, પણ આમ કાંઈ ખ્યાલ નથી કેટલા હતા, કોણ કોણ હતા, કોણ બોલ્યું, શું બોલ્યું? બસ હું તો અર્થ સાથે પાઠ કરતો હતો બીજો કંઈ ખ્યાલ નથી. વાયણામાં કેટલી વાનગીઓ હતી? અમારા મહાત્મા છે મુંબઈમાં એક ભાઈએ વાયણું કરાવ્યું, એકસો પંદર વાનગી. હું કહું છું ના નથી, એ ભાવિક, એમનો એ ભાવ, કે મારા ઘરે દીક્ષાર્થી ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ભક્તિ કરવી છે. દીક્ષાર્થી શેમાં હોય? એ જિનવાણીની વાનગીઓનો-રસાસ્વાદ લઈ રહ્યા હોય, કશી પડી નથી, કશી દરકાર નથી, કઈ વસ્તુનો કેવો સ્વાદ હતો, આ જિનવાણીનો રસાસ્વાદ જ જોયો હોય, અમૃતના ઘુંટડા ઉતારતા હોઈએ, એમાં બીજુ કઈ વાનગીનો અવકાશ હોય શકે!

હું કહું છું કે, તમારી દીક્ષા થઈ પણ જશે, ગુરૂની સંમતિ થઈ ગઈ, ઘરેથી અનુકૂળતા થઈ ગઈ, તમારી દીક્ષા એ થઈ ગઈ, તમે પાળી એ ખરી, દીક્ષા પુરીએ થઈ ગઈ, આયુષ્ય પુરુ થયું, આપણે કશું સમજ્યા જ નહિ હોઈએ, તો કશું થયું જ નહિ હોય ! ગુરૂ આપવા જેવા છે, વાત મગજમાંથી કાઢી નાખો, ગુરૂને તમારી ભુખ છે, મગજમાંથી એ વાત કાઢી નાખો, સમર્પણ હશે, તો સાચી દીક્ષા મળશે,

## સમર્પણ જ સાચી દીક્ષા છે!

સમર્પણ છે, તો દીક્ષા વગર પણ, એક પ્રકારની દીક્ષા છે, સમર્પણ નથી, તો દીક્ષા હોવા છતાં પણ હકીકતમાં દીક્ષા નથી. માથુ ઉતારશું ને દીક્ષા મળશે વાત ભુલી જાવ, માથુ ઉતારવું એ જ દીક્ષા છે. આટલું મગજમાં ફીટ કરી રાખો.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને સમજાવવા-માંગે છે, સમજો... સમજો... સમજો...

अज्ञानं मरणं मतम् ।

મર્યો અનંતવાર બીન સમજ્યા !

નહી સમજે વો મરેંગે !

એકલવ્ય ની જાંણે સદ્ગુરૂને જોવાનો, સમજવાનો, પ્રયાસ કરવો છે. કહેવાય છે કે જ્યારે, એકલવ્ય પાસે દ્રોણાચાર્ય આવ્યા, અંગુઠા ની માંગણી કરી, એકલવ્ય એ ધડ કરીને આપીએ દીધો, એ સમયે છેને, આકાશમાં દેવતાઓનું ટોળું ભેગું થઈ ગયું હતું ! એમણે કહ્યું લાજો.. લાજો.. શરમ.. શરમ.. એકલવ્યને આ શબ્દો સંભળાયા તો

જરા પણ એને, બહુ જ આશ્ચર્ય થયું કે દેવતાઓએ આવું શા માટે કહ્યું ? આવું કહેવું પડે એવું તો કાંઈ થયું જ નથી. દેવતાઓનો શબ્દોનો સાર એ હતો, કે ઘોર અન્યાય કર્યો ! એકલવ્યની દ્રષ્ટિમાં જે થયું એ ન્યાય સિવાય કંઈ હતું જ નહિ. એકલવ્ય વિચારે છે કે આમાં અન્યાય જેવું છે શું ? હા, ગુરુએ મને હીરા જેવું આપ્યું ને મેં બદલામાં ટીપા જેવું આપ્યું. આ જરૂર અન્યાય થયો છે. ગુરુએ મને જે વિદ્યા આપી, એની તુલનામાં અંગુઠો શું વિસાત-માં છે. આ બરોબર અન્યાય થયો છે અને એકલવ્ય સમજી ગયો કે આ લાજ... લાજ... શરમ... શરમ... આ મને દેવતાઓએ કહ્યું છે બરોબર, કેટલી મારી અપાત્રતા ! કે ગુરુએ માંગી, માંગીને એક અંગુઠો જ માંગ્યો ! ગુરુ કદી અન્યાયી લાગી જ ના શકે, જે ગુરુ લાગે એ અન્યાયી કઈ રીતે લાગી શકે ?

અર્થો અનંતવાર બીન સમજ્યો !

- ★ એકલવ્યની આખી જુદી જ દુનિયા છે.
- ★ એકલવ્યની દુનિયા ની ભાષા જુદી છે.
- ★ એકલવ્યની દુનિયા ની લીપી આખી જુદી છે.
- ★ એકલવ્યની દુનિયાની દ્રષ્ટિ આખી જુદી છે.
- ★ અને ભાષુ એકલવ્યની દુનિયામાં છે જ નહિ.

[EXTREMELY IMPORTANT]

દુનિયાને ભૌતિક રીતે એકલવ્ય બેસે એવી કોઈ જ શક્યતા નથી. કારણકે એકલવ્યની દુનિયામાં બુદ્ધિ ને ENTRY જ નથી. એકલવ્ય ની દુનિયામાં જેવું સાહિત્ય છે ને, એ બધું જ હૃદયી અઝરી કાવ્ય છે, જેમાં ગુરુ સિવાય બીજું કશું જ લખેલું નથી. એકલવ્યની દુનિયામાં વિજળી ચમકે અને ગુરુનું

ગાન યાદ આવે. એકલવ્ય ની દુનિયાની અંદર, કોયલ ટહુકો કરે ને, ગુરુનું માધુર્ય દેખાય. એકલવ્યની દુનિયામાં મેઘધનુષ આવી જાય, એકલવ્ય જોતો હોય, અને એને ગુરુની ગુણ-રંગોળીઓ દેખાય ! એકલવ્યની દુનિયાની અંદર મોર કળા કરતો હોય, અને ગુરુનું ગુણ સૌંદર્ય - દેખાય. એકલવ્ય ની દુનિયાની અંદર સાગર હિલોળા-લેતો હોય, અને ગુરુનું ગાંભીર્ય દેખાય. એકલવ્યની દુનિયાની અંદર વાદળ વરસતા હોય, અને ગુરુની ઉપકાર વર્ષા દેખાય. એકલવ્યની દુનિયાની અંદર ફૂલ મહેકતું હોય, અને ગુરુના ચારિત્રની સુવાસ ની અનુભૂતિ થાય ! જ્યાં પ્રત્યેક ઘટના એ ગુરુની ઘટના છે એનું નામ એકલવ્યની દુનિયા ! જ્યાં પ્રત્યેક ધ્વનિ ગુરુનો પ્રતિધ્વનિ છે, એનું નામ એકલવ્યની દુનિયા. જ્યાં ગુરુની પ્રતીતિ સિવાય બીજું કશું જ નથી, એનું નામ એકલવ્ય ની દુનિયા !

દ્રોણાચાર્ય આવે છે, એકલવ્ય અંગૂઠો ઉતારી ને આપી દે છે, પછી ની ઘટના છે. દ્રોણાચાર્ય અંગુઠો માંગે છે એ પણ પછી ની ઘટના છે, પહેલા ની જ્યારે દ્રોણાચાર્ય કૌરવો-પાંડવો ને વિદ્યા દાન કરી રહ્યા છે, એ સમયે એક કુતરો ત્યાં આવી ચઢે છે, કુતરાનું મોઢું આખું યે બાણો થી ભરેલુ છે ને, કોઈપણ જોતાની સાથે સમજી જાય, આખી દુનિયાનો શ્રેષ્ઠ ધનુરધર, બેજોડ ધનુરધર, જે અત્યંત કુશળ હોય, જે - સર્વોત્કૃષ્ટ કુશળ હોય, એક પછી એક બાણ, હજુ કુતરો મોઢું બંધ કરે એની પહેલા ફટ.. ફટ.. ફટ.. બાણો પહોંચે ને બાણો, એવી રીતે છોડ્યા કે કુતરાને વીંધી ના નાખે, લોહી ના કાઢે, ને એનું મોઢું ભરી દે ને આપણે કલ્પના કરીએ એનાથી વધુ ઝડપી રીતે એનું મોઢું બાણો થી ભરાય જાય, આવો કોઈ બેજોડ બાણાવળી હોય, એનાથી જ આ કામ થઈ શકે. એકલવ્ય શીખી રહ્યો

છે ગુરુદેવ પાસે, ગુરુદેવ આમ બાણ છોડું, ગુરુદેવ આમ બાણ છોડું, આમ તો ગુરુની મુર્તિ છે પણ એકલવ્ય માટે જીવંત દ્રોણાચાર્ય છે, એકલવ્ય શીખી રહ્યો છે, આમ કરું -- આમ કરું -- આમ કરું --- ને કુતરો ભસાભસ કરે, આ સદ્ગુરુ સાથે મારો સંવાદ, એકલવ્ય વિચારે DISTURBENCE કરે છે, મારવો નથી કુતરાને, ઘાયલ નથી કરવો, ચુપ કરી દેવો છે ને બંધ કરી દીધું એનું મોઢું ! કુતરો ત્યાં આવી ચડે છે, બધા ત્યાં ફાટી આંખે જોયા કરે છે, દ્રોણાચાર્ય દંગ થઈ ગયા છે. કોણ છે આ બાણાવળી ? તપાસ કરી, ખબર પડી, દ્રોણાચાર્ય આવી રહ્યા છે ---- આવી રહ્યા છે ---- આવી રહ્યા છે, જંગલના એ ભાગમાં હૈયુ ધબુક... હૈયુ ધબુક... હૈયુ ધબુક... હૈયુ ધબુક... દ્રોણાચાર્ય એકલવ્ય પાસે આવી ગયા ત્યારે એકલવ્યની પ્રતિક્રિયા કેવી હતી ?

એ ગળગળો થઈ ગયો હશે, એ દોડી ગયો હશે, એ એમના ચરણોમાં પડી ગયો હશે, એણે અશ્રુઓથી એમના ચરણનો અભિષેક કરી દીધો હશે, ગુરુદેવ આપ મારી પાસે પધાર્યા !

કેટલો ઉપકાર કર્યો આપ ખુદ પધાર્યા !

આમાંથી શું થયું હશે ? મને લાગે છે કે આમાંથી કશું નહિ થયું હોય ! જે આવું કરી શકે એ એકલવ્ય હોય જ ના શકે.

એકલવ્યની દુનિયા માં દ્રોણાચાર્ય એક વાર આવ્યા ને છવાઈ ગયા, પછી કદી દ્રોણાચાર્ય પાછા જ નથી ગયા, તો પછી એકલવ્ય એ દ્રોણાચાર્યનું સ્વાગત કઈ રીતે કરી શકે ? કોઈ ભીલ દોડતો... દોડતો ગયો હશે, એ એકલવ્ય --- એ એકલવ્ય --- આ જે તે જેની પ્રતિમા બનાવી છે ને, આ જે તારા ગુરુ છે, જેને જોઈને દિવસ-રાત તું આનંદના આંસુ

પાડ્યા કરે છે, એમને પુછી પુછીને નું શીખે છે ને, એ પોતે આવી રહ્યા છે, દ્રોણાચાર્ય આવી રહ્યા છે, ઓ એકલવ્ય, સાંભળે છે કે નહિ, દ્રોણાચાર્ય આવી રહ્યા છે, એકલવ્યની પ્રતિક્રિયા શું હશે ?, એકલવ્ય આ સાંભળીને ચગડ્યા હશે ?, દ્રોણાચાર્ય આવી રહ્યા છે ?, તો શું દ્રોણાચાર્ય અહીંયા ALREADY ન હતા ?, શું આ પ્રતિમા, આ ઝાડના એક- એક પાંદડા, આ માટીના એક - એક કણ, મારી અંદર- મારી બહાર, શું દ્રોણા-ચાર્ય આ બધામાં નથી ?

કોઈ હાંફળો- ફાંફળો થઈ, એકલવ્યની પાસે દોડી આવે, ને એકલવ્ય ને સમાચાર આપે કે હે એકલવ્ય, એકલવ્ય આવે છે. આ જેમ અસમ્બન્ધ વાક્ય છે. બરાબર એજ રીતે એકલવ્ય ને કહેવામાં આવે, કે દ્રોણાચાર્ય આવી રહ્યા છે. એ પણ અસમ્બન્ધ વાક્ય છે, જેમાં કોઈ સમ્બન્ધ નથી, નાનો છોકરો હોય ને લવારા કરે ને એને અસમ્બન્ધ વાક્ય કહેવાય, લવારા કહેવાય. એકલવ્ય માટે દ્રોણાચાર્ય આવે છે, આ પણ લવારા જેવું વાક્ય છે. એકલવ્યની પાસે જેમ એકલવ્ય આવે એ શક્ય જ નથી, બરાબર એ જ રીતે એકલવ્યની પાસે, દ્રોણાચાર્ય આવે એ પણ શક્ય નથી. જ્યાં દ્રોણાચાર્ય અને એકલવ્ય બંને સમાનાર્થી શબ્દો બની જાય છે, ત્યાં એકલવ્ય સાકાર થાય છે. ભેદમાં શક્યત્વ હોય શકે, શિષ્યત્વ તો અભેદમાં જ હોય છે.

એકલવ્ય, દ્રોણાચાર્ય નું સ્વાગત કઈ રીતે કરી શકે ?, સ્વાગત તો એ વાતની સાબિતી બની જાય કે હમણાં સુધી અહીંયા દ્રોણાચાર્ય ન હતા ! સ્વાગત તો એ વાતની સાબિતી બની જાય કે, હમણાં સુધી અહીંયા દ્રોણાચાર્ય નું ન હોવું, એ એકલવ્ય ને મંજુર હતું ! સ્વાગત તો એ વાતની સાબિતી બની જાય, યા તો એકલવ્યની

દુનિયામાં શ્રીગોચાર્ય આવ્યા જ ન હતા, અને થાની આવી ને જતા રહ્યા હતા ! કલિકાલ સર્વજ્ઞ, હેમચંદ્રાચાર્ય ત્રિશષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ની અંદર, લૌકિક કહેવતો નો સંગ્રહ એક શ્લોક ની અંદર કરે છે,

सकृद् जल्पन्ति राजानः ।

રાજા એક વાર બોલે, પછી બીજુ વાર એમણે કહેવાનું ના હોય, ફેરવી- તોળવી ને બોલવાનું ના હોય,

सकृत् जल्पन्ति राजानः ।

રાજા એક વાર બોલે,

सकृद् जल्पन्ति साधवः ।

સાધુઓ હોય એ એકવાર બોલે, વાત પુરી થઈ જાય.

सकृत् कन्याः प्रदीयन्ते

કન્યાદાન જીંદગીમાં એક વાર હોય. એક ને આપી ને પછી બીજા ને આપવાની હોય, એક ને આપીને પાછી આવી ને બીજુ વાર કર્યું, આવુ બધું ના હોય.

त्रिण्येतानि सकृत् सकृत् ।

આ ત્રણે વસ્તુ એક જ વાર થાય. કલિકાલ સર્વજ્ઞ લૌકિક કહેવતો નો સંગ્રહ કરી રહ્યા છે, અને એમાં માત્ર એક એક વાર થતી ત્રણ વસ્તુ બતાડી, કારણકે, લૌકિક વાત છે.

લોકોત્તર વિશ્વની, અધ્યાત્મ વિશ્વની જો કલિકાલ સર્વજ્ઞ વાત કરતા હોય, તો ચોથી પણ વસ્તુ એમણે ઉમેરી હોત,

सकृत् सद्गुरुरागच्छेत् ।

સદ્ગુરુ જીવનમાં માત્ર ને માત્ર એક વાર આવે છે. FIRST ENTRY = FINAL ENTRY, એવી ENTRY રહેના પછી NEVER EXIT છે.

सद्गुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा ।

આનો તાત્પર્યાર્થ આ જ છે. આપણી ગુરુમહારાજ નો- પાછળ પડીએ, મારા ઘરે પગલા કરવા જ પડશે,

આપણે પગલા કરાવીએ, આપણે સામૈયું કરીએ, આપણે લાખ રૂપિયા ખર્ચી એ નાખીએ, પણ સદ્ગુરુ આવ્યા જ નથી હોતા. આપણે સદ્ગુરુની પાછળ પડીએ, સાહેબ આપે આવવું જ પડશે. બીજા કોઈને મોકલી દો, શિષ્યને મોકલી દો એ નહિ ચાલે, તેમને તો આપની જ હાજરી જોઈશે. સદ્ગુરુ ને ખેંચાવું પડે, તેમના શિષ્યોને ખેંચાવું પડે. આગળ- પાછળ ઉગ્ર વિહારો થઈ જાય. હું કહું છું ત્યાં સુધી પણ બધું વાંધો નથી. બધું જ જબરદસ્ત થઈ જાય, પ્રોગ્રામ આમ બેનમૂન થઈ જાય, અજરમાન થઈ જાય, ચારેકો મોઢે આપણી ગુરુભક્તિની અનુમોદના થતી હોય, આપણા વખાણો થતા હોય. પણ હકીકતમાં સદ્ગુરુ- આવ્યા જ ન હોય. એ મોટું વાંધાજનક, અને આઘાત- જનક છે.

આપણે કલ્પના કરીએ, આપણા ઘરે સદ્ગુરુને બોલાવ્યા છે, મકાનના આંગણામાં વ્યાખ્યાન થાય છે. સદ્ગુરુ વ્યાખ્યાન આપે છે. વ્યાખ્યાન પુરું થાય છે, સંઘના અગ્રણી ઊભા થાય છે, ઊભા થઈને કહે છે, આપણા માટે સારુ- સારુ બોલી રહ્યા છે. - આપણી અનુમોદના કરે છે. અને પછી કહે છે હવે, મહેશભાઈ, ગુરુમહારાજ નો વાસક્ષેપ લેશે, આગળ જે બેઠા હતા એ આપણી સામે તાકી રહે છે. અગ્રણી હવે આપણી સામે જોઈને કહે છે, પધારો મહેશભાઈ, પાછળ બેઠેલા- ભાઈઓ વિચારે કે અહીંયા તો બેઠા હતા ક્યાં જતા રહ્યા, કોઈ વ્યવસ્થા માટે ગયા હશે. અગ્રણી બીજી વાર બોલે છે પધારો મહેશભાઈ, બહેનોમાં ગણગણાટ ચાલુ થઈ જાય છે. અત્યાર સુધી આપણું ચિત્ર જોઈને આપણું દ્રશ્ય જોઈને, આપણી મુખ મુદ્રા જોઈને, આપણા ભાવ જોઈને, આપણી બાજુમાં બાજોઠ બેઠેલો આપણો દીકરો, આપણા ઢીંચણ ઉપર હાથ મુકે છે, જરા હલબલાવે છે, પપ્પા વાસક્ષેપ! તમને બોલાવે છે. આપણે ચમકીને જોઈએ છીએ.

અને ઉભા થઈ જઈએ છીએ. કોઈ કવિએ બહુ મજાની વાત કરી છે.

★ "શ્યામ શ્યામ રટત રાધા, આપહી શ્યામ ભઈ,

રાધા બહુ રટતી હતી, શ્યામ.. શ્યામ.. શ્યામ.. શ્યામ.. શ્યામ.. શ્યામ.. શ્યામ... અને એ રટણ કરતા-કરતા રાધા પોતે જ શ્યામ બની ગઈ.

★ "શ્યામ શ્યામ રટત રાધા, આપહી શ્યામ ભઈ,
સખ સખીઓ સે પુછન લગી, રાધા કહાં ગઈ!"

અને પછીએ બધી સખીઓને પુછવા લાગી, કે ભાઈ રાધા ક્યાં જતી રહી?

મહેશભાઈ વિદાય લઈ તે ત્યાં સદ્‌ગુરુનું આગમન થઈ શકે. મહેશભાઈ એ સદ્‌ગુરુના-આગમનમાં આડુ પડેલું ફારક હોય છે. મહેશભાઈ કદી પણ સદ્‌ગુરુને ન લાવી શકે. મહેશભાઈનો અભાવ, એ સદ્‌ગુરુને લાવી શકે. મહેશભાઈનું નામ બોલાય ને એ સાથે મહેશભાઈ ઉભા થઈ જાય, બધી ઉછળકુદ.. ઉછળકુદ.. ઉછળકુદ થતી હોય, ચહેરો ઉંચુ હસુ થતો હોય, મહેશભાઈ માથુ નમાવે, સદ્‌ગુરુ વાસક્ષેપ નાખે, ફોટો બરાબર લેવાઈ ગયો હોય. માટે મહેશભાઈ માથુ ઉપર કરી દે, ત્યારે સદ્‌ગુરુ ગેરહાજર હોય છે. મહેશભાઈ ગેરહાજર થાય ને તો સદ્‌ગુરુનું આગમન થઈ શકે. પણ મહેશભાઈ ને ગેરહાજર થવું પોસાતું નથી. મહેશભાઈનો પ્રશ્ન એ છે કે બધું જ હું કરું પછી હું જ ગેરહાજર શા માટે રહું? મહેશભાઈને ખબર નથી, કે હું જ

ગુરુવાર
DATE 31 12 2020

ગેરહાજર થઈ જાય, એના માટે જ બધું કરવાનું છે!
અને મહેશભાઈ તમે બધું જ કરો, પણ હું જ ગેરહાજર
ન થાય, તો આ બધું કરવાનો કોઈ અર્થ જ નથી!
મહેશભાઈ પેટ છૂટી વાત કરી છે, પણ મેં બધું હું માટે
જ તો કર્યું હતું. બરાબર છે મહેશભાઈ, માટે જ -
સદ્ગુરૂ આવ્યા નથી. મહેશભાઈ વધુ નિખાલસ થઈ
શકે તો, મહેશભાઈ કહી શકે, છો ન આવ્યા, મારે
જોઈતા પણ નહતા! અને મહેશભાઈ ને પુછવામાં આવે
તો પછી આ બધું તમે કર્યું હતું કોના માટે? અને
મહેશભાઈ જવાબ આપે, હું માટે જ તો કર્યું હતું!
હું આવી ગયું એટલે બધું આવી ગયું.

આ પરિસ્થિતિ મહેશભાઈની આજ છે
તો સદ્ગુરૂ મહેશભાઈ માટે શું છે? મહેશભાઈ માટે
સદ્ગુરૂ, વધુમાં વધુ હું નો MAKE UP (શણગાર) છે.
હું ની મોંઘી દાટ ગાડી છે. હું ના LATEST DESIGN
ના કપડા છે. હું ને ઉંચો કરવા માટે નું એક TABLE
છે. હું ની FACILITY છે. હું નું STATUS SYMBOL
છે. હું ની એક COMMODITY છે. હું ની એક
પ્રકારની આળપંપાળ છે. હું ની એક પ્રકારની સેવા છે.
હું ની PUBLICITY નું એક માધ્યમ છે.

એકલવ્ય આ બધું વિચારી પણ શકે એમ
નથી, માટે એકલવ્ય નથી. એકલવ્યને વિદ્યા મળી.
કારણ કે એ નથી. જ્યાં શુન્ય હોય, ત્યાં જ વિદ્યા
આવી શકે છે. જ્યાં કંઈક હોય, ત્યાં વિદ્યા કદી
આવી શકતી જ નથી.

સભાનો પ્રશ્ન :- ભગવંત! બધાનું આવું આધ્યાત્મિક
સ્તર હોય તો, આપણે કેવી રીતે

વિચારી શકીએ. કારણકે સામાન્યથી જીવો તો લોક-
સંજ્ઞામાં જ લાગેલા હોય છે.

પૂજ્યશ્રીનો ઉત્તર :- જ્ઞાનસારની અંદર પૂજ્ય યશોવિજયજી મહારાજ આ સવાલનો જવાબ આપે છે.

प्राप्तः षष्ठं गुणस्थानं भवदुर्गाद्रिलङ्घनम् ।
लोकसञ्ज्ञारतो न स्यान् मुनिर्लोकोत्तरस्थितिः ॥

બધાનું સ્તર ન હોય શકે, કબુલ છે. વાત સમજાય છે. લોકોને સમજણ સુધ્ધા ન હોય, પહેલો તો હું જ આવીને ઉભો રહી જાય. પણ હવે ક્યાં સુધી આપણે એ સ્તરે રહીશું, આપણે ચોથે ગુણસ્થાનકે આવ્યા, આપણે પાંચમે આવ્યા, આપણે છઠ્ઠે આવ્યા,

भवदुर्गाद्रिलङ्घनम् ।

હવે સંસારના કિલ્લાને ઓળંગી જવાની ઝંખના જાગી. હજુ આપણે લોકસંજ્ઞામાં રહીશું ? દુનિયાને ખુશ કરવી છે. દુનિયાને દેખાડવું છે. દુનિયા આગળ-પ્રદર્શન કરવું છે. દુનિયા આગળ હું તો MAKE-UP કરવો છે, ત્યાં સુધી આરાધના પણ એક સાધનમાત્ર રહેશે, જશે ધર્મ, જશે ભગવાન, જશે તત્વ, જશે શાસ્ત્ર, જશે મોક્ષ માર્ગ આપણી દ્રષ્ટિ એમાંથી નીકળી જશે.

કબુલ છે બધા પાસે આ લોકોત્તરની ભૂમિકા ન હોય, કબુલ છે ! હજુ ગુરુને પણ જોવાની-દ્રષ્ટિ આપણી ઘણી નીચી છે. આજ રૂપિયા નો સવાલ છે કે આપણે હજુ આ દ્રષ્ટિ જ રાખવી છે કે દ્રષ્ટિને ઉંચકવી છે ? દ્રષ્ટિને ઉંચકવા માટે તો જ આ પ્રયાસ છે. ઉદ્ધ કીજે આપણો, ગુરુ કીજે આપણો, ગુરુની અંદર પણ સાધન અને માધ્યમ શોધનારા આપણે. અને આ શોધના દ્વારા, સદ્ગુરુની ઘોર

અવગણના અને અશાતના કરીને, સુક્ષ્મ આશાતના કરીને, ભવભ્રમણ વધારનાર આપણે. કંઈક હવે સમજવાનો પ્રયાસ કરવો છે. જેમ આટલું સમજ્યું છે.

ગયો અનંતવાર જીવ સમજ્યા!

અનંત મૃત્યુનું મૂળ અસમજ સિવાય બીજું કશું જ નથી!

અણસમજ હતી માટે જ અનંતમૃત્યુ થયા. શબ્દોને સમજવાનો પ્રયાસ કરવો છે. આજે સમય થયો છે. આને આટલું રાખીએ.

શુક્રવાર

વ્યાખ્યાન નંબર- 113 DATE 01 01 2021

પ્રશ્ન છે, દ્રોણાચાર્ય ને એ દિવ્ય જ્ઞાન હોત કે આ રીતે જ એકલવ્યનો ઉદ્ધાર થવાનો છે, અને એ જ્ઞાનમાં જોઈને એમણે આ રીતે હકાલપટ્ટી કરી હોત, ધિક્કાર આપ્યો હોત, અંગુઠો માંગી લીધો હોત તો વાત જુદી હતી. દ્રોણાચાર્ય પાસે નથી કેવળ-જ્ઞાન, નથી મનઃપર્યવજ્ઞાન, નથી કોઈ અવધિજ્ઞાન, નથી કોઈ દિવ્ય જ્ઞાન, નથી અતિન્દ્રિય જ્ઞાન, છતાં દ્રોણાચાર્ય આ રીતે કરે એ તો દ્રોણાચાર્ય ના પણ ખોટું જ કહેવાય! પ્રશ્ન નો હાર્દ એ છે કે અમે અમારા ગુરુને માપનારા તો એકલવ્યના ગુરુને તો માપીએ જ ને!

અમે કોઈ ને છોડતા નથી, તો પછી દ્રોણાચાર્ય ને કેમ છોડીએ? દ્રોણાચાર્ય ની ભૂલ હતી ન હતી, આ બધા જ પ્રશ્નોને બાજુ ઉપર રાખી ને, પોતાની જાતને એક પ્રશ્ન આપણે કરીએ કે, આપણે મોક્ષે જવું છે કે નહિ? દ્રોણાચાર્ય દિવ્ય જ્ઞાની ન હતા તો, ચંડરૂદ્રાચાર્ય પણ દિવ્ય જ્ઞાની ન હતા, ચંડરૂદ્રાચાર્ય એ કોઈ એ આશય થી શિષ્ય ને ડંડા નહતા માર્યા કે આ ડંડા ખાતા-ખાતા કેવળજ્ઞાન એમને મળી જવાનું છે. એમને વગર ધિક્કાર આપે, વગર ગુસ્સો કરે, મારે એમને ડંડા મારવા છે, આ રીતે વિચારીને ચંડરૂદ્રાચાર્યે પોતાના શિષ્ય ને ડંડા માર્યા નથી. ચંડરૂદ્રાચાર્ય - પોતાના પ્રમાદ થી, પોતાના કષાયથી, પોતાના ક્રોધને આધીન થઈ ને, પોતાના દોષને કારણે જ શિષ્યને ડંડા માર્યા છે અને એ ડંડા ખાતા-ખાતા એમના શિષ્યને કેવળજ્ઞાન થઈ ગયું છે, ત્યારે આ બધી ચર્ચાઓમાં પડવું છે કે તમારે કેવળજ્ઞાન જોઈએ છે! તમને કેવળજ્ઞાન જોઈતું હોય તો તમે એક વસ્તુ નક્કી કરો, આપણે બીજાની પણ કદી જોવી જ નહિ.

શુક્રવાર
DATE 01 01 2021

આપણો જ પગ ભોંયો. જે પોતાનો પગ ભોંયે છે એનો જ મોક્ષ થાય છે. બીજાનો પગ ભોંયે એનો કદી એ મોક્ષ થતો જ નથી. મારા ગુરુ ક્રોધી, મારા ગુરુ ગુસ્સાવાળા, મારા ગુરુ આવા સ્વભાવવાળા, આટલો હું ખભે ઉંચકીને લઈ જઈ રહ્યો છું, આટલું અંધારું છે, એક તો મને આ રીતે દીક્ષા આપી છે, મારો લોચ કરી નાખ્યો ને મને દીક્ષા આપી દીધી, મારી ખાનદાની મેં સ્વીકારી એ દીક્ષા, મેં સ્વીકાર્યું એમનું શિષ્યત્વ, મારી ખાનદાની, ગુરુએ કહ્યું કે જ જઈને રસ્તો જોઈ આવ, હું રસ્તો જોઈ આવ્યો, મારી ખાનદાની મેં ગુરુને ખભે બેસાડયા, મારી ખાનદાની એમને ઉંચકી ને મારી દીક્ષા પછી નો પહેલો વિહાર, હું કરી રહ્યો છું, અંધારું છે, મને ય ઠેસ વાગે છે, મને થાક લાગે છે, આ ખાડા ટેકરાના આંચકા મને પણ આવે છે, અને ગુરુ ખભે બેઠા છે ને મને આવો માર મારવાનો, મને આવી ગાળો ભાંડવાની, આવી વેદના આપવાની, ગુનો શું છે મારો ?

ગુરુ મને અન્યાય કરી રહ્યા છે આવો વિચાર એ ચંડરુદ્રાચાર્યના શિષ્ય ને આવ્યો હોત, તો એનું કેવળજ્ઞાન અટકી ગયું હોત ! કોનો દોષ છે, કોનો ન્યાય કરવો છે આ બધી વસ્તુ બાજુ પર રાખો, પહેલી વાત એ યાદ રાખો કે મારે મોક્ષે જવું છે ! મહાવીર સ્વામી ભગવાને એ સંગમનો પગ ભોંયો હોય, શૂલપાણી અને ચંડકૌશિક નો પગ ભોંયો હોય, ગોવાળિયા નો પગ ભોંયો હોત, ભગવાનનો સાડા બાર વર્ષ નહિ, સાડા બાર ભવ નહિ, સાડા બારસો ભવ નહિ, સાડા બાર હજાર ભવ નહિ, લાખો, ને કરોડો, ને અબજો, ને અસંખ્ય, ને અનંતભવે પણ ભગવાનનું ઠેકાણું ના પડ્યું હોત. ભગવાને બીજાનો પગ ભોંયો જ નથી. સંગમે ન્યાય કર્યો કે અન્યાય કર્યો, ઉચિત કર્યું કે અનુચિત કર્યું, ગોવાળિયા એ મારી સાથે

શુક્રવાર

DATE 01 01 2021

હકિકતમાં જે કર્યું એમાં મારો વાંક હતો કે નહતો, એ બળદિયા નું ધ્યાન રાખવાનું કહી ને ગયો, એ કોઈ પગાર નથી લેતો, હું કંઈ બંધાયેલો નથી, હું કોઈ ગ્રહસ્થ નથી, હું સાધુ છું, મારા કલ્પમાં, આચારમાં નથી, મારે જે કરવું હોય એ કરવા માટે હું સ્વતંત્ર છું એ બળદિયા નું ધ્યાન રાખું તો હું ગુનેગાર બનું, એનો ધ્યાન નથી રાખ્યું એટલે મારા કાનમાં ખીલ્લા ઠોકી દીધા !

ભગવાનના પક્ષે જોઈએ તો બધી જ દલીલ, બધો જ તર્ક હતો, ભગવાન ન્યાય દ્રષ્ટિએ વાત કરત તો ભગવાન તમારી દ્રષ્ટિ એ સાચા પણ હોત, પણ ભગવાન પાસે કોઈ દલિલ ન હતી, તર્ક ન હતો, ભગવાન પાસે માત્ર સ્વીકાર ભાવ હતો. એમને ઉપસર્ગના કરનાર પ્રત્યે પણ સ્વજન ભાવ હતો. સાધના માં સહાયક, પરમ ઉપકારી, એવા એ એક- એક ઉપસર્ગ કરનારા ભગવાનને લાગતા હતા, માટે ભગવાનને કેવળજ્ઞાન થયું છે. બહુ સરસ મજાની વાત ઉપદેશ-માલા ગ્રંથની અંદર ધર્મદાસગણિ મહારાજ કરે છે.

साहू सहन्ति सव्वं नीयाणवि पेसपेसाणं

સાચા સાધુ એ, સાચા સાધક એ, જે બધું જ સહન કરે, જે બધાનું સહન કરે, જે બધી રીતે સહન કરે, જે બધે જ સહન કરે, ગુરુનું તો સહન કરે, ગુરુભાઈ નું પણ સહન કરે, શ્રાવકોનું પણ સહન કરે, માણસો નું પણ સહન કરે, તિર્યંચ નું પણ સહન કરે. અરે ગૃહસ્થ પણામાં પોતાનો કોઈ નોકર હોય ને, ગોચરી લેવા ગયા ને એનું એ અપ-માન સહન કરે એમના નોકરનો કોઈ નોકર હોય એ અપમાન કરે, એ હેરાન કરે, એ ય સહન કરે,

नीयाणवि पेसपेसाणं।

ઉપદેશમાલા ગ્રંથની અંદર ધર્મદાસગણિ મહારાજ કહે છે,

जो सहइ तस्स धम्मो जो धिइमं सो तवे चरइ।

જે સહન કરે છે એનો ધર્મ છે, જેનામાં ધીરજ છે, ધૈર્ય છે, સાહેબ, બે-ત્રણ વાર સહન કર્યું, હવે.. હવે.. હવે કેટલું સહન કરવાનું, જેટલું સહન કરવાનું હોય, સમજી લો કે તમારો બધો જ તપ ફોગટ! અગ્નિશર્માએ એક વાર શાંતિ રાખી, બીજી વાર શાંતિ રાખી, ત્રીજી વાર શાંતિ રાખીને, પછી એનું મગજ જે ફાટ્યું છે, માસક્ષમણનું પારણું હોય, એક જ ઘરે જવાનું હોય, ત્યાં જે ના મળે તો બીજે ઘરે નથી જવાનું, બીજું માસક્ષમણ ઉપાડવાનું છે. રોજ આટલો આગ્રહ કરીને ગયો, એ જ દિવસે કંઈને કંઈ કામ આવે ને રાજા ભૂલી જાય, કે મેં આમંત્રણ આપ્યું છે, રાજાના દ્વારે પણ કોઈ ભાવ ન પૂછે, સળંગ બીજું માસક્ષમણ, સળંગ ત્રીજું માસક્ષમણ!

ગુણસેન અને અગ્નિશર્માની કથા વાંચીએ તો સો માંથી નવ્વાણુંને એમ થઈ જાય કે આમાં અગ્નિશર્માનો શું વાંક છે? સો માંથી નવ્વાણુંને એમ થઈ જાય કે અગ્નિશર્મા, એને માફી મળવી જોઈએ, એણે ત્રણ-ત્રણ વાર જતું કર્યું, સમતા રાખી, આપણને તો એ ય ન ફાવે. આટલું અગ્નિશર્માએ કર્યું, અગ્નિશર્મા આ અનંત ભવભ્રમણ રૂપ સજાનો હકદાર નથી, અગ્નિશર્મા એ ઈનામનો હકદાર છે. કદાચ સો માંથી નવ્વાણુંને એવું થઈ જશે, દયા આવશે અગ્નિશર્મા ઉપર. પણ કર્મસત્તા દયા ખાતી નથી. તમે ત્રીસ વાર ટકી ગયા, તમે એકત્રીસમી વાર ચૂકયા, તમને ચૂકવાની સજા મળીને રહેશે. તમારે બચવું હોય તો તમે ચૂકો નહિ, તમારે બચવું હોય તો મગજ હંમેશા શાંત રાખો. તમે બે વાર ક્ષમા રાખીને બે વાર ગુસ્સો કર્યો, એનું ફિડ્સ થતું નથી. આવશ્યક-નિર્યુક્તિ આગમની અંદર શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી-

શુક્રવાર

DATE 01 01 2021

મહારાજ કહે છે

જં અજ્જિઅં ચરિત્તં દેસૂણાએ પુવ્વકોડીએ।

દેસોનપૂર્વ કોટિના વિરાટ સંયમ પર્યાયની અંદર, જે ચારિત્ર, જે તપ, જે જ્ઞાન, જે આરાધના, જે ક્રિયાઓ એનું જે પુણ્ય અર્જિત કર્યું, એની જે શુદ્ધિ - અર્જિત કરી,

તંપિ કસાયમેત્તો હારેઇ નરો મુહુત્તેણ ।।

કષાય આવ્યો છે ને એની સાથે, એક અંતર્મુહૂર્તની અંદર, દેસોનપૂર્વ કોટિનું વિરાટ ચારિત્ર, એ બળીને ખાખ થઈ જાય છે.

" ક્રોધે ક્રોડપુરવ તણું, સંયમ ફળ જાય
ક્રોધ સહિત તપ જે કરે, તેતો લેખે ન લાગે !"

આપણા વરસીતપ, આપણી અઠ્ઠાઈ, આપણો અઠ્ઠમ, આપણું માસક્ષમણ, આપણા આત્માને કેટલું કામ લાગશે, આપણા આત્માને કેટલો ફાયદો થશે? આપણા આત્માનું શું વળશે? આપણે કદી - વિચાર કર્યો છે? NORMALLY ન કરતા હોય - એટલો ગુસ્સો તપમાં કરીએ, અપેક્ષા રાખીએ, બધા એ મારું આટલું... આટલું સાચવવાનું, ઘરમાં CURFEW લાગી જાય, એક તમારા તપનો TAX હોય જે બધાએ ભરવાનો હોય, રસોઈ કરનારે અમુક TAX ભરવાનો હોય, આજુબાજુ રહેનારે TAX ભરવાનો હોય, તમારી સાથે વાત કરનારે TAX ભરવાનો હોય, તમારી અમુક સેવાનો TAX ભરવાનો હોય, આ બધા TAXES લેતા લેતા તપ વીચાઈ જાય!

જો ધિઇમં સો તવં ચરઇ।

ઉપદેશમાલા કહે છે, તમે તમારી ધીરાની અંદર

બિલકુલ કહોવાયા નહિ, તો તમારી તપ સાચો. તમારી મગજ ઠંડો રહ્યો, તો તમારી તપ સાચો. તમને કોઈ અપેક્ષા નથી મળી, તો તમારી તપ સાચો. તમારો બીજા પ્રત્યે જેટલો મધુર વ્યવહાર હતો, એના કરતા વધારે મધુર વ્યવહાર તપની અંદર આવે, તો તમારી તપ સાચો. તમને કોઈ ની અપેક્ષા ન હોય, તો તમારી તપ સાચો. તમે બીજાને સેવા કરવા માટે બાધ્ય ન કરો, તો તમારી તપ સાચો. બીજા ને સેવા કરતા રોકો, મેં તપ કર્યો છે, તમારા ઉપર ઉપકાર થોડો કર્યો છે, તો તમારી તપ સાચો. તમારું તપસ્વી તરીકેનું સ્વરૂપ, બીજાની પણ શાતાનું કારણ થાય, તો તમારી તપ સાચો. ગમે તેમ, ગમે તે પ્રવૃત્તિથી TIME PASS કરીને, તમે તપ પુરો નાકરી દો. તપની અંદર સ્વાધ્યાય, સારામાં સારી મે તમે કરો, તો તમારી તપ સાચો.

આત્મ પ્રેક્ટિસ આપણે તપ કર્યો કેટલી વાર ?

ચાર જણ શાતા પુછે એના માટે તપ કરવો, એ બરાબર એના જેવી વાત છે, કે બહુમાન સમારંભ સારા થાય છે, માટે દીક્ષા લેવી ! આત્મ નિરીક્ષણ કરીએ કે હજુ આત્માર્થીના આપણને કેટલી પ્રગટી ? આત્મ નિરીક્ષણ કરીએ કે હજુ આપણને એકદમ આત્માની ચિંતા, મારા આત્માનું શું ? આ ભાવ કેટલો આવ્યો ? કેટલો ટક્યો ? ક્યાં સુધી ટક્યો ? હજુ વિભાવોમાં રહ્યા કરીએ છીએ. મારું સારું લાગે, લોકોમાં સારું દેખાય, મારા તપની એરેશન થાય, મારા દાનની એરેશન થાય, હજુ છોકર રમતમાં, બાળ ચેષ્ટામાં, બાલીશતા માં આપણે, રહ્યા કરીએ છીએ. મને જેમ થાય કે મારું વ્યાખ્યાન સારું લાગવું જોઈએ, પ્રભાવ પાડવી જોઈએ, તો મારી પણ બાળ ચેષ્ટા છે. તમને એમ થાય,

કે આ વખતે મહાત્મા બહુ ઉંચા આવ્યા છે, બહુ મોટી તપ કરાવે છે, બેસણા બધા અહીંયા જ છે, પ્રભાવના સારી છે, પારણા મહોત્સવ જબરદસ્ત થવાનો છે ને રાજાશાહી દબદબા સાથે થવાનો છે, આયોજકો પણ સમજદાર હોય એટલે પહેલાથી આ બધું તમને કહી દે, એ પણ જાણવાજેવા છે.

બહુ સરસ મજાની વાત, દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા ગ્રંથની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

मुक्ताविच्छा अपि श्लाघ्या तमःक्षयकरी मता ।

તમે તપ કર્યું, દાન આપ્યું, દીક્ષા લીધી, બધી પછીની વાત છે, તમે હજુ સુધી કશું જ કર્યું નથી, તમને ખરેખર પ્રામાણિક ભાવે એક ઇચ્છા પ્રગટી, કે મારે મોક્ષ જોઈએ છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે, કે આ ઇચ્છા માટે પણ તમને ડબલ ડબલ શાબાશી છે. તમે અનુમોદનીય છો, તમે પ્રશંસનીય છો, આની ઇચ્છાથી પણ તમારા પાપોના ભુક્કા બોલાય જાય છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ આ ગ્રંથની અંદર કહેવા માંગે છે, તપ એ બીજો STEP છે,

દાન એ બીજો STEP છે,

સ્વાધ્યાય એ બીજો STEP છે,

પ્રભુભક્તિ એ બીજો STEP છે,

તમે પ્રવચન સાંભળવા આવ્યા એ પણ બીજો STEP છે, પહેલો STEP છે મોક્ષ ની પ્રામાણિક ઇચ્છા!

આપણને લાગે છે આપણે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા, આઠમા, નવમા, દસમા બધા પગથિયા ચડી ગયા, એ આપણને લાગે છે. જ્ઞાનીઓની દ્રષ્ટિમાં આપણે ખરેખર પહેલા પગથિયા સુધી પણ પહોંચ્યા છે કે નહિ એ પ્રશ્ન છે!

સાચુ બોલો, તપનો ખુબ.. ખુબ.. ખુબ.. ખુબ મહિમા-તમને કહેવામાં આવે, કે તપનો આવો ગજબ ગજબનો મહિમા, આવો પ્રભાવ, તમને અમે બધી ક્રિયાઓ કરાવશું, બધું GUIDANCE આપશું, તપની વિધિ શીખવાડશું, ગજબગજબનો તપ કહાય તપાવલિમાં, તપો રત્ન મહોદધિ જેવા ગ્રંથોની અંદર બહુ જ જેનો મહિમા ગાયો હોય, શ્રેષ્ઠ તપ કહી શકાય એવો તપ, પાછો તમારાથી થાય એવો તપ, ફક્ત એટલું મારા જેવા આવી ગયા હોય ને કહે, કે નિસ્પૃહ ભાવે કરજો, ઘરે બેસીને બધા કરજો, પ્રભાવના વગેરે નું કોઈ આયોજન નથી. શું થાય? ભાવિકો બધી જ વ્યવસ્થા કરે સારું છે, સાચું છે, કશું જ ખોટું નથી! ઉચિત છે, ઔચિત્ય છે, કર્તવ્ય છે, ધર્મ છે, જેટલું કરો એટલુ ઓછું છે, કોઈ જ ના નથી, પણ મહિમા, ગમે તેટલો સમજાવવામાં આવે, ના સમજાય, ને આ બધું બહુ જ જલ્દી સમજાય જાય. આનો અર્થ શું?

સભાનો પ્રશ્ન :- ભગવંત! પચાસ/સો વર્ષ પહેલા, જ્યારે આયોજનો ન હતા ત્યારે આટલી છઠ્ઠ કરીને સાત યાત્રા જ હતી થતી. પણ હવે બધું જ આયોજન કરવામાં આવે છે, તો આટલી બધી યાત્રાઓ થાય છે, તો શું એ ઉચિત નથી?

પૂજ્ય શ્રી નો ઉત્તર :- સવાલનો આશય એ છે કે, એકાંતે એવુ કાંઈ છે જ નહિ કે- આયોજનો, ભાતાઓ, પ્રલોભનો, વ્યવસ્થાઓ, એ ખોટું છે, એનો લાભ પણ લઈ જાય છે. જરૂરી નથી કે આ રીતે જે યાત્રા કરે છે એનો વિભાવ જ છે, એનો સ્વભાવ એ હોય છે, રડી પડે છે, ગળગળા થઈ જાય છે, ભાવિત થઈને જાય છે. આવું પણ છે. અને પ્રશ્નના પક્ષનો એક શાસ્ત્રપાઠ આપું, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ

અધ્યાત્મસાર ગ્રંથ ની અંદર કહે છે.

अशुद्धापि हि शुद्धायाः क्रियाहेतुः सदाशयात्

અશુદ્ધ ક્રિયા પણ, સદ્આશયથી, શુદ્ધભાવના અંશ-માત્રથી, એકાંતે એ વ્યક્તિ જ્યાંયા જવા આવવાનું થોડું મળે છે, બહુમાન થાય છે, માટે છઠ્ઠ કરીને સાત જાત્રા કરવા જાય, આવા તો ઈચ્છાઓમાં એકાદ પણ ના હોય. કંઈક તો એને પણ શુભ ભાવ છે, ત્રીજે ભવે મોક્ષ મેળવીએ છે, એ ઈચ્છા પણ પડી છે, અને પછી આ કરે છે. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે કે, મોટા ભાગના જીવોની ક્રિયા તો અશુદ્ધ રહેવાની, બાળ જીવો મોટા પ્રમાણમાં રહેવાના, આગળ વધેલા જીવો કેટલા ટકા હોય?

અને એની જે ક્રિયાઓ, જે આરાધનાઓ એ તપ કરે, એ જાત્રા કરે, એ ઉપધાન કરે, એ છ'રી પાલીત સંઘમાં જાય, ચોમાસું કરે, એ જે પણ કરે એ પ્રાયઃ કરીને અશુદ્ધ હોય. તો શું એને ના પાડી દેવી, એને કાઢી મુકવો, તમારું બધુ ખોટું, તમારું બધું ZERO, તમારે આવવાની કોઈ જ જરૂર નથી. આવું જે કહે એને બહુ મોટું પ્રાયશ્ચિત આવે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે.

अविहिकया वरमकयं असूयवयणं बेंति समयण्णू ।

જેઓ આગમોના જાણકાર છે, તેઓ કહે છે, તમે અવિધિ થી કરો, તમે સાંસારિક આશંસાથી કરો, તમારો બધો ધર્મ ખોટો, તમને મોક્ષની ઈચ્છા, આત્માની ઈચ્છા છે તો મતલબ છે, નહીં તો કોઈ જ મતલબ નથી, બંધ કરી દો તમારું બધું આવું જે બોલે, એને પ્રાયશ્ચિત આવે. આવું બોલવું એ ઉત્સૂત્ર-પ્રરૂપણા છે.

पायच्छित्तं जम्हा अकए ~~[illegible]~~ बहुयं कए लहुयं ॥

કારણકે જે પ્રાયશ્ચિત છે, જેણે પ્રતિક્રમણ કર્યું જ નહિ એને માટે પ્રાયશ્ચિત આવતું હોય છે, કર્યું પણ બેઠા-બેઠા કર્યું, ભટકતા મને કર્યું, હાથ જોડયા વગર કર્યું, - મુદ્રાઓ વગર કર્યું, ઉપયોગ આઘો પાછો થયો, એવી રીતે કર્યું, એને ઓછું પ્રાયશ્ચિત આવે છે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, - અધ્યાત્મસાર ગ્રંથમાં કહે છે,

अशुद्धापि हि शुद्धायाः क्रियाहेतुः सदाशयात् ।

આજે ભલે અશુદ્ધ ક્રિયા છે, આજે ભલે ગોટાળા વાળી છે, આજે ભલે સાંસારિક અપેક્ષાઓ સાથેની છે, આજે અનઉપયોગ સાથેની છે, આજે પ્રમાદ સાથેની ક્રિયા છે. આજે કંઈક પ્રલોભનના હિસાબે આ અનુષ્ઠાન થઈ રહ્યું છે, બની શકે! છતાં જો એમાં સદ્ભાવ હોય.

જે એમ બોલે આ બધા આના માટે આવ્યા છે, બાહ્ય વસ્તુ, પ્રભાવના માટે આવ્યા છે, એને ઘોર આશાતનાનું પાપ લાગે. જો એ દેખાડા માટે જ આવ્યા હોય, તો એ સો લોગસ્સનો કાઉસગ્ગ કેમ કરે? વીસ માળા કેમ ગણે, એમને દેખાડવું જ છે ને, કાયોત્સર્ગ-ની મુદ્રા કરે, પ્રતિક્રમણનો એક લોગસ્સનો, બે લોગસ્સનો, ચાર લોગસ્સનો, મનમાં કાઉસગ્ગ કરવાની કોઈ જરૂર નથી. એ ખુદમાં આત્માર્થીતા છે, તપની જાહેરાતો થી પણ તપ કર્યો, પણ એવું નથી કે એના માટે જ તપ કર્યો, એને તપનો કંઈક તો પક્ષપાત છે. નહીં તો ઘરે કોઈને મેનું હોય એમ જાઈ પાણ લે, આવું કોઈ જ નથી કરતું. એનો અર્થ એકાંતિક એ અશુભ જ ક્રિયા, અશુદ્ધ જ ક્રિયા, સંસારવર્ધક ક્રિયા, હેય ક્રિયા આવું હરગીઝ - બોલી શકાય નહિ. પ્રશ્નના પક્ષની બધી વાત છે. એ પ્રશ્ન પણ સાચો છે. આયોજન, પ્રભાવના, પ્રલોભન,

સર્વથા

કંઈક ઐહિક આશંસા, જતી રહી હોય, તો જ તમારે ધર્મ કરવો, તો સો માંથી નવ્વાણું ને પાછા મોકલવા પડશે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે, જો કે સદ્‌ભાવનો અંશ પણ આવ્યો ને, આજે ભલે કાંઈક અશુદ્ધિ વાળી ક્રિયા છે, અશુદ્ધિ વાળી આરાધના છે, અશુદ્ધિ વાળો તપ છે, આગળ ચાલીને આ જ સદ્‌ભાવ નો અંશ, એ શુદ્ધ પરિપૂર્ણ ક્રિયા, પરિપૂર્ણ અનુષ્ઠાન સુધી લઈ જશે. જે એના - કેવળજ્ઞાનનું કારણ બનશે. સંપૂર્ણ શુદ્ધ આરાધના - એ અંતિમ ભવમાં જ શક્ય છે, અને સંપૂર્ણ શુદ્ધ આરાધનાનો જ આગ્રહ રાખવો, એનો અર્થ એ કે છેલ્લા ભવ સિવાય બીજા કોઈ ભવમાં ધર્મ કરવો નહિ, અને આવો આગ્રહ રાખવો, એનો અર્થ એ છે કે છેલ્લો ભવ કદી આવવો જ નહિ.

પંચસૂત્રમાં બહુ સરસ મજાની વાત કરી.
ચરમભવહેઉં ।

આ ભવની બધી જ આરાધનાઓ શેના માટે છે ? ચરમભવની પ્રાપ્તિ માટે છે. આ ભવની આરાધનાથી મોક્ષ મળે ને, એવું DIRECTLY ના કહી શકાય. આ ભવની આરાધના પછી મોક્ષ મળી જાય તો એમ કહી શકાય કે આ ભવની આરાધનાથી મોક્ષ મળી ગયો. પંચસૂત્ર કહે છે કે હરિભદ્રસૂરી મહારાજ જેવા પૂર્વાચાર્યો એની ટીકા ની અંદર સ્પષ્ટતા કરે છે,

અમુક ભવોની સાધના થી જ, ચરમભવ મળતો હોય છે અને ચરમભવની સાધનાથી જ મોક્ષ મળતો હોય છે. પ્રશ્ન ના પણ કહું, જેટલા આયોજનો થાય કહ્યું જ ખોટું નથી, પ્રભાવના કરો, મહેનત કરો, ત્યાં સુધી કે કોઈ એવી મહેનત કરી કે ભાઈ, બાળકો માટે -

આપણે આ.. આ શીખ્યું છે ને, અને એમાં એમને - આટલી પ્રભાવના ... આટલું ઈનામ આપવામાં આવશે, EXAM માં મહેનત કરી પહેલો નંબરે આટલું ઈનામ, બીજા નંબરે આટલું ઈનામ, હું કહું છું હજુ દસગણી - મહેનત કરી, કશું ખોટું નથી.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે, આજે ભલે કદાચ અશુધ્ધ ક્રિયા, સદ્ભાવના એમાંથી એ પણ શુધ્ધ ક્રિયા બનશે.

ताम्रं रसानुवेधेन स्वर्णत्वमधिगच्छति ।

તાંબુ છે, તાંબુ સોનું નથી, તાંબામાં સોનાનો અંશ સુધ્ધા નથી, પણ રસવેદ થઈ ગયો, અને એ તાંબુ સોનું બની ગયું. એ જ રીતે અશુધ્ધ ક્રિયા પણ સદ્ભાવના રસવેદ દ્વારા, ભવિષ્યની અંદર શુધ્ધક્રિયામાં રૂપાંતરિત થઈ જશે!

સભાનો પ્રશ્ન :- સાહેબજી, અશુધ્ધ ક્રિયા એક વાર ચાલે પણ, અશુધ્ધ આશય, સાંસારિક આશય, મોક્ષ ન હોય આશયમાં, તો એ ધર્મ પછી ચાલે ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, આ સવાલનો જવાબ, અધ્યાત્મસારમાં આ સ્વરૂપે આપે છે કે, જેનો આશય જ શુધ્ધ નથી, એને દીક્ષા અપાય કે નહિ ? ગુરુને ખબર છે કે આ વ્યક્તિ છે એને સમ્યક્ત્વની સ્પર્શના સુધ્ધા થઈ નથી, હવે આમાં - આશયશુદ્ધિ ની શું આશા રાખવાની રહી. અને સમ્યક્ત્વની સ્પર્શના સુધ્ધા ન થઈ હોય એ વ્યક્તિને દીક્ષા અપાય કે ન અપાય ? ઉત્સર્ગથી ન જ અપાય. અધ્યાત્મ સાર ની અંદર કહ્યું કે સદ્ગુરૂ હોય, ગીતાર્થ હોય, લાભાલાભ જુએ, આર્ય - સુહસ્તિસૂરી મહારાજે એક ભિખારી ને પણ દીક્ષા આપી હતી. ને એ રીતે સદ્ગુરૂને લાભાલાભ દેખાય, ને એ જુએ કે

આને દીક્ષા આપવામાં સો ટકા લાભ છે, એના આત્માનું એ કલ્યાણ છે. શાસનનું પણ આમાં હિત છે, અને આ બધું જોઈને સદ્ગુરુ એમને પણ દીક્ષા આપી શકે, અને અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, એવી દીક્ષાનું પણ પરિણામ કહે છે

गुर्वाज्ञापारतन्त्र्येण द्रव्यदीक्षाग्रहादपि

દીક્ષા લીધી ત્યારે સંપૂર્ણ દ્રવ્ય દીક્ષા હતી, માત્ર વ્યવહારીક દીક્ષા હતી, માત્ર ઔપચારીક દીક્ષા હતી, માત્ર વિધિ થઈ ગઈ હતી. કોઈ ગુણસ્થાનકની સ્પર્શના, સાતમા ગુણસ્થાનક ની સ્પર્શના, છઠ્ઠા ગુણસ્થાનક ની સ્પર્શના, પાંચમા ગુણસ્થાનક ની સ્પર્શના, અરે ચોથા ગુણસ્થાનક-ની સ્પર્શના, સુદ્ધા હજુ સુધી આત્મા ને થઈ નથી. એ વિધિ થઈ ગઈ દીક્ષાની, કોઈ એમને ચોથા ગુણ-સ્થાનકની સ્પર્શના નથી થઈ પણ, સદ્ગુરુ એ જોયું કે એનામાં એટલી યોગ્યતા છે કે જે સમર્પિત રહેશે મેં દિવસ કીધું તો દિવસ ને રાત કીધું તો રાત! એટલી એમનામાં યોગ્યતા છે ને આ એક યોગ્યતા ના બળે એ હકીકતમાં મિથ્યાત્વી છે ને છતાં એને દીક્ષા આપી દીધી, એ દીક્ષા નું પરીણામ શું આવે?

वीर्योल्लासक्रमात् प्राप्ताः ।

અને એ રીતે વીર્યોલ્લાસ ના ક્રમથી, આગળ વધીને-ઉલ્લાસ વધતો ગયો... વધતો ગયો.. વધતો ગયો... વધતો ગયો... સમ્યક્ત્વ પણ મળ્યું, પાંચમું ગુણ-સ્થાનક પણ મળ્યું, છઠ્ઠું મળ્યું, સાતમું મળ્યું, અને આગળ વધ્યો આત્મા એ જ ભવની અંદર એણે ક્ષપકશ્રેણી માંડી, કેવળજ્ઞાન પામ્યા ને આયુષ્ય પૂર્ણ થતા એવા પણ આત્મા મોક્ષે ગયા. એવા કેટલા?

बहवः परमं पदम् ।

આજ સુધીમાં એવા બહુ, એનો તાત્પર્યાર્થ જોઈએ, આજ સુધીમાં એવા અનંતા આત્માઓ મોક્ષે પહોંચી ગયા.

મહાત્માના પ્રશ્નના હવે ઉત્તર પક્ષની વાત કરું, પ્રશ્ન પક્ષે પણ ઘણી બધી શાસ્ત્રોની વિધિ છે, શાસ્ત્રોના બચાવો છે, શાસ્ત્રોનું રક્ષણ છે, SECURITY છે, કોઈ કશું જાણેનથી, બરાબર એની સામે આંગળી ચીંધી છે તો પ્રશ્ન પક્ષની-વાત પણ સાચી છે. ઉત્તર પક્ષની વાત કરું, હા કોઈ આવી --- હા કોઈ આવો, કેટલું થાય એટલું કરજે, ન થાય તો કાંઈ નહિ, તમે બસ શુદ્ધ કરો પ્રતિક્રમણમાં-તો એ વાંધો નથી, પણ આવો ! હું કહું કે કદાચ આ રીતે રીલેક્શન પણ કરાવી શકાય, એકાંત નથી જિનશાસનમાં, એક ચોથા વ્રતની અંદર એકાંત છે, - બીજુ એક પણ વસ્તુની અંદર એકાંત નથી. ગીતાર્થ - ગુરુભગવંત જે રીતે, જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં, જીવનું સ્થાન, એની પ્રકૃતિ, એનો સ્વભાવ, એને જેઆધારે - થતું હોય, એ રીતે એવા જીવનું પણ ઉત્થાન કરે. હવે હું મુદ્દા ઉપર આવું છું, કે ક્યાં સુધી આ બાળ-કક્ષાએ રહેશો ?

તમે એક વર્ષે જે રીતે આરાધના કરી, બીજા વર્ષે જે રીતે આરાધના કરી, દસમા વર્ષે જે રીતે આરાધના કરી, ૨૦મા વર્ષે જે રીતે આરાધના કરી, ત્રીસ, ચાલીસ, પચાસ, સાઠીઠ, વર્ષ તમારા આરાધના કરતા-કરતા ચાલ્યા ગયા, હજુ તમને તપ નો મહિમા નથી સમજાતો, હજુ તમને લૌકિક વર્તન નો મહિમા સમજાય છે. હું તમને કહું છું કે તમે ક્યાં સુધી તમે ત્યાં રહેશો ?

કઈ કઈ રીત તમારી ત્રુટિઓ ચાલી શકે, તમારી ભૂલ કઈ રીતે બચાવ ને પાત્ર છે, કેવી રીતે તમને આગમો નું BACKING (પીઠબળ) મળી શકે, તમારી કેટલી ભૂલો ને શાસ્ત્રો છાવરી શકે છે, એ બધું હું તમને, - શીખવાડ્યા કરું તો તમારું ઉત્થાન ને તમારો ઉદ્ધાર ક્યારે થશે, અમારી ફરજ એ તમે જ્યાં છો ત્યાંથી તમને

આગળ લઈ જવા, તમે ન ઈચ્છો આગળ જવા તો તમારો હાથ પકડીને ખેંચીને, ઊંચકીને આગળ લઈ જવા એ અમારી ફરજ છે. એના માટે કહું છું કે ક્યાં સુધી આપણે આ આળસના ને બાળચેષ્ટા માં રમ્યા કરશું? અને હવે તમારો પ્રશ્ન છે કે વિનયરત્ન જેવાને પણ દીક્ષા આપી દીધી, અપાઈ ગઈ, જો તમે કહો છો કે આ રીતે સદ્ગુરુ દીક્ષા આપે તો, આત્માનું કલ્યાણ થાય, પણ આમાં ક્યાં આત્માનું કલ્યાણ થયું?

શિવભૂતિ ને દીક્ષા આપવામાં આવી ને આખો દિગમ્બર પંથ શરૂ થઈ ગયો, વિનયરત્નને દીક્ષા આપવામાં આવી, રાજાની કતલ કરવા માટે દીક્ષા લીધી, માયાવી પણે પાળી, છેવટે રાજાની કતલ કરીને ભાગ્યા, ભયંકર શાસન અપભ્રાજના થઈ ગય, - અપભ્રાજના નું નિવારણ કરવા ગુરુએ પોતાનું પ્રાણ - બલિદાન આપી દીધું. ગુરુએ આપઘાત કરી લીધો. અને માત્ર આ રીતે રાજાને મારીને નહિ, રાજાને અને જૈનાચાર્ય ને મારી ને કોઈ હેલી ભાગી ગયો, શાસન અપભ્રાજના નું નિવારણ કર્યું. આમાં એની દીક્ષાથી શાસનનું કયું હિત થયું? એ લાખ રૂપિયાનો પ્રશ્ન છે, જેનો કોઈ જ જવાબ નથી.

અષ્ટક પ્રકરણની અંદર હરિભદ્રસૂરી મહારાજ, આનો પણ જવાબ આપે છે,

नागादे रक्षणं यद्वद् गर्ताद्याकर्षणादपि ।

અષ્ટક પ્રકરણમાં હરિભદ્રસૂરી મહારાજ કહે છે કે, બાળકો

कुर्वन्न दोषवान् तत्र अन्यथाऽसम्भवादिदम् ॥

ક્યારેક એવી પણ પરિસ્થિતિઓ હોય છે જેનું વારણ નથી હોતું, ક્યારેક એવી પણ પરિસ્થિતિ હોય, કે જે અશક્ય પરિહાર હોય, જે દરેક આત્માનું સંપૂર્ણ

ભવિષ્ય, દીક્ષાના છેલ્લા દિવસ સુધીનું ભવિષ્ય જોઈને
દીક્ષા આપી શકાતી હોય, તો જેવો પાંચમો આરો ચાલુ
થાય, અતિશય અતીન્દ્રિય જ્ઞાનનો ઉચ્છેદ થાય, એની
સાથે જ દીક્ષાનો ઉચ્છેદ થાય. ગુરૂએ એમના શ્રુત-
ઉપયોગથી જોયું, ગુરૂએ પ્રામાણિક પણે, શાસ્ત્રોના-
આધારે જે નિર્ણય લઈ શક્યા હતો એ લીધો, અને
હજારો-લાખોમાં કોઈક આવા વિનયરત્ન, જેવા દંભી માયાવી
હોય, જેનો દંભ ઓળખી ના શકાય, એમાં ગુરૂનો દોષ?
અને બધામાં વિનયરત્નની કલ્પના કરીએ, અને એકના
વાદે લાખોની દીક્ષા અટકાવી દઈએ, તો માર્ગ કઈરીતે
ચાલે? અષ્ટક પ્રકરણમાં હરિભદ્રસૂરીમહારાજ કહે છે,

इत्थं चैतदिहैष्टव्य - मन्यथा देशनाद्यपि।

અમે જે રીતે કહીએ છીએ, આ રીતે ક્યાંક એવું પણ હોય
છે, આ જ રીતે વ્યવહાર ચાલે, આ જ રીતે માર્ગ ચાલે,
કારણકે બીજી રીતે માર્ગનો જ ઉચ્છેદ થઈ જાય. જો
તમે એવો આગ્રહ રાખો કે જેમાં સંપૂર્ણ સારું પરિણામ
આવે, એવી જ પ્રવૃત્તિ કરી શકાય, તો એનો જવાબ-
હરીભદ્રસૂરી મહારાજ આપે છે, કે ભગવાન જે દેશના-
આપતા હોય છે ને, એ દેશનાની અંદર, સમવસરણની
અંદર ઘણા બધા લોકો આવે, બારે પર્ષદા એની અંદર
જાત જાતના આવ્યા હોય, કટ્ટરકટ્ટર મિથ્યાત્વી દેવો,
મિથ્યાત્વી લોકો, દુર્ભવ્ય જીવો, અભવ્ય જીવો, વક્રજડ જીવો,
એવા પણ અંદર હોય, બબ્બેની સભા, એમાં અમુક
હજારો, અમુક લાખ્ખો, તદ્દન વિચિત્ર પણ હોય શકે. -
ભગવાન બોલે આ સંસાર છે, એ સ્વપ્ન છે, બધું જ
માયાજાળ છે, બધું જ ખોટું છે, પેલો ફટ દઈને ઉભો થાય
ને તાળી પાડે, અને કહે કે મને તત્ત્વ મળી ગયું, એ
શૂન્યવાદ છે. શૂન્યવાદ એ જ સાચો છે, બધું જ ખોટું છે,
બધી જ તમારી ભ્રાન્તિ છે, પુણ્ય નથી, પાપ નથી,

શુક્રવાર

DATE 01 01 2021

આત્મા નથી, પરલોક નથી, મોક્ષ નથી, મોક્ષમાર્ગ નથી, ધર્મ નથી, નર્મ કે કહી એ બધુ ખોટું છે. ભગવાને કહ્યું બધું જ ખોટું ને બધુ માયાજાળ! વરસોથી શબ્દોને ઉપાડવા, સ્યાદવાદ ફીટ એ એવું નહિ, હાર્દ ને સમજ્યું નહિ, કે ભાઈ અનિત્ય છે, માટે શુન્ય જેવું છે, કાલે નથી રહેવાનું માટે શુન્ય-જેવું છે. બધું જ પુરું થઈ જવાનું, આ રહેવાનું નથી, આ ટકવાનું નથી, આ ભવ પુરો થયો, સંબંધ-પુરા થઈ ગયા, માટે માયાજાળ છે. આ હાર્દને - સમજ્યા વગર, ભગવાનની દેશના માંથી પણ-યા વરસોથી ઉભા થઈને, યા બે વાક્ય પકડીને, નવા દર્શનની શરુઆત થાય, નવા ધર્મ ની શરૂઆત થાય, મિથ્યાત્વનો જોર પ્રચાર કરે, એવા આચાર્યો ત્યાંથી આવા વાક્યો લઈ જાય, અને જે આવા વાક્યો લઈ જાય, એના કારણે ભગવાનને પણ પાપ લાગે, જે વ્યવસ્થા આવી હોય, કે સંપૂર્ણ સારું પરિણામ આવે, એવું જ કરવાનું.

ભાઈ, ધ્યાન રાખીએ, કાળજી રાખીએ, હંમેશ રાખીએ, પણ BY CHANCE એવું થઈ ગયું, પછી જે ગુરૂ ગુનેગાર બની જતા હોય, તો-તો પછી ગુરુએ પોતાનો આત્મા સાચવી રાખવા માટે, કોઈને પણ દીક્ષા જ નહી અપાય.

શાસ્ત્રોની અંદર જુદા-જુદા વ્યવહારો - બતાવ્યા,

આગમ સુઅ આણા ધારણા ય જીયં ય હોઇ વવહારો।

પહેલું આગમ વ્યવહાર, આગમ વ્યવહાર એટલે - પ્રત્યક્ષ જ્ઞાની જો, કેવળજ્ઞાની જો, જે વ્યવહાર કરે, એને દીક્ષા આપવી, ન આપવી, આમ કરવું,

શુક્રવાર

DATE 01 01 2021

આ કરવું, આ બાબત, તે બાબત, ફલાણી બાબત, ઢીંકણી બાબત, બધો જ વ્યવહાર એ શેના આધારે કરે, એ કેવળજ્ઞાનને આધારે કરે. એવી રીતે અતિન્દ્રિય જ્ઞાનીઓ જે હોય, એ પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય, આગમ વ્યવહાર કહેવાય, બીજા નંબરમાં શ્રુત વ્યવહાર, જે શ્રુતને આધારે - થાય, વિશિષ્ટ શ્રુત ને આધારે થાય. ત્રીજો વ્યવહાર - આજ્ઞા વ્યવહાર, આ રીતે આજ્ઞા થઈ અને વ્યવહાર - કરવામાં આવે. ધારણા વ્યવહાર - ધારણા કરે કે ગુરુ - મહારાજે આ વસ્તુનું આ પ્રાયશ્ચિત આપ્યું હતું, આ વસ્તુનું આ આપ્યું, આ વસ્તુનું આ આપ્યું.

ગીયત્થેણ પાયચ્છિત્તમવધારિઊણ ...

એના દ્વારા જે વ્યવહાર કરવામાં આવે, ધારણા વ્યવહાર. પાંચમો વ્યવહાર જિત વ્યવહાર. જિત વ્યવહાર એટલે જે વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ને અનુસરીને વર્તમાન સામાચારી રૂપે, જે વ્યવહાર નજીક ના વર્તમાન ના ગીતાર્થો એ, ભુતકાળના ગીતાર્થો એ પ્રસ્થાપિત કર્યો, એનું નામ જિત વ્યવહાર। કેવળજ્ઞાની વગેરે અતિન્દ્રિય જ્ઞાનીઓનો ઉચ્છેદ થયો હોય ત્યારે, શ્રુત વ્યવહારી, ગીતાર્થ ગુરુ - ભગવંત, એ કેવળજ્ઞાની ના સ્થાને હોય છે, કેવળજ્ઞાનીની તુલ્ય હોય છે.

મહાનિશિથ સુત્રની અંદર બહુ અદ્ભુત વાત કરી,

કિં ગીઅત્થો કેવલી ?

તમે ગીતાર્થ ને આટલી બધી સત્તા આપી દો છો, આટલું બધું ભાર/વજન આપી દો છો, શું એ કેવળજ્ઞાની છે ?, એને મહાનિશિથ સુત્રમાં જવાબ આપ્યો,

૦ કેવલી

હા, ગીતાર્થ એ કેવળજ્ઞાની હોય છે, હજુ આઈ જઈએ આપણે, શું બોલ્યા તમે ?, એને મહાનિશિથ સુત્ર એનો આશય સમજાવે છે,

अकेवलीओ वि केवली व उज्झा ।

જ્યારે કેવળજ્ઞાની ની હાજરી નથી, ત્યારે એ ગીતાર્થ ગુરુ ભગવંત, એ કેવળજ્ઞાનીના સ્થાને હોય છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે.

तित्थयरसमो सूरि सम्मं जो जिणमयं पयासेइ ।

ગચ્છાચાર આગમ પયન્ના સૂત્ર કહે છે કે, જે આચાર્ય - ભગવંત હોય એ તીર્થંકર ની તુલ્ય હોય, જે સમ્યક્ - જિનમત નું પ્રકાશન કરે, મહાનિશીથ સૂત્ર કહે છે,

जे भावायरिया ते तित्थयरसमा ।

જે ભાવાચાર્ય હોય એને તીર્થંકર ની સમાન જ જોવા. તીર્થંકર થી એને બીલકુલ ઉતરતા ન જોવા. બહુ સરસ મજાની વાત, હજુ આગળ વધીને શાસ્ત્રકાર ભગવંતો કહે છે, કેવળજ્ઞાની નો ઉચ્છેદ થઈ ગયો, ત્યારે તો ગીતાર્થ એ કેવળજ્ઞાની ની તુલ્ય હોય, કેવી પણ ઘટના બને, કેવળજ્ઞાની પણ હાજર છે, ગીતાર્થ પણ હાજર છે, બંને એક જ ઉપાશ્રયમાં છે, હજુ આગળ વધોને, કેવળજ્ઞાની નો જોગ છે, એ ગીતાર્થ પણ નથી ને હજુ તો ત્રણ-ચાર વર્ષના પર્યાય ના મહાત્મા છે, જે પિંડ નિર્યુક્તિ જેવા શાસ્ત્રો પણ, ગોચરી એ જતા શીખ્યા, પિંડેષણા વગેરે આચારાંગના અધ્યયનો નો એમણે અભ્યાસ કર્યો, બધા સાથે છે એમાં કેવળ - જ્ઞાની પણ છે, આ ત્રણ- ચાર વર્ષના પર્યાય વાળા નાના છદ્મસ્થ મહાત્મા પણ છે, ગોચરી એ નીકળ્યા છે પોતાના શ્રુતોપયોગ થી, શાસ્ત્રીય જ્ઞાનથી, દોષિત- નિર્દોષ નો વિવેક કરીને ગોચરી વહોરતા જાય છે... વહોરતા જાય છે... વહોરતા જાય છે... એક ઘરેથી એમણે ગોચરી વહોરી બેતાલીસ દોષ ગાળી એકે દોષ લાગ્યો નથી, એ રીતે વહોરી, પણ મહાત્મા છેતરાઈ ગયા હતા. કોઈક દોષ લાગી ગયો હતો. પોતાના મનથી પ્રામાણિક પણે મહાત્માએ ગોચર વહોરી, દોષ કોઈક લાગીગયો હતો.

મહાત્માને ખબર નથી, મહાત્માતો આગળ ગોચરી વોરવા-
નીકળ્યા છે, હવે ત્યાંથી આગળના ઘરે.. આગળના ઘરે..
આગળના ઘરે.. ને પંદર-વીસ ઘરે મહાત્મા ભ્રમણ કરીને
ગોચરી થર્યા કરીને, પાછા આવે છે, કેવળજ્ઞાની ને ગોચરી
બતાડે છે, અમારી વિધિ. ગોચરી બતાડીને ગોચરીમાં
ક્યાંક દોષ લાગ્યા હોય તો એ કહેવાના. મહાત્મા કેવળ-
જ્ઞાનીને કહે છે, આ દોષ વગર નિર્દોષ ગોચરી, હું લાવ્યો
છું, અને મને લાભ આપો. આપ આ ગોચરી વાપરો.
વાત સમજાય છે!

કેવળજ્ઞાની તો રિપોર્ટ જુએ છે, એમને
જે રાતે કેવળજ્ઞાન થયું ને, એ રાતે મહાત્મા ચાર વર્ષ-
પછી ક્યો દોષ ક્યાં લગાડવાના છે, ને ક્યાં લાગી જવાનો
છે, BY CHANCE લાગી જવાનો છે, ને ખબર નથી પડવાની.
કેવળજ્ઞાની ને તો વર્ષો પહેલા ખબર છે. મહાત્મા નીકળ્યા
ત્યારથી ખબર છે કે આ દોષ, BY CHANCE લાગી જવાનો
છે, ખબર નથી પડવાની. આ આવ્યા છે મહાત્મા બધી જ
ખબર છે. મહાત્મા કહે છે આ ગોચરી નિર્દોષ છે એનો
લાભ આપો. કેવળજ્ઞાની પાસે ઘણા OPTIONS છે. તમે
છો ને છેતરાઈ ગયા છો, ભૂલ થઈ ગઈ છે, નિર્દોષ તમને
લાગ્યું, પણ એ તમારા માટે બનાવ્યું હતું, તમને ખબર ના
પડી, તમે વ્યવહાર બરાબર કર્યો પણ ગોચરી તો દોષિત છે.
કેવળજ્ઞાની પાસે બીજો OPTION છે, હા ભાઈ, ઠીક છે,
નિર્દોષ લાવ્યા, બહુ સારું કર્યું હં, તમે વાપરજો મારે ખપ
નથી, જોઈ મને દોષ લાગી જાય. કેવળજ્ઞાની પાસે ત્રીજો
OPTION છે, હા ચાલો ભાઈ તમારે લાભ લેવો છે, જરાક
આપી દો, અને એ જરાક કાંઈક લઈ ને એમને જ પાછું
આપી દેવું, એટલે કાંઈ વાંધો આપણને આવે નહિ. કેવળ-
જ્ઞાની નથી પહેલો OPTION અપનાવતા, નથી બીજો OPTION
અપનાવતા, નથી ત્રીજો OPTION અપનાવતા, કેવળજ્ઞાની
ચોથો OPTION અપનાવે છે, ધન્ય છે તમને તમે નિર્દોષ

ગોચરી લાવ્યા, તમારો આત્મા લાવ છે, હું તમને લાભ
આપું, એ ગોચરી પણ કેવળજ્ઞાની લે, બેતાલીસ -
દોષ માંથી કોઈ પણ દોષ લાગ્યો હોય, તો પણ લે.
બેતાલીસ દોષ માંથી સર્વોત્કૃષ્ટ દોષ, આધાકર્મી દોષ
કહેવાય, SPECIAL એના માટે બનાવ્યું છે. નિષ્કારણ
બનાવ્યું છે, એ પણ કેવળજ્ઞાની લે,

आहाकम्मं भुंजइ अपमाणं सुअं भवे दुहरा।

પ્રશ્ન કર્યો કે આ કેવી વાત ? મહાત્માને તો ખબરનથી
ને એ વાપરે, મહાત્મા કહાય નિર્દોષ, મહાત્મા -
કહાય પ્રામાણિક, કેવળજ્ઞાની એ તો કહી દેવું જોઈએ કે
તમારી રીતે તમે સાચા છો, મારા જ્ઞાનમાં હું જોઈ
રહ્યો છું, તમારી ગોચરી દોષિત છે, તમારી ગોચરી
ખોટી છે, ના વપરાય આ રીતે, હું તો નહીં વાપરું,
તમે વાપરો ને તમે જાણો, મને નહીં પુછો.

શાસ્ત્રકારો ને પ્રશ્ન કરવામાં આવ્યો કે
શા માટે કેવળજ્ઞાની એવી પણ ગોચરી વાપરે ?
અને ત્યાં જવાબ આપ્યો કે જો કેવળજ્ઞાની, આ રીતે
નિષેધ કરે છે, પેલા પોતાની રીતે ગવેષણા કરીકરી
ને, કાળજી રાખી રાખીને... ધ્યાન રાખી રાખીને,
શ્રુતોપયોગથી જે નિર્દોષ સમજુ ને લાવ્યા, એને
કેવળજ્ઞાની જો દોષિત ઠેરવે છે, તો શું થાય ?

अपमाणं सुअं भवे दुहरा।

તો શ્રુતજ્ઞાન અપ્રમાણ થાય, મહાત્માનો શાસ્ત્રો પરનો
ભરોસો જ ઉઠી જાય, હું આટલું બધું ધ્યાન -
રાખી રાખીને લાવ્યો ને એમાં દોષિત આવી ગયું છે.
મુકો આધાકુટ નથી ગોચરી જવું, કહીં ટીફીન મંગાવી
લેવું, વાત પૂરી થઈ ગઈ, જો આટલું કરવા છતાં
મારી ગોચરીની શુદ્ધિ નથી થતી, જો મને દોષ
લાગી જાય છે, તો જ્યાં સુધી મને કેવળજ્ઞાન ન

થાય, ત્યાં સુધી આ બધી મહેનત કરવાની કોઈ અર્થ જ નથી. આ રીતે શાસ્ત્રીય જ્ઞાન, શ્રુતોપયોગ એ અપ્રમાદ ન કેળવાઈ જાય, એના માટે, જે દોષિત હોય તો એ જે કેવળજ્ઞાની વાપરે. જે આધાકર્મી હોય, SPECIAL બનાવેલું, તો એ કેવળજ્ઞાની વાપરે. એનાથી આ માર્ગ જીવંત રહે. પિંડ નિયુક્તિ આગમની અંદર શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે.

आहाकम्मपरिणओ फासुयभोई वि बंधओ होइ

શિષ્યોનો પ્રશ્ન :- સાહેબજી, આમાં એમના ગુરુદેવ EXACT- ભૂલ બતાવી છે, કે આપની આ ભૂલ થઈ હતી, તો બીજુ વાસના થાય ને ?

સ્વામીનો ઉત્તર :- મહાત્માએ ક્યાંક ધ્યાન રાખવામાં ગરબડ કરી, ક્યાંક પ્રમાદ કર્યો, અને કેવળજ્ઞાની કહે કે તમારે પ્રમાદ કરવો ઉચિત નથી, તો માર્ગ જીવંત રહેશે. મહાત્માએ બિલકુલ પ્રમાદ કર્યો નથી, બેદરકારી કરી નથી, પૂરી કાળજી થી જે ગોચરી લાવ્યા, અને એની ભૂલ જ્યારે કાઢવામાં આવે છે, એનો અર્થ એ છે કે તમારી બધી જ કાળજી, બધું જ જ્ઞાન વ્યર્થ છે. એનો અર્થ જ્યાં સુધી તમને કેવળજ્ઞાન ન થાય, ત્યાં સુધી તમારે ગોચરી જવું નહિ ! એનો અર્થ જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય, ત્યાં સુધી તમારે દીક્ષા લેવી નહિ, કારણ કે ગોચરી એક ઉદાહરણ છે, અનેક ભૂલ, અનેક અતિચાર થઈ જાય, છતાં પિંડનિર્યુક્તિ આગમ કહે છે કે જે દોષ હોવા છતાં દોષ નથી.

आहाकम्मपरिणओ फासुअभोई वि बंधओ होइ।

ઘરે કોઈ પ્રસંગ હતો, મહેમાન હતા ને કોઈ SPECIAL વાનગી બનાવી હતી ને મહાત્મા ગયા, તો એમને લાગ્યું કે મારા માટે જ બનાવ્યું છે, અને વહોર્યું, ઉપાશ્રય માં- લાવ્યા, વાપર્યું, કેવળજ્ઞાની ને પૂછવામાં જાણ્યું એમણે નિર્દોષ

વાપર્યું કે દોષિત વાપર્યું ? કેવળજ્ઞાની કહે એમણે - દોષિત વાપર્યું. એમણે કર્મનો બંધ કર્યો.

સુદ્ધં ગવેસમાણો અહાકમ્મેવિ સો સુદ્ધો ।

મહાત્મા નો ભાવ શુધ્ધમાં શુધ્ધ હતો, એક કીલોમીટર દુર જઈશું, દોઢ કીલોમીટર દુર જઈશું, બીજા - વિસ્તારમાં જઈશું, તદ્દન નવા વિસ્તારમાં જઈશું, કહી બાર મહિને, બાર વાર મહાત્માના પગલા નહી થતા હોય, ત્યાં જઈશું. અને એમાં ક્યાંક મહાત્મા આટલું કરવા છતા, ઉતરાય ગયા, અને દોષિત આવી ગયું, વાપર્યું મહાત્માએ. પુછવામાં આવ્યું કેવળજ્ઞાની ને કે દોષિત વાપર્યું કે નિર્દોષ વાપર્યું, કેવળજ્ઞાની કહે એમણે નિર્દોષ વાપર્યું.

શાસ્ત્રો ગંભીર છે, આગમો નો અભિપ્રાય અકળ છે. કેટલા અબુજ આપણે, કેટલા તળીયે આપણે, આપણને પાંચ આગમ તો આપણે ક્યાં SCOPE, બાકી દાંડી શાબતા હતા આટલા વર્ષો સુધી, ત્યાં સુધી કે ભગવાનની દેશનાથી મિથ્યાત્વ ની - પ્રરૂપણા શુધ્ધા ચાલુ થઈ જાય,

કુર્વન્ન દોષવાન્ તત્ર ।

કોઈ ભગવાનને કોઈ દોષ લાગતો નથી, કારણકે - એવું જો બેઠા જાય, તો ઓલા મિથ્યાત્વીનો તો આમે ઉધ્ધાર ન હતો થવાનો, પણ જે દેશનાથી જે કરોડો-લાખો ભવ્ય જીવોનો ઉધ્ધાર થવાનો હતો એય અટકી જાય. બહુ પ્રેમથી તમને કહું, કદી કોઈ અનુષ્ઠાનના મુલોચ્છેદની વાત, વિચાર કદી કરતા નહિ. પૂજા ને પૂજનને, આપણે કદીએ બસ આ થયા કરે છે, સંગીતકાર ને વિધિકાર છે ને પૂજનો બંધ કરી દેવા જોઈએ, હું તમને કહું કે કઈ રીતે એ સુધરે એ તમે વિચારો, કઈ રીતે એનું

સ્તર ઊંચું આવે, કઈ રીતે એમાં ભાવ આવે, કઈ રીતે એમાં જ્ઞાન અને સદ્ગુણોની પણ વૃદ્ધિ થાય, એથી કઈ-કઈ રીતે આ કરવું, તમે જેને ગુરૂ માનો છો, સલાહ લઈને કરો, તમે આડેધડ કરી નાખો છો, અને અમુક વર્ગ એનું આડેધડ ખંડન કરી નાખે છે. આડેધડ કરવું એ પણ ખોટું, આડેધડ ખંડન કરવું એ પણ ખોટું. ભલે સંગીતકાર ને વિધિકાર માત્ર છે, ભલે લોકો મોટું બતાવવા આપી ગયા. તમને ખબર નથી કે આ પૂજનોની વ્યવસ્થાની આવક, જેનાથી ઉભી થયેલી ચારસો કરોડ ની ઉપજ, જેનાથી આપણી કેટકેટલી પાંજરાપોળો ચાલે છે. આનો વિચાર કોણે કર્યો છે ?

પૂજનો બધા ખોટા, પૂજનો બધા બંધ કરી દેવા જોઈએ, હું કહું છું કે આ પણ ઘોર પાપયુક્ત વાક્ય. કેમ ચાલે છે કશું જ ખોટું નથી, મારે કોઈને પુછવું નથી, કરવું નથી, મારે મારી રીતે કરવું છે, મારે કોઈ શાસ્ત્રની મોક્ષ માર્ગની, સંઘની, શાસનની, ભાવિષ્યની, કોઈ જ ચિંતા નથી, હું લાખ રૂપિયા આ રીતે વાપરી લેવાનો છું, મારે કંઈ સાંભળવું નથી. હું કહું આ પણ ઘોર પાપયુક્ત વાક્ય ! પૂજનનું પુણ્ય જ મળશે, પાપ નહીં મળે, પણ શાસ્ત્રની અવગણના, ગુરૂની અવગણના, શાસનની અવગણના, સંઘની ઉપેક્ષા, સંઘના વિકાસની, અભ્યુદય ની ઉપેક્ષા,

એતદેવ મહત્પાપં ધર્મસ્થાનેષ્યુદાસીતા।

જે ધર્મ છે, જે કર્તવ્ય છે, જે ફરજ છે, જે આપણા માટે મુંઝાવનારી પરિસ્થિતિ છે, એના માટે તમારે કંઈ જ વિચારવું નથી, લાખ રૂપિયા ખર્ચી દીધા, સંઘનું શું ઉત્થાન થયું ? સંઘને શું લાભ થયો ? શાસનનું ભાવિષ્ય, હું આ લાખ રૂપિયા ~~ખર્ચુ~~ ખર્ચુ છું એથી કઈ રીતે સુરક્ષિત થાય, આ તમારો વિચાર સુધ્ધા નથી. એ શું પાપ નથી ? અને પાપ છે તો બધા પૂજનો બંધ કરી દેવા, એ પણ પાપ.

વિવેક વગર, ઔચિત્ય વગર ધર્મ શક્ય નથી. યોગસારમાં પ્રાચીન પરમર્ષિ કહે છે,

ધર્માદિમૂલમૌચિત્યં ।

ધર્મનું કોઈ આદિ ગુણ હોય, ધર્મનું કોઈ પહેલું ગુણ હોય, તો એનું નામ છે, ઔચિત્ય, જે પરિસ્થિતિ-જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, એમાં જે ઉચિત હોય એ કરવું એનું નામ ધર્મ. આપણને શું ખબર પડે? માટે ગીતાર્થ ગુરુની આજ્ઞા વગર કશું ના કરવું જોઈએ. તમે પૌષધમાં હો તમે ભણો, ભણો પુછો, સાહેબ-પચ્ચક્ખાણ પારીએ, સાહેબ દેરાસરે જઈએ, સાહેબ-આ કરીએ ... સાહેબ આ કરીએ, હું કહું છું કે આ ફક્ત પૌષધની જ વિધિ છે? મન ફાવે એમ, મન ફાવે એટલા રૂપિયા, મન ફાવે એ FIELD માં-વાપરવામાં આવે છે, શાસનના જરૂરી કામો, સળગતી-સમસ્યાઓ, એના કામ કરનારને પાંચ-પચ્ચીસ હજારના-પણ ફાંફાં હોય, એ આજની હૃદયવેધક પરિસ્થિતિ છે.

હું કહું છું, એ પણ તમારો ધર્મ છે, પુણ્યો-પાર્જનનું કારણ છે, એનાથી પુણ્ય એ મળશે, તમને કોઈક સુખ પણ મળશે, આવા ધર્મથી તમારો મોક્ષ થવાનો નથી, જૈન નિશ્ચય દ્રષ્ટિ તો એના ઉપર ધર્મનું LABLE લગાડવા પણ તૈયાર નથી, ધર્મબિંદુમાં હરીભદ્રસૂરી મહારાજ ધર્મની પહેલી જ વ્યાખ્યા કરે છે,

वचनाद् यदनुष्ठानम् ।

જે આજ્ઞાપૂર્વકનું અનુષ્ઠાન કર્યું, આનું નામ ધર્મ. આજે સમય થયો છે. આગે આરનું રાખીએ.

## વ્યાખ્યાન નંબર - ૧૧૪

DATE 02 01 2021 શનિવાર

પહેલો પ્રશ્ન છે, એકલવ્યની આવી બધી ભૂમિકાઓ જોઈએ, જે વેવલાપણું ના લાગે ? આવી રીતે બધી બુદ્ધિ છોડી દેવી, સમજદારી છોડી દેવી, શાણપણ છોડી દેવું, ગણિત છોડી દેવું. ગુરૂ.. ગુરૂ.. ગુરૂ.. ગુરૂ.. ગુરૂ.. ગુરૂ. ગુરૂ.. કર્યા કરવું, આ વેવલાપણું નથી ?

આપણા જે કહી શકાય છે, વેવલાપણું છે, અને સાચે કહી શકાય, કે વેવલાપણા વગર મોક્ષ નથી. આપણી ટેક છે, આપણી દલીલ છે, આપણા પ્રશ્નનું હાર્દ એ છે કે, અમે કાંઈ આવા બધા વેવલાપણામાં માનતા નથી, બહુ સરસ ! સંસાર શું છે ?

* પતિ પ્રત્યે વેવલાપણું,
* પત્ની પ્રત્યે વેવલાપણું,
* ~~[illegible]~~ દીકરા પ્રત્યે વેવલાપણું,
* ધંધા પ્રત્યે વેવલાપણું

આનું જ નામ તો સંસાર છે ! બુદ્ધિ સાથે તો તમારો સંસાર પણ ચાલે એમ નથી, બુદ્ધિ સાથે તમારા સંસારના વ્યવહારો પણ થાય એમ નથી, બુદ્ધિ માત્રથી તમે જીવવા જાવ, તો તમે તમારા ઘરમાં પણ ટકો એમ નથી.

છગન અને એની પત્ની વચ્ચે ઝઘડો થયો અને પત્નીએ દલીલ કરી, કે તમને મારી કોઈ કદર નથી, મેં તમારી પુરી ઓળખ લીધી નહતી, હું તમને ગમતી ન હતી, તો જે મેં તમારી સાથે લગ્ન કર્યા. છગને કહ્યું કે તારા કરતા મારી મહાનતા વધારે છે. મારી કદર તારા કરતા વધારે થવી જોઈએ, કારણ કે મેં તારી પુરી ઓળખ લઈ ને તારી સાથે લગ્ન કર્યા.

એકલવ્ય વેવલો હતો ના નથી, વેવલો જોયો હોય તો કહો

કોઈ જ વાંધો નથી. પણ જેમી તેની સાથે વેપલાપણું કર્યું જેમાં, કોઈ જ ફાયદો નથી, આત્માનું કલ્યાણ નથી, આ લોકમાં એ કેટલા સુખી થયા. કેટલા દુ:ખી થયા, તમે વધારે ભણો, તો ગુરુની સાથે નઈ, અને બુધ્ધિ, અને દલીલ લાવીને, આંદોલન લઈને ઉભા શા માટે રહેવાનું ?

બીજો પ્રશ્ન છે. દેવતાઓ એ શરમ-શરમ, લાજે-લાજે કહ્યું, તમે કહ્યું કે, એકલવ્યે એ સમર્પ લીધું કે મને કહ્યું છે. શરમાવાનું. હકીકતમાં કોણે શરમાવાની જરૂર હતી ? હકીકતમાં એકલવ્યે શરમાવાની જરૂર-હતી, કે દ્રોણાચાર્યે શરમાવાની જરૂર હતી !

આનો સીધો જવાબ એ છે, કે હકીકતમાં આપણે શરમાવાની જરૂર છે.

★ મળેલા જિનશાસન પ્રત્યે આપણો પ્રતિભાવ શું છે ?
★ મળેલા ત્રણ લોકના નાથ પ્રત્યે આપણો પ્રતિભાવ-શું છે ?
★ સદ્ગુરૂ પ્રત્યેનો આપણો. પ્રતિભાવ શું છે ?

આ બધાનો વિચાર કરીએ મંથન કરીએ વિચાર કરીએ તો ખબર પડે કે ખરેખર તો આપણે જ શરમાવાની જરૂર છે. તમારા ઘરે મહેમાન આવ્યા, અને તમે પ્રતિભાવ એવો આપ્યો કાળો ઓસા, આવ્યા છે ને એને બોલાવતા ય તમને મણનું નામ ભરી ન પડે, એવી સ્થિતિ થઈ ગઈ. કેમ છો ને કેમ નહી ને ટાઈમે એમને એમ કાઢી દીધો ને બધા દરવાજા પાસે પહોંચ્યા ત્યારે કીધું કે ભાઈ કંઈક લીધું હોત તો આનંદ થાત, તમે પુછ્યું-

હોત તો એમને ય આનંદ થાત ! અને સમજદાર યજમાન હોય, બહારગામ થી આવેલા મહેમાન વિદાય લે, મુકવા જાય, રીક્ષા માં બધો સામાન ગોઠવી ને પોતેય બેસી જાય, ને બસ રીક્ષા ચાલુ થતી હોય ત્યારે કહે કે રોકાઈ-જવું હતું ને !

છગન એક જગ્યા આગળ મહેમાન થઈ ને ગયો, ચાર-પાંચ દિવસ રહ્યો પછી છગને કહ્યું કે એક વાત તમને કહેવી છે તમને દુઃખ તો થશે, પણ આવતી કાલે હું જઈ રહ્યો છું. યજમાને કહ્યું કે હા દુઃખ તો થાય છે મને, એમ થયું કે તમે આજે જ જશો. મહેમાન ની જ્યાં આવી સરભરા થાય છે ત્યાં મહેમાન બીજી વાર આવતા નથી, કારણ કે મહેમાન જોવે છે કે તમારો પ્રતિભાવ શું છે ? તમારો ભાવ શું છે ? તમને આનંદ થયો છે ? તમને ઉદ્વેગ થયો છે ? તમે એના જવાની રાહ જુઓ છો કે રોકાઈ-જવાનો હૃદયથી આગ્રહ કરો છો. મહેમાન આવી ગયા એ BY CHANCE ની વાત હતી, બીજી વાર આવે એ તમારા પ્રતિભાવ ને આધારિત વાત હતી, બીજી વાર એ આવશે કે નહિ. મળેલા જિનશાસન પ્રત્યે, મળેલા-દેવ ગુરુ પ્રત્યે, કે મળેલા ધર્મ પ્રત્યે, મળેલા સંઘ પ્રત્યે, મળેલી આરાધનાઓ પ્રત્યે, મળેલા આરાધનાના માહોલ પ્રત્યે, આપણો જે પ્રતિભાવ છે, એનાથી નક્કી થશે કે બીજી વાર આપણને આ બધું મળશે નહિ ?

મહેમાન માથે પડેલા હોય એવું લાગે એ મહેમાન નું અપમાન છે. મહેમાન આવ્યા છે પણ એ નથી આવ્યા એ રીતે વર્તવું આ મહેમાન નું અપમાન છે. મળેલું જિનશાસન એ મળ્યા છતાં એની પાછળ પાગલ ના થઈ જઈએ, ને દિવસ ને રાત જિનશાસન-

આપણા મનમાં ઘુંટાતું ને રમતું ના હોય, જિન-શાસન મળ્યું હોવા છતા, જિનશાસનની અવગણના કરીને સંસારની જ સરભરા, આપણે કર્યા કરતા હોઈએ, છગન કુએ કે હું અહીંયા મહેમાન થઈને આવ્યો છું ને મારું પુછતા એ નથી, સતત એના દીકરાની પાછળ ને પાછળ એની જ આરતી ઉતાર્યા કરે છે, ને મારી કિંમત જ નથી તો મારે શા-માટે અહીંયા રહેવું જોઈએ ?

જિનશાસન કુએ છે કે હું મળ્યો, અનંતકાળે મળ્યો, અનંત પુણ્યથી મળ્યો, ગયા ભવમાં કરેલા અનંત પુણ્ય ના ઉદયથી હું એને મળ્યો, ને એ એના સંસારની જ આરતી ઉતાર્યા કરે છે મારી એને કંઈ પડી નથી, દેવ-ગુરુની એને કંઈ પડી નથી, આ દુર્લભ અવસરની એને કાંઈ પડી નથી, તો ફરી એને એ અવસર કઈ રીતે મળશે ? હવે અહીંયા સંસારમાં કોઈ આપણે પહેલા મહેમાન જેવું હોય, જેને સો ટકા ખબર છે મારી અવગણના થઈ રહી છે, ને છતાં નાક ન હોય એમ રહીને હવે રોકાણ લંબાવે, ને અપમાનો વેઠવા છતાં જવાનું નામ ના લે, એવા હવે કોઈ મહેમાન હોય શકે.

જિનશાસન તો હરગીઝ આવું કરી શકે એમ નથી, એક નાની પણ અવગણના જિનશાસન-ની થઈ હોય, તો ભવાંતરમાં જિનશાસન મળવું જ દુર્લભ થઈ જાય, આપણે ખરેખર પોતે શરમાવા જેવું છે, ને આપણે ચિંતા કરવા જેવી છે કે આપણું થશે શું ?

ઝીણો પ્રશ્ન છે, પણ દ્રોણાચાર્યે બરાબર નથી કર્યું !

આપણી પાસે પંચોતેર મણનો પણ છે. પણ દ્રોણાચાર્ય! શાસ્ત્રકારો ફરી ફરીને શાસ્ત્રોના સાર રૂપી આપણને એ - સમજાવવા માંગે છે, પણ તારું શું ? અને આપણે ફરી- ફરીને ત્યાં આવી જઈએ છીએ કે, પણ દ્રોણાચાર્યનું શું ?

EXTREMELY IMPORTANT

દ્રોણાચાર્ય સાચા હતા, ખોટા હતા, શુભ - હતા, અશુભ હતા, એમનું વલણ ઉચિત હતું, અનુચિત હતું, આ બધી દ્રોણાચાર્યના પક્ષની વાત છે. દ્રોણાચાર્ય નો વિચાર આપણને આવ્યો એનો અર્થ જ એ છે કે આપણો વિચાર ગયો, ને આપણને આપણો વિચાર ગયા વગર બીજાનો વિચાર આવી શકતો જ નથી.

બહુ સરસ મજાની વાત શાસ્ત્રકાર ભગવંતો કહે છે.

उत्तमा तत्त्वचिन्ता स्यान् मध्यमं शास्त्रचिन्तनम्।

ઉત્તમ કોઈ હોય તો એ તત્ત્વ ચિંતન છે. મધ્યમ કોઈ હોય તો એ શાસ્ત્ર ચિંતન છે, શાસ્ત્ર એટલે શબ્દો, શાસ્ત્રો એટલે ગ્રંથ, શાસ્ત્ર એટલે પુસ્તક, શાસ્ત્ર - એટલે પ્રવચન, શાસ્ત્ર એટલે વાચના, એનું જે ચિંતન કરો એ મધ્યમ છે અને જે તત્ત્વસુધી જો લઈ જવા માંગો છો, જે એનું હાર્દ છે, ત્યાં સુધી તમે પહોંચો, એ ઉત્તમ ચિંતન છે.

उत्तमा तत्त्वचिन्त

ન તમે તત્ત્વમાં છો, ન તમે શાસ્ત્રોમાં છો, તમે પત્નીમાં છો, પતિમાં છો, પુત્રમાં છો, ઘરમાં છો, કપડામાં છો, પૈસામાં છો, ધંધામાં છો, વ્યવહારોની અંદર તમે છો! આ અધમ છે, અને ચોથા નંબરની વાત શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

परचिन्ता धमाधमा।

તમે બીજાની ચિંતા લઈને બેઠા છો, બીજાના દોષ લઈને બેઠા છો

બીજાની ઓકાત લઈને બેઠા છો, જે અધમ થી પણ અધમ છે, પણ દ્રોણાચાર્ય ખોટા હતા, પણ દ્રોણાચાર્ય ખોટા હતા, એની ગમે તેવી સાચી વાત પણ-એકલવ્ય માટે ખોટી હતી, કારણકે એ વિચારવાથી-એકલવ્ય ને કોઈ જ ફાયદો ન હતો, આપણી આસ-પાસની વ્યક્તિ આપણી પરિચય ની વ્યક્તિ, એનામા શું દોષ છે, એનામાં ખરેખર દોષ છે, ખરેખર એણે કયું પાપ કર્યું છે, જે ખરેખર પાપ હોય ને જે પાપ એવું જે આપણું મહામોટું પાપ છે આપણી અધમાધમ વૃત્તિ છે, એ બીજા કોઈનો દોષ પણ આપણે જોઈએ છીએ તો પછી, ગુરુનો દોષ તો કઈ રીતે જોઈ શકાય ?

[EXTREMELY IMPORTANT]

આપણે ગુરુના સામૈયા કરનારા, ગુરુના ઘરે પગલા કરાવનારા, ગુરુની ફોટો રાખનારા, ગુરુનું સોના-ચાંદી ની ગીનીથી ગુરુપૂજન કરનારા, એમનો સત્કાર કરનારા, મારા ગુરુ આ છે આવું દુનિયામાં કહેનારા, આપણે આપણી જાતને પુછીએ, આપણે એકલવ્ય ખરા ? પુરા નહિતો બે-ત્રણ ટકા જેટલા પણ આપણે એકલવ્ય ખરા ? એના તો હકીકતમાં આપણા કોઈ જ ગુરુ નથી, આપણે પોતે જ આપણા ગુરુ છીએ !

જરા મનોમંથન કરીએ તો, એકલવ્યને લૌકિક વિદ્યા ગુરુ મળ્યા, લૌકિક વિદ્યા શીખવનારા, એમના પ્રત્યે એકલવ્ય જે આ ઔચિત્ય દાખવ્યું હોય, આપણને લોકોત્તર ગુરુ મળ્યા, લોકોત્તર વિદ્યા-ના દાતા મળ્યા, એમના પ્રત્યેનું આપણું ઔચિત્ય શું હોવું જોઈએ અને શું છે ? એકલવ્ય-આપણા હજાર ગણા કરતા પણ વધારે હતો, આપણે

એકલવ્ય ના હૃદયમાં ત્યાગી પણ નથી, જરૂર એ છે આપણે એકલવ્ય ના હૃદય ગુણાકારે હોઈએ, જ્યાં સુધી આપણી પાસે આ ભૂમિકા નથી આવી, જ્યાં સુધી આ સંવેદના નથી આવી, જ્યાં સુધી આ કૃતજ્ઞતા નથી આવી, ત્યાં સુધી આપણો મોક્ષ થવાનો નથી.

સાંજનો સમય છે, પ્રતિક્રમણ થયું છે, ઉપાશ્રય ની અંદર રાત્રિ સ્વાધ્યાય નો મંજુલ ઘોષ ગુંજવા લાગ્યો છે, સદ્ગુરૂ અનુપ્રેક્ષા સ્વાધ્યાયમાં ગરકાવ થઈ રહ્યા છે અને જે સમયે એક જિજ્ઞાસુ ઉપાશ્રયમાં પ્રવેશ કરે છે. બહાર અજવાળુ છે ઉપાશ્રયમાં અજવાળુ નથી, ઉપાશ્રયમાં અંધારું છે, જિજ્ઞાસુ હજુ તો દરવાજામાંથી પહેલો પગ મુકે છે, અને ત્યાં જિજ્ઞાસુ ઉભો રહી જાય છે. ઉપાશ્રયમાં DARK-BLACK નથી પણ એ બહારથી આવ્યો ને, એટલે એને પહેલાતો DARK-BLACK લાગે છે, જિજ્ઞાસુ ઉભો રહી જાય છે. થોડી પળો એમને એમ વિતી જાય છે, અંધારા સાથે આંખ એની જરા અનુકૂળ થાય છે, સામે પાટ ઉપર સદ્ગુરૂ બેઠા હોય એવો આભાસ થાય છે. જિજ્ઞાસુ ધીમે.. ધીમે.. ધીમે.. ધીમે.. સદ્ગુરૂ પાસે આવી જાય છે. માથુ નમાવે છે, બેસે છે, અને સહજ એનાથી બોલાય જાય છે, બહુ અંધારું છે.

સદ્ગુરૂ બહુ જ સહજ રીતે સ્મિત કરીને કહે છે, માટે જ તો અમે અજવાળું કરી રહ્યા છીએ. જિજ્ઞાસુ હબક ખાઈ જાય છે. એક આંચકો લાગે છે કે મેં શું કહ્યું ને સદ્ગુરૂ શું કહે છે. સદ્ગુરૂ કાંઈ સમજ્યા નહી, સદ્ગુરૂ કોઈ બીજુ ધારામાં છે, બીજા કોઈ વિચારમાં છે, મારા શબ્દો સાંભળ્યા, આમ તો એનો જ જવાબ લાગે પણ કાંઈ અસમ્બદ્ધ જવાબ આપી દીધો હોય, એવું લાગે છે.

શનિવાર

DATE 02 01 2021

જિજ્ઞાસુ મુંઝાય છે, સદ્ગુરૂની સામે તાકી રહ્યો છે, ને સદ્ગુરૂ એનો બોધ સમજે છે ને સદ્ગુરૂ કહે છે કે, અનાદિ કાળનું અજ્ઞાન તારું ઘણું બધું છે, માટે જ ધર્મ સાધના દ્વારા અજવાળું કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. જિજ્ઞાસુ ના પલ્લે કોઈક વાત પડે છે, LINK મળે છે, CLUE મળે છે, આશ્ચર્ય ની સાથે સદ્ગુરૂની સામે જિજ્ઞાસુ જોઈ રહ્યો છે, હાથ જોડાયેલા છે ને સદ્ગુરૂ વાત આગળ ચલાવે છે કે, આ બાહ્ય અંધારું છે એ તો પૌદ્ગલિક અંધારું છે,

सद्दंधयार - उज्जोय, पह छायातवेह य ।

શાસ્ત્રોમાં પુદ્ગલોના પ્રકારો જણાવ્યા, પુદ્ગલોના - પર્યાયો બતાડ્યા, શબ્દ એ પુદ્ગલ છે, અંધકાર એ પુદ્ગલ છે, પ્રકાશ એ પુદ્ગલ છે, છાયા એ પુદ્ગલ છે, તડકો એ ય પુદ્ગલ છે,

वण्ण-गंध-रसा-फासा पुग्गलाणं तु लक्खणं ॥

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આ બધું જ પુદ્ગલો ના - લક્ષણ છે. સદ્ગુરૂ જિજ્ઞાસુ ને કહે છે, બહારનું અંધારું પૌદ્ગલિક છે, એનાથી આપણને શું ફરક - પડે, એનાથી શું લેવાદેવા ? એનાથી શું નુકશાન ? ખરું અંધારું અજ્ઞાનનું છે, અને એ અજ્ઞાનનું જે અંધારું છે, એનાથી જીવ દુઃખી થાય છે, એનાથી જીવ ગોથું ખાય છે, એનાથી જીવ ૮૪ લાખ યોનિ- ઓ ની અંદર ભટક્યા જ કરે છે... ભટક્યા જ કરે છે... ભટક્યા જ કરે છે ! જો અજ્ઞાન ન હોય, તો સંસાર પણ ના હોય. સંસાર એ શું છે ? અજ્ઞાન એ જ સંસાર છે, અજ્ઞાન છે ત્યાં સુધી જ સંસાર છે, અજ્ઞાન મટી જાય એટલે સંસાર - મટી જ જાય છે, સંસાર કદાચ હોય તો પણ ન હોવા બરાબર થઈ જાય છે, જેનું અજ્ઞાન મટી ગયું, એનો સંસાર તો મટી જ ગયો.

સિધ્ધર્ષિગણિ મહારાજ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર કહે છે,

अज्ञानविरहेनैव घोरसंसारसागर: ।

એ અજ્ઞાન ન હોય તો આ સંસાર ભલે ગમે તેટલો ભયાનક હોય, ખતરનાક હોય, દારુણ હોય, દુ:ખમય હોય,

अगापि वसतां पुंसां बाधकौ: नैव प्रतिभासते ॥

ભલે જીવ હજુ સુધી મોક્ષે નથી ગયો, હજુ ભવસ્થિતિ બાકી છે, પણ જેનું અજ્ઞાન ટળી ગયું, જે જ્ઞાની બની ગયો, જેનું અંદર નું અંધારું ટળી ગયું, અજવાળું પ્રસરી ગયું, પછી આવો સંસાર પણ જેને બિલકુલ બાધા નહીં - પહોંચાડે.

સભાનો પ્રશ્ન :- એવું કયું અજ્ઞાન છે કે અમને મોક્ષમાં નથી જવા દેતું, અમને કયા જ્ઞાનની જરૂર છે ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- પ્રશ્ન બહુ સરસ મજાનો છે, પ્રશ્નનું હાર્દ એ છે, કે આ કયું અજ્ઞાન, એક ભગવાન ને જાણવા, એમને નથી જાણ્યા એનું અજ્ઞાન, એના કારણે સંસાર ચાલે છે, સંસાર ને નથી જાણ્યો - એના કારણે સંસાર ચાલે છે, શેનાથી આ સંસાર ચાલે છે ? કયા અજ્ઞાનની તમે વાત કરો છો ? એની ઉપનિષદોની અંદર આ પ્રશ્નનો જવાબ આપ્યો છે,

नैव विद्या न चाविद्या संसारस्य प्रवर्तिका।

તમે કહો કે વિદ્યાથી સંસાર ચાલે છે, એક એવોય વર્ગ છે- તમે જાણ્યું ને એ જ તમારો ગુનો. વિદ્યાને કારણે જ સંસાર ચાલે છે, એક આવો મત છે. એક મત એવો છે ના વિદ્યાથી નહીં અવિદ્યા ને કારણે, જેને માયા કહેવાય, જેને ભ્રાન્તિ કહેવાય, જેને ભ્રમણા કહેવાય, એના કારણે સંસાર ચાલે છે. ઉપનિશદોની અંદર આ પ્રશ્ન કર્યો કે

બોલો, શેનાથી સંસાર ચાલે છે ? શેનાથી મોક્ષ થતો નથી ? શેનાથી જીવ ભટક્યા કરે છે ? અને બહુ સરસ મજાનો જવાબ ઉપનિષદોની અંદર આપ્યો,

सत्यत्वेन जगद्भानं संसारस्य प्रवर्तकम् ।

તમને સંસાર સાચો લાગ્યો એના કારણે જ તમારો સંસાર ચાલે છે.

असत्यत्वेन भानं तु संसारस्य निवर्तकम् ।

તમને પ્રતિભાસ થઈ ગયો કે બધું જ ખોટું છે, નશ્વર છે, ક્ષણિક છે, નકામું છે મારા માટે, જે ક્ષણે તમને આ ભાન થઈ ગયું, એ ક્ષણે- તમારો સંસાર સમાપ્ત !

भ्रान्तिमूलो हि संसारः भ्रान्तिभेदेन भिद्यते ।

આખા સંસારનું કોઈ મૂળ હોયને, તો એ ભ્રાન્તિ- સિવાય બીજું કશું જ નથી, અને ભ્રાન્તિ જતી રહે એટલે સંસાર પણ જતો જ રહે છે.

સદ્ગુરુ સન્મુખ થાય એટલે આવી બને છે

આપણને સદ્ગુરુ નથી મળ્યા, આપણે વંચિત છીએ. સદ્ગુરુ આપણામાં આવતા જ નથી, કારણકે હજુ સુધી સદ્ગુરુ આપણને સમજ્યા નથી. એકલવ્યને સમજાઈ ગયા, જેની પાસે શાશ્વત સદ્ગુરુનું - સાનિધ્ય હતું. સદ્ગુરુ સન્મુખ થાય, એટલે આવી બને છે, સંસાર સન્મુખ થાય એટલે જતો રહે છે. સદ્ગુરુનું અજ્ઞાન જીવને કલ્યાણથી દૂર રાખે છે સંસારનું અજ્ઞાન જીવને અકલ્યાણમાં ભેગો રાખે છે સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે.

याः काश्चिदप्यवस्थाः स्युः ।

જે કોઈ પણ અવસ્થા હોય, જે રીતે અંદરથી ~~આત્મા~~ જીવ- રીબાતો હોય, યાતના પામતો હોય, ચીસા-ચીસ- કરતો હોય, અંદરને અંદર પલોવાતો હોય, દ્રવ્યને

ક્રોધ, શારીરિક ને માનસિક, દુઃખોની અંદર ખુબ દુઃખી થતો હોય, એવી કોઈ પણ અવસ્થા હોય, એના મુળમાં છે અજ્ઞાન !

यावन्तोन्मार्गप्रवृत्तयः।

કોઈપણ ઉન્માર્ગની પ્રવૃતિ હોય, દુનિયાના જેટલા જેટલા અવળા રસ્તા, અવળ ચંડાઈઓ, પાપોના રસ્તા, કષાયોના રસ્તા, રાગદ્વેષના રસ્તા, આ દરેકે દરેક ઉન્માર્ગમાં ખુબ પ્રવૃત્ત થતો હોય, એના મુળની અંદર બીજુ કાંઈ નથી, સિવાય અજ્ઞાન.

यच्चासमञ्जसं किञ्चित्।

ખુબ જેટલી જેટલી અજુગતી પ્રવૃત્તિ કરે છે, ઉટપટાંગ કરે છે, ઉંધુ ચત્તુ કરે છે, આત્માને હાનિકારક કરે છે, આત્માને નુકશાનકારક કરે છે, એના મુળની અંદર પણ અજ્ઞાન સીવાય બીજું કોઈ જ કારણ નથી.

સદ્ગુરૂ બીજું કશું જ નથી કરતા, સદ્ગુરૂ ફક્ત અંદર અને બહાર ઓળખાણ કરી દે છે. સદ્ગુરૂ અંદરનું ઓળખાવે છે ને, અંદરનુ ઓળખાય-એટલે બહારનું ઓળખાય થય છે. સદ્ગુરૂ બહાર નું - ઓળખાવે છે, અને બહારનું ઓળખાય એટલે અંદરનું ઓળખાય થય છે. બહુ સરસ મજાની વાત પરમ પાવન આચારાંગ સુત્ર કરે છે.

जे अज्झत्थं जाणइ से बहिआ जाणइ।

जे बहिआ जाणइ से अज्झत्थं जाणइ।

જે અંદર નું માણે છે એ બહારનું માણે છે !
જે બહાર નું માણે છે એ અંદરનું માણે છે !

અંદરનું ઓળખાઈ ગયું કે આ જ હું છું, આ જ મારૂં છે. બહાર કશું હું નથી, બહાર કશુ મારું નથી, શરીર હું નથી, ઘર, પરિવાર, પૈસા વગેરે મારું નથી. આ બાહ્ય સુખ દુઃખ એ પણ મારું નથી, અંદર નું ઓળખાઈ ગયું કે

આ જ હું ને મારું છે, એનાથી બહારનું પણ ઓળ-
જાય જાય છે કે આ હું નથી ને આ મારું નથી.
બહારનું ઓળખાય જાય છે, સંસાર છે, નાટક છે,
સ્વપ્ન છે, ભ્રાન્તિ છે, ભ્રમણા છે, ઈન્દ્રજાળ છે,
લાગે છે પણ નથી, માનું છું પણ નથી, વળગી
રહેવા લાખ પ્રયાસ કરું પણ છુટી જ જવાનું છે,
અને નિશ્ચય દ્રષ્ટિએ તો ALREADY છુટેલું જ છે.
બહારનું ઓળખાય જાય છે ત્યારે અંદરનું ઓળખાય
જાય છે.

સદ્ગુરુ એક જ કામ કરે છે, અંદર અને
બહાર અજવાળું કરે છે, અને અંદર અને બહાર
અજવાળું થાય, ત્યારે જીવને સત્યનો પ્રતિભાસ
થાય છે કે વાસ્તવિકતા છે શું ? જીવની -
દુર્દશા કઈ રીતે થાય છે, ઉન્માર્ગ પ્રવૃત્તિ કઈ રીતે
થાય છે. કઈ રીતે ઠેસ ખાય, કઈ રીતે ગોથું
જાય, કઈ રીતે ઠેબુ જાય, કઈ રીતે ગુલાટ -
જાય છે, કઈ રીતે ઉંધે માથે પછડાય છે,
કઈ રીતે ખોપરી ફૂટી જાય છે. કઈ રીતે એનો
ACCIDENT થઈ જાય છે, કઈ રીતે નરકમાં જાય
છે, કઈ રીતે નિગોદમાં જાય છે, કઈ રીતે -
અનંત- જન્મ મરણ ના પંથે જીવ પ્રસ્થાન કરી દે છે,
આ બધું જ જીવને સમજાય જાય છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

त एव हि प्रवर्तन्ते पापकर्मसु जन्तवः।
તે જ જીવો પાપકર્મમાં પ્રવૃત્તિ કરતા હોય છે,
प्रकाशाच्छादकं येषा- मेतच्चेतसि वर्तते॥
પ્રકાશ ને આવરી લેનારું, જ્ઞાનને આવરી લેનારું,
સમજણ ને ઢાંકી દેનારું, માણસને ગાંડોતુર -

બનાવી દેનારું, માણસને પાગલ બનાવી દેનારું, માણસને ઊંધા ચશ્મા પહેરાવનારું, એવું આ જે અજ્ઞાન. એ જેમના મનમાં હોય છે, તેઓ જ પાપમાં પ્રવૃત્તિ કરનારા હોય છે. જીવ કદી પાપી હોતો જ નથી. અજ્ઞાન પાપી હોય છે. અજ્ઞાન હોય તો જ પાપ થાય. અજ્ઞાન ન હોય તો પાપ થાય જ નહિ, તો જેના વગર પાપ ન જ થાય, અને જેનાથી જ પાપ થાય, એજ ખરું પાપી હોય શકે.

જીવ એ પાપી હોય ને, તો જ્યાં-જ્યાં જીવત્વ હોય, ત્યાં ત્યાં પાપીત્વ હોય. જ્યાં-જ્યાં-જીવત્વ હોય, ત્યાં ત્યાં એ પાપીત્વ હોય, તો સિદ્ધ-ભગવંતો પણ પાપી થઈ જાય, પણ એવું તો નથી, માટે જીવ પાપી નથી. અજ્ઞાન એ જ પાપી છે. આટલું નક્કી કરવું છે, કદી પણ જીવ હોય ને, એ જીવની-અવગણના કદી કરવી નહિ, આટલું નક્કી કરો જીવની નિંદા કદી કરવી નહિ, કોઈપણ જીવ હોય, તમારી દ્રષ્ટિએ પાપી માં પાપી જીવ હોય, એની પણ નિંદા ન કરવી. જ્યારે જે ધર્મી છે, બધી જ રીતે ધર્મમાં પરોવાયેલા છે, રોજની ચાર-પાંચ સામાયિક કરે છે, પર્વ-તીથીએ પૌષધ કરે છે, એને વરસીતપ ૧૦-૧૫ અઠ્ઠાઈ ચાલી-રહ્યા છે, કોઈ જીવનમાં પાપ નથી, એની જેમ નિંદા ન કરાય, બરાબર એ જ રીતે કહેવાતા પાપીની પણ નિંદા-ના કરાય. કારણકે જેમ પેલો ધર્મી એ પાપી નથી, એમ કહેવાતો પાપી પણ પાપી નથી.

આપણને ફાવે જ નહિ, નિંદા કરવી જ હોય, નિંદા કર્યા વગર રહેવાય જ નહિ, કદાચ આવી પરિસ્થિતિ આપણી હોય ને, નિંદા કરવી જ હોય તો જીવની નહિ પણ અજ્ઞાનની નિંદા કરો! પેલા એ

ખોટું કર્યું આવું નહીં કહેવાનું, એ અજ્ઞાન કુછ બોલ્યો, એ બાબાએ બોલા ની ટાટિયો જેર્યો એવું નહિ કહેવાનું, એ અજ્ઞાને પેલા ની ટાટિયો જેર્યો, એ અજ્ઞાને પેલા ને માર માર્યો, એ અજ્ઞાને છેતરપીંડી કરી, એ અજ્ઞાને નાટક કર્યા, કાયે આટલું બોલવું!

સભાનો પ્રશ્ન :- પણ, સાહેબ ખરેખર કહેવાનો આશય તો આ જ રહે ને!

પૂજ્યશ્રીનો ઉત્તર :- એ ખરેખર આ વસ્તુ સમજીને ખરેખર એ તમે અજ્ઞાનને પાપી માન્યું છે, તો તમે કદી પણ જીવની નિંદા કરી જ નહીં શકો. આ તો છોકરાને મનાવવાની વાત છે કે માણસની નહીં, અજ્ઞાનની નિંદા કરો, માણસની નહી, અજ્ઞાનની જ નિંદા કરો, જે દિવસે તમારા મગજમાં આ વાત બેસી જશે ને, ત્યારે તમારી પાસે નિંદાનો સમય જ નહિ હોય કારણકે, નિંદા પણ એક જાતનું અજ્ઞાન જ છે.

न एव हि प्रवर्तन्ते पापकर्मसु जन्तवः।

આખા વિશ્વની અંદર તે જ પાપ કરે છે, જેમની અંદર અજ્ઞાન હોય છે. ખરું પાપી, ખરું અપરાધી, ખરું ગુનેગાર, દુનિયાનો કોઈ પણ જીવ નથી હોતો, ખરો ગુનેગાર તો અજ્ઞાન જ હોય છે. આપણને એવું લાગે છે, આપણામાં અજ્ઞાન છે ને એટલે આપણે જ્ઞાનને સમજી શકતા નથી. હકીકત એવી છે, કે આપણે હકીકતમાં અજ્ઞાનને પણ સમજી શકતા નથી, કારણકે અજ્ઞાનને સમજવા માટે પણ, અમુક કક્ષાનું જ્ઞાન તો જરૂરી જ હોય છે.
સદ્‌ગુરૂનો સુરજ વધુને વધુ ઉંચે ચડતો જાય છે અને જિજ્ઞાસુ એના અંતરમાં અજવાળું થતું જાય છે.

એક માયકાંગલો, હાડપિંજર જેવો માણસ હોય, જેને લૌકિક ભાષામાં મકોડી પહેલવાન કહેવાય, એનામાં કશો કસ ના હોય, કોઈ બળ ના હોય, કોઈ જ જોર ના હોય, તદ્દન માયકાંગલો હોય, ફૂંક મારો ને ઉડી જાય એવો હોય, એ પણ કોઈ SUMO પહેલવાન ની હેરાનગતિ કરી શકે ને એના મૂળની અંદર બીજું કોઈ જ કારણ નથી હોતું, એના મૂળની અંદર એક જ કારણ હોય શકે, કે એ SUMO પહેલવાન ઘસઘસાટ સૂઈ ગયો હોય !

જેનું આમ જોઈએ તો કશું જ વજૂદ નથી, જે અંધારાથી વધુ કશું જ નથી, જેને MINUS કહેવાય, જેનું અસ્તિત્વ પણ ના કહેવાય, એક અપેક્ષાએ જેવું પણ અજ્ઞાન, અનંતજ્ઞાની આત્માને હેરાન-પરેશાન કરે, એની દુર્દશા કરે, એને રખડાવે, એને ભટકાવે, એને દુ:ખી દુ:ખી કરી દે, આ પણ બરાબર એના જેવી જ ઘટના છે. આત્માએ જો બચવું છે તો એનો સર્વોત્કૃષ્ટ ઉપાય, ને એક માત્ર ઉપાય, એટલો જ છે કે આત્મા જાગી જાય ! SUMO પહેલવાન જાગી જાય તો મકોડી પહેલવાન કશું જ કરી શકે એમ નથી. આત્મા જો જાગી જાય, તો અજ્ઞાન પણ કશું જ કરી શકે એમ નથી.

પૂજ્યશ્રી ને પ્રશ્ન :- ગુરુદેવ ! આત્માને જગાડવો - કઈ રીતે ? આ બધું તો અમે સાંભળ્યું છે, હું શરીર નથી, હું આત્મા છું. સંસાર - ભ્રાન્તિ છે, માયાજાળ છે, એ LIFE માં IMPLEMENT થવું જોઈએ, એ નથી થતું !

પૂજ્યશ્રી નો ઉત્તર :- ખરો સવાલ આત્માને કઈ રીતે જગાડવો એ નથી, ખરો સવાલ છે

શનિવાર
DATE 02 01 2021

આપણે આત્માને જગાડવો છે કે નહિ એ છે. અને હવે મુળમાં જઈએ, હવે આપણે સુતેલા છીએ એવું આપણને લાગે છે નહિ. એ જરૂરી સવાલ છે!! ગાંડો હોય ને એને દુનિયા ગાંડી લાગે. એને એક માત્ર વ્યક્તિ દુનિયામાં ડાહી લાગે ને એ એપોતે હોય. કઈ રીતે આત્માને જગાડવો બહુ સારો-સવાલ છે. અને એના માટે નો જ બધો આ પ્રયાસ છે.

(સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને ઢંઢોળી રહ્યા છે, આપણે આડાઈ ન કરીએ વાંકાઈ ન કરીએ, સંતાકુકડી ના કરીએ, છટકબારી ન-શોધીએ, કઈ રીતે સિધ્ધર્ષિ ગણિ મહારાજને સારું લગાડીને, જગાડી પાસે પામનારા ઓછા-આવતા હોય છે, સારું લગાડનારા વધારે આવતા હોય છે. ગુણ હોય છે તમારો, મોટા મોટે પેટ છૂટી વાત કરવી નહીં, સારુ તમે લગાડના હો છો, વજનુગ્રહિના તમે કરી હો છો, સાહેબ ચોક્કસ કરશું, સંસારમા ગયા પછી આપણે આવું જોયા હતા એ પણ આપણે ભુલી ગયા હોઈએ છીએ. જગાવાનો ઉપાય આ જ છે કે સિધ્ધર્ષિ ગણિ-મહારાજ ને આપણે અનુકુળ થઈ જઈએ. આપણે આપણી અને સિધ્ધર્ષિ ગણિ મહારાજ ની વચ્ચે ઉભા ના રહી જઈએ, એ ઢંઢોળી રહ્યા છે, એમને ચૂપ ના કરી દઈએ, એમને ચાલ્યા જવ એમ ન કહી દઈએ, એમનો હાથ ન પકડી લઈએ, મને મારી ઉંઘમાં રહેવા દો, આવી વૃત્તિ ના રાખીએ. તો પછી જગવા સીવાય બીજો કોઈ વિકલ્પ જ રહેવાનો નથી. એક કવિએ બહુ મજાની વાત કરી છે,

માણસ નામે નબળું પ્રાણી, ઉંઘ એને

classmate

શનિવાર

DATE 02 01 2021

(જગાડો)

બહુ વ્હાલી, એને તમે કાચી ઉંઘમાંથી જગાડો, તો એ તમને CROSS ઉપર જ ચડાવે ને ! એને તમે કાચી ઉંઘ માંથી જગાડો તો એ તમને બંદુકથી ગોળી જ મારી દે ને. ઈશુ અને ગાંધીજી ને ઉદ્દેશી ને કવિ આગળની કવિતા લખે છે.

"તમે તો સર્વજ્ઞાની, આટલું પણ ના સમજ્યા, કે કાચી ઉંઘમાંથી કોઈને ઉઠાડાય નહિ !"

અચરમાવર્ત એ કાચી ઉંઘ હોય છે, અભવ્યના, દુર્ભવ્યના એ કાચી ઉંઘ હોય છે. અને આસન્ન સિધ્ધિકના, એ પાકી ઉંઘ હોય છે.

અનંત તીર્થંકરો એ આપણને ઢંઢોળવાના પ્રયાસો કર્યા છે !

અનંત સદ્ગુરૂઓ આપણા કાન પાસે બરાડા પાડી પાડીને... પાડી પાડીને થાકી ગયા છે, પણ આપણે જગ્યા નથી - કારણકે આપણે કાચી ઉંઘમાં હતા, હવે પણ આપણે જાગીએ છીએ કે નહિ એના ઉપરથી પુરવાર થશે, કે વર્તમાનમાં આપણી જે ઉંઘ છે એ કાચી ઉંઘ છે, કે પાકી ઉંઘ છે. હવે મોક્ષ બહુ જ દુર હશે તો આપણે સુતા રહીશું. મોક્ષ એકદમ નજીક આવી ગયો હશે તો સફાળા, SPRING ની જેમ ઉભા થઈ જશું, અરે સભાનતા મળી ગઈ ! હવે મોક્ષ બહુ દુર હશે, તો ઉઠાડનાર ઉપર ગુસ્સો આવશે, ઉઠાડનાર નો - વિરોધ થશે, અથવા ઉઠાડનાર પ્રત્યે કોઈ પ્રતિભાવ સુધ્ધા નહિ હોય, બહુ સરસ મજાની વાત, સુત્ર - કૃતાંગ આગમ કહે છે,

સત્યારમેવ પરુસં વદંતિ ।

બધા કાચી ઉંઘવાળા જીવો હોય છે, જે ઉઠાડનાર ને જ

ગાઢી ઊંઘ છે, તમે એમને ઉઠાડવા આવ્યા, તમે એમને જગાડ્યા, ઉઠાડ્યા, અમારી ઊંઘમાં ખલેલ પહોંચાડી એ જ તમારો મોટો ગુનો. શું કલ્યાણની, સદ્ગતિની, મોક્ષની વાત કરો છો, મારો આ જ મોક્ષ છે, આટલી સરસ ઊંઘ છે, આનાથી વધારે સરસ ક્યાં મોક્ષ હોય શકે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ અજ્ઞાન ના વર્ણનમાં આગળ વધે છે

येषां पुनरिदं चिन्तादू, धन्यानां विनिवर्तते।

જેમની ઊંઘ હવે એકદમ પાકી ગઈ છે, ચરમાવર્તમાં આવ્યા, અર્ધપુદ્ગલ પરાવર્તની અંદર આવ્યા, મોક્ષની બહુ જ સમીપ માં આવ્યા, એ ધન્ય જીવો જેમના મન માંથી અજ્ઞાન ઓસરવા લાગ્યું ----- ઓસરવા લાગ્યું ---- ઓસરવા લાગ્યું ----

शुभ्रीभूतान्तरात्मानस्ते सदाचारवर्तिनः ।।

તેમની કાળાશ દૂર થતી જાય છે, તેઓ વધુ ને વધુ ઉજ્જવળ થતા જાય છે, અને તેઓ સદાચારની - અંદર વધારે ને વધારે સ્થિર થતા જાય છે! ઊંધી પ્રવૃત્તિ, દુરાચાર પ્રવૃત્તિ, પાપ પ્રવૃત્તિ, એ અંતર્ગત અજ્ઞાનનું લક્ષણ છે. સદાચારમાં પ્રવૃત્તિ, ધર્મમાં પ્રવૃત્તિ, અધ્યાત્મમાં પ્રવૃત્તિ, દેશવિરતિ, સર્વ વિરતિની અંદર પ્રવૃત્તિ, એ અંતર્ગત અજ્ઞાન-ની નિવૃત્તિ નું લક્ષણ છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ બહુ સ્પષ્ટ કહેવા માંગે છે

धन्यानां विनिवर्तते।

એ ધન્ય જીવો હોય છે, જેમની અંદરથી અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ - કહેવા માંગે છે, ધન્ય ની DEFINITION તમારા મનમાં શું છે ?, શાસ્ત્રીય રીતે એની વ્યુત્પત્તિ એ થાય,

धर्मधनलब्धारः धन्याः।

જેને ધન મળ્યું એ ધન્ય ! શાસ્ત્રકારો વધારે સૂક્ષ્મ વ્યાખ્યા કરી છે.

ધર્મધનલબ્ધાર: ધન્યા:।

જેઓને ધર્મ રૂપી ધન મળ્યું, તેઓ ધન્ય છે. સિદ્ધર્ષિ-ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે કે તમારી દ્રષ્ટિએ હજાર કરોડ વાળી પાર્ટી, બે હજાર કરોડ વાળી પાર્ટી, પાંચ હજાર કરોડ વાળી પાર્ટી, પચાસ હજાર કરોડ વાળી, એવી પાર્ટી તમને ધન્ય લાગે, ન્યાલ થઈ ગયેલા લાગે, કમાઈ-ગયેલા લાગે, ફાવી ગયેલા લાગે. પણ હકીકતમાં તમારી-પાસે ગમે તેટલા રૂપિયા હોય, તમારી પાસેથી હજુ અજ્ઞાન ગયું નથી, અજ્ઞાનની નિવૃત્તિ નથી થઈ તો તમે ધન્ય નથી, પણ તમે અધન્ય છો. પતંગિયા ને લાગે છે કે દીવો બહુ જ સોહામણો છે, એની જ્યોત બહુ જ સારી, અભિગમ્ય છે, બહુ જ સુંદર છે, પતંગિયું એની અંદર ઝંપલાવી દે છે, પતંગિયું બળી ને ભડથું થઈ જાય છે. આ આખી ઘટનાનો ત્રણ જ અક્ષરમાં અનુવાદ કરવો હોય, તો આ રીતે થઈ શકે "અજ્ઞાન" ! પતંગિયું હજુ બળી રહ્યું હોય ત્યારે શક્ય છે કે એને પસ્તાવો થાય, પારાવાર પસ્તાવો થાય, મેં બહુ મોટી ભૂલ કરી, ખોટી રીતે દીવા ને પકડ્યો, મેં આમાં-ગેરસમજ કરી, મને લાગ્યું એની અંદર જઈશ તો મને બહુ જ આનંદ થશે, આવું મને લાગતું હતું પણ એ મારી ભ્રમણા-હતી, મેં ભૂલ કરી આવું કરીને, હજુ પતંગિયા ને પશ્ચાતાપ થાય એની સંભાવના છે, અજ્ઞાન છે એ તો એમ માનતો હોય છે હું જે કરી રહ્યો છું, એ તો સાચું / સારું કરી રહ્યો છું, અજ્ઞાની ઠેબા ખાય છે, ઠેસ ખાય છે, ધોકા ખાય છે, નરકની અંદર પડે છે, નિગોદની અંદર પુરાય જાય છે, છતાં અજ્ઞાની ને ભાન જ નથી પડતું, કે મેં ખોટું કર્યું એની આ સજા છે, આ જે અજ્ઞાની માણસ છે એની બહુ મોટી અધન્યતા છે. આ જ એને અધન્યતા છે કે એની ભૂલ સુદ્ધા એને સમજાતી નથી, તે ફરી-ફરી એ

ભુલ કરતો રહે છે. ધન્યતા નો અર્થ શું ને અધન્યતા નો અર્થ શું ! સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને સમજાવવા માંગે છે. અંતરની અંદર જે અંધારું છે તો તમે અધન્ય છો. અંતરની અંદર જે અજ્ઞાન છે, તો તમે અધન્ય છો. અંતરની અંદર જે જ્ઞાનનો પ્રકાશ રેલાઈ રહ્યો છે, તો તમે ધન્ય છો !

સિધ્ધર્ષિ ગણિ મહારાજ બહુ પ્રેમથી આપણને હાકલ કરી રહ્યા છે, વત્સ ! તે બહુ મુર્ખામી કરી, બહુ ગાંડપણ કર્યું, બહુ અંધારામાં આથડ્યો, બહુ દુઃખી થયો, લે આ જ્ઞાનનો દીવો, દુર કર તારું અજ્ઞાન, દુર કર તારું અંધારું. આના વગર તારું કલ્યાણ શક્ય જ નથી. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x x

રવિવાર

વ્યાખ્યાન નંબર - ૧૧૫ DATE 03 01 2021

પ્રશ્ન છે :- જો જીવ પાપી નથી, અજ્ઞાન જ પાપી છે, તો જીવ શા માટે દંડાય છે, જીવ શા માટે દુઃખી થાય છે, જીવ નું શા માટે ભવભ્રમણ થાય છે ?

જવાબ એ છે કે જે નયથી જીવ પાપી નથી, એ નયથી જીવ દંડાતો પણ નથી. વ્યવહાર નય કહે છે કે જીવ પાપી છે તો વ્યવહાર નયથી જીવ દંડાય પણ છે. નિશ્ચય નય કહે છે કે જીવ પાપી નથી, તો નિશ્ચય નયથી જીવ દંડાતો પણ નથી, અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી - મહારાજે કહ્યું છે,

अशुद्धनयतश्चैवं संवराश्रवसंकथा ।

આ સંવર અને આશ્રવ ની જે બધી વાતો છે એ અશુધ્ધ નયની છે.

न शुद्धनयत आत्मा बध्यते नापि मुच्यते ॥

શુધ્ધ નયથી, નથી આત્મા બંધાતો, નથી છુટતો.

સભાનો પ્રશ્ન :- સાચો નય કયો ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- સંમતિતર્ક પ્રકરણ ની અંદર, આ સવાલનો જવાબ સિધ્ધસેન દિવાકર સૂરી મહારાજે આપ્યો છે કે, જે માંથી સાચો નય કયો ?

ते उण अदिट्ठसमओ विभजइ सच्चे व अलिए व ।

સિધ્ધાંત ને જે સમજ્યા નથી, અનેકાંતવાદ ને સમજ્યા નથી, સ્યાદવાદ ને નથી સમજ્યા, શાસ્ત્રો ના હાર્દ ને નથી સમજ્યા, એ આવા વિભાગ કરે છે, આ સાચું ને આ ખોટું, અપેક્ષા એ બંને સાચા છે. હવે પ્રશ્ન થાય કે જ્યારે અપેક્ષાએ બંને સાચું છે તો અમારે ક્યારે શું લગાડવું, ક્યારે શું સમજવું, એ કઈ રીતે લગાડવું ? અને એનો જવાબ - શાસ્ત્રકાર ભગવંતો આપે છે, કે જે રીતે આત્માનું હિત થાય, એ નય લગાડવો. તમારા દ્વારા પાપ થતા હોય ત્યારે

તમે વિચારો કે અજ્ઞાન પાપી છે, હું તો પુણ્યશાળી છું, શુધ્ધ છું, બુધ્ધ છું, સિધ્ધ છું, મારામાં કોઈજ કાળાશ નથી, દોષ નથી, હું ઉજળો છું, મારામાં વાંધાજનક કાંઈ જ નથી, ત્યારે ખોટો નય લગાડ્યો-છે, ત્યારે વ્યહવાર નય લગાડવાનો છે, પાપાનો પશ્ચાતાપ, પાપો ઉપર રડવું, પાપ માટે નો ઘોર-પારાવાર, આગ અંદરથી શેકાતા હોઈએ, અંદરથી ખુબ બળતો હોય, આવી દશા આવે તો આપણું-કલ્યાણ થશે.

બીજાનો દોષ દેખાય ને લાગે કે આ પાપી, આ દોષિત, આ જુઠ્ઠો, આ તો આમ કરે છે ને આ તો આમ કરે છે, ત્યાં તમે એવો નય-લગાડો, જેનાથી તમારો આત્મા, એ નુકશાનમાં ન પડે. ત્યાં તમે એવો નય લગાડો, જેનાથી-તમને કર્મબંધ ન થાય, અને એ નય નિશ્ચય નય-છે કે જીવ પાપ કરતો જ નથી, અજ્ઞાન પાપ કરે છે.

સભાનો પ્રશ્ન :- એક નય કહે છે કર્મ બંધ થાય છે, બીજો નય કહે છે કર્મ બંધ થતો જ નથી, તો આમાં કંઈક તો સાચું હોવું જોઈએ.

પૂજ્યશ્રી નો ઉત્તર :- એક નય કહે છે કે તમે દીકરા છો, એક નય કહે છે તમે પિતા છો, એક નય કહે છે કે તમે પતિ છો, એક નય કહે છે કે તમે ભાઈ છો, હું તમને પુછું છું કે શું સાચું છે ? તો TOPIC તમે જ છો, એ જ TOPIC ભાઈ છે, પિતા છે, પતિ છે, મિત્ર છે, દુશ્મન છે, અમારો માલિક પણ છે. ફલાણા ભાઈ છે ને ઢીંકણા પતિ છે

ત્યાં TOPIC બદલાય છે. તમે જ ભાઈ છો ને તમે જ પતિ છો, ત્યાં TOPIC બનો એ જ રહે છે ને વાત વિરુદ્ધ છે, છતાં વાત સાચી છે. એ જ આત્મા છે, એ જ કર્મ નો બંધક પણ છે, અબંધક પણ છે, એ અનાદિ સિદ્ધ પણ છે, બંધાયેલો પણ છે, અપેક્ષા એ!

દ્રવ્યાર્થીક નય કહે છે કે, આત્મામાં જન્મ-મરણ વગેરે કશું જ નથી, આત્મા નિત્ય છે, પર્યાર્થીક નય કહે છે આત્મા નો છે, જન્મ મરણ પણ છે, વિવિધ ગતિ ઓમાં વિવિધ પ્રકારના ભવો છે એટલું જ નહિ, ક્ષણે ક્ષણે બદલાય છે, ક્ષણે ક્ષણે જેના વિચાર-બદલાય, ઉપયોગ બદલાય, સુખ દુઃખ ની સંવેદના બદલાય, રાગ દ્વેષ ના પરિણામો બદલાયા, જેમ તે તે વસ્તુનું-જ્ઞાન બદલાયું, અંદરનું એનું એ પારિણામીક સ્વરૂપ-બદલાયું, જ્ઞાન પરિણામ, સુખ પરિણામ, દુઃખ-પરિણામ, વગેરે વગેરે જે પરિણામો બદલાયા, આવી-અપેક્ષા એ આત્મા અનિત્ય પણ છે, આત્મા ક્ષણિક પણ છે.

આખા વિશ્વના બધા જ ધર્મનો અભ્યાસ કરો, આખા વિશ્વના બધા જ દર્શનોનો અભ્યાસ કરો, અને બધો જ અભ્યાસ તટસ્થ પણે કરવામાં આવે, તો દુનિયા-ની કોઈ પણ મધ્યસ્થ, વિદ્વાન વ્યક્તિ કહી દે કે, સર્વો-ત્કૃષ્ટ કોઈ દર્શન હોય તો એ માત્ર ને માત્ર જિનશાસન છે.
બહુ PERFECT THINKING
બહુ PERFECT VISION
એકદમ [illegible] વ્યવસ્થિત શાસ્ત્રો, વ્યવસ્થિત પ્રરૂપણા,-લાખોના લાખો શ્લોક પ્રમાણ સાહિત્ય હોય, અને કોઈ-વાત એક બીજાને BEAT ના કરે, HURT ના કરે, એક-બીજાનો બાધ ન થાય, પૂર્વાપર વિરોધ ના આવે, ને બધો જ સમન્વય થાય, એવું કોઈ અદ્ભુત દર્શન હોય તો

રવિવાર

DATE 03 01 2021

એ માત્ર ને માત્ર જૈન દર્શન છે. પ્રશ્ન નંબર બે, તમે કહ્યું કે અજ્ઞાનની નિંદા કરો, અજ્ઞાનની નિંદા કઈ રીતે કરવી, જેમને કાંઈ SUIT થાય એવું નથી, જેમને કાંઈ ફાવે એવું નથી, ને આવી બધી-સમાનતા હોય તો એમે નિંદા જ કેમ કરીએ.

એક સંત હતા, જૈન દર્શનની વાત છે, ને કોઈ શ્રીમંત ભક્તે, રત્ન જડિત સોનાનું પાત્ર-વહોરાવ્યું, ને સંતે રાખ્યું. ચોર ને ખબર પડી, ચોર રોજે રોજ લાગ શોધે છે કે આ પાત્ર ચોરી લેવાય. પણ અડધી રાતે જાય તો એ સંત જાગતા હોય ને, દિવસે પણ કોઈ આવતું જતું હોય, ને ચોરને લાગ નથી મળતો. એક વાર સંત ભિક્ષા માટે નીકળ્યા છે, ચોર પાછળ પાછળ જાય છે, કોઈ ભક્ત ને ત્યાં-સંત ભિક્ષા વહોરે છે પાત્રની અંદર. ચોર છુપાય ને જોઈ રહ્યો છે, સંત લઈને નીકળ્યા છે, ચોર પાછળ.. પાછળ.. પાછળ છે, સંત ભોજન કરવા બેસે છે આશ્રમમાં, ચોર છુપાઈ ને જોઈ રહ્યો છે. સંતનું ભોજન થઈ જાય છે, પાત્ર ને ધોઈ નાખે છે. ચોર, એ કુઆ હતો, એ કુઆ માં બારી હતી, બારી અને બારણાની વચ્ચે થોડી જગ્યા હતી, ચાર પાંચ FEET નીચે ચોર ઉભો છે, લાગ ગોતી રહ્યો છે. હવે જમાય ગયું હશે, ને હવે કોઈ આવે એની-પહેલા હું એ પાત્ર ચોરી લઉં. ચોર ને એમ કે સંતને કશી જ ખબર નથી, પણ હકીકતમાં સંતને બધી જ ખબર છે કે આ પાછળ- પાછળ ફર્યો, ત્યાં છુપાઈ ને રહ્યો, અહીંયા છુપાઈ ને રહ્યો ને સંતે એટલું જ કામ કર્યું, એમનું ભોજન થઈ ગયું, પાત્ર ધોઈ નાખ્યું, એટલે બારી માંથી એ પાત્રનો ઘા કરી દીધો. ચોર હબક ખાય ગયો.

જે વસ્તુ મોંઘી હતી જે ગમી ગઈ, લઈ લીધી એ વસ્તુ, સંતને હવે કાંઈ ખોવાનું નથી, તો હવે ચોરીનો એ પ્રશ્ન નથી, રસ્તા ઉપરથી લીધી છે વસ્તુ, ચોરને સજ્જન - ગડમથલ મનમાં ચાલી રહી છે કે, આ વસ્તુ સંતે ફેંકી - શા માટે ને ચોરથી રહેવાતું નથી ને ચોર અંદર ભય છે, હાથમાં પાત્ર છે પણ હવે શરમ છોડી દીધી છે, સંતને પ્રણામ કર્યા ને પુછ્યું તમે આને ફેંકી શા માટે દીધું ? સંત સહજ સ્મિત કરે છે, ચોર ની અકળામણ વધતી ભય છે, ચોર કહે છે કે મને લાગે છે કે આના કરતા અનેકગણું વધુ મુલ્યવાન એવું કાંઈક આપની પાસે છે, જેના સંતોષ થી, જેના મહારથી, જેના ઉપરના અડગ - વિશ્વાસથી આપે આ આવું કિંમતી પાત્ર પણ ફેંકી દીધું, એવું શું છે, એ મને કહો મારે એ ભણવું છે ! સંત સ્મિત કરી રહ્યા છે ને ચોર વધારે ને વધારે અકળાય રહ્યો છે, ને ચોર આગ્રહ કરી ને કહે છે, જરૂર સોઠા એવી કોઈ વસ્તુ તમારી પાસે છે, એ શું છે મને કહો. અને સંતે કહ્યું કે તારી વાત સાવ સાચી છે. જરૂર મારી પાસે એવી વસ્તુ છે જરી, એનું નામ છે હોંશ ! વિશ્વનું સર્વોત્કૃષ્ટ કોઈ તત્વ હોય, વિશ્વની સર્વોત્કૃષ્ટ વસ્તુ હોય, વિશ્વની સર્વોત્કૃષ્ટ સંપત્તિ હોય, તો એનું નામ છે હોંશ ! આપણે જેને ગુજરાતી માં હોંશ કહીએ એ નહી, પણ બેહોશ થઈ ગયા શબ્દ દ્વારા, જે હોંશ નો અભાવ બતાવવામાં આવે છે, એ હોંશ ની વાત છે અને ચોર કહે કે હોંશ માં તો હું પણ છું, હું કાંઈ બેભાન થઈ ગયો છું હું કાંઈ હોંશ માં નથી ? સંતે કહ્યું કે હા તુ બેભાન થઈ ગયો છે. સંત ની શાંત, પ્રસન્ન મુદ્રા - મધુર વાણી, ચોર જરા ઠંડો પડે છે, પલાઠી વાળીને ત્યાં બેસી ભય છે, મને સમજાવો, સંત એને સમજાવે છે, જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી નુ બેભાન છે, ત્યાં સુધી બેહોશી છે, ત્યાં સુધી આપણું ઠેકાણું નથી પડતું !

રવિવાર

DATE 03 01 2021

ભલે તું પાપ ન છોડી શકે, ભલે તું ચોરી છોડી ના શકે, તું એટલું નક્કી કર કે ભાનમાં રહેવું, હોશમાં રહેવું. આત્મ જાગૃતિમાં રહેવું, સમજણ માં રહેવું. અનેક રીતે સંત એને સમજાવે છે... સમજાવે છે... સમજાવે છે, વાત એના મનમાં બેસે છે. સંત કહે છે, તું કાંઈ બીજું કરતો નહિ, તુ મંદિરે નહી જાય, તું ભજન નહી કરે, તુ સ્વાધ્યાય નહીં કરે, બધું ચાલશે, તુ ફક્ત હંમેશા હોશ માં રહેજે. ચોરે કહ્યું કે પણ હું ચોરી નહીં છોડું હું! નહી છોડતો, હું ક્યાં ના કહું છું! તુ ફક્ત હોશમાં તો રહે! તુ આત્મ જાગૃતિમાં રહે.

ચોરે નિયમ લે છે, હંમેશા હોશમાં રહેવાનું. ચોર વિદાય થાય છે. ત્રણ દિવસ પછી ચોર આવે છે, પ્રણામ કરે છે ને કહે છે કે તમે તો મારી ચોરી ને બીજું બધું છોડાવી દીધું. હોશમાં ચોરી કરવી કઈ રીતે?

એક ભાઈને ગુસ્સો બહુ આવતો હતો, કોઈ મહાત્મા એ એમને સલાહ આપી ત્યારે આટલું કરવું, ગુસ્સો આવે ને ત્યારે એક જાપ કરવો, કહે આપો મંત્ર, આટલો મંત્ર, હવે મને ગુસ્સો આવી રહ્યો છે, એકવીસ વાર જાપ કરવો, ગુસ્સો તમારો ઘટી જશે. વાત હોશ ની છે, હોશ સાથે દુનિયાનું એક પણ પાપ થઈ શકતું નથી. હોશ જો આપણામાં છે તો એક દોષ આપણને સતાવી શકતો નથી. હોશ જો આપણામાં છે, તો આવેલા દોષ પણ નિષ્ફળ, નિરાશ થઈને રવાના થયા વગર રહી શકતો નથી.

સિધ્ધર્ષિગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ-પ્રપંચ કથાના, આ અજ્ઞાનના CHAPTER ની અંદર, ફરી.. ફરી.. ફરી.. ફરીને આપણને એ જ કહેવા માંગે છે, તમે બહુ બેભાન રહ્યા, હવે તમે હોશમાં આવો! હું કહું છું કરવી હોય તો અજ્ઞાનની નિંદા કરો.

न एवतद्वैक हि प्रवर्तन्ते पापकर्मसु जन्तवः

જીવની કોઈ દોષ નથી, અજ્ઞાન નો દોષ છે. અજ્ઞાનની નિંદા કરો, તમે અજ્ઞાનની નિંદા કરો છો એનો અર્થ એટલો જ છે કે તમે હોશમાં છો. ને તમે હોશમાં છો, પછી તમને બીજું કંઈ જ કહેવાની જરૂર નથી. બહુ સરસ મઝની વાત, નરસિંહ મહેતા એ કરી છે.

"જાગી ને જોયું તો જગત દિસે નહિ,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે!"

તમે જોઈ રહ્યા છો, સમજુ રહ્યા છો, વિચારી રહ્યા છો, રાગદ્વેષો કરી રહ્યા છો, પાપો કરી રહ્યા છો, કષાયો કરી-રહ્યા છો, નિંદા કરી રહ્યા છો, બધા જ અટપટા ભોગ-તમને ભાસે છે ને ભોગો ને તમે જોયા કરો છો, ભોગોની અંદર ભળ્યા કરો છો, કારણકે તમે ઊંઘમાં છો.

"જાગી ને જોયું તો જગત દીસે નહિ,"

બસ તમે જાગ્યા, એટલે વાત બધી પુરી થઈ ગઈ. તમે જાગ્યા, એટલે ભોગ બધા સમાપ્ત થઈ ગયા. તમે જાગ્યા, એટલે દેખાતી આખી દુનિયા અલોપ થઈ ગઈ.

"જાગી ને જોયું તો જગત દિસે નહિ,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે!"

રવિવાર

DATE 03 01 2021

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, આગળ વધે છે.

यैषां पुनरिदं चित्तात्, धन्यानां विनिवर्तते।

જે ધન્ય જીવો જેમના મનથી, અજ્ઞાનની નિવૃત્તિ થઈ ગઈ.

शुभ्रीभूतान्तरात्मान-स्ते सदाचारवर्तिनः।

તેમના આત્મા ઉજળા થાય છે, અને તેઓ સદાચારમાં સ્થિર થઈ જાય છે.

સાધ્વાનો પ્રશ્ન :- સાહેબ, લાગે છે કેરી છોડવાની છે, પાપનું કારણ છે, પણ જ્યારે ચમચી હાથમાં હોય, અને રસ જીભ ઉપર પડે, એ સેકંડ, એ સમય, એ વખતે અજ્ઞાન ટકે.

પૂજ્યશ્રીનો ઉત્તર :- આપણી દશા કેવી છે, કહું! જેને ધર્મબિંદુ ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજ એ,

उपरागमात्रमेतद्।

આટલું કહું તો, એવી આપણી દશા છે અનાદિ ની એવી ઓળઘોળ થયો છે, એવું અજ્ઞાન, એવી બેહોશી, એવી બેભાની, અનાદિ થી, અનંતા ભવોમાં ઘુંટી ઘુંટી ને અંદર ઓળઘોળ કરેલું છે કે, રસ સારો. અને ઉપર ઉપર ના થોડા લપેડા છે કે ભાઈ, રસ એ પુદ્ગલ છે, અનિત્ય છે, રાગનું કારણ છે, એ જીવ માટે નો વિષય જ નથી એ ઈન્દ્રિયો નો વિષય છે, ઈન્દ્રિયો ને તૃપ્તિ મળે છે ને જીવ બિચારો દંડાય છે, આ બધું ઉપર ઉપરથી લપેડા કરેલું છે, હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

उपरागमात्रमेतद्।

ઉપરાગ એટલે ઉપરના લપેડા! માત્ર જે સાંભળ્યું, માત્ર જે શબ્દાર્થ કર્યો, પણ જે પરિણમ્યું નથી,

classmate

જેવું કે બહુ જ પ્રાસંગિક જ્ઞાન, હરીભદ્રસૂરી મહારાજ ધર્મબિંદુ ગ્રંથમાં કહે છે, ઉપરાગ માત્ર છે, ઉપરના-લપેડા માત્ર છે, ભાવના જ્ઞાન, પરિણમેલું જ્ઞાન, -ઓળઘોળ થયેલું જ્ઞાન, જે જીવને ખરા અર્થમાં કામ-લાગતું હોય છે. પ્રશ્ન કર્યો હરીભદ્રસૂરી મહારાજને કે ચાલો અમારી પાસે જે છે જે લપેડા છે, ઓળઘોળ સુધી કઈ રીતે પહોંચવું એ અમને કહો, એ કઈ રીતે અમને મળે, અને હરીભદ્રસૂરી મહારાજ ષોડશક પ્રકરણની અંદર જવાબ આપે છે.

જેના મનની અંદર અવિહડ ગુરૂ ભક્તિ છે, ગુરૂનો વિનય છે, ગુરૂનું બહુમાન છે, એનું આ લપેડાવાળું જ્ઞાન, એ પરિણતિ સુધીના LEVEL પર પહોંચી શકે છે.

ફરી-ફરી.. ફરી ફરી ને છે ને, તમારા ગ્રંથી ભેદના શબ્દો હોય, કર્મોના શબ્દો હોય, ભવિતવ્યતા ને કર્મો ને, આપણને છે ને આમ થોડા શબ્દો આવડે છે, જેના આપણે પ્રયોગ કરતા રહીએ છીએ. હું તમને કહું છું, એક નિર્મળ ગુરૂ ભક્તિનો ભાવ પ્રગટી જશે ને, આ કોઈ શબ્દો નહિ આવડતા હોય ને તોએ કેવળ-જ્ઞાન થઈ જશે. આપણને ઘણું બધું આવડે છે, આપણને આવી નિર્મળ, સ્વચ્છ, શુદ્ધ, ગુરૂભક્તિનો, ગુરૂ બહુમાનનો ભાવ કેળવતા આવડતો નથી.

બહુ આપણે વાતો સાંભળીએ, એકલવ્ય જાય ને ગૌતમસ્વામી જાય, ને ચંડરૂદ્રાચાર્યના શિષ્ય જાય, આપણે કંઈ આમ થઈ શકતા નથી, આપણને તેમ થતા જ ફાવે છે. આપણી રીતે ચાલતા ફાવે છે. આપણી રીતે વિચારતા ફાવે છે. હજુ આપણે SERIOU-ડાપ વિચાર પણ કર્યો કે, હવે બધું મુક્યું છે મારું ને

ગુરુને સમર્પિત થવું છે. ગુરુ પાછળ પાગલ થવું છે. ગુરુ પાછળ જીવન લુંટાવી દેવું છે. હવે બધી રીતે ગુરુના થઈ જવું છે. હજુ આ દિશામાં-આપણું વિચાર પગલું પણ મુકાયું છે ? તમે હજાર પ્રશ્નો પુછો, હજાર સમસ્યાઓ રજુ કરો, હજાર વાતો કરો, હજાર ગ્રંથો ભણો, પિસ્તાલીસ આગમો ની વાંચનાઓ સાંભળ્યા કરો, છેલ્લે આ છે. જો છે તો બધું સફળ છે, જો છે તો બધું ન હોવા છતાં પણ છે અને જો નથી તો બધું જ શુન્ય છે, જો નથી તો બધું હોવા છતાં પણ નથી.

શાંત ચિત્તે ક્યારેક, એકાંતમાં, રૂમની અંદર બેસો, અને વિચાર કરો તો તમને કદાચ લાગશે, કે આજ સુધી નો આપણો ગુરુ સાથેનો સંબંધ, કદાચ એક મશ્કરી જેવો રહ્યો છે ! આપણે જેને પણ ગુરુ માનીએ છીએ, આપણે માનીએ છીએ કે આપણે માનીએ છીએ, હકીકતમાં આપણે કશું જ માનતા નથી. આપણે જે માનીએ છીએ એ પણ એટલા માટે માનીએ છીએ, કારણકે આપણું મન માને છે, માનવા-માટે. જ્યાં આપણું મન નથી માનતું, ત્યાં આપણે કશું જ માનતા નથી, એનો અર્થ તો એ જ છે, કે આપણે ગુરુનું કશું માનતા નથી, એનો અર્થ તો એ છે, આપણે ગુરુનું કશું માનવું પણ નથી. કેવી રીતે આપણું ઠેકાણું-પડશે. એક ગુરુ પકડો, અને માથું મુકી દો, એના સિવાય બીજો નથી ! આ જ બધી આંટીઘુંટી ને આમ ને તેમ ને, ક્યાં કરશું, ચાલવું છે આપણી રીતે ગુરુની વખાણના છે, મજાક છે, મશ્કરી છે, આપણું ઠેકાણું નહિ પડે.

દસ વર્ષ પહેલા, સુરતની અંદર અમારું ચોમાસું હતું ને ચોમાસાની અંદર, ગુરુ મહારાજે મને એક પત્ર આપ્યો, મને કીધું કે આમાં જોઈ લે જે, આપવા જેવું લાગે તો આપજે. પત્ર મેં વાંચ્યો, કોઈ સંસ્થા જે પ્રાચીન સાહિત્યના સંશોધનો ને એના ઉપર કામ કરતા હોય, એમાં પ્રાકૃત કોઈ ગ્રંથોની શોધ લે, એટલે તમે-RESEARCH કર્યું કોઈ ગ્રંથ ઉપર, એ બધું તમારે એના ઉપર મોકલવાનું, એનો SEMINAR થાય, એમાં તમારો લેખ વાંચવામાં આવે, પુસ્તક બહાર-પડે ને એમાં તમારો લેખ આવે આવું બધું-આયોજન હોય, શોધ લેખની માંગણી, તમે શોધ-લેખ આપો ને એનો આ.. આ રીતે ઉપયોગ થાય. ગુરુ મહારાજે આદેશ ન હતો કર્યો કે તું આપી દે. મને કહ્યું હતું કે તું જોજે તને શું લાગે છે ને, કાગળ મેં વાંચ્યો, ગુરુ મહારાજ પાસે ગયો ને, ગુરુ-મહારાજ ને કહ્યું કે ગુરુ મહારાજજી, આ લોકો છે ને, દહેરાસર ને મ્યુઝિયમ રૂપે મૂલવવાનો પ્રયાસ કરતા-હોય છે. એવા પ્રકારનું સાહિત્ય મેં જોયું છે, પછી એનું પુસ્તક બહાર પડે, આ લોકો ને ભાવાત્મક, આધ્યાત્મિક, યોગાત્મક, એનું હાર્દ, એનું તાત્પર્ય-એનું લક્ષ્ય, એનું ~~[illegible]~~ ગંતવ્ય સ્થાન, એક પ્રાકૃત ગ્રંથ લઈ ને એનું હાર્દ લઈને, આત્મા ને કઈ રીતે ઉપયોગી બને, કઈ રીતે એને જીવનમાં લાવવું. એની એકાદ ગાથા, એમાં કેવો જબ્બર અર્થ ભરેલો છે, એ બધુ ખોલી ને આપું. એ એ લોકો નથી માંગી રહ્યા. અને જે રીતે એ લોકો માંગી રહ્યા છે, જે રીતે એવા લેખો આવતા હોય છે, જે રીતે મૂલવવામાં આવતી હોય. કે ભાઈ,આ ઉદ્દેસો એ ત્રીજુ સદીનો છે, ને આ ઉદ્દેસો પાંચમી સદીનો છે, ને આની ભાષા આવી છે ને આનું આ છે ને, આમાં ઉચ્ચાર તાહ છે,

ને આમાં નથા છે, ને આમાં નહા છે, ને આમાં
નથા છે. આ SOURCE એની છે, આ મહારાષ્ટ્રી
છે, આ પ્રાકૃત આ પ્રદેશ ને લગતી છે, ને આ
પ્રાકૃત આ પ્રદેશને લગતી છે ને, આને લગતું જે
ત્રિપીટક માં આગ્ર કહ્યું છે ને પુરાણમાં આ રીતનું
છે ને, અહીંયા આટલી આટલી જાણી છે તમે
કર્તા ને માથે પડો તો તમે વધારે મોટા વિદ્વાન
કહેવાવ.

ગુરુ મહારાજશ્રી આ વસ્તુ આપી છે,
દહેરાસરની અંદર ગયા, કયાં ધાબલો કેટલા ફૂટનો છે,
ઘેરાવો કેટલા ઈંચ નો છે, ભગવાનની પ્રતિમાનું
કળ, એમની ભોયામાં પત્થર, એ કયાંનો છે ?,
કયાં દાટ્યો છે, નથી, કેટલા ઈંચ છે, આ આગ્ર-
છે ને આગ્ર છે, આટલા ઘનફૂટ પત્થર વપરાયો
છે આમાં ! આ TYPE નો રંગમંડપ નો -
MARBLE છે, આટલી આટલી વાસ્તુદોષ છે,
ફલાણી પ્રતિમામાં આ લેખ છે ને આટલી પ્રાચીન
છે, ને એ આ ફલાણા રાજા ના સમયમાં,
આ મૂર્તિ બેસાડવામાં આવી છે ને, આ ગામમાં
બેસાડવામાં આવી ને, ત્યાંની ભૌગોલિક પરિ-
સ્થિતિ આ હતી ને, ધાર્મિક ત્યાંની પરિસ્થિતિ
આ હતી, હું કહું છું ના પણ નથી, એટલે
આવું કશું થઈ જ ના શકે, ન જ કરાય કોઈપણ
અપીઆ એ એવી પણ વાત નથી, પણ દહેરાસર-
નો અર્થ આટલો જ છે, આવું જ્યાં મુલવી દેવામાં
આવે, ત્યાં તો મોટી હોનારત થઈ ગઈ હોય છે.
શું આ જ દહેરાસર છે ?, તમે બધું માપી ને
આવ્યા, તમે હાથ નથી જોડ્યાં, તમે નમો જિણાણં
નથી કર્યું, તમે એકાદ સ્તુતિ નથી બોલ્યા, તમે
ચૈત્યવંદન નથી કર્યું, અને તમે આવી બહાર મારીને

બધું MEASUREMENT કરીને દહેરાસર ઉપર લેખ લખ્યો, એ દહેરાસર ઉપર નથી લખ્યો. તમે દહેરાસર ને સમજ્યા જ નથી તમે INTEREST AS A MUSEUM લીધો, એ રીતે બધું મુલવ્યું, તમે દહેરાસરની આશાતના કરી છે. મેં ગુરૂ મહારાજ ને કહ્યું કે આપની ઈચ્છા હોય, આપ કહો તો, આજ્ઞા કરો તો લખી દઈએ, કોઈ મારી ના નથી. ગુરૂમહારાજે કહ્યું રહેવા દે તારી વાત સાચી છે.

હું તમને કહું છું, જે રીતે એ લોકો ગ્રંથ ને મુલવે, એવા કોઈ સંશોધકો દહેરાસર ને મુલવે, આપણે ગુરૂ ની પાસે પણ જઈએ, નમુડ પણ જઈએ, વ્યાખ્યાન પણ સાંભળીએ, એમની નિશ્રામાં સંઘ પણ કઢાવીએ, એમની નિશ્રામાં નવ્વાણું કઢાવીએ, એમનું ચોમાસું - કરાવીએ, એમનું સામૈયું કરાવીએ, એમના પગલા કરાવીએ છાતી ઉપર હાથ રાખીને આપણે આપણને પુછીએ, કે એ જ ગુરૂ પ્રત્યે આપણને, પરાકાષ્ટા નો સદ્ભાવ ખરો ? થાતો પરાકાષ્ટા નો નથી, હું કહું કે સદ્ભાવ પણ ખરો કે એમાં પણ બધી ઘાલમેલ હોય, એમાંય નિંદા થઈ જતી હોય, એમાંય મન કોઈને કોઈ ચિત્ર-વિચિત્ર વિચાર ગુરૂ-માટે કરતું હોય, ગુરૂ એ કંઈ કહ્યું તો એનું પણ બધું આપણે CENSOR કરવાનું હોય, સંશોધન કરવાનું હોય, મુલવવાનું હોય, પછી ફાવે તો કરવાનું હોય, આપણે ક્યાં છીએ ? આપણે દહેરાસરમાં ગયા ને આપણી નજર સામે કોઈ આ રીતે કરી રહ્યા છે, આપણે કહીએ ભાઈ-ગાંડા કાઢો છો, અવ અહીંયાથી ! શું માંડ્યું છે આ બધું તમે ? શરમ નથી આવતી ? અમારા શીતલનાથ દાદા એનું તમારે માપ લેવું છે ને આમ કરવું છે ને તેમ કરવું છે. આ અમારા ઉપાસ્ય છે, આ અમારા જીવંત દેવતા છે, આ અમારા પરમાત્મા છે, શું સમજો છો તમે તમારા મનમાં ? અવ આ બધું MUSEUM માં જઈને કરજો, આ બધું અહીં

ના હોય, આ દહેરાસર છે. હું તમને કહું છું. ઉપાશ્રયમાં આવ્યા પછી, વ્યાખ્યાનો સાંભળ્યા પછી, સદ્ગુરુની પ્રેરણાઓ લીધા પછી, તત્વને કહેવાતી રીતે સમજ્યા પછી, જ્ઞાનમાં કહેવાતી રીતે બહુ આગળ વધ્યા પછી, ખરેખર આપણી દશા શું હોય છે ?

સભાનો પ્રશ્ન :- સાહેબજી, ઉલ્ટાનું આ બધું સમજ્યા પછી, મુલ્યાંકન અમે એક નક્કી કરી લઈએ છે કે, આ TYPE ના હોય એ સદ્ગુરુ, એમણે આવું આચરણ કરવું જોઈએ, એમનું આમ હોવું જોઈએ, ઉલ્ટાનું જેમ જેમ સમજતા જઈએ, એમ એમ આવું બનતું જાય છે તો - સમજ્યું એ હોય કે ન સમજ્યું એ હોય ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એક વાત તમે સમજી લેજો, જ્યારે તમે સમ્યગ્ રીતે સમજતા જાવ છો ને, ત્યાં અસદ્ભાવની કોઈ સંભાવના જ નથી. એક શિથિલાચારી છે, તમે એમને પણ સમજ્યા કે આટલું આટલું સાધુ પણામાં ન હોય ને, એનામાં નથી, તો ત્યાં જો જો તમે સમ્યગ્ સમજ્યા છો તો કોઈ અસદ્ભાવ નહિ થાય. હું એમ નથી કહેતો કે ત્યાં માથું મુકી દો ને, સમર્પિત થઈ જાવ, એમાં સદ્ગુરુ જુઓ, એવી વાત નથી. તમે સમ્યગ્ સમજ્યા છો, તત્વ સમજ્યા છો, શાસ્ત્ર સમજ્યા છો, પ્રવચન સમજ્યા છો, વાચના સમજ્યા છો, તમે જો સમ્યક્ સમજ ને ચાલો છો ને, તો કોઈ સંભાવના જ નથી કે તમને એમના માટે અસદ્ભાવ થાય. અને એવા કેટલા હોય, કેટલા ટકા હોય, અને સદ્ગુરુ ન હોય એવું તો છે જ નહી.

આપણે નથી જ સમજ્યા હોત, માટે જ સદ્‌ગુરુ પ્રત્યે પણ એવો શુદ્ધ બહુમાન ભાવ ને એવી પરાકાષ્ઠાનો બહુમાન-ભાવ આપણને આવતો નથી.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ બહુ સરસ મજાની વાત કરે છે.

धन्यानां विनिवर्त्तते।

તમે એમ નહિ સમજો કે ચોપડી લઈને તમે ભણવા માંડ્યા એટલે તમે ધન્ય થઈ ગયા. વ્યાખ્યાનો બહુ સાંભળ્યા ને સમજી ગયા, એટલે કાર્ય થઈ ગયું. આ તો બહારના-નિમિત્તો છે, અંતરંગ ઉપાદાન એના ઉપર નિમિત્ત-પ્રભાવશાળી બન્યું કે નહિ એ લાખ રૂપિયાનો પ્રશ્ન છે હોં. અને નિમિત્ત પ્રભાવશાળી બની જાય, અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય, તો ખૂબ ધન્ય થઈ જાય. દ્રઢપ્રહારી ધન્ય થઈ ગયા, એનું કારણ એટલું જ હતું, એમના અજ્ઞાનની નિવૃત્તિ-થઈ ગઈ. શાલીભદ્ર ધન્ય થઈ ગયા, એનું કારણ એટલું જ હતું કે એમના અજ્ઞાનની નિવૃત્તિ થઈ. ધન્ના અણગાર ધન્ય થઈ ગયા, કારણ એટલું જ હતું, એમના પણ અજ્ઞાન ની નિવૃત્તિ થઈ. ઈલાચીપુત્ર ધન્ય થઈ ગયા, કારણ એ જ હતું, એમના અજ્ઞાનની નિવૃત્તિ થઈ!

येषां पुनरिदं चित्तात् धन्यानां विनिवर्तते।

જેમના મનથી અજ્ઞાન જતું રહ્યું, એ આત્માઓ ધન્ય બની ગયા.

शुभ्रीभूतान्तरात्मानः

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, અજ્ઞાની કાળાશ જાય, એટલે આત્મા ઉજ્જવળ થવાનો જ છે, કારણકે હકીકતમાં તો આત્મા ઉજ્જવળ જ છે.

જબર છે, સાંજનો સમય છે, સૂરજ ડુબી રહ્યો છે, ચહલ પહલ છે, ભરીદ છે, વેચાણ છે, વાતનો છે,

માણસ આખી જિંદગી બજારમાં વિતાવે છે પણ એ બજારને સમજી શકતો નથી. એનું કારણ એ છે કે એ બજારને જોઈ શકતો નથી. એનું કારણ એ છે કે એ બજારનો એક ભાગ હોય છે. આંખ-આંખ ને કઈ રીતે જોઈ શકે. કીકી આંખને કઈ રીતે જોઈ શકે ?, કારણકે કીકી એ આંખનો એક ભાગ જ છે. માણસ જો બજારથી ઉપર ઉઠી શકે ને, તો એ બજારને સમજી શકે. જો એ બજારને-સમજી શકે, તો એ બજારથી ઉપર ઉઠી શકે. આને અન્યોન્યાશ્રય કહેવાય, આ થાય તો આ થાય ને આ થાય તો આ થાય. આ અન્યોન્યાશ્રય ની અંદર માણસ પોતાના સો એ વરસ બજારમાં જ પુરા કરી દે છે.

નદી છે. નદીનો પ્રવાહ છે. પ્રવાહ વહી રહ્યો છે---- વહી રહ્યો છે---- વહી રહ્યો છે. પ્રવાહ ની અંદર એક માણસ ઉભો છે. પ્રવાહમાં-ફુલો વહેતા આવે છે, એ પણ એને સ્પર્શે છે. પ્રવાહની અંદર કોઈ મડદું તણાતું આવ્યું, એય એને સ્પર્શે છે, એક માણસ કિનારે ઉભો છે, એને કોઈ ય વસ્તુ સ્પર્શતી નથી. એ ફક્ત-જોયા કરે છે, કારણકે એ તટસ્થ છે તટ એટલે કિનારો, તટસ્થ એટલે કિનારે ઉભેલો. સૌથી સહેલું છે, કિનારે ઉભા રહેવું, સૌથી સહેલું છે, સૌથી સુખદ છે, સૌથી આનંદપ્રદ છે, કિનારે ઉભા રહેવું. પણ માણસ ની એ જ સૌથી અઘરું અને દુઃખદ લાગે છે. માણસ માને છે કે કિનારે ઉભા રહીએ તો શું મળે ! પ્રવાહમાં ઉભા હોય તો ફુલો એ આવે પણ માણસ સમજી શકતો-નથી. કે જે ફુલોની અપેક્ષા રાખે છે ને એના

રવિવાર

DATE 03 01 2021

માટે જ પ્રવાહ માં ઉભો રહે છે ને એનો જ મકદા સાથે
પનારો પડે છે. જે માણસ કિનારે જતો રહે, તો એ આ
બધી જ પલોજણ થી બચી જાય, પ્રવાહ માં ઉભો છે,
જળચરો બચકા પણ એને ભરી જાય, બધી જ સંભાવના
છે, છતાં પણ પ્રવાહ નું આકર્ષણ છુટતું નથી, એને-
પ્રવાહ મને ઝુલો સીવાય બીજું કશું જ નહિ આપે,
એવી ભ્રમણા ને શ્રધ્ધા સાથે, વળગી રહેવુ, એ
માણસ ને અનુકૂળ લાગે છે. બજાર એ ચળકાટ છે.
બજાર એ પ્રલોભન છે. બજાર એ સુવર્ણ મૃગ છે.
બજાર એટલે ધીકતી કમાણી. બજાર એટલે મનગમતી
વસ્તુઓની પ્રાપ્તિ! આવી ભ્રમણા ને વળગી રહેવું માણસ
ને ફાવે છે, પણ આ જ બજારે મને અણગમતા અનુભવો
પણ આપ્યા છે. આ જ બજારે મારા અપમાનો પણ કર્યા
છે. આજ બજારે મારું અનંતવાર દેવાળુ પણ કાઢયુ છે,
અને હજુ એ તલવાર માથે લટકતી ઉભી જ છે. આટલું
સત્ય એ માણસ સ્વીકારી શકતો નથી.

તટસ્થતા એ જરા અર્થમાં ઝુલો છે!
બજારથી ઉપર ઉઠવું, એ જરા અર્થમાં કમાણી છે!
પણ માણસ આખી જિંદગી એને પીછાણી શકતો નથી!
માટે જ માણસ આખી જિંદગી એને માણી પણ શકતો
નથી. બજાર છે, સાંજ નો સમય છે, સુરજ ડુબી રહ્યો છે
ચહલપહલ ચાલુ છે, હજુ આકાશમાં અજવાળુ છે. પણ
ધરતી પર અંધારું ફેલાઈ રહ્યું છે. બજાર ની અંદર-
ભાત ભાતની લાઈટો છે, રાતનું સામ્રાજ્ય પથરાઈ ગયું છે,
અને એ સમયે છે ને, રાત એની નજર ઉપર જાય છે,
રાત નીચે થી ઉપર આકાશના અજવાળા ને જોઈ રહી છે,
અને રાત ચમકે છે, રાત વિચાર કરે છે, આ શું છે,
નથી દીવા, નથી લાઈટ, છતાં આવી સફેદી, આવું
અજવાળુ, આવો સહજ પ્રકાશ, આ કઈ રીતે શક્ય બને

આ કઈ રીતે આવ્યું ?, રાતથી રહેવાતું નથી ને
રાત બુમ પાડે છે, ઓ ભાઈ, જરા મારી વાત -
સાંભળો ને, અજવાળું નીચે નજર કરે છે, નીચે
રાત દેખાય છે. અજવાળું કહે છે કે હવે મારી
પાસે ટાઈમ નથી, મારો જવાનો સમય થઈ ગયો.
રાત કહે છે મારે બહુ ખાસ વાત કરવી છે તમારી
સાથે, ફક્ત પાંચ જ મિનિટ. અજવાળું સંમતિ આપે
છે. અને રાત ફાટી આંખે એની સામે જોતી જોતી
એને પુછે છે, કે ભાઈ હું કેમ આવી કાળી
અને અંધારાથી ભરેલી ?, અને તમે કેમ આટલા
સફેદ અને ઉજળા ?, આનું કારણ શું છે ?

અજવાળું ખડખડાટ હસી પડે છે,
રાત ઝંખવાણી પડી જાય છે, જાણે કાગડા એ હંસને
પુછ્યું હોય કે, હું કેમ કાળો ને તમે કેમ સફેદ.
અજવાળું એને જરા આશ્વાસન આપે છે. આશ્વાસન
આપી ને કહે છે, કે જે કારણે હું સફેદ છું ને,
એ જ કારણે તું કાળી છે. રાત સ્તબ્ધ બની ને
જોઈ રહી છે આ શું વાત કરી રહ્યું છે, ને શું
એનો અર્થ છે ?, શું મર્મ છે ?, કળવાનો પ્રયાસ
કરી રહી છે, ને અજવાળું વાત આગળ વધારે છે
બહેન, હકીકતમાં છે ને તમારામાં ને મારામાં કોઈ
જ ફરક નથી. હું પણ કાળું હોઈ શકત, તમે પણ
ઉજળા હોઈ શકત, પણ આપણા બે માં ફરક -
એટલો છે કે મારી સાથે સુરજ છે, હું સુરજની
સાથે છું, અને તમે સુરજની સાથે નથી. જો
તમે સુરજની સાથે થઈ જાવ, તો તમે પણ ઉજળા
થઈ શકો. રાત ચમકે છે એમ ! ક્યાં છે એ
સુરજ, ક્યાં છે ?, અજવાળું કહે છે હમણાં જ
અહીંયા થી ગયો, હું પણ એની પાછળ જાઉં છું.

રવિવાર

DATE 03 01 2021

ત્યારે ઉજળા થવું હોય તો તમે પણ ચાલો, તમે પણ - ઉજળા થઈ જશો. અને રાતને એકદમ ધ્રાસકો પડી જાય છે. રાત કહે છે, પણ.. પણ.. પણ... એ... એ... એ તમે એવું કરો ને, અજવાળું એને સમજાવાનો પ્રયાસ કરી રહ્યું છે, અજવાળું સમજુ રહ્યું છે. રાતને જો ઉજળા થવું હોય તો એનું સામ્રાજ્ય છોડવું પડે. બધું છોડીને આવવું પડે, રાતની એ તૈયારી નથી, ઉજળા થવું છે એમ - વાત પણ મુકી દીધી, પણ પોતાનું છોડવું નથી. અજવાળું સમજુ રહ્યું છે, રાત કહે છે તમે એવું કરજો ને તમે એને લઈ આવજો ને ! તમે એને જરા સમજાવી ને, મારી પાસે લઈ આવજો ને. અજવાળું હવે લગાલગ અટ્ટહાસ્ય રૂપે હસી પડયું અને અજવાળા એ કહ્યું બહેન, સુરજ કદી આપણી પાસે ના આવે, આપણે જો ઉજળા થવું હોય, તો આપણે સુરજ પાસે જવું પડે.

સુરજ કોઈની પાસે જતો નથી, સુરજ - એની રીતે ગતિ કરતો રહેતો હોય છે, આપણે ઉજળા - થવું હોય તો આપણે આપણું બધું છોડવું જોઈએ. અને આપણું બધું છોડીને, સુરજ ની પાછળ - પાછળ જવું જોઈએ તો આપણે ઉજળા થઈ શકીએ. તમે એમ વિચારો કે હું આ બધું પકડી રાખું, હું આ બધું છોડું નહિ ને, આ બધું છોડયા વગર, સુરજ આવી જાય ને હું ઉજળી થઈ જાઉં તો એ શક્ય જ નથી. હજુ રાતની સમજણની પણ શરૂઆત થઈ નથી. અજવાળું રાતને સમજુ રહ્યું છે. અજવાળું રાતને સમજાવી રહ્યું છે, પણ હજુ રાતને કશું જ પલ્લે પડતું નથી. રાત પોતાના આગ્રહની દિશામાં જ - આગળ વધવાનો પ્રયાસ કરે છે. પણ એ સુરજ જશે કયાં ?, અજવાળા એ જવાબ આપ્યો કે આ ક્ષિતિજને પેલે પાર જશે. રાતે પુછયું પછી ?, પછી છેને એ પરમ દિવસે આવશે, આવતી કાલે એનો ભાઈ આવશે.

રાત કહે છે કે તો પછી એને કહેજો ને પરમ-દિવસે આવે ત્યારે, મને મળે. અજવાળું ફરી-હસી પડે છે ને, હવે એનું હસવું એ રાત માટે કોઈ નવી વાત નથી. અજવાળા એ સ્પષ્ટ કહ્યું કે એ શક્ય નથી, રાત હવે રીતસર બળવો પોકારતી હોય એમ કહે છે, પણ એ શાના માટે શક્ય-નથી, એ આવવાનો તો છે જ! અજવાળા એ કહ્યું, જે રીતે સુરજ મળી શકે એમ નથી. જો એ રીતે સુરજ તને મળી શકતો હોત, તો એ લાખો વર્ષ પહેલા મળી ચુક્યો હોત, પણ જે રીતે એ મળી શકે એમ નથી. જે રીતે એ મળી શકે એમ છે, એ રીતે તારે મળવું નથી, કારણકે તારે તારું છોડવાની તૈયારી-જ નથી, અને જો તું તારું ના છોડે, તો સુરજ તને મળી શકે એમ જ નથી.

રાત સાંભળી રહી છે, અજવાળું એની વાત આગળ વધારે છે, બહેન! સુરજ ને તારે એટલા માટે મળવું છે, કારણકે તારે ઉજળા-થવું છે. ઉજળા થવાની ઈચ્છા તારામાં છે ખરી, પણ હકીકતમાં તારી ઉજળા થવાની, ઈચ્છા પણ તારી શુધ્ધતા ની ઈચ્છા નથી, ઉજળા થવાની તારી ઈચ્છા, એ પણ હકીકતમાં મોટા બનવાની ઈચ્છા છે, મોટાઈ ની ઈચ્છા છે. હજુ તને ખરા અર્થમાં ઉજળા થવાનું મન જ થયું નથી. તારી ઉજળા થવાની ઈચ્છા એ હકીકતમાં તારા અહંકાર નો એક ભાગ છે. સુરજ તો એક માધ્યમ-બને ને સુરજ દ્વારા, ઉજાસ મળી જાય ને તું ઉજળી થાય ને એના દ્વારા તારા સામ્રાજ્યમાં એક શણગાર ઉમેરાય આવી તારી ભાવના છે.

હકીકતમાં તને ઉજાસનો મોહ છે જ નહિ, હજુ તને સામ્રાજ્યનો મોહ છે. અને તું સમજ લે, કે આ તારું સામ્રાજ્ય છે જ નહિ, હકીકતમાં આ તારી નાલેશી છે, હકીકતમાં આ તારી એક પ્રકારની મશ્કરી છે. આવી કાળાશ અને આવા અંધારા પણ કોઈ સામ્રાજ્ય હોય શકે ?

રાત સ્તબ્ધ બની ને સાંભળી રહી છે, અજવાળું એને બહુ પ્રેમથી આગળ સમજાવી રહ્યું છે, બહેન, સુરજ ને કોઈ જ ઘમંડ નથી, સુરજ ને કોઈ જ આગ્રહ નથી કે તારી પાસે ન જ આવવું. પણ તું એ તારું કંઈ છોડવા જ ન માંગે, તો સુરજ લાચાર છે, તું તારું બધું જ છોડી ને આવ, સુરજ તને પોતાનું બધું જ આપી દેવા તૈયાર છે. તું સુરજ ખાતર તારું આ બધું જ કુરબાન કરવા તૈયાર થઈ જા, તો સુરજ તને ઝળાહળા કરી દેવા તૈયાર છે. સુરજ તારા કણ-કણને પ્રકાશથી રંગી દેશે. સુરજ તને દેદીપ્યમાન કરી દેશે. સુરજનો તો આ સ્વભાવ જ છે, જે એની સમીપ આવે, એને પ્રકાશથી ભરી દેવા !

तत्स्वाभाव्यादेव प्रकाशते भास्करो यथा लोकम् ।

એ સ્વભાવથી, પ્રકૃતિ થી જ થાય છે, કે જે સુરજ છે એ સમગ્ર વિશ્વ ને પ્રકાશિત કરે છે. રાત હજુ અવઢવમાં છે, ગડમથલ માં છે, રાત હજુ પોતાની-પકડ છોડી શકતી નથી, કદાચ છોડવા માંગતી પણ નથી. આ બધું તો ન જ છૂટે, ન જ છોડું, હરગીઝ, કોઈ-હિસાબે ન છોડું, કોઈ પણ રીતે ન છોડું એની જીદ છે રાત પાસે, રાત ફરી એ જ વાત ઘૂંટે છે પણ સુરજ આવવાનો જ છે તો ! હવે બહુ જ ગંભીર બની ને અજવાળુ કહે છે કે બહેન, સુરજ આવવાનો જ છે, પણ છતાં ય તને મળવાનો જ નથી, કારણકે તું કદી

રવિવાર

DATE 03 01 2021

સુરજ પાસે આવતી જ નથી. સુરજ સવારે આવશે, સુરજ આવે એની પહેલા, હું જે આવતું જ હોઉં છું ને હું બરાબર જોઉં છું. તારી અત્યારે જે સ્થિતિ છે, એ જ સવારે હોય છે. એમાં કોઈ જ ફરક નથી, હજુ બીજા લાખ્ખો વર્ષ વીતી જશે, તારે મેં આ બધું છોડ્યું નથી. તો સુરજ તને મળી શકે એમ નથી. ખરી વાત તો એ છે કે સુરજને ખરેખર મળવાની- તને ઈચ્છા જ નથી. સુરજ નથી મળતો એ ખરો પ્રશ્ન છે જ નહિ, તું મળતી નથી ને તારે મળવું સુદ્ધા નથી, કારણકે તારે આ બધું જોયું નથી, એ ખરો પ્રશ્ન છે. જે રીતે સુરજ મળે એ રીતે, તું મળતી જ નથી, એનો સીધો અર્થ એ છે, કે તારે સુરજ ને મળવું જ નથી.

ફાટી આંખે રાત જોઈ રહી છે, અને અજવાળું છેલ્લી વાત કરે છે, બહેન ! મેં મારી બધી જ અસ્મિતા, સુરજ ને હવાલે કરી દીધી, માટે હું અજવાળું છું, તું કોઈ હિસાબે, તારું છોડવા જ નથી માંગતી, માટે તું રાત છે. બહેન, વધુ તો તને શું કહું. બહુ પ્રેમથી તને એટલું કહેવા માંગુ છું. અજવાળું બનવામાં જે ગૌરવ છે, અજવાળું- બનવામાં જે આનંદ છે, અજવાળું બનવામાં જે આત્મ સંતોષ છે, એનો લાખમાં ભાગનું પણ ગૌરવ, આનંદ કે આત્મ સંતોષ, અંધારું બનવામાં નથી ! બસ બહેન મારો સમય થઈ ગયો, તારું મન માને ત્યારે આવી જજે, સુરજ તારું સ્વાગત કરવા માટે તૈયાર જ છે. રાત ફાટી આંખે જોઈ રહે છે અને ઝગવારની અંદર, આકાશ કાળુ ધબ થઈ જાય છે. આત્મા ઉજળો થઈ શકે છે, આત્માનું અંધારું જઈ શકે છે, આત્મા ઝળાહળાં થઈ શકે છે. પ્રકાશ-

રવિવાર
DATE 03 01 2021

માન થઈ શકે છે, શરત એટલી જ છે, કે આત્મા-સુરજને સમર્પિત થઈ જાય. સુરજ એનું બધું જ આપી દેવા માટે તૈયાર છે, સુરજ તો એની ઝળાહળા કરી દેવા-માટે તૈયાર છે, સુરજ એના બધા જ અંધારા ઉલેચી દેવા-તૈયાર છે, શરત આટલી જ છે, પ્રભુ એનું બધું જ ફના-કરવા, કુરબાન કરવા, છોડી દેવા તૈયાર થાય, અને જે છોડવાનું છે એ કાળાશ અને અંધારા સિવાય બીજું કશું જ નથી.

★ સુરજ એટલે જિનશાસન !
★ સુરજ એટલે જિનઆજ્ઞા !
★ સુરજ એટલે જિનાજ્ઞા પાલન !

એને સમર્પિત થઈએ, સો ટકા કલ્યાણ થશે. બાકી અનંતા ભવ વીતી ગયા, બીજા અનંતા ભવ વીતી જશે, પ્રભુ એની એ અંધારામાં, એ ને એ કાળાશમાં રહેશે. અધ્યાયું-અને શાન, એના ~~સંવ~~ સંવાદ, એનો ઉપનય, એનો સંદેશ, એનું તાત્પર્ય, એનું હાર્દ, એનું ઉંડાણ, એમાં જવાનો પ્રયાસ કરવો છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !

X X X X X X

## વ્યાખ્યાન નંબર- ૧૧૬

મંગળવાર DATE 05 01 2021

પહેલો પ્રશ્ન છે! રાત એનું છોડવા તૈયાર નથી, રાત ને કાળાશ એ ત્રિલક્ત લાગે છે, રાતમાં અજ્ઞાન છે, રાતમાં ઝાલીરાતા છે બધી જ વાત સાચી પણ સુરજમાં એવી કરૂણા કેમ ના હોય શકે, કે ચાલો હું રાત પાસે જઉં ને એને અજવાળું! તમારી બધી જ વાત એવી છે કે, સુરજ એની રીતે ચાલતો રહેશે, રાતે એનું છોડવાનું છે, રાતે જ એની-પાછળ જવાનું, રાતે જ ઉજળા થવું છે, રાતની ગરજે રાતે ઉજળા થવાનું છે, સુરજ કદી રાત પાસે નહિ આવે ને રાતે જ સુરજ પાસે જવું પડશે, ને રાતે એનું બધું જ છોડવાની તૈયારી રાખવી પડશે. પ્રશ્ન એટલો જ છે કે જે આવું બધું ના બને તો, રાત એનું કશું જ છોડવા તૈયાર નથી, તો શું સુરજે એને અંધકારમય જ રહેવા દેવી, સુરજે એને ના જ પાડવી, સુરજે એને ઉજાસ ન જ આપવો, તો સુરજ જો આવી જ જીદ લઈને બેઠો છે તો, સુરજના પણ પણ હોય ખરો ?

જવાબ એ છે કે, સુરજ ધારી લો કે કરૂણા દાખવવા જાય, સામે ચાલીને જાય, પણ- જ્યાં સુધી રાતને એનું છોડવું નથી, ત્યાં સુધી રાત તો રાત જ રહેવાની. કેટલાક એવા પંખીઓ હોય છે, જેમને દિવસ/રાત, રાત જ હોય છે સિધ્ધસેન દિવાકર સૂરી મહારાજ, સ્તુતિ દ્વાત્રિંશિકા ની અંદર કહે છે,

तज्जाद्भुतं खगकुलेष्विह तामसेषु, सूर्यांशवो मधुकरीचरणावदाताः।

તામસ કુળ ના પંખીઓ હોય છે, તામસી પંખીઓ ઘુવડ.. વગેરે.. વગેરે.. વગેરે, ને એ પંખીઓ ધોળા દિવસે પણ, સુરજ ની સામે પણ એમને અંધારું જ લાગે છે. અષ્ટક પ્રકરણ ની અંદર

મંગળવાર

DATE 05 01 2021

હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

अप्रकाशो ह्युलूकानां, तद्दृशापि भाव्यताम् ।

અભવ્ય જીવો હોય છે, એના ઉપર તીર્થંકરો પણ ઉપકાર નથી કરી શકતા, એમાં તીર્થંકર ભગવંતો નો કોઈ વાંક નથી, ખામી નથી. અષ્ટક પ્રકરણ ની અંદર હરીભદ્રસૂરી મહારાજ ઘુવડ નું ઉદાહરણ આપી ને કહે છે, ધોળે દિવસે, તેજોમય, દેદીપ્યમાન સુરજ, તપતો હોય, તેજ રેલાવતો હોય તો એ ઘુવડ ને કશું દેખાતું નથી. બરાબર એવી જ રીતે અભવ્ય જીવ તીર્થંકર ના સમવસરણમાં પહોંચી પણ જાય, રાત તો રાત જ રહે છે.

પ્રશ્ન નંબર બે :- થાય કે એનું છોડી શકે એમ નથી, એની પાસે અંધારું છે, એવું કંઈક કરી દો ને, થાય સુરજ નહીં તો અજવાળું એને થોડું અજવાળું - આપી દે, કે થોડું અંધારું હોય, થોડું અજવાળું હોય - એ COMPARE કરે, તુલના કરે એ બંને નો અનુભવ કરે. રાત ની એક તક મળે, અંધારું અને અજવાળું એ બંને ને જોઈને પછી રાત, બંનેનો અનુભવ લીધા પછી, અજવાળા ને પસંદ કરી લે ને રાતની કાળાશ મટી જાય, તો એમાં વાંધો શું છે ?

જવાબ એ છે કે આ હોલ છે ને આ હોલની અંદર, એવું કરવામાં આવે અડધામાં અંધારું, અડધામાં અજવાળું, એ શક્ય જ નથી. યા પુરુ અજવાળુ હશે, યા પુરુ - અંધારું હશે, બંને શક્ય જ નથી, એનો આગ્રહ - રાખવો, એનો અર્થ એ છે કે મારે યાત્રા કરવા તો જવું છે પણ, આઠ પગ વાળો ઘોડો મળે તો જવું છે. એ શક્ય જ નથી. અને તમે એવી જીદ લઈ ને બેઠા છો તો એનો સીધો અર્થ એ છે કે તમારે યાત્રા કરવા જવું જ નથી. સુરજ એ સુરજ છે, સુરજ એ અજવાળું છે,

સુરજ બધું જ આપવા તૈયાર છે, શરત એટલી જ કે રાતને એનું છોડવાની તૈયારી હોવી જોઈએ. રાતની છોડવાની તૈયારી નથી, તો સુરજ એ લાચાર છે, ધરાહાર લાચાર છે. ઉજાસ આપણને જોઈએ છે, તો આપણી કાળાશ આપણે છોડવી પડશે. મોક્ષ આપણને જોઈએ છે, તો આપણો સંસાર આપણે છોડવો પડશે.

★ સુરજ એટલે જિનશાસન !

★ સુરજ એટલે જિનઆજ્ઞા !

★ સુરજ એટલે જિનાજ્ઞાના પાલનની દિશામાં આપણને તેના પ્રત્યે ઉપાદેય બુદ્ધિ લાગે, એ તત્ત્વ !

આપણને જ્ઞાન જોઈએ છે. આપણને જ્ઞાન મેળવવામાં કોઈ વાંધો નથી, પણ આપણને જ્ઞાન જોઈએ છે ને એમાં પણ ગરબડ હોય છે. આપણને જ્ઞાન જોઈએ છે, કારણકે આપણે ઉજળા થવું હોય છે. આપણે ઉજળા થવું હોય છે ને, વળી પણ આપણે ઉજળા થવા માટે ઉજળા નથી થવું હોતું, ઉજળા દેખાવા માટે ઉજળા થવું હોય છે. અને ખરા અર્થમાં તો ઉજળા થવું જ નથી હોતું, કારણકે આપણી કાળાશ આપણે છોડવી નથી હોતી. હજુ કાળાશ આપણે સાચવી રાખવી છે, હજુ કાળાશ આપણને મિલકત લાગે છે, હજુ એમ લાગે છે, કાળાશ તો હરગીઝ નથી છોડવી, પણ કાળાશ ને સાચવી ને ઉપર ઉપરથી ઉજળા પણું મળી જતું હોય અને એનાથી આપણું STATUS કાંઈ વધતું હોય, તો એનું પણ આપણને સ્વાગત છે, પણ એના માટે કાંઈ પણ છોડવાની વાત આવે, તો એની તો આપણી હરગીઝ તૈયારી નથી.

જિનશાસન આપણને ઝળહળા કરી દેવા માટે તૈયાર છે. જિનશાસનની એક જ SCHEME છે, તું તારું બધું જ છોડી ને મારી પાસે આવ, હું મારું બધું જ તને આપી દેવા માટે તૈયાર છું. અનંત આત્માઓને જિનશાસને આ વચન આપ્યું છે ને, અનંત આત્માઓ સાથે જિનશાસને આ વચન નિભાવ્યું છે.

જિનશાસન આપણી સાથે પણ આ વચન નિભાવવા તૈયાર છે, શરત એટલી જ, આપણી કાળાશ છોડવાની તૈયારી હોવી જોઈએ. ઉજાસ અઘરો નથી, ઉજાસ મોંઘો નથી, ઉજાસ બહુ જ સહેલો છે, થઈ શકે છે, અનંત આત્માઓનો થયો, તો આપણને ઉજાસ કેમ નહિ મળે. કાળાશ છોડવાની આપણી તૈયારી જ નથી અને આપણે વાત કરીએ કે ઉજાસ મળતો નથી, ઉજાસ જોઈએ છે, એ હકીકતમાં આપણી કાળાશ-કાઢવાની દાનત જ નથી એવું પુરવાર કરે છે. તાત્વિક પ્રીતિ એ ઉજાસ પ્રત્યે આપણને ઉપાદેય બુદ્ધિ સુદ્ધા થઈ નથી. ઉજાસ - ઉજાસ લાગતો જ નથી, કાળાશ જ ઉજાસ લાગે છે.

ઘર, પરિવાર, પૈસો, ધંધો, આ બધું બાહ્ય કાળાશ છે. અજ્ઞાન એ આંતર કાળાશ છે. કાળાશ કાઢવી જ નથી, એનો સીધો અર્થ એ છે, એનો તાત્પર્યાનુવાદ આ છે, કે ઉજાસ જોઈતો જ નથી. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

शुभ्रीभूतान्तरात्मानस्ते सदाचारवर्तिनः।

સદાચાર ક્યારે મળે, ઉજળા પણું ક્યારે મળે ?, જ્યારે કાળાશ જતી રહે. દુનિયાના જેટલા જેટલા ખોટા કામો થાય છે, એ બધાનું મૂળ કાળાશ છે. દુનિયાના જેટલા દુરાચારો છે એનું મૂળ કાળાશ છે. જ્યાં સુધી કાળાશ છે ત્યાં

સુધી ખોટા કાર્યો થતા રહેશે. ચોર એટલા માટે જ ચોર હોય છે, કારણકે રાત ને એની કાળાશ કાઢવી નથી. જુની એટલા માટે જ જુની હોય છે કે, રાત ને એની કાળાશ કાઢવી નથી, દુરાચારી એટલા માટે જ દુરાચારી હોય છે, કે રાતને એની કાળાશ કાઢવી નથી.

આ મનોમંથન આગળ કરીએ. આપણી એક જ ભૂલ આપણને અનંતા ભવો સુધી મોક્ષથી વંચિત રાખે, એવું કામ આપણાથી કઈ રીતે કરી શકાય. રાત એ વિચાર કરે, તટસ્થ રીતે જુએ, કે એની કાળાશ ના આંચળા નીચે કેટકેટલા પાપો ના રાફડા - ફાટયા છે, તો રાતનું મગજ બહેર મારી જાય, પણ એ કાળાશ મારી છે, એને કઈ રીતે છોડી શકાય, આ મુદ્દે રાત અટકી જાય છે.

ઘર, પરિવાર.. વગેરે ની કાળાશ, - અજ્ઞાન ની કાળાશ, અનંતાનંત પાપો એના આંચળા નીચે ઉછરી રહ્યા હોય, પણ આતો મારું અનાદિ-નું અજ્ઞાન, આ મારો વર્ષો નો પરિવાર, આ મારું ઘર, આ મારા પૈસા, આ મારી મિલકત, આને તો કઈ રીતે છોડી શકાય ? અને આ બધી ભાંજગડ-માં ધ્રુવ થઈ શકતો નથી, કે આ જ કાળાશ ની નીચે, ષટ્કાયની ભયંકર વિરાધના થાય છે. આજ કાળાશ ની નીચે, અઢારે પાપસ્થાનકો ધમધમતા હોય, એ મારું આનો આટલો બધો આગ્રહ સારો કે જેનાથી, સારું નું બલિદાન થઈ જાય.

☆ શું મારું એ સારું કરતા ચઢિયાતું છે ?
☆ શું મારું એ સારું કરતા વધુ ઉપાદેય છે ?
☆ શું કાળાશ નું મુલ્ય ઉજાસથી વધારે હોય શકે ?

* શું ઉજાશ ના ભોગે કાળાશ ની પાછળ આખી જિંદગી આપણે ઘસાતા રહીએ, નીચોવાતા રહીએ, એમાં ઔચિત્ય છે ?

એક માણસ હતો, રસ્તા ઉપરથી જતો હતો ગટરમાં પડી ગયો, ત્યાં સુધી વાંધો નથી, ક્ષંતવ્ય છે. એનો ગુનો ના કહેવાય કે એ ગટરમાં પડી ગયો, પડી પણ જવાય. પણ એ બહાર આવીને નહી નાહવાનો - આગ્રહ કરે, કે ના હું નહી નાહું. એ જે ગંદકી લાગી, એ જે ગંદકી મળી એને ઉપલબ્ધિ માને, એનો એવો આગ્રહ હોય કે આ ઉપલબ્ધિ છે. એ ખરડાયેલા - શરીર અને કપડા ને મિલકત માને, કે આ મારી મિલકત છે. આવો આગ્રહ કઈ રીતે ચાલી શકે ? અને આવો એનો આગ્રહ અનેક માટે આફત બની જતો હોય. તો પછી એનો આગ્રહ એ ક્ષંતવ્ય કઈ રીતે બની શકે ?

સભાનો પ્રશ્ન :- સંસારી જીવ પોતાના પરિવાર અને - સંતાનો સાથે ઘેરાયેલો હોય, તો એ શું કરે ? એની ઇચ્છા હોય તો પણ ?, વ્યવહાર ખાતર - પણ બધું જ કરવું પડે એમ હોય, કરી જ જતો હોય, તો એ આ કાદવમાંથી કેવી રીતે બહાર નીકળે ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- પ્રશ્નનો હાર્દ આ છે, કે અમે બંધાયેલા છીએ ને, તમે કહો - આમ થવ ને તેમ થઓ, અમે કઈ રીતે થઈએ, અમે બંધાયેલા, અમે ઘેરાયેલા ! અને અષ્ટાવક્ર ગીતાની અંદર આ સવાલનો જવાબ આપ્યો છે,

मुक्ताभिमानी मुक्तो हि बद्धो बद्धाभिमानी च ।

જે પોતાને બંધાયેલો માને છે, એ બંધાયેલો છે જે પોતાને છૂટેલો માને છે એ છૂટેલો છે. તમે જે માનો છો એ છો. પંચસૂત્ર સ્પષ્ટ કહે છે, પતિ તમારા બંધનનું કારણ

નથી, પત્ની તમારા બંધનનું કારણ નથી, સંતાન તમારા બંધનનું કારણ નથી, તમારું શરીર, તમારી સુજશીલતા, તમારો ધંધો, તમારી ઉઘરાણી આ બધું તમારા બંધનનું કારણ નથી. પંચસુત્ર બહુ સ્પષ્ટ કહે છે,

ममत्वं बंधकारणम् ।

તમારું મમત્વ એ જ તમારા બંધનનું કારણ છે. તમે ઘર પરિવારથી નથી ઘેરાયેલા, તમે મમત્વથી ઘેરાયેલા છો, અને મમત્વથી ઘેરાયેલા હોવાના - કારણે તમે છુટી શકતા નથી. સાચું બોલો અડધી રાતે તમારી આંખ ખુલે ને તમને ખ્યાલ આવે કે ઘર આખું ભડકે બળી રહ્યું છે, તમે ઢંઢોળો છો બધાને, ભાગો.. ભાગો.. ભાગો.. શું થયું છે આ - કોઈ જ ભાગતું નથી, હવે તમારી પાસે બે જ વિકલ્પ છે યા તમે કુદકો મારી ને છુટી જાવ, યા બધા સાથે તમે ય ભડથું થઈ જાવ, સાચું બોલો તમે શું કરો ?, તમારી કોઈ જવાબદારી - નથી પત્ની, દીકરાની ?, કોઈ જ જવાબદારી નહિં ? તમારી ઉઘરાણી બાકી છે, તમારો ધંધો લટકેલો છે, તમારે ઘણા બધા કામો પતાવવાના બાકી છે, તમારા દીકરા- દિકરીના ઠેકાણા પાડવાના છે, બાકી બધી ઘરની જવાબદારી છે. બધું જ છે છતાં તમે એક સેકન્ડ ની અંદર, જો તમે જોઈ લીધું કે કોઈ આવવા તૈયાર નથી, તો મારો કુદકો, મને બચવા દો, નહીં તો હું એ ભડથું થઈ જાવ, આ વાત સાથે નો મતલબ છે આત્મા જાગે છે ત્યારે બધી જ જવાબદારી એ જ ક્ષણે પુરી થઈ જાય છે. આત્મા- જાગે છે ત્યારે ઘર પરિવાર, ઘર પરિવાર રહેતા જ નથી. આત્મા જાગે છે ત્યારે જાણે એક સપનું પુરુ થઈ જાય છે, આત્મા જાગે છે ત્યારે

નાટક ઉપર ભલે એક પડદો પડી જાય છે. આત્મા જાગે છે ત્યારે ભલે આખી જ દુનિયા બદલાઈ જાય છે.

"ભેગી ને જોયું તો જગત દીસે નહિ,
ઊંઘમાં અટપટા ખેલ ભાસે !"

આપણે ઊંઘના અટપટા ખેલની મુંઝવણથી, બળતા ઘરની અંદર મુંઝાયા છીએ. હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

संसारदावानल....

આખો સંસાર છે એ દાવાનળ છે, હજુ તમે એને જોયો નથી, હજુ તમે એને સમજતા નથી. હજુ તમને કંઈક પલ્લે પડ્યું નથી, માટે તમે સંસારમાં બેઠા છો.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

शुभ्रीभूतान्तरात्मानस्ते सदाचारवर्तिनः ।

ઉજ્જ્વળ જેવા જેમના અંતર આત્માઓ થાય, અને સદાચારવર્તી તે જ્યારે બને, જેમની કાળાશ જતી રહી છે. જો દુરાચાર ખરાબ છે તો કાળાશ ખરાબ જ છે. કારણકે કાળાશ એ જ બધા દુરાચારોની "મા" છે. હજુ આગળ વધીને જોઈએ, તો કાળાશ એ પોતે જ સૌથી મોટો દુરાચાર છે. બહુ સરસ મજાની વાત શાસ્ત્રકાર ભગવંતો કહે છે.

अज्ञानं खलु कष्टं रागादिभ्योऽपि सर्वपापेभ्यः ।

રાગ-દ્વેષ વગેરે દુનિયાના બધા જ પાપો ભેગા કરો, એને ત્રાજવાના એક પલ્લામાં રાખો, ને બીજા પલ્લામાં માત્ર અજ્ઞાન રાખો તો અજ્ઞાનનું પાપ વધી જાય છે.

अथ महितं हितं वा न वेत्ति येनावृतो लोकः ।।

જેનાથી આવરાયેલો લોક, જેનાથી આવરાયેલો આત્મા, જેનાથી આવરાયેલો માણસ, જે વસ્તુ એની માટે હિતકારક છે કે અહિતકારક છે, એને સમજી શકતો નથી. સિદ્ધર્ષિ ગણિ-

મહારાજ કહે છે

शुभ्रीभूतान्तरात्मान- स्तेसदाचारवर्तिनः।

સદાચાર નું મુળ કંઈ હોય તો એ ઉજળાપણું છે
વિતરાગ પરમાત્મા સંપૂર્ણ પણે ઉજળા થઈ ગયા હોય છે,
તો એની પાસે સંપૂર્ણ સદાચાર હોય છે. સારા બનવું,
સારું બોલવું, સારું કરવું, સારું વિચારવું, આ બધાના
મુળમાં છે, ઉજળા થવું. જે ઉજળા થઈ ગયા એ
બધું ઉજળું જ કરે, જેઓ કાળા હોય, તેઓ બધું
કાળુ જ કરે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

वन्द्यास्त्रिभुवनस्यापि भूत्वा भावितमानसाः।

એ ઉજળા થયેલા આત્માઓનું પછી આગળ શું થાય?
તેઓ ત્રણે ભુવન, ત્રણે લોક, એને વંદનીય થાય.
તેઓ ભાવિત મન વાળા થાય.

अशेषकल्मषोन्मुक्ताः।

એમની બધી જ કાળાશ, બધો જ કચરો, બધા જ
ડાઘો ધોવાઈને સાફ થઈ જાય. બધા જ કચરાથી
મુક્ત થઈ જાય.

गच्छन्ति परमं पदम्।

અને તેઓ પરમ પદને પામે.

ગામની એક વાડી હતી, વાડીની -
અંદર એક હૉલ હતો, નીચેની રૂમો હતી, ઉપર એક
રૂમ હતી, એની અંદર ઘણા બધા માંડલા પડ્યા હતા.
ચોમાસા પછી ના પહેલા લગ્ન આવ્યા છે. લગ્ન
નજીક આવે છે. અને એ STOCK ROOM ની અંદર
માટલાઓ ની અંદર ઘુસપુસ.. ચરચરી... ઉછળકુદ
ચાલી રહી છે. જમણી બાજુના માટલા છે, કલ્પના
કરે છે કે, બસ હવે લગ્ન આવ્યા જ સમજો, એ
દિવસ આવ્યા જ સમજો. આ દરવાજો ખોલશે,

એમને પ્રેમથી હાથમાં લેવામાં આવશે, એ અમને મરડશે, અમને વિછળશે, અમને કોઈ નળ નીચે મુકી દેશે, અમારામાં પાણી ભરાતું જશે... ભરાતું જશે... ભરાતું જશે... ઓર.. ઓર.. ઓર.. ઓર.. ઓર... ઓર.. ઓર... અમે છલોછલ થઈ જશું. લગ્નની અંદર ભોજનના સ્થાને અમને મુકવામાં આવશે, કેટકેટલા લોકો અમારી પાસે આવશે, અમારી આગળ હાથ ધરશે... ખોબો ધરશે, અમારી પાસેથી પાણીની લ્હાણી થતી હશે, ડાબી બાજુના માટલા છે એ વિચારે છે, મોટા મોટા શેઠિયાઓ-આવશે ને શેઠાણીઓ આવશે ને, અમને ભરતા જ જશે, ભરતા જ જશે... ભરતા જ જશે, ~~[illegible]~~ પાછળના માટલા વિચારે છે અહો અમે ધન્યતા, અહો અમે કૃતકૃત્યતા, અમે કેવા ધન્ય, અમે કેવા કૃતકૃત્ય અમારી કેવી વટ પડશે, અમે આજ કેવા મજશું, અમારી કેવી માહોલ હશે. અમારું કેવું સન્માન હશે, અમારામાં કેવું પાણી ભરવામાં આવશે એક માટલું વરસે પડ્યું હતું, એ તટસ્થ છે, એ ગુપચુપ છે. એ આ બધી ઉછળકુદથી મુક્ત છે. આજે એ ~~[illegible]~~ રેમ, અનેરી ઉર્મીઓથી છલકાઈ રહ્યો છે. અને એ માટલું વગર ઢાંકણે પણ પોતાને બંધ રાખી ને બેઠું છે.

સમય જાય છે ને એ દિવસ આવી-જાય છે, ચીચુડ.. ચીચુડ અવાજ સાથે બારણું ખુલે છે, વાડીનો માણસ અંદર આવે છે, એક પછી એક માટલા ને હાથમાં લે છે ને, મુકતો જાય છે, ટકોરા મારતો જાય છે, મુકતો જાય છે. કોઈક માં તિરાડ છે, કોઈ માં-કાણું છે. બધા જ આશાઓ ઉપર પાણી ફરી વળે છે ને બધા જ માટલા કોરા ધાકોર રહી જાય છે ને, બધી જ રીતે કોરા ધાકોર રહી જાય છે અને પેલું વરસનું માટલું એ છલોછલ ભરાય જાય છે. પૂર્તિ નો વિચાર કરવાની-જરૂર પણ હોતી નથી ને એનો અર્થ પણ નથી હોતો.

પાત્રતા નો જ વિચાર કરવાની જરૂર હોય છે અને એનો અર્થ પણ હોય છે. એ માછલાઓને પાણીનો વિચાર કરવાની કોઈ જરૂર જ ન હતી, એમણે કાંટા નો જ વિચાર કરવાની જરૂર હતી. અને એમણે એ કાંટા નો વિચાર કરી લીધો હોત તો, તો પાણીનો વિચાર કરવાની કોઈ અવકાશ જ ના રહેત. એ માછલીઓ કદાચ ભરાયા જ ના હોત, લગન - કદાચ આવ્યા જ ના હોત, કોઈ એ એમની શિક કરવા પણ લીધા ન હોત, તો માછલાઓ તાત્વિક દ્રષ્ટિ એ પૂર્ણ અને સમ્માનીત હોત, એ એમની અંદર પાત્રતા હોત. હકીકતમાં તો પાત્રતા એ જ પૂર્તિ હોય છે, અને એ જ સમ્માન હોય છે.

वन्द्यास्त्रिभुवनस्यापि ।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહેવા માંગે છે, અજ્ઞાની છે તે, એ વંદન ના વિચાર કર્યા કરે છે, મને વંદન મળે.... વંદન મળે.... વંદન મળે, જ્ઞાની હોય છે એ વંદનીયતા નો વિચાર કર્યા કરે છે, કે મને વંદનીયતા મળે, અજ્ઞાની ને વંદન પ્રાપ્તિ ની ચિંતા હોય છે, જ્ઞાનીને વંદનીયાતાની પ્રાપ્તિની ચિંતા હોય છે. અજ્ઞાની ચિંતા કર્યા કરે છે મને પૂજા મળે.. મળે.. મળે.. મળે... મળે... મારી પૂજા થાય. જ્ઞાની હોય એ પૂજ્યતા ની ચિંતા કરે છે, કે મારામાં પૂજ્યતા પ્રગટી છે કે નહિ. મારામાં પાત્રતા પ્રગટી છે કે નહિ ?

પૂજા ચાહે ગમે તેટલી મળી જાય - પણ એ પૂજ્યતા નથી, તો એ પૂજાનો કોઈ અર્થ જ નથી. પૂજ્યતા વિના પૂજાની આશા કરવી, પૂજાના મનોરથ કરવા એ શેખચિલ્લી ના સપના જેવી વાત છે. પૂજ્યતા વિના પૂજા મળી પણ જાય, ત્યારે ખરા અર્થમાં એ પૂજા નથી હોતી,

ખરા અર્થમાં એ ફૂટેલી હોય છે. જે માટલા કાણાં હોય, એની અંદર કોઈ ભૂલથી પાણી ભરી પણ દે, તો પછી શું થાય ?

वन्द्यास्त्रिभुवनस्यापि भूत्वा भावितमानसाः।

પૂજ્યતા વિના પૂજાનો કોઈ અર્થ નથી. પૂજ્યતા વીનાની પૂજા એ ખરા અર્થમાં ગૌરવનું કારણ નથી. પૂજ્યતા વીનાની પૂજા, એ પ્રાયઃ કરીને જીવને પૂજાથી અને પૂજ્યતાથી - તાત્વિક દ્રષ્ટિએ દૂર લઈ જનારી હોય છે. પૂજ્યતા વિનાની પૂજા, એ કાગડાના ગળામાં મોતી ની માળા હોય છે, જેનાથી કાગડો વધારે ભૂંડો લાગે છે. પૂજ્યતા વિના પૂજા મળી પણ જાય, તો એ તાત્વિક દ્રષ્ટિએ તો, એ જીવ - અપૂજિત જ હોય છે. કારણકે પૂજ્યતા એ જ ખરા અર્થ-માં પૂજા છે.

ખરો સવાલ એ નથી કે મને નમસ્કાર કેટલા મળ્યા, ખરો સવાલ એ છે કે નમસ્કાર લેવાની મારામાં પાત્રતા કેટલી છે. ખરો સવાલ એ નથી, કે મારા ભક્તો કેટલા છે, ખરો સવાલ એ છે કે મારામાં ભક્તિ પાત્રતા કેટલી છે. ખરો સવાલ એ નથી, કે મારી દીક્ષાનો પર્યાય કેટલો થયો. ખરો સવાલ એ છે, કે મારા પર્યાયમાં દીક્ષા કેટલી છે. ખરો સવાલ એ નથી, કે મારા પ્રવચનમાં કેટલા લોકો આવ્યા, ખરો સવાલ એ છે કે મારા પ્રવચનની અંદર, પ્રવચન કેટલું હોય છે. મારું પ્રવચન એ પ્રવચનમાં હોય છે કે નહિ. ખરો-સવાલ એ નથી કે મારા શિષ્યો કેટલા છે, ખરો સવાલ એ છે કે મારામાં ગુરુત્વ કેટલું પ્રગટ્યું છે કે નથી પ્રગટ્યું ? ખરો સવાલ એ નથી, કે મારી નિશ્રામાં ઉપજ કેટલી થઈ, ખરો સવાલ એ છે, કે મારા આત્માનું કેટલું ઉપજ્યું. ખરો સવાલ એ નથી, કે મને વિદ્યા મળી કે નહી, ખરો સવાલ એ છે કે મારામાં વિનય કેટલો છે. ખરો સવાલ એ નથી, કે મારી સાથે કોઈ -

મહોત્સવ થયો કે નહીં ? જરૂરી સવાલ એ છે, કે મારી પાસે જે સંયમ યોગો છે એ મને મહોત્સવ લાગે છે કે નહિ ? જરૂરી સવાલ એ નથી, કે મારો લોચ સુખરૂપ થઈ ગયો કે નહિ ? જરૂરી સવાલ એ છે, કે હજુ મારો દેહાધ્યાસ ઘટ્યો છે કે નહિ ?

वन्द्यास्त्रिभुवनस्यापि ।

મેં વંદ્યત્વ આવી ગયું, તો ત્રિભુવન વંદનીયત્વ- આવી જ જવાનું છે. ત્રિભુવનના વંદન આવી જ જવાના છે, ને મેં વંદ્યત્વ નથી આવ્યું તો આમ દેખીતી રીતે વંદન થઈ પણ રહ્યા હોય, એ હકીકત- માં મારા વંદન નથી, પણ મારી કફનીને છે.

જરૂરી સવાલ એ નથી કે પરિવાર- તમારું માને છે કે નહિ, દીકરો માને છે કે નહિ, વહુ માને છે કે નહિ, પત્ની માને છે કે નહિ, જરૂરી સવાલ એ છે કે તમે દેવ-ગુરુનું માનો છો કે નહિ ? જરૂરી સવાલ એ નથી કે તમારું વજન પડે છે કે નહિ, જરૂરી સવાલ એ છે, કે તમે શેને વધારે વજન આપો છો. જરૂરી સવાલ એ નથી કે તમારી તબિયત સારી છે કે નહિ, જરૂરી સવાલ એ છે, કે હજુ સુધી તમારી આત્મ દ્રષ્ટિ ઉઘડી છે કે નહિ, જરૂરી સવાલ એ નથી, કે તમે કેટલા રૂપિયાના આસામી છો. જરૂરી સવાલ એ છે, કે આત્મિક ઐશ્વર્ય ની દિશામાં, આત્મ વૈભવને પામવાની દિશામાં, તમે બે ડગલા પણ ચાલ્યો છો કે નહિ ?

वन्द्यास्त्रिभुवनस्यापि भूत्वा भावितमानसाः ।

ત્રણે ભુવનના વંદનીય તે જીવો બને છે, જેઓ ઉજળા થાય છે. જેઓ ઉજાસ અપનાવે છે.

મંગળવાર

DATE 05 01 2021

ભૂત્વા ભાવિતમાનસાઃ।

તેઓ ભાવિત મનવાળા થાય છે. તેઓ ખરા અર્થમાં પૂજાને પાત્ર બને છે. તેઓ ખરી પૂજા પામે છે. કારણકે તેઓ પૂજ્ય બન્યા હોય છે. બહુ સરસ મજાની વાત આનંદઘનજી મહારાજ, વાસુપૂજ્ય સ્વામી ભગવાનના સ્તવનમાં કરે છે, "

"પૂજના તો કીજે બારમા જિનતણી,
જસ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ "

બારમા જિનેશ્વરની પૂજા કરો. શા માટે પૂજા કરવી. પૂજા કરવાનું કારણ શું ? પૂજા કરવાનું ફળ શું ? પૂજા કરવાનું ઉદ્દેશ્ય શું ? લક્ષ્ય શું ? રહસ્ય શું ? અને એક જ નાની પંક્તિ ની અંદર, આનંદઘનજી મહારાજ એનો જવાબ આપી દે છે.

જસ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ !

જેમની પૂજા કરો, કારણકે એમનામાં પૂજ્ય સ્વભાવ - પ્રગટ્યો છે. પૂજ્ય સ્વભાવનું પ્રાગટ્ય, એ જ નિશ્ચય પૂજાની પ્રાપ્તિ છે. વ્યવહાર પૂજા, વ્યવહાર વંદન, વ્યવહાર સન્માન, વ્યવહાર પદ, તમને અને મને અનંતવાર મળી ગયા છે. પણ એમાં આપણું કશું જ વળ્યું નથી. આપણી બહુ મોટી કમનસીબી આ છે કે, હજુ આપણને વ્યવહાર-પૂજા, વ્યવહાર વંદન, વ્યવહાર સન્માન, અને વ્યવહાર પદ-જ જોઈએ છે, એના પ્રત્યે જ ઉપાદેય દ્રષ્ટિ છે, નિશ્ચયિક પૂજા વગેરે પ્રત્યે આપણી ઉપાદેય દ્રષ્ટિ પણ નથી. હજુ એ આપણું લક્ષ્ય જ નથી બન્યું, એ જ આપણી મોટી કમનસીબી છે.

વન્દ્યાસ્ત્રિભુવનસ્યાપિ ભૂત્વા ભાવિતમાનસાઃ।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, ત્રણે ભુવને વંદનીય એ થાય છે, જેમને ઉપદેશ મળ્યો, જેમનું મન ભાવિત બન્યું જેમની કાળાશ નીકળી ગઈ, વંદ્યત્વ એ નિશ્ચય વંદન છે.

ખંધક મુનિ ક્ષપકશ્રેણિની ધારે ચડ્યા, કેવળજ્ઞાન પામ્યા, મોક્ષ પામ્યા, દેવોએ દુંદુભિ વગાડી હોય, ઢોલ વગાડ્યાં હોય, રાસડા લીધા હોય, લાખો.. કરોડો.. અબજો કે અસંખ્ય દેવો ભેગા થયા હોય, એમનો મોક્ષોત્સવ-કર્યો હોય, એમને વંદન કર્યા હોય આવી કોઈ જ ઘટના બની નથી. આતો લોહી ઝરતી મુહપત્તિ આવી, રાજમહેલમાં પડી, રાણીના મેધામાં આવી, અને ખબર પડી કે આવી આવી ઘટના બની છે, જો દેવો એ મહોત્સવ કર્યો હોત તો આ મુહપત્તિની રાહ ના જોવી પડત! અને છતાં ખંધક મુનિ ત્રૈલોક્ય-વંદનીય હતા, કારણકે, એમનામાં વંદનત્વ પ્રગટ્યું હતું, પછી કોઈ વંદન કરે છે કે નથી કરતું, એનાથી કોઈ જ ફરક પડતો નથી. કોઈ દેવો એ પણ એમને વંદન ન હતા કર્યા, અહીંયાના પણ કોઈ રાજા-મહારાજા, શ્રેષ્ઠી ઓ આવ્યા ને એમને વંદન કર્યા, ચરિત્ર ગ્રંથો ની અંદર આવી વાત ક્યાંય આવતી નથી. હજુ આગળ વધી ને કોઈ રડ્યો-ખડ્યો માણસ પણ એ સમયે એમને વંદન કરી ગયો હોય, આવી કોઈ ઘટના આવતી નથી. ખંધક મુનિ સાથે જે થયું છે એ જ મેતારજ મુનિ સાથે થયું છે, એ જ ખંધકસૂરીના પાંચસો શિષ્યો સાથે થયું છે, એ જ ગજસુકુમાલ સાથે થયું છે, વ્યવહાર વંદન થાય જ, આવો કોઈ જ એકાંત હોતો નથી, નિશ્ચય વંદન થયા વગર રહે જ નહિ, આવો એકાંત સો ટકા હોય છે.

હજુ બાહ્ય પ્રીતિ છે આપણી, હજુ મોક્ષ આપણને વંદન નથી લાગતા, કેવળજ્ઞાન-આપણને વંદન નથી લાગતું, ક્ષપકશ્રેણિ આપણને વંદન નથી લાગતું, સાધના આપણને વંદન નથી

મંગળવાર

DATE 05 01 2021

લાગતી, જે સ્વભાવનું પ્રાગટ્ય એ વંદન નથી લાગતું, આ જ આપણી બાલીશતા છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહેવા માંગે છે કે, દુનીયા વંદે કે ના વંદે, ત્રૈલોક્ય વંદનીયતાનો સ્વભાવ આવી ગયો, એ જ મોટા વંદન છે ને આખી દુનિયા વંદન કરતી હોય, પણ વંદનીયતા નથી આવી એ વ્યક્તિ મરીને સાતમી નરકમાં પણ જતી હોય છે, હવે તમે જ નક્કી કરો કે તમારે દુનિયાની સાથે મેળું છે કે અંતરના ઉજાસની સાથે મેળું છે!

બહુ મનોમંથન કરો, જ્યાં સુધી અજ્ઞાન-નહીં જાય, જ્યાં સુધી કાળાશ નહિ જાય, જ્યાં સુધી અંદરની આંટીઘૂંટીઓ બધી જશે નહિ, એક જીદ છે, કદાગ્રહ છે, સંસાર તો ના જ છોડું, ધંધો તો ના જ છોડું, પૈસા-તો ના જ છોડું, પરિવાર તો ના જ છોડું. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે તું આ એક નક્કી કરી લે છે ને પછી ઉજાસ અને કાળાશ સાંભળવા આવે છે ને, એટલે તારું ઠેકાણું નથી પડતું. તું એ ટેક ઉપર આવી જા, તું એ ભૂમિકા ઉપર આવી જા કે જે સારું હોય એ મારે કરવું છે. આટલું આટલું નક્કી કરી લેવું પહેલાથી ને એમાં બંધાઈ ને આગળનું વિચારવું, આમાં તું કદી પણ સાચું ને સારું નહિ વિચારી શકે. આમાં તું કદી તારા હિતનું નહી વિચારી શકે. NEUTRAL બની જા,

મધ્યસ્થ બની જા,

બખ્તરની બહાર નીકળી ને બખ્તર ને જો, ને મધ્યસ્થ-રીતે વાસ્તવિકતા નો અભ્યાસ કરી ને, તારા આત્માનું જે રીતે હિત થાય, એ વસ્તુ અપનાવવાનું સત્ત્વ તું દાખવીશ, તો જ તારું હિત થશે, માત્ર વાતો કરવાથી ને વાતો સાંભળવાથી, કોઈનું હિત થયું નથી, કોઈનું હિત થવાનું નથી. આટલો સમય થયો છે, આટલું રાજીએ

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

બુધવાર

## વ્યાખ્યાન નંબર - ૧૧૭

DATE 27 01 2021

આજથી લગભગ એક હજાર ને સોળ વર્ષ પહેલા, વિદ્યમાન સમગ્ર સંસ્કૃત સાહિત્ય, એમાં શિરમોર કક્ષાનો એક ગ્રંથ લખાયો, ઉપમિતિ ભવ પ્રપંચ કથા. ઉપમિતિ એટલે ઉપમા, ભવ એટલે સંસાર, પ્રપંચ એટલે વિસ્તાર, કથા એટલે ઈતિહાસ, વાર્તા, વૃતાંત, પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, એમના અંતરમાં ઉભરાતો કરુણાનો મહાસાગર, એમણે મથેલો સંસાર, જેને એ મહાપુરુષ ને સમજાવ્યું કે જ્યાં સુધી આ સંસાર ઓળખાતો નથી, ત્યાં સુધી સંસારનો અંત આવતો નથી.

અનેકાનેક શાસ્ત્રો છે, શાસ્ત્રો ની કોઈ કમી નથી, પણ એવું એક શાસ્ત્ર જે બધું જ સમજાવી દે, એવું એક શાસ્ત્ર જે અંદર માં - અસ્થિ-મજ્જા કરી દે, એવું એક શાસ્ત્ર જે દ્રષ્ટિ બદલી દે, એવું એક શાસ્ત્ર, જે દુનિયા બદલી દે. એવું એક શાસ્ત્ર જે જીવની અનાદિની ભ્રમણા ઓ-ને ભાંગી દે.

* એવું એક શાસ્ત્ર જે આત્માની અંજનશલાકા બની શકે!
* એવું એક શાસ્ત્ર જે આત્માની મોંઘી પ્રતિષ્ઠા બની શકે!
* એવું એક શાસ્ત્ર જે આત્મગુણોની નવ્વાણું યાત્રા બની શકે!
* એવું એક શાસ્ત્ર જે આત્મ પરિણતિનું ઉપધાન તપ બની શકે!
* એવું એક શાસ્ત્ર જે આત્માનું મહાતીર્થ બની શકે!
* એવું એક શાસ્ત્ર જે આત્માની અષ્ટપ્રકારી પૂજા બની શકે!
* એવું એક શાસ્ત્ર જે આપણો આમૂલચૂલ જીર્ણોદ્ધાર કરી શકે!
* એવું એક શાસ્ત્ર, જે સમભાવની સામાયિક બની શકે!

બુધવાર

DATE 27 01 2021

★ એવું એક શાસ્ત્ર જે આત્મપુષ્ટિકર પૌષધ બની શકે !

★ એવું એક શાસ્ત્ર જે આત્માનું ભોજન બની શકે !

★ એવું એક શાસ્ત્ર જે આત્માના ફેફસાનો OXYGEN બની શકે !

★ એવું એક શાસ્ત્ર જે આત્માના કાનોની અંદર અમૃત સિંચન બની શકે !

★ એવું એક શાસ્ત્ર, જે આત્માને અંદરથી સ્પર્શી શકે !

★ એવું એક શાસ્ત્ર, જે આખા ભુવનને મહેક મહેક કરી શકે !

★ એવું એક શાસ્ત્ર, જગ જેને સાંભળીને આફરીન પોકારી જવ !

★ એવું એક શાસ્ત્ર, જે આપણી બધી સમસ્યાઓનું સમાધાન બની જાય !

★ એવું એક શાસ્ત્ર, જેનાથી આપણી અનાદિની યાત્રાને, ભવભ્રમણને U-TURN મળે !

★ એવું એક શાસ્ત્ર, જે આપણા બધા જ નરકના-દરવાજા ઉપર તાળા લગાડી દે !

★ એવું એક શાસ્ત્ર, જે આપણી નિગોદની જેલને જુદની જેલમાં પુરી દે !

★ એવું એક શાસ્ત્ર, જેનાથી ૮૪ લાખ યોનિઓ, આંખો ફાડીને જોતી રહે, અને આપણો આત્મા ટૂંક સમયમાં મોક્ષે પહોંચી જાય !

વિશ્વની કોઈ અજાયબી હોય તો એ ઉપમિતિ શાસ્ત્ર છે.

વિશ્વની ખરી કોઈ વિભૂતિ હોય, સંપત્તિ હોય, વૈભવ હોય, તો એ ઉપમિતિ શાસ્ત્ર છે.

ઉપમિતિ મળી એને બધું જ મળ્યું, ઉપમિતિ નથી મળી, એને કશું જ નથી મળ્યું. અંતરંગ વિશ્વનો સાક્ષાત્કાર કરવા માટે, અંતરંગ વિશ્વના પાત્રોને ઓળખવા માટે, મોહરાજની આંટીઘુંટીઓ ને સમજવા માટે, બાહ્ય ભુવન સાથે આંતરિક ભુવન જે ચાલી રહ્યું છે, એહના

રંગમંચ ઉપર જે નાટક ભજવાઈ રહ્યું છે, એને સમજવા માટે, સેંકડો ને હજારો ગ્રંથો માંથી, સર્વોત્કૃષ્ટ સંસ્કૃત ગ્રંથ કોઈ હોય, તો એનું નામ છે ઉપમિતિ-ભવ પ્રપંચ કથા. આ કોઈની કથા નથી, આ આપણી-જ કથા, આપણી જ દાસ્તાન, આપણો જ ઈતિહાસ, નથી સમજ્યા ત્યાં સુધી એ ઈતિહાસનું પુનરાવર્તન થયા કરશે, ફરી ફરી ધુળ નરકે જશે, ફરી ફરી નિગોદ-માં જશે, ફરી ફરી ભવભ્રમણ કરશે, ફરી ફરી-દુઃખી.. દુઃખી થતો રહેશે.

મૌન છે ને, એને તોડવા માટે કોઈ હથોડા ના લાવવાના હોય, મૌનને તોડવું છે બીજું-કશું જ નથી કરવાનું, તમે ફક્ત મૌન નો ઉચ્ચાર-કરો મૌન, અને મૌન તૂટી જાય. સંસારનો અંત કરવા માટે જરૂરી એટલું જ છે. સંસારને સમજો, તમે સંસારને સમજ્યા, એટલે સમજ આવી ગઈ હવે, સંસાર પતી ગયો.

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ-મહારાજ, મોહ વિલય ઉદ્યાનની અંદર, એક-ઘટનાનું * શબ્દચિત્ર કરી રહ્યા છે. પ્રતિબોધક-નામના આચાર્ય, વૃક્ષની નીચે બિરાજમાન છે, હજારો-હજારો ની વિરાટ સભા છે, અને એ સભાની અંદર, પ્રતિબોધક આચાર્ય, જીનવાણીનું અમૃત વહાવી રહ્યા છે.... વહાવી રહ્યા છે.... વહાવી રહ્યા છે!

વ્યાખ્યાન શબ્દ, આને કદાચ આપણે
(1) DEVALUATE કરતા હોઈએ, PROGRAM હોય તો લાગે કંઈક છે, કાર્યક્રમ હોય તો લાગે કાંઈક છે, ઢોલ વાગે તો એમ લાગે કે બાજી જઈએ, અમ-

બુધવાર

DATE 27 01 2021

મન હોય તો ખરેખર લાગે કે આજે જઈએ, જિનશાસનનું સર્વોત્કૃષ્ટ ધમ..ધમ, સર્વોત્કૃષ્ટ ઉપ..ઉમ, ઉત્કૃષ્ટ-પ્રોગ્રામ, સર્વોત્કૃષ્ટ આયોજન કંઈ હોય તો એ જિનવાણી નો વિનિયોગ છે, વ્યાખ્યાન છે, પ્રવચન છે.

અનંત તીર્થંકરોનો આ જ માર્ગ છે. હું તમને પૂછું કે દરેક તીર્થંકરની દેશના વખતે, દરેક તીર્થંકર, એક આદિનાથ ભગવાન લો, મહાવીર સ્વામી ભગવાન લો, સંપૂર્ણ એમની કેવળજ્ઞાન પર્યાય, એક-લાખ પૂર્વ. આદિનાથ ભગવાનની કેવળજ્ઞાન પર્યાય, એમાં માત્ર એક હજાર વર્ષ છદ્મસ્થ અવસ્થાના બાદ કરવાના. ત્રીસ વર્ષ જેટલો મહાવીર સ્વામી નો કેવલી પર્યાય, રોજ એક-એક પ્રહર ભગવાને સવારે ને સાંજે દેશના આપી છે. રોજની લગભગ છ-છ કલાક ની ભગવાન ની દેશના. દેવતા-ઓ સમવસરણ કરે, એ દેવતાઓનો વિષય, ભગવાનને-કંઈ જ ફરક પડે નહિ. ભગવાન શું કરે છે ? વ્યાખ્યાન આપે છે. અનંત જીવો કઈ રીતે મોક્ષે ગયા ? જિનશાસન-ની પરંપરા કઈ રીતે આગળ ચાલી, મોહરાજ ને તમાચો કઈ રીતે મારવા મળ્યો, કઈ રીતે કર્મો સાથે સંગ્રામ ખેલાવીને જીવો, મોક્ષે જતા રહ્યા, એના મૂળમાં બીજું શું છે ? સિવાય જિનવાણી નો વિનિયોગ ! એક પ્રશ્ન તમને કરું-તીર્થંકર જ્યારે જ્યારે દેશના આપે, ત્યારે સમવસરણ-હોય જ એવો નિયમ ખરો ? કોને ખબર છે ! શાસ્ત્રકાર ભગવંતો એ ખુલાસો કર્યો છે, તીર્થંકર ભગવંતો પણ જ્યારે જ્યારે દેશના આપે ત્યારે સમવસરણ હોય જ એવું જરૂરી હોતું નથી. ઔપપાતિક વગેરે આગમ સૂત્રોની અંદર, ભગવાન વિહાર કરીને પધાર્યા, ભગવાન ત્યાં-સમવસર્યા, ભગવાન ત્યાં બિરાજમાન થયા, સમવસર્યાનો અર્થ એ નથી, કે સમવસરણમાં આવ્યા. સમવસર્યાનો અર્થ છે પધાર્યા. સમવસર્યા નો અર્થ છે એ ગામમાં-

નગરમાં, ઉદ્યાનમાં પધારીને, ત્યાં જે યોગ્ય ભૂમિ, ત્યાં ભગવાન બીરાજમાન થયા, એનો અર્થ છે, સમવસર્યા ! શાસ્ત્રોની અંદર તીર્થંકર ભગવંતો સિવાય પણ જે, સ્થવીર ભગવંતો, આચાર્ય ભગવંતો, મુનિ-ભગવંતો, એમના માટે પણ આવા શબ્દોના પ્રયોગો એવા મળે. દેવતાઓ એ સમવસરણ બનાવે તો-ભગવાન એની અંદર દેશના આપે. જરૂરી નથી કે રોજે રોજ સમવસરણ બને જ. એવું પણ બને કે આજે સમવસરણ નથી, ભગવાન ક્યાં બિરાજમાન થાય છે, ક્યાં બિરાજ્યા છે, ઔપાતિક વગેરે આગમ સુત્ર કહે છે.

પુઢ્વીસિલાપટ્ટક

એક પૃથ્વી શિલા પટ્ટક એક લાંબી પટ્ટી જેવો શિલા નો ભાગ. શિલા વિશિષ્ટ હોય, કારણકે વિશિષ્ટ પુણ્યશાળી ને ઉપયોગમાં આવવાની હોય. પણ-છતાં પણ, સમવસરણ વગર પણ ભગવાન રહે, સમવસરણ વગર પણ દેશના આપે. અને દેવછંદાની અંદર જ રહે એવું ના હોય, ઉદ્યાનની અંદર પૃથ્વી શિલા પટ્ટક ઉપર પણ, ભગવાન બિરાજમાન થાય !

સભાનો પ્રશ્ન :- અષ્ટ પ્રાતિહાર્ય સાથે હોય એવું હોય છે

પૂજ્યશ્રીનો ઉત્તર :- અષ્ટ પ્રાતિહાર્ય માટે નિયમ છે કે ભગવાનને કેવળજ્ઞાન થયું, એટલે અષ્ટ પ્રાતિહાર્ય હાજર થઈ જવાનું, એને નિર્વાણ સુધી સાથે રહેવાના. સમવસરણ ની અંદર જ નહિ, પૃથ્વી શીલા પટ્ટક સાથે જ નહિ, વિહારની અંદર પણ, અષ્ટ પ્રાતિહાર્ય ભગવાનની સાથે ને-સાથે રહેવાના.

પણ સમવસરણ માટે આ નિયમ નથી. સોનાનું સિંહાસન, સ્ફટિકનું સિંહાસન, અષ્ટપ્રાતિહાર્યો, સાથે ને સાથે રહેશે. અશોકવૃક્ષ સાથે ને સાથે રહેશે. ભામંડળ સાથે ને સાથે રહેશે, દિવ્ય ~~ધ્વનિ~~ ધ્વની, સુર પુષ્પ વૃષ્ટિ, જ્યાં ભગવાન હશે, એક ક્ષણ માટે પણ ભગવાનથી વિછુટા - નહિ પડે. પણ સમવસરણ માટે આ નિયમ નથી.

સમવસરણ એટલે ત્રૈલોક્યની સર્વોત્કૃષ્ટ લક્ષ્મી, સમવસરણ એટલે સર્વોત્કૃષ્ટ PROGRAM, - સમવસરણ એટલે તમારી કલ્પના અટકી જાય એની આગળ ની દુનિયા, સમવસરણ એટલે જુઓ ને શબ્દો બધા અટકી જાય ને મંત્રમુગ્ધ થઈ જાય, એવી ખાસી ઘટના. પણ સમવસરણ પણ ગૌણ હોય છે. સમવસરણ જેના માટે છે, એ જિનવાણી મુખ્ય હોય છે. ઠમ ઠમ અને ભમ ભમ આપણને જ્યારે જિનવાણી કરતા વધારે મહત્વના લાગે છે, જિનવાણી છે તો એટલો ઉલ્લાસ નથી, ઠમઠમ અને ભમ ભમ છે તો આપણને પુરો ઉલ્લાસ છે, જ્યારે આપણી આવી પરિસ્થિતિ હોય છે ને, આ પણ જિનવાણીની એક પ્રકારની સુક્ષ્મ આશાતના હોય છે. બહુ પ્રેમથી તમને કહું, કે એવા દિવસો આવે એની આગળ ડાહ્યા થવા જેવા નહી, કે ભાઈ તું રોજ નથી આવતો ને આજે આવે. આશાતના થાય, અપેક્ષા, દ્રષ્ટિકોણ, POINT VIEW સમજવાનો પ્રયાસ કરજો. ~~બાળ~~ બાળ કોઈ જીવ જે રીતે પણ આવે, એ રીતે પણ એનું કલ્યાણ થાય કોઈ વાંધો નથી. પણ ક્યાં સુધી આપણે બાળ જીવ રહેશું ? કાર્યક્રમ, PROGRAM, ATTRACTION, DECORATION, MUSIC, જમણવાર, HI-FI જમણવાર, આ બધું જોયું છે. જિનવાણી, પ્રવચન, ભગવાનના શબ્દો આ ઘરેણું છે. જોયું હોય તો અમે જઈએ, ઘરેણા થી અમને મતલબ નથી. આવું જે બોલે એ મંદ બુદ્ધિ કહેવાય, બાળ મગજ કહેવાય,

બુધવાર

DATE 27 01 2021

બાળક કહેવાય, જોબુ મળે કે ના મળે બીજાનું મુલ્ય નથી, મુલ્ય ઘરેણાનું છે, અને એ ઘરેણું જ મળે છે, તો બોખું મળે છે કે નહિ એનાથી કોઈ જ ફરક પડતો નથી.

મોહવિજય ઉદ્યાન, એક શબ્દચિત્ર નજર-સામે લાવવાનો પ્રયાસ કરીએ, અને શબ્દ ચિત્ર, ભાવ-ચિત્ર, વાસ્તવ ચિત્ર બનવા જઈ રહ્યું છે, એની-અનુભૂતિ કરવાનો પ્રયાસ કરીએ. ફુલાણા મહાત્માનું વ્યાખ્યાન છે આપણે આવું કહી દઈએ. હું કહું છું, આગળ વધો, જ્યારે નાનામાં નાના મહાત્માની અંદર અનંત તીર્થંકરોનું પ્રતિનિધિત્વ આપણને દેખાશે ત્યારે આપણે જિનવાણી નો ખરો આદર કર્યો હશે. તમને સમાચાર મળ્યા, આજે PROGRAM છે, જબરજસ્ત DECORATION, જબરજસ્ત જમણવાર, પચાસ ITEM જમણવારમાં રહેવાની છે, એક ડીશ એક એક હજાર રૂપિયાની છે, પાછા બહાર નીકળો એટલે વજનદાર ક્વર મળવાનું છે. તો જે FEELINGS કોઈપણ NORMAL વ્યક્તિ ને આવા આમંત્રણ થી થાય, એના કરતા અનેકગણી FEELINGS તમને ત્યારે થાય, કે જ્યારે તમને સમાચાર મળે કે, આજે સંઘમાં વ્યાખ્યાન છે.

વિશિષ્ટ પ્રવચનકાર હોય, વિશિષ્ટ-પુણ્યશાળી મહાત્મા હોય, એ પધારવાના હોય, એમનું વ્યાખ્યાન હોય, અને આનંદ થાય, એની પણ હું-વાત નથી કરતો. બસ એક સીધા સાદા મહાત્મા છે, એવું કોઈ એમનું નામ નથી, એવી કોઈ પ્રસિદ્ધિ નથી, એવું કોઈ HI-FI જેને તમે કહો, એવું કોઈ વ્યાખ્યાન નથી, બહુ બેઝિક, સરળ, સીધા-સાદા મહાત્મા, અને એ મહાત્મા પોતાની શૈલીની

અંદર, જિનવાણી આપવાના છે. તમે આટલા સમાચાર -
મળ્યા, મહાત્મા આજે પધાર્યા છે ને વ્યાખ્યાન છે.
વ્યાખ્યાન તમને દસ હજારની DISH લાગે, એ જિનવાણી
નું બહુમાન છે. વ્યાખ્યાન તમને દોઢ કરોડનું DECORATI-
ON લાગે, એ જિનવાણીનું બહુમાન છે. વ્યાખ્યાન -
તમને આખા વિશ્વના શ્રેષ્ઠ કક્ષાના સંગીતકારો, જેઓ
બે બે કલાકના પચ્ચીસ લાખ રૂપિયા લે, એવા સંગીતકારો
એમની હારમાળા ભેગી થવાની હોય, એના કરતા વધારે
લાગે, કે આજે વ્યાખ્યાન છે, એ જિનવાણીનું બહુમાન
છે.

આપણી ફરીયાદ હોય છે, સાહેબ આટલું -
સાંભળીએ છીએ, જિનવાણીની અસર કેમ થતી નથી. હું
તમને કહું છું, તમારી પાસે BACKGROUND નથી,
તમારી પાસે ભૂમિકા નથી, તમારી પાસે પરિણતિ નથી,
તમારી પાસે દ્રષ્ટિ નથી, કે કઈ દ્રષ્ટિથી આપણે
વ્યાખ્યાન ને એવું જોઈએ. ઉપાશ્રયનો હોલ ક્યારે -
આપણને સમવસરણ લાગશે, હજારની, પાંચ હજારની -
દસ હજારની, ડીશ - જિનવાણીના એક એક શબ્દની સામે
ક્યારે ધૂળ બરાબર લાગશે. પાટ એ પ્રાતિહાર્ય લાગશે.
દેશના દાતા, જ્ઞાન દાતા, આપણને ક્યારે તીર્થંકર લાગશે
એટલે શબ્દો કાનમાં પડે ને અમૃતનો વરસાદ થતો હોય.
આવું ક્યારે આપણને લાગશે, તન્મય થઈ ગયા, પાગલ
થઈ ગયા, ખોવાઈ ગયા, કેવા છીએ, કઈ અવસ્થામાં
છીએ, બધું જ ભૂલી ગયા, ડુબી ગયા, જિનવાણીની
અંદર, આત્માના પ્રદેશે પ્રદેશે જિનવાણીનો શીતળ -
સ્પર્શ અનુભવાય, શબ્દે શબ્દે આંખો ભીંજાય, રોમ-
રોમ ટંકાર થાય, સર્વમંગલ થઈ ગયું હોય, આપણને
હલબલાવવા પડે, ચાલો ભાઈ હવે પુરું થયું અને
આપણું અંતર બોલતું હોય કે ના, હવે તો શરૂ થયું છે.
હજી વ્યાખ્યાનો સાંભળવાની, બહુ ઉંચા પદાર્થો સાંભળવાની

નવું નવું મળે, બસ નવું નવું, ઓર નવું, ઓર નવું, ઓર નવું મળે, બહુ ઉંચા મહાત્મા આવે, બહુ-HI-FI વ્યાખ્યાન હોય, બહુ ઉંચા ને જબરદસ્ત પદાર્થો હોય, આની આપણને જરૂર નથી. બહુ-ઉંચી પરિણતિ, બહુ HI-FI પાત્રતા, ઉત્કૃષ્ટ-કક્ષાનો ભાવોલ્લાસ, આની આપણને જરૂર છે. ઘણા તીર્થંકરોની દેશના આપણે સાંભળી ચૂક્યા, કશી ખામી ન હતી, કોઈ કમી ન હતી, DECORATION કહો, માહોલ કહો, સુગંધ કહો, દ્રશ્ય કહો, વાતાવરણ કહો, પરાકાષ્ઠા નો માહોલ, અને તીર્થંકરની દેશના ખળખળ વહેતી હોય, ત્રણે લોકમાં તાકાત નથી કોઈની એના કરતા વધારે સારી દેશના, સારું વ્યાખ્યાન આપી શકે.

તીર્થંકરની દેશના અને હું અનંતવાર સાંભળી ચૂક્યા!

આપણે ત્યાંથી પાછા આવ્યા, આપણે આપણા સંસારનું ગાડું ગબડાવવામાં રહ્યા, આપણે મરીને દુર્ગતિમાં પહોંચી ગયા. આપણને કોઈ જ ફાયદો ન થયો. આપણને ફાયદો HI-FI માહોલથી થાય એવું નથી, એ વ્યાખ્યાનથી થાય એવો પણ એકાંત નિયમ નથી. એકાંત નિયમ એ છે, આપણી HI-FI-પાત્રતા, એનાથી આપણું કલ્યાણ થવાનું!

જે અનંત તીર્થંકરો થી નથી થયું, સાવ સીધા, સાદા, નાના, મહાત્માના વ્યાખ્યાનથી, સાંભળતા __ સાંભળતા જ કેવળજ્ઞાન થઈ જાય, એવી પણ શક્યતા છે, પણ એ નથી થતું એનું કારણ એ છે, આપણી પાસે પાત્રતા નથી. મને ઘણી વાર વિચાર આવે, શા માટે પ્રવચનની જાહેરાત સાથે મહાત્માનું નામ લખવું પડે? શા માટે

વિષય લખવી પડે ? શા માટે ? હજુ આમ થોડી વ્યાર-દેવી પડે કે ભાઈ, ખાસ આવશે.. આવશે.. આવશે.. આવું વ્યાખ્યાન છે, આવું વ્યાખ્યાન છે WHY ?
આમનું વ્યાખ્યાન છે WHY ?
વ્યાખ્યાન છે વાત પુરી થઈ ગઈ, WHY NOT ! આવું શા માટે નહિ ? કારણકે આપણે વ્યાખ્યાને DEVALUE-ATE કર્યું છે. ના સાહેબ નામ તો લખવું પડશે આપનું એમ તો નહિ ચાલે. બહુ સરસ મજાની વાત, નરસિંહ-મહેતાએ કરી છે,

" પ્રેમ રસ પાને તું મોરના પીંછધર,
તત્વ નું ટીપણું તુચ્છ લાગે ! "

મોરપીંછ ધર, ગીરધર ભગવાન શ્રી કૃષ્ણને, નરસિંહ-મહેતા કહે છે, તત્વના ટીપણા અમને તુચ્છ લાગે છે, HI-FI તત્વોની વાત, ઉંચા ઉંચા પદાર્થો, અમને-વધારે જરૂર તત્વના ટીપણાની નથી, અમને વધારે-જરૂર પ્રેમ-રસની છે. અમે ગોપી બની જઈએ, અમે રાધા બની જઈએ, અમે પાગલ બની જઈએ, અમે-ખોવાઈ જઈએ, અમે તન્મય બની જઈએ, અમે ભીના-ભીના બની જઈએ. અમે અમે મટી જઈએ. અમે તમે બની જઈએ, બસ આટલું જ જોઈએ છે.

" પ્રેમ રસ પાને તું મોરના પીંછધર,
તત્વ નું ટીપણું તુચ્છ લાગે ! "

પ્રભુ તત્વજ્ઞાનીઓ કરતા, ભીના ભીના ભક્ત લાખ-દરજ્જે સારા હોય છે. પ્રભુ તત્વજ્ઞાની નું હજુ ભવભ્રમણ ઘણું બાકી હોય છે, સાવ અંગુઠા છાપ, સાવ અબુધ કશી ગતાગમ પડે નહિ, પણ આંખોમાં અહોભાવ હોય,

મુજ મુદ્રા ઉપર તન્મયતાનું સામ્રાજ્ય હોય, રોમ રોમ ટહાર હોય, ખોવાઈ ગયા હોય, એમને મોક્ષ - વહેલા માં વહેલો મળી જવાનો.

"પ્રેમ રસપાને નું ચારિત્ર પોઢધર
તત્વનું રીપણું તરછ લાગે !"

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને ભીંજવવા આવ્યા છે, પલાળવા આવ્યા છે, ડુબાડવા આવ્યા છે. GUARANTEE આપી છે તમારો મોક્ષ નક્કી, તમને લખી ને આપું, સો ટકા, VERY SHORT TIME ની અંદર, તમારો મોક્ષ નક્કી ! શરત એટલી જ તમે છટકી ના જવ, શરત એટલી જ તમે મુક્ત તત્વજ્ઞાનમાં અટકી ના જવ, શરત એટલી જ તમે પ્રેમરસમાં તરબોળ થઈ જવ, શરત એટલી જ બધી હોંશીયારી, બુધ્ધિ, અક્કલ, આવડત આ - બધી રાઈ તમે મગજમાંથી કાઢી દો. પ્રેમરસનું - પાન કરો, તમારો મોક્ષ નક્કી !

ઉપમિતિ ભવ પ્રપંચ કથા, ત્રણ વરસથી આંતરે -- આંતરે, આ ગ્રંથ પરની પ્રવચનમાળા ચાલુ છે, હું એક માધ્યમ છું, એક SOUND SYSTEM છું, એક POSTMAN છું, આ SYSTEM દ્વારા સ્વયં, પરમ કારુણિક શ્રી સિધ્ધર્ષિ ગણિ મહારાજ, તમારો સમ્યગ્ જ્ઞાનના જન્મના બુઝાવી રહ્યા છે, હજુ આગળ વધું તો આ માધ્યમથી, અનંત તીર્થંકરોની વાણી તમારા સુધી પહોંચી રહી છે. પહેલો પ્રસ્તાવ જેની અંદર ભૂમિકા કરી છે, ભવની ગલીનો ભુંડો ભિખારી, કઈ રીતે રખડે છે, રઝળે છે, જુદી જુદી ગતિઓની અંદર, કેવી એની મનોદશા.

કેવી એની અવસ્થા, એ ઉપમા દ્વારા, ઉપમા એટલે SIMILARITY જેમ આપણે કહીએ કે આનું મુખ-ચંદ્ર જેવું છે, એનાથી ખબર પડે કે બહુ આનંદ થાય એવું એનું મુખ છે, ચંદ્રને જોઈને આનંદ થાય, એના મુખને જોઈને આનંદ થાય.

એક ભિખારીનું ઉદાહરણ આપીને, ઉપમા આપીને, આપણી અવસ્થા સમજાવવાનો પ્રયાસ પહેલો પ્રસ્તાવ, એટલે કે પહેલા CHAPTER માં છે. બીજા પ્રસ્તાવમાં ભવભ્રમણ કેવું કેવું થયું એની વાત છે. ત્રીજા પ્રસ્તાવની અંદર અંતરંગ વિશ્વની એક એક દોષ, એક-એક પાત્ર, મોહરાજાના એક એક પાસા, એ વિષયો-હોય, એ કષાયો હોય, એ રાગદ્વેષ હોય, એ અજ્ઞાન હોય. અને એના દ્વારા જીવની કેવી અવદશા થઈ, એની અદ્ભુત વાત સિદ્ધર્ષિગણિ મહારાજ કરી રહ્યા છે, ત્રીજો પ્રસ્તાવ ચાલુ છે, અને અંતરંગ વિશ્વનું એક પાત્ર

" અજ્ઞાન " !

એણે કેવી કેવી જીવની દુર્દશા કરી, એની વાત-સિદ્ધર્ષિગણિ મહારાજ કરી રહ્યા છે ! મોહવિલય નામનું ઉદ્યાન છે, અને એ ઉદ્યાનની અંદર હજારો.... હજારોની સભા છે, પ્રતિબોધક આચાર્ય પૂજ્ય નીચે બેઠા છે, રાજા છે, રાણી છે, રાજકુમાર છે, પત્ની છે, દેવ છે, દેવી છે, હજારોની સંખ્યામાં નગરજનો છે. પ્રતિબોધક-આચાર્ય જિનવાણીને વહાવી રહ્યા છે ને, આખી પર્ષદા, એકીટસે, એક તાન થઈ ને સાંભળી રહી છે, અદ્ભુત માહોલ, અદ્ભુત દેશના, અને પ્રતિબોધક-આચાર્ય, અજ્ઞાન જીવની કઈ.. કઈ.. કઈ... કઈ-અવદશા કરે છે, એ બધી જ વાત કર્યા પછી આગળ

વધે છે, અને કહે છે કે જે જીવો અજ્ઞાનને દૂર કરી દે છે, અજ્ઞાન ને જીતી લે છે, અજ્ઞાન ઉપર વિજય મેળવે છે, એમને શું REWARD (ઇનામ) મળે છે? પ્રતિબોધક આચાર્ય કહે છે,

वन्द्यास्त्रिभुवनस्यापि ।

એ જીવો, શું થાય છે? જેઓ અજ્ઞાન ને જીતે છે, અજ્ઞાન પોતાનું દૂર કરે છે. ત્રણે લોકને વંદનીય તે જીવો થાય છે. બહુ અદ્ભુત વાત પ્રતિબોધક-આચાર્ય કરવા જઈ રહ્યા છે, કે તમારી બધી જ ચિંતા એવી છે કે ફલાણો મને બોલાવે, ફલાણો મારી સાથે વાત કરે, ફલાણો મને ભાવ આપે, ફલાણો મને સમ્માન આપે, હું આવું ને લોકો મને આદર આપે, તમારી આ બધી પળોજણ મુકી દો, તમે હજુ કશું સમજ્યા જ નથી.

બંધક મુનિ, ગજસુકુમાલ મુનિ, બંધક સૂરીના પાંચસો શિષ્યો, ઘાણી ની અંદર પીલાયા છે, ગજસુકુમાલ મુનિને માથે સગડી-મુકવામાં આવી છે, મેતારજ મુનિ એમની આંખ બહાર નીકળી ગઈ છે, તો એવા.. એવા.. એવા.. એવા.. મહાત્માઓ, જેમણે ક્ષપક શ્રેણિ-માંડી, જેમણે કેવળજ્ઞાન પામ્યું, જેમણે નિર્વાણ-પામ્યું, જેમના નિર્વાણ મહોત્સવો ક્યાંય થયા નથી, જરૂર એ નથી કે બધા ના મહોત્સવો થાય, જરૂરી-નથી દરેક વખતે દેવ દુંદુભિ વાગે, કેવળજ્ઞાન મળવું એ જુદી પુણ્ય પ્રકૃતિ ની વાત છે, એ જે અઘાતી કર્મો, જે ઘાતી કર્મો, આ બધા કર્મો ના ક્ષય થાય કેવળજ્ઞાન મળે, આ ઘાતી અને અઘાતી કર્મોના ક્ષયની વાત જુદી છે. તીર્થંકરો છે એમની જે કેવળજ્ઞાન ની ઉજવણી થાય, જે કલ્યાણકો થાય,

સમવસરણ મંડાય, આઠ પ્રાતિહાર્ય આવે, એ જિનનામ કર્મના ઉદયની વસ્તુ છે. આત્માની જે શુદ્ધિ એ જુદી વસ્તુ છે. શુદ્ધિ જનિત પુણ્ય એ જુદી વસ્તુ છે. એ પુણ્ય પણ બધાનું સરખું ના હોય. કોઈને જિનનામ કર્મ હોય, કોઈને ગણધર નામ કર્મ હોય, કોઈને જુદા જુદા પ્રકાર નું નામ કર્મ, જુદા જુદા પ્રકારની પુણ્ય પ્રકૃતિ, એવા જ્ઞાની-જન્મથી મુંગા હોય આવું પણ બની શકે. જન્મથી જ મુંગા મહાત્મા, એમને કેવળજ્ઞાન થઈ ગયું એક પણ શબ્દ બોલ્યા વગર, એક પણ વ્યાખ્યાન આપ્યા વગર, એ મહાત્મા મોક્ષે જાય, આવું પણ બને !

એવા મહાત્મા જે બોલતા હતા, પણ વિશિષ્ટ બોલવાની લબ્ધિ એમના પાસે ન હતી, એમને કેવળજ્ઞાન થઈ ગયું ને એ મોક્ષે જાય આવું પણ બને. હજુ આગળ વધીને, ગણધર ભગવંતો હોય, વિશિષ્ટ નામ કર્મનો ઉદય, અને સૌભાગ્ય એવું ગૌતમસ્વામી-ભગવાન જેવા ! એ પોતે વિશિષ્ટ વિનિયોગ કરીને મોક્ષે જાય, આવું પણ બને. તીર્થંકર, પાંત્રીસ વાણીના ગુણો, ચોત્રીસ અતિશયો, આઠ પ્રાતિહાર્યો, સમવસરણ, એક કરોડ દેવતાઓ હંમેશા સાથે, એ વિશિષ્ટ વાણીનો વિનિયોગ કરે અને મોક્ષે જાય એવું પણ બને. મોક્ષમાં બધા સરખા છે, કેવળજ્ઞાન બધાનું સરખું છે, નિર્વાણ બધાનું સરખું છે. પણ પુણ્ય પ્રકૃતિ, અંતિમ ભવની અંદર પણ, અંતિમ શ્વાસ સુધી પણ, જુદી જુદી હોય શકે.

ખંધક મુનિનો કોઈ કેવલજ્ઞાન કે નિર્વાણ મહોત્સવ થયો નથી, લોહી ભરેલી મુહપત્તિ આવી છે ને જે બહેન જે રાણી રૂપે છે, એમને લાગ્યું કે આવું કોઈક બન્યું છે ને તપાસ કરતા ખબર પડી, કેવળજ્ઞાન થઈ ગયું, મોક્ષે જતા રહ્યા ને એક પણ દેવ આવ્યો નથી,

એક પણ દેવે વંદન કર્યાં નથી. પ્રતિબોધક આચાર્ય કહે છે,
वन्द्यास्त्रिभुवनस्यापि।
એમને કોઈએ વંદન કર્યાં કે ન કર્યાં, પણ એમનામાં - વંદનીયત્વ તો હતું.. હતું.. ને હતું. કદાચ કોઈ દેવો એ ના કર્યાં, કદાચ કોઈ માણસો એ ના કર્યાં, કદાચ રડ્યાં-ખડ્યાં એકાદ માણસ પણ એમને વંદન કરવા આવ્યો નથી, ને છતાં પણ એ મહાત્મામાં ત્રણે - લોક ને, વંદન કરવાપણા ની જે યોગ્યતા, જેમને વંદન કરાય એવી પાત્રતા એમની અંદર પણ પ્રગટી હતી ને એના આધારે એમનો મોક્ષ થયો હતો.

આપણી બધી જ પલોજણ ઠઈક દેખાવાની છે, લાગવાની છે, કેવું લાગશે આની ચિંતા છે. કેટલા આવ્યા એની ચિંતા છે. આપણી પાત્રતા - કેટલી ને આપણી યોગ્યતા કેટલી, આની આપણને પ્રાય: કોઈ જ ચિંતા હોતી નથી. અરિહંત શબ્દ છે ને એ પ્રાકૃત શબ્દ છે, એના સંસ્કૃતમાં ઘણા રૂપાંતરો થાય છે, અને એમાંથી એક રૂપાંતર છે, અર્હત્ !
नमोऽर्हत्-सिद्धा-चार्यो-पाध्याय-सर्वसाधुभ्यः।
અહીંયા અર્હત્ રૂપાંતર છે.
सकलार्हत् प्रतिष्ठानं।
અહીંયા અર્હત્ રૂપાંતર છે
अर्हतीति अर्हत्
અને અર્હત્ નો અર્થ છે, યોગ્ય પાત્ર.
અર્હત્ નો અર્થ છે, લાયક.
જેની અંદર યોગ્યતા છે, પાત્રતા છે, લાયકાત છે, ત્રણે ભુવનની પૂજા સ્વીકારવાની, ત્રણે ભુવનના વંદન - સ્વીકારવાની, ત્રણે ભુવનના સત્કાર સ્વીકારવાની, યોગ્યતા જેની અંદર છે એનું નામ છે, અર્હત્ - સર્વોત્કૃષ્ટ ભગવાનનો કોઈ ગુણ હોય ને, તો એ આ

પાત્રતા છે. એક આગમ છે જેનું નામ છે ઓઘ નિર્યુક્તિ,
અને એ આગમની અંદર એક ઘટનાનું વર્ણન છે, વિહાર કરી
ને મહાત્માઓ પહોંચ્યા છે, ગુરૂ ભગવંતે જેમને જવાબદારી-
સોંપી છે કે, ભાઈ તમારે આગળ પહોંચી જવાનું, ત્યાં જેના
મકાનમાં નિર્દોષ વસ્તી, જે ગામમાં જે મળી, વસ્તીનો-
અર્થ છે મકાન, તમારી ભાષામાં ઉપાશ્રય, સહજ રીતે જેનું
ખાલી મકાન હતું, સંયમ યોગ્ય હતું, મહાત્માઓ એ તપાસ
કરી રાખી છે, ત્યાં જઈને ઉતરવાનું છે. ગુરૂ ભગવંત, એક
ધર્મકથી મહાત્મા જેની પાસે વિશિષ્ટ વ્યાખ્યાન આપવાની
શક્તિ છે, એમને પોતે ત્યાં મોકલે છે અને મહાત્મા ત્યાં
પહોંચી જાય છે જેનું મકાન છે એ શૈયાતર, મકાન માલિક
એમની સાથે ધર્મકથા કરી રહ્યા છે, ઉપદેશ આપી રહ્યા
છે, અને એ મહાત્મા, ઉપદેશ આપી રહ્યા છે... આપી
રહ્યા છે... આપી રહ્યા છે, એક ઔચિત્ય જિનશાસનનું-
એક દાક્ષિણ્ય, અમે આવ્યા ને તમે મકાન આપી દીધું ને
વાત પુરી થઈ ગઈ અમે જઈને ખુણામાં ભણવા બેસી
જઈએ ને વાત બધી પુરી, ને હા ભાઈ થઈ ગયું, ભાઈ-
શાતામાં છીએ હું જાવ! એક દાક્ષિણ્ય, એક ઔચિત્ય,
શૈયાતર બીચારો અજ્ઞાની માણસ હોય શકે, જૈન ના-
હોય, આવું પણ હોય શકે, મકાન એણે આપ્યું છે,
એ પણ ધર્માભિમુખ થાય, બીજુ વાર મહાત્મા આવે તો
એ એમને હોંશે- હોંશે ઉતારે, એના આત્માનું પણ
કલ્યાણ થાય માટે શાસ્ત્રીય વિધિ, ધર્મકથી મહાત્મા.
એ શૈયાતર ને પોતે ધર્મ કથા કરે, વ્યાખ્યાન આપે,
વ્યાખ્યાન ચાલી રહ્યું છે... ચાલી રહ્યું છે... ચાલી રહ્યું છે..
મહાત્માઓ વિહાર કરીને આવતા જાય છે, ઉતરતા જાય છે
આવતા જાય છે, ઉતરતા જાય છે, અને જ્યાં ગુરૂ ભગવંત
આવી રહ્યા છે, ધર્મકથી મહાત્મા પોતે ઉભા થઈ જાય,
ને પેલા શૈયાતર વિચારે કે આ ચાલતું હતું વ્યાખ્યાન-
કેમ વચ્ચે ઉભા થઈ ગયા, આચાર્ય ભગવંત પધારે, ધર્મ-

કેવી મહાત્મા હાથ જોડીને એમના પગમાં પડી જાય, પેલા શૈયાતર આમ આંખો ફાડી ફાડીને જોઈ રહ્યા હોય, અને મહાત્મા શૈયાતર ને કહે, આ મારા ગુરુદેવ છે, અને ગુરુદેવ વંદનીય છે. બહુ સરસ મજાની ઘટના અદ્ભુત રહસ્યોથી ભરેલી ઘટના, મહાત્મા તેમને એમ નથી કહેતા કે તમે એમને વંદન કરો. મહાત્મા એમ નથી કહેતા કે તમારે વંદન કરવાજ પડશે, મહાત્મા- એમ પણ નથી કહેતા કે તમારે એમને વંદન કરવા- જોઈએ, મહાત્મા એટલું જ કહે છે, કે ગુરુદેવ વંદનીય છે. તમે વંદન કરો કે ના કરો એ તમારા SIDE ની વાત છે. તમે વંદન ન કરો તો એમને પણ કોઈ- ફરક નથી પડતો, તમે વંદન ન કરો તો પણ એ તો વંદનીય જ છે. વંદન કરવા ન કરવા એ- તમારી સાઈડ ની વાત છે, વંદનીયત્વ એમનો પોતાનો ગુણ છે, જેમને બીજાને પ્રતિભાવની કોઈ જ અપેક્ષા નથી. મહાત્મા આદેશ નથી કરતા કે તમે એમને વંદન કરો, મહાત્મા ગુરુદેવનો પરિચય આપે છે, કે ગુરુદેવ વંદનીય છે! શૈયાતર વંદન કરે કે ના કરે, એ ગુરુદેવનો પરિચય નથી હોતો, ગુરુદેવ ની પોતાની યોગ્યતા, તમે વંદન કરો એવી પાત્રતા એમના- માં પ્રગટી છે, આ ગુરુદેવ નો ખરો પરિચય છે! શૈયાતર વંદન કરે કે ના કરે એ ગુરુદેવનો પરિચય નથી હોતો, એ ગુરુદેવનું ચરિત્ર હોય છે.

અને હજુ આગળ વધો, હજુ ઊંડાણમાં જાવ એ માત્ર ગુરુદેવનું ચરિત્ર હોય છે, એવું નથી, ગુરુદેવ વંદનીય એ એમનો પરિચય, શૈયાતરે- વંદન કર્યા ન કર્યા એ ગુરુદેવનું ચરિત્ર, હજુ ભૂલ થાય છે શૈયાતરે વંદન કર્યા કે ન કર્યા એ- શૈયાતર નું ચરિત્ર છે, એ ગુરુદેવ નું ચરિત્ર નથી.

જો આપણી દ્રષ્ટિ આવી છે, જીવ-જીવના ચરિત્રોની સરવાણી એને જ આપણે સદ્દગુરુનું ચરિત્ર, સમજી લઈએ છીએ. આપણ-ને લોકોના વંદનો દેખાય છે, આપણને સદ્દગુરુની વંદ-નીયતા દેખાતી નથી.

પ્રતિબોધક આચાર્ય આગળ વધે છે,

वन्द्यास्त्रिभुवनस्यापि भूत्वा भावितमानसाः।

અદ્દભુત ! ત્રણે લોકને વંદનીય પણ હોય ધાય છે જે ભાવિત મન વાળા થાય, જેમનું મન રંગાઈ ગયું, જેમનું હૃદય-રંગાઈ ગયું, જેઓ ભાવિત થઈ ગયા, તેઓ ત્રણ લોકને વંદનીય થાય છે. હું તમને પુછુ ભાવના જ્ઞાનના ક્ષેત્રે-આપણે ક્યાં છે હજાર વાર આપણે પ્રવચન માં સાંભળ્યું કે રાગ દ્વેષ ના કરવા જોઈએ, હું તમને કહું છું, આપણે-સાંભળ્યું, આપણે ઘરે ગયા, આપણે T.V. સામે બેઠા, SCREEN ઉપર કોઈ રોગજનક દ્રશ્ય આવ્યું, આંખમાં ભાલા ભોંકાતા હોય એવી વેદના થાય, આપણે ચીસ પાડી ઉઠીએ, બંધ કરી દઈએ, અને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડીએ આનું નામ ભાવના જ્ઞાન !

જિનશાસનની અંદર ત્રણ જ્ઞાન બતાવ્યા, શ્રુત જ્ઞાન, જે તમે સાંભળ્યું ને શબ્દાર્થ કરી લીધો, આનું નામ શ્રુત જ્ઞાન ! જેના પર તમે ચિંતન કર્યું, મનન કર્યું, તર્ક વિતર્ક કર્યા, પુસ્તકો વગેરેથી એ જ્ઞાન ને બહુ જ પુષ્ટ કર્યું, આનું નામ ચિંતા જ્ઞાન. આપણી આત્મામાં ચિંતન જે ઓતપ્રોત થઈ ગયું, જે પરિણમી ગયું, આનું નામ ભાવના જ્ઞાન ! દસવૈકાલિક આગમ કહે છે,

उज्ज अहं गणी हुन्तो भावियप्पा बहुस्सुओ।

માત્ર જ્ઞાન મળી જાય, ગોખવા લાગી ગયા, વાંચી ગયા, સાંભળી ગયા, શીખી ગયા આટલું પુરતું નથી. આ તો શરૂઆત છે, એનાથી આગળ જવું છે. ભાવિતાત્મા બનવા સુધી, બહુ

બુધવાર
DATE 27 01 2021

સિરસ મગના શબ્દો બ્રાગાયતી આગમની અંદર છે.
संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरइ
સંયમ અને તપથી મહાત્મા પોતાને ભાવિત કરતા ---
ભાવિત કરતા વિચરે, ભાવના જ્ઞાનમાં આપણે કયાં ?
આપણે સાંભળ્યું વ્યાખ્યાનની અંદર રસોડું એ કતલખાનું છે, આપણે ઘરે ગયા છીએ, જમવા બેઠા છીએ, થાળી પીરસાઈ છે, બધા જમવાનું ચાલુ કરે છે, આપણે જમતા નથી, આપણે એમને એમ બેઠા છીએ, હાથ આગળ જતો જ નથી, કોળિયો લઈ શકાય એવી પરિસ્થિતિ જ નથી, થાળીને જોઈએ અંદર ઘોર બળાપો ચાલે આ-પટ્કાયના જીવોનું કતલખાનું આ જીવોને રહેંસી નાખ-વાના, કાપી નાખવામાં, એમની અંદર મસાલા ભભરાવી દેવાના, ગૅસ ઉપર ચડાવી દેવાના, એમને રીબાવી-રીબાવી ને મારવાના, આ સંસાર -- આ રસોડું ---
આ રસોઈ --- આ જમવાનું -- આ એક એક વાનગીઓ આપણે જમી નથી શકતા, આપણે ઉભા થઈ જઈએ, આપણે DRAWING ROOM માં જઈને સોફા ઉપર બેસી જઈએ, ઉપર આમ ઉદાસી નો સાગર છલકતો હોય ને બધા સ્તબ્ધ થઈ જાય, ને આપણને પુછે કે શું થયું ? ને આપણે ધીમા પણ મક્કમ સ્વરે કહી દઈએ, મારે કાલે ને કાલે દીક્ષા લેવી છે, આનું નામ ભાવના-જ્ઞાન.

"આપણે સ્વાધ્યાય કરતા હોઈએ કે ભાઈ પ્રમાદ એ મૃત્યુ છે, જેકાદ મિનિટ પ્રમાદ થઈ ગયો હોય ને મોત જેવી વેદના થાય, આનું નામ ભાવના જ્ઞાન ! ગુરુદેવની સેવા આપણે કરતા હોઈએ ને આપણને ધીકતી કમાણી વાળો ધંધો લાગે, આનું નામ ભાવના જ્ઞાન ! લોચ એ ઉત્સવ લાગે આનું નામ ભાવના જ્ઞાન ! વિહારનો શ્રમ એ આત્માનો જબર-દસ્ત ફાયદો લાગે આનું નામ ભાવના જ્ઞાન !

classmate

DATE

સ્વાધ્યાય કરતા હોઈએ ને અમૃતવર્ષા થતી હોય એવો અનુભવ થાય, એનું નામ ભાવના જ્ઞાન ! બહુ ભણ્યું .. બહુ ભણ્યા .. બહુ ગોખ્યું ને મોક્ષ થઈ જશે, ભ્રમણા છે આપણી !
જ્ઞાનસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.

निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।

વારંવાર જેને અંતરમાં ભાવિત કરવામાં આવે, ઓળઘોળ - કરવામાં આવે, નથી કહેતો એ ગ્રંથ તમારે કરવો પડશે, નથી કહેતો એ CHAPTER કરવું પડશે, નથી કહેતો એ ગાથા કરવી પડશે, નથી કહેતો અડધી ગાથા, નથી કહેતો પા ગાથા, માત્ર એક શબ્દ હશે, માત્ર નિર્વાણ એવો જિનશાસનનો કોઈ પણ શબ્દ, તમને સ્પર્શી ગયો તમે એને ભાવિત કર્યો, તમે એને વારંવાર ભાવિત કર્યો, મહોપાધ્યાયજી કહે છે,

तदेव ज्ञानमुत्कृष्टं ।

એના કરતા ઉત્કૃષ્ટ જ્ઞાન વિશ્વની અંદર બીજું કોઈ જ નથી.

निर्बन्धो नास्ति भूयसा ।

જિનશાસનની અંદર QUANTITY (સંખ્યા) નો આગ્રહ છે જ નહિ, જિનશાસનની અંદર QUALITY (ગુણવત્તા) નો આગ્રહ છે. QUALITY તમારી પાસે છે તો એક શબ્દનું જ્ઞાન પણ ચૌદપૂર્વના જ્ઞાનની બરાબર છે. QUALITY એ આપણી પાસે નથી, અંદર એ પરિણતિ નથી, તો ચૌદપૂર્વી પણ કાળ કરીને સીધા નિગોદમાં જઈ શકે, આવી આ જિનશાસન ની અંદર અનેકાનેક ઘટનાઓ બતાડેલી છે.
આપણે ભાવિત કયારે થશું ? પયન્ના આગમ સૂત્રોની અંદર, જે અદ્ભુત વાત કરી,

इक्कं पि पयं सोउं संवेगं वच्चइ वीयरायमए ।

એક પદ પણ સાંભળીને જે જિનશાસનની અંદર, જિનમતની અંદર, સંવેગ પામે, અંદર શુદ્ધિ પામે, અંદર સ્પર્શ પામે, વૈરાગ્ય થાય, ભાવિતતા થાય,

तं तस्स होइ णाणं छिंदइ सो तेण दुहजालं ॥

એ તેનું જ્ઞાન અને છે.

છિંદઇ સો તેણ દુહજાલં।

એનાથી એ પોતાના બધા જ દુઃખોની જાળને તોડીફોડી નાખે છે, ને આ ભવ પ્રપંચમાંથી મુક્ત થઈને, એ આત્મા મોક્ષે પહોંચી જાય છે.

वन्द्यास्त्रिभुवनस्यापि भूत्वा भावितमानसाः।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, આ બધા બે-ચાર જણના સારા RESPONCE ને દીકરો માને, ને દીકરી સીધી ચાલે ને, પત્ની જો અનુકૂળ થઈ જાય, આવી તુચ્છ શાબાશગી, રોજ રોજની મહાભારતો છોડો. ત્રણે લોકને વંદનીય તમે થઈ જાવ, આ જીવન એના માટે છે, તમે જે કરી રહ્યા છો એમાં હકીકતમાં ગાંડા બની રહ્યા છો, મુર્ખા બની રહ્યા છો, વેડફી રહ્યા છો, તમારા જીવનને, આ જીવન એના માટે નથી, આ જીવન ભાવિત થવા માટે છે, આ જીવન ત્રૈલોક્ય વંદનીય થવા માટે છે. આ બે-ચાર જણને મનાવવા એના કરતા, દેવ-ગુરુનું માની લેવું, બેચાર જણાના સન્માન લેવા એની કરતા ત્રૈલોક્ય વંદનીય બની જવું, એ ઘણું સરળ છે, એ જ શ્રેયસ્કર છે, એ જ ઇચ્છનીય છે, એ જ કલ્યાણકર છે, તો પછી આવું જ કેમ ન કરવું ? તમે ઘસાઈ મરશો આખી જિંદગી છેવટે તો તમારા માથે માછલા ધોવાવાના, એ વાત નક્કી ! એના કરતા આ જ શા માટે ના કરવું ? આ જ શા માટે ન પામવું ? શા માટે આત્મકલ્યાણ ન કરવું ? ખુબ મનોમંથન કરજો, પ્રતિબોધક આચાર્ય મોહવિજય ઉદ્યાનની અંદર, અદ્ભુત જિનવાણીની ગંગા વહાવી રહ્યા છે. હજુ અજ્ઞાન વિષે, વંદનીયતા વિષે, ભાવિતતા વિષે, અનેકાનેક પદાર્થો આપવા જઈ રહ્યા છે, આજે આટલું રાખીએ.

ગુરુવાર

## વ્યાખ્યાન નંબર- ૧૧૮

DATE 28 01 2021

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, એક ઘરનાનું વર્ણન કરે છે, મોહવિલય નામનું ઉદ્યાન. સિદ્ધર્ષિગણિ મહારાજએ એક એક જગ્યા, એક એક વ્યક્તિ, એક-એક પાત્રોના શબ્દો જ એવા મુક્યા છે. જેની અંદર એક એક ગુણ સમાઈ જાય. જ્યાં મોહ નો વિલય થઈ જાય, અનાદિકાળનો મોહ, વિલય પામે, આત્મા પરથી છુટો પડે, એવી જે જગ્યા, એવું જે ઉદ્યાન, એનું નામ- મોહવિલય ઉદ્યાન.

આખા વિશ્વની અંદર જ્યાં-જ્યાં જિનવાણી નું પ્રસારણ થાય છે, ત્યાં ત્યાં મોહ વિલય ઉદ્યાન સાકાર થાય છે. આપણ મોહનો જો વિલય થઈ જાય તો ઉપાશ્રય પણ, મોહવિલય ઉદ્યાન જ છે. તત્વાર્થ ભાષ્ય કારિકાની અંદર ઉમાસ્વાતિ મહારાજ કહે છે, વિશ્વનો સર્વોત્કૃષ્ટ ઉપકાર કયો છે, તમે કોઈને કરોડો, અબજો રૂપિયા આપી દો, એ ઉંચો ઉપકાર છે, જે માણસ મરી રહ્યો હતો, તમે એને બચાવી લીધો, એ ઉંચો સર્વોત્કૃષ્ટ ઉપકાર છે, એક પશુને કસાઈ કાપી રહ્યો હતો, તમે પહોંચી ગયા, પૈસા આપી દીધા, જીવને છોડાવી ને પાંજરાપોળમાં મુકી દીધો, એ સર્વોત્કૃષ્ટ ઉપકાર છે,

नर्ते च मोक्षमार्गाद्धितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन्।

વિશ્વનો સર્વોત્કૃષ્ટ ઉપકાર હોય, તો એ મોક્ષ માર્ગ નો ઉપદેશ છે! તમે અબજો રૂપિયા આપી દીધા પણ પેલો ગાંડો બનશે, છાકટો બનશે, પાપો બેફામ કરશે, નરકે જશે, તમારા આપેલા અબજો રૂપિયાથી એ જીવને શું લાભ થયો છે, એ માણસ કે પશુ એની કદાચ એક જિંદગી બચી ગઈ, એનું મોત આવતું હતું, દૂર ઠેલાઈ ગયું, મોતતો આપવાનું જ છે ને આગળ અનંત મૃત્યુ, લાઈનમાં- ઉભા છે. આપણે એના ઉપર કેટલો ઉપકાર કર્યો છે,

ધર્મબિંદુ ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજ સ્પષ્ટ કહે છે,

नोपकारो जगत्यस्मिन् तादृशो विद्यते क्वचित्

આ વિશ્વની અંદર બીજો કોઈ જ ઉપકાર નથી,

यादृशी दुःखविच्छेदाद् देहिनां धर्मदेशना ।

દુઃખોનો વિચ્છેદ કરી દેવા દ્વારા, નરકને તાળુ લગાડી દેવા દ્વારા, નિગોદ નો બંધ કરી દેવા દ્વારા, અનંત-ભવભ્રમણ પર પૂર્ણવિરામ મુકી દેવા દ્વારા, અનંત દુઃખોનો કાયમી અંત લાવી દેવા દ્વારા, અનંત સુખની પ્રાપ્તિ-કરાવવા દ્વારા, જેવી રીતે ધર્મ દેશના, ધર્મોપદેશ, જિનવાણી નો વિનિયોગ, એ જીવો પર જે રીતે ઉપકાર-કરે છે, એવો દુનિયામાં બીજો કોઈ જ ઉપકાર નથી.

બગીચા ઓ આપણને ઘણા મળ્યા છે, RESORT, HILL STATION પર આપણે જઈ આવીએ છીએ, વિદેશ જવાના આપણને અભરખા થયા કરે છે પણ, પણ જવા જેવી જગ્યા, હકીકતમાં આખી દુનિયા-માં એક જ છે, જેનું નામ છે મોહવિલય ઉદ્યાન, ને મોહવિલય ઉદ્યાન નું સરનામું ક્યાં ? વિશ્વની-અંદર જ્યાં..જ્યાં..જ્યાં..જ્યાં સદ્ગુરુ છે, એમનું જે સાનિધ્ય, એનું જ નામ મોહવિલય ઉદ્યાન !

પ્રતિબોધક આચાર્ય, મોહવિલય ઉદ્યાનમાં વૃક્ષ નીચે બિરાજમાન છે, ખળ..ખળ..ખળ..ખળ.. દેશના વહી રહી છે ને પ્રતિબોધક આચાર્ય કહે છે,

वन्द्यास्त्रिभुवनस्यापि भूत्वा भावितमानसाः ।

જેઓ અજ્ઞાન ને છોડી દે છે, જેઓ જ્ઞાની બની જાય છે તેઓ ત્રણેલોક ને વંદનીય થાય છે, હજુ આગળ વધીને, તેઓ ભાવિત મન વાળા થાય છે, આપણે સમજવાનો પ્રયાસ કરવો છે, ભાવિતતા નો અર્થ શું છે ? ચુનો દિવાલ ને રંગે છે એમ કહેવાય છે, ચુનો

દિવાલને ઉપરથી રંગતો હોય છે. રૂ નું પુમડું છે, અત્તર-માં ઝબોળ્યું છે, થોડી વાર રાખીને બહાર કાઢ્યું છે, - અત્તરે રૂના પુમડાને અંદરથી બહારથી, બધેથી રંગ્યું હોય છે. વ્યાખ્યાન સાંભળી લીધું, ગાથા ગોખી લીધી, ચોપડી વાંચી લીધી, મહાત્માને મળી આવ્યા, મહાત્મા એ જે વાત કરી, પ્રવચનમાં જે વાત આવી, ચોપડીમાં જે વાત આવી, મનમાં ઉપર છલ્લી ઉપર છલ્લી ક્યાં સુધી લાગે છે, મનમાં અંદર સુધી નહીં પહોંચી, ત્યાં સુધી આપણે દિવાલ ઉપર ચુનાના લપેડા જેવું જ્ઞાન મેળવ્યું છે.

એક પ્રવચન, એનો એકાદ શબ્દ પણ અંદર ઉતરી જાય, ઓળઘોળ થઈ જાય, આત્મામાં પરિણમી જાય, આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપી જાય, આત્મા ભાવિત બની જાય, એ રીતે આત્માએ જે રીતે અત્તર નું પુમડું અંદર બહારથી રંગાય, એ રીતે ભાવિતતા મેળવી હોય છે. ભાવિત બનવું છે તો એના પરિબળો તમને જણાવું, કઈ રીતે બનવું એ પણ હકીકતમાં મોટો પ્રશ્ન નથી, - બનવું છે કે નહિ એ ખરો પ્રશ્ન છે! આપણને જે બનવું છે એ આપણે બનતા આવ્યા છીએ. આપણે નારકીયા બનવું હતું તો આપણે નારકીયા બન્યા, ક્રોધી બનવું હતું તો ક્રોધી બન્યા, અહંકારી બનવું હતું તો - અહંકારી બન્યા, લોભી બનવું હતું તો લોભી બન્યા, ભૂપ એ એના અંતરંગ સામ્રાજ્ય નો રાજા છે ને, ભૂપ જે ચાહે તે બની શકે છે. તમારી ઈચ્છા હોય, જ્યારે ભાવિત બનવું છે, તો તમે નક્કી કરો. હરીભદ્ર સૂરી મહારાજ ષોડશક-પ્રકરણ ગ્રંથની અંદર, ભાવના જ્ઞાનના ઉપાય બતાડે છે,

गुरुभक्त्यादिविधानात् कारणमेतद् हृदयस्येष्टम् ।

જ્યાં સુધી અવિહડ ગુરૂ ભક્તિ તમારા અંતરમાં આવી - નથી, ત્યાં સુધી તમે ભાવિત બની શકવાના નથી. ગુરૂની પાછળ પાગલ બની જાવ, ગાંડા બની જાવ, ઓગળી જાવ,

ગુરુની અંદર સમાઈ જાવ, ગુરુ પ્રત્યે અહોભાવ ધારણ કરો, ગુરુના પરમ વિનીત બનો, ગુરુના પરમ-સમર્પિત બનો, તમને ભાવના જ્ઞાન મળીને રહેશે!

ચુના એ દિવાલ ને રંગી એમ કહેવાય એ અધુરી વાત છે. એક અપેક્ષા એ અસત્ય વાત છે. ચુનો કદી દીવાલને રંગી શકતો જ નથી. હરિભદ્રસૂરિ-મહારાજ ધર્મબિંદુ ગ્રંથમાં કહે છે,

उपरागमात्रमेतद् ।

આને રંગ લગાડ્યો ના કહેવાય, આને ઉપર ઉપરથી લપેડો કર્યો કહેવાય, ચુનો દિવાલને નથી રંગી શકતો. દિવાલ નો અર્થ ઉપલી સપાટી નથી, દિવાલ નો અર્થ દિવાલ છે, જ્યાં સુધી દિવાલનો એક એક કણ રંગાઈ નથી ગયો, ત્યાં સુધી દિવાલ રંગાઈ ગઈ એવું ના કહી શકાય. આત્માનો પ્રદેશે પ્રદેશ જ્યાં સુધી ભાવિત નથી થયો, ત્યાં સુધી આત્મા રંગાઈ ગયો, આવું ના કહી શકાય! લપેડો રંગ નથી, રંગાઈ જવું-એ રંગ છે. જેનાથી આખો એ આત્મા રંગાઈ જાય, એનું નામ રંગ. જેનાથી બધું જ બદલાઈ જાય એનું-નામ રંગ, જેનાથી અનાદિની અવળી ધારા-સીધી ચાલવા લાગે, એનું નામ રંગ. જ્યાં સમાધાન કરીને ધર્મ કરવો પડે એવું નહિ, માનસિક સંઘર્ષ કરીને ધર્મ કરવો પડે એવું નહિ, પણ સહજ ધર્મ કરાય. હજુ ઊંડાણમાં જઈએ, સહજ ધર્મ જેનાથી થઈ જાય, એનું નામ રંગ! સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

भूत्वा भावितमानसाः ।

એ જીવો ભાવિત મન વાળા થાય, એનો અર્થ એ છે, એ જીવો રંગાઈ જાય, એનો અર્થ એ છે એ જીવો-જિનશાસનના રંગે રંગાઈ જાય, એનો અર્થ એ છે કે એ જીવો કૃતાર્થ થઈ જાય, ધન્ય થઈ જાય, એનો અર્થ

એ છે.

अशेषकल्मषोन्मुक्ता गच्छन्ति परमं पदं ।

અને એમના બધા જ કર્મોના ભુક્કા બોલાઈ જાય ને, પરમ-પદ સુધી, એ જીવો પહોંચી ને રહે. પ્રતિબોધક આચાર્ય આગળ વધે છે.

एतच्चाज्ञानमत्रार्थे सर्वेषां भवतां समम्

હું કહું છું કે બધી જ વાત અજ્ઞાનની છે, અજ્ઞાનથી જ-જીવ આંધળો બને છે, અજ્ઞાનથી જ જીવ મોહાધીન બને છે, અજ્ઞાનથી જ જીવ જે અહિત છે એની અંદર પ્રવૃત્તિ કરે છે, અજ્ઞાનથી જ જીવ હિતથી નિવૃત્ત થાય છે. પોતાનું જેનાથી-હિત છે એને છોડી દે છે. અને એ અજ્ઞાન તો તમારા-બધાનું આ બાબતમાં સમાન છે.

વ્યંતર અને વ્યંતરી દેવ-દેવી થઈ રહ્યા હતા, રાજકુમાર- રાજકુમારી ને ભેટે છે, એમાં મોહાય છે, એમનું રૂપ કરી ને જાય છે, ભોગો ભોગવે છે. છેતરે છે-એમની ને એમ ઘણો સમય વીતી જાય છે, ને આચાર્ય ભગવંત પધાર્યા છે, ભોગ-તૃષ્ણા ઉપર દેશના આપે છે, રાજા, રાણી, રાજકુમાર, એની પત્ની, પેલા દેવ-દેવી બધા જ આવી ને બેઠા છે. ભોગ તૃષ્ણા માટે સાંભળ્યું કે કેટલી ભયાનક આ ભોગતૃષ્ણા, જીવ ને તીવ્ર રાગ-દ્વેષ કરાવે, જીવ ને તીવ્ર સંક્લેશ કરાવે, કષાયો કરાવે, પાગલ બનાવે, શાસન ભુલાવે, દીન ભુલાવે, આત્મા ભુલાવે, એવી આ ભોગ તૃષ્ણા. માણસ જેવો માણસ જેનાથી જાનવર થઈ-જાય એવી આ ભોગ તૃષ્ણા, અદ્ભુત દેશના આચાર્ય-ભગવંતની ને પર્ષદા આખી પલળી છે, અને પેલા દેવ-દેવી ને રાજકુમાર- રાજકુમારી, પસ્તાવાનો કોઈ પાર નથી, દુરાચાર એમે સેવ્યો, દેવ-દેવી એ રાજકુમાર- રાજકુમારી ને છેતર્યા ને એમ લગાડ્યું કે તેઓ DOUBLE થઈ ગયા છે, SAME જેવું રૂપ કોઈ એમાં DIFFERENCE ના શોધી શકે

એના કારણે રાજકુમાર અને રાજકુમારી એ અજ્ઞાનથી દુરાચાર સેવ્યો, દેવ દેવીએ અગ્નિને છેતરીને દુરાચાર-સેવ્યો. હવે આવી દેશના સાંભળીને આંખ માંથી -જળ જળ.. જળ જળ આંસુ વહી રહ્યા છે, હૃદય એ પસ્તાવા નું સરોવર બન્યું છે, ધિક્કાર છે અમને -અમારા જેવા પાપીને, આટલી હદ સુધી અમે નીચે ઉતર્યા, આટલું ખોટું કામ કર્યું, આખી સભા સ્તબ્ધ છે, અને આચાર્ય ભગવંત, કેવા જિનશાસનના -સદ્ગુરૂ, તમારી અંગત સંબંધ વાળી વ્યક્તિ પણ -તમારી અંગત વાત જાણી જાય, એટલે તમારે શરમાવું પડે. પેલા તમારા માથે ચડે, માથે પડે, કદાચ હેરાન કરે, જિનશાસનના સદ્ગુરૂ એમને તમારા જીવનની -આખી કાળી કિતાબ આપી દીધી હોય ને, છતાંય એમના અંતર નું વાત્સલ્ય, બિલકુલ ઓછું ન થાય -એટલું જ નહિ, પણ એમનું વાત્સલ્ય વધતું જાય કે આ જીવ, એ કેટલો હળુકર્મી છે. જે પશ્ચાત્તાપ સભર છે, આ શુભ જીવ છે, આ શુભાનુબંધી જીવ છે. જે પોતાના પાપો ને પ્રગટ કરે છે.

ચારે ચાર આત્માઓના પસ્તાવાનો કોઈ પાર નથી, આંખો માંથી શ્રાવણ અને ભાદરવો વરસી રહ્યા છે ને, ત્યાં આચાર્ય ભગવંત જેમ -એમના માથે પ્રેમથી હાથ ફેરવતા હોય, વાત્સલ્યનો ધોધ એમના ઉપર વરસાવતા હોય, એ રીતે કહે છે,

एतच्चाज्ञानमाहात्म्यं सर्वेषां भवतां समम् ।

આમાં બીજું કોઈ કારણ નથી, સિવાય અજ્ઞાન, આમાં બીજા કોઈનો દોષ નથી, સિવાય અજ્ઞાન, આમાં અજ્ઞાન નો જ દોષ છે.

सञ्जातं तेन दोषोऽयमस्यैव न भवादृशाम् ।

માટે આ બધો અજ્ઞાન નો દોષ છે, તમારા માંથી

કોઈ નો દોષ નથી. ઉપચરિત ની પરમ કોઈ પ્રસાદી હોય નો આ આત્મ દ્રષ્ટિ છે. કોઈ જીવ ક્રોધી નથી, માની નથી, લોભી નથી, કામી નથી, મત્સરી નથી, દરેક જીવ સિદ્ધ નું સ્વરૂપ છે ને, એને દોષો વળગી ગયા, દોષને-આધીન બની ગયો, જેથું એને કરવું પડ્યું. જીવનો-સિદ્ધ સ્વરૂપી જ છે.

નિશ્ચય દ્રષ્ટિએ કોઈ પણ જીવની અંદર દોષ જોવો, એ એક પ્રકારનું મિથ્યાત્વ છે. નિશ્ચય દ્રષ્ટિ એ કોઈ પણ જીવની અંદર દોષ જોવો, એ અનંત સિદ્ધ-ભગવંતોની આશાતના છે. નિશ્ચય દ્રષ્ટિ એ કોઈ પણ જીવની અંદર દોષ જોવો, એ કેવળજ્ઞાનીઓની અવગણના છે.

બહુ સરસ મજાની વાત શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

દેહો દેવાલયઃ પ્રોક્તઃ, જીવઃ શિવઃ સનાતનઃ ।

આ શરીર એ દેવાલય છે, આ શરીર એ મંદીર છે, આ શરીર દહેરાસર છે, અને આ જીવ એ સનાતન શીવ છે. જીવ એ જ ભગવાન છે, જીવ એ જ સિદ્ધાત્મા છે, જીવ એ જ મહાવીર સ્વામી છે, જીવ એ જ સીમંધર-સ્વામી છે, એમની કદી પણ અવગણના કે DEVALUAT-ION કરશો નહિ. નિશ્ચય નય આપણને એ સમજાવવા માગે છે કે, કપડું કદી મેલું હોતું જ નથી. મેલ મેલો હોય છે. કપડું જો મેલુ હોય તો કપડું પોતે મેલ બની જાય, જો મેલ મેલો છે એમ કહેવાય તો કપડા જેવી કોઈ વસ્તુ જ ના રહે, અને કપડા જેવી જો કોઈ વસ્તુ જ નથી તો મેલ પણ ક્યાં રહેશે, એટલે બધું જ શુન્ય થઈ જાય. વાત સમજાય છે ? નિશ્ચય નય આપણને સમજાવવા માંગે છે કે, જીવ કદી દોષિત હોતો જ નથી. દોષ દોષિત-હોય છે, જો જીવ દોષિત હોય ને, તો જીવ પોતે દોષ

બની જાય, એનો અર્થ એ થાય કે દોષ દોષિત છે.
તો દોષ રહેશે ક્યાં, ધ્રુવ જેવી તો કોઈ વસ્તુ જ રહી
નહી, એટલે ધ્રુવ નહી રહે તો દોષપણ નહી રહે,
એટલે ધ્રુવ પણ ના રહ્યો ને દોષ પણ ના રહ્યો,
તો બધું જ શુન્ય થઈ ગયું. આવું તો આપણે માનતા
જ નથી.

* ધ્રુવ અનાદિ શુધ્ધ છે.
* ધ્રુવ અનાદિ બુધ્ધ છે.
* ધ્રુવ અનાદિ સર્વજ્ઞ છે.
* ધ્રુવ અનાદિ સર્વદર્શી છે.
* ધ્રુવ અનાદિ સિધ્ધાત્મા છે.

રાજગૃહી નગરી છે, ગુણશીલ ચૈત્ય છે,
વિશાળ ઉદ્યાન છે. પ્રભુ મહાવીર સ્વામી, નવકમળની
અંદર પગ સંચાર કરતા કરતા.. કરતા કરતા ત્યાં પધારે.
છે. દેવો સમવસરણનું મંડાણ કરે છે. પ્રભુ પૂર્વના
પગથિયા ઓથી ચડતા જાય છે. પ્રભુ વીસ હજાર -
પગથિયાઓ ચડયા છે. ચૈત્ય વૃક્ષને પ્રદક્ષિણા દીધી છે.
"નમો તિત્થસ્સ" કહી ને, પૂર્વાભિમુખ પ્રભુ બિરાજ-
માન થાય છે. હજારો.. લાખો.. કરોડો.. અબજો..
અસંખ્ય આત્માઓ આવી રહ્યા છે, દેવદેવીઓ, -
મનુષ્યો, તિર્યંચો, બારે પર્ષદા ઠઠોઠઠ ભરી છે.
આપણે એક પ્રયોગ કરીએ, આપણે જ્હીંયા નથી
બેઠા ત્યાં સમવસરણમાં પહોંચી ગયા છીએ. કલ્પના
કરીએ, સમવસરણમાં પણ નીચે નહીં ઉપર પહોંચી
ગયા છીએ. કલ્પના કરીએ ઉપર પણ કોઈપણ પર્ષદામાં
નહિ, આપણે પ્રભુમાં પહોંચી ગયા છીએ. અને પ્રભુ
ની આંખે આપણે આખા સમવસરણની બધી જ
પર્ષદા ને જોઈ રહ્યા છીએ.... જરા જોવાનો પ્રયાસ
કરીએ, જે પ્રભુને દેખાતું હોય તે આપણને દેખાઈ

રહ્યું છે. સમવસરણના પૂર્વ સિંહાસન ઉપર પ્રભુ બિરાજમાન છે. આપણે પ્રભુની અંદર જતા રહ્યા છીએ. પ્રભુની આંખે આપણે બાર પર્ષદાઓને જોઈ રહ્યા છીએ. કેવું દ્રશ્ય-દેખાય !! જોવાનો પ્રયાસ કરીએ. અસંખ્ય દેવ દેવીઓ કેટલા રાજાઓ, રાજકુમારો, શ્રેષ્ઠી પુત્રો, મંત્રીઓ, મહામંત્રીઓ કરોડો ની સંખ્યામાં મનુષ્યો, કરોડો અબજોની સંખ્યામાં તિર્યંચો. બધા ને આપણે જોઈ રહ્યા છીએ. કોઈક અભવ્ય જીવો છે. કોઈક દુર્ભવ્ય જીવો છે. કોઈક-ખુબ ખુબ દુર્ભવ્ય જેનો અનંતા-અનંત કાળ પછી મોક્ષ થવાનો એવા જીવો. કેટલાક ભવ્ય જીવો જેમનો થોડા-ભવોમાં મોક્ષ થવાનો. કેટલાક એવા આસન્ન ભવ્ય જીવો, ત્રીજા.. ચોથા.. પાંચમા.. છઠ્ઠા.. સાતમા ભવે મોક્ષે જતા રહેવાના. કેટલાક એવા આસન્ન ભવ્ય જીવો, જેઓ આ જ ભવની અંદર મોક્ષે જવાના છે. કેટલાક એવા આસન્ન ભવ્ય જીવો, જે આ જ ભવની અંદર તો બરાબર, એક લાખ પૂર્વ પછી, પચાસ હજાર પૂર્વ પછી એવું નહિ, પાંચ હજાર પૂર્વમાં જેમનો મોક્ષ થઈ જવાનો છે. એ જ ભવની અંદર મોક્ષે જવાના એવા જીવો જેમને આપણે જોઈ રહ્યા છીએ. જે માત્ર પાંચ હજાર વર્ષની અંદર મોક્ષે જવાના, પાંચસો વર્ષની અંદર, સો વર્ષની અંદર, પચાસ વર્ષની અંદર, વીસ વર્ષની અંદર, દસ વર્ષની અંદર, પાંચ વર્ષની અંદર, એક વર્ષની અંદર, છ મહિનાની અંદર, ચાર-મહિનાની અંદર, ત્રણ મહિનાની અંદર, બે મહિનાની-અંદર, એક મહિનાની અંદર, પંદર દિવસની અંદર, દસ દિવસની અંદર, પાંચ દિવસ ની અંદર મોક્ષે-જવાના. આવતી કાલે જેનું મોક્ષ ગમન થવાનું છે, એવા આત્માની આપણે જોઈ રહ્યા છીએ. જે આજે જ સાંજે મોક્ષે જવાના એમનો આપણે જોઈ રહ્યા છીએ. જે બપોરે મોક્ષે જવાના, જે બસ હમણાં મારી દેશના પૂરી થાય ને મોક્ષે જતા રહેવાના છે, એમને આપણે જોઈ

રહ્યા છીએ. અભવ્ય થી માંડીને એકદમ આસન્નભવ્ય,
જે બધા જ જીવો ને ભગવાન જોતા હોય પણ ભગવાન-
ની દ્રષ્ટિમાં કોઈ ભેદ ના હોય, એક ભવની અંદર
કદાચ હજારો ખૂનો કરનારા આત્મા પણ આવ્યા હોય,
કેટકેટલા ના ઘર લૂંટનારા, કેટકેટલા અત્યાચારો કરનારા,
દુરાચારો કરનારા એવા ય જીવો હોય ને હમણાં મોક્ષે-
જનારા એવા ય જીવો હોય, ભગવાન જોઈ રહ્યા છે. -
ભગવાન કઈ રીતે જોવે ?

બહુ સરસ મજાની વાત દેવચંદ્રજી મહારાજ
સુવિધિનાથ ભગવાન ના સ્તવનમાં કરે છે,

પ્રભુ તુમ જાણગ રીતિ સર્વ જગ દેખતા।

પ્રભુ આપના સર્વજ્ઞતાના પ્રકાશમાં, આપના કેવળજ્ઞાનમાં
આપ સમસ્ત વિશ્વને જોઈ રહ્યા છો... જોઈ રહ્યા છો--
કઈ રીતે જોઈ રહ્યા છો,

નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા।

ભગવાન કઈ રીતે દેખે છે ? કઈ રીતે ઓળખે છે ?
કઈ રીતે સમજે છે ? બધા જ જીવો પોતાના સ્વરૂપથી
શુધ્ધ છે. અજ્ઞાનની ધૂળ લાગી છે, અજ્ઞાનનો કાદવ
લાગ્યો છે, એ વાત જુદી છે. જીવ તો દરેક શીવ
છે, જીવ તો દરેક શુધ્ધ છે, જીવ તો દરેકે દરેક-
તદ્દન નિર્મળ છે.

છગનની ઘડિયાળ ચોરાઈ ગઈ, અને
છગને બહુ ગોતી ને કંઈ ઠેકાણું ના પડ્યું, છેવટે
છગને છાપામાં જાહેરાત આપી, કે હે ઘડિયાળ-
ચોરવા વાળા હું તને ઓળખી ગયો છું, મારા ઘરે
આવી ને ઘડિયાળ પાછી આપી જા. છગનને થયું કે
બસ હવે મારું કામ થઈ જશે ને, બીજા દિવસે-
ઘડિયાળ તો ન આવી ને, છાપું આવ્યું ને છગને આમ

DATE

છાપું ઉઠાવ્યું તો અંદર એક લાઈન જોવી મળી, એ ઘડિયાળ વાળા નું મને ઓળખી ગયો હોય તો મારા ઘરે આવીને ઘડિયાળ લઈ જ. આપણી છે ને આવી-આવી ફરીયાદ-હોય છે કે સાહેબ થોડા પધાર્યા છે તો પ્રવચનમાં ઉંઘા-પડી જાય છે, BUMPER જતા રહે છે, અમુક ચોપડીમાં-ઝપકું પડી જાય છે, તો આ બધો ધર્મ આપણને આવડે નહિ તો, એટલું બધું સમજાય નહિ, તો શાસ્ત્રો બહુ દુરની વાત છે. હું કહું છું વાંધો નથી, તો એ-તમારો મોક્ષ થઈ જશે, જો તમે જીવને ઓળખ્યો છે હજુ સુધી આપણે જીવને ઓળખ્યો જ નથી, જીવને સમજ્યા-જ નથી, કદાચ આપણને સમજવું સુધ્ધા પણ નથી.

देहो देवालयः प्रोक्तः, जीवः शिवः सनातनः

દરેક શરીર એક મંદીર છે, કદાચ માણસનું હોય, દેવનું હોય, પશુનું હોય, નારક નું હોય, કીડા-મકોડા નું હોય, આ વૃક્ષો નું હોય, ઘાસ નું હોય, ઝાડ નું હોય, પૃથ્વીનું, પાણીનું, અગ્નિનું, વાયુ નું, કોઈ પણ પ્રકારનું શરીર,

देहो देवालयः प्रोक्तः।

દરેક દરેક શરીર એ દેવાલય છે. એ મંદિર છે, એ દહેરાસર છે,

जीवः शिवः सनातनः।

અને જીવ છે એ સનાતન શીવ છે. ભગવાન દોષિત કઈ રીતે હોય શકે. કોઈ પણ જીવમાં દોષ જોવો, એ નિશ્ચય દ્રષ્ટિએ ગોશાળાની, પ્રભુ વીર પ્રત્યે તેજોલેશ્યા છોડવાની ઘટના છે. કોઈ પણ જીવમાં દોષ જોવો, જીવને દોષિત માનવો, એ સિમંધર સ્વામી ભગવાનને નિશ્ચય દ્રષ્ટિએ છદ્મસ્થ જોવાની ઘટના છે. કોઈ પણ જીવ કરતાં પોતાની જાત ને મહાન માનવી, એ અનંત સિધ્ધ ભગવંતો કરતા પોતાની જાત ને મહાન માનવાની ઘટના છે. કોઈ પણ જીવને પોતાના કરતા હલકો માનવો, એ કેવળજ્ઞાની ભગવંતો ને પોતાના કરતા હલકા માનવાની ચોરી છે.

વ્યવહાર દ્રષ્ટિએ, ઘણી બધી જુદી જુદી ગતિઓ છે, મનુષ્ય ગતિ, દેવ ગતિ, નરક ગતિ, તિર્યંચ ગતિ, નિશ્ચય દ્રષ્ટિએ એક જ ગતિ છે, મોક્ષ ગતિ ! બહુ જ મનોમંથન કરીએ, આપણે આપણી સાથે-ઝઘડીએ, આપણી ઉલટ તપાસ લઈએ, આપણને જે લાફા આપણે લગાડી દઈએ, તો આપણને એક નિષ્કર્ષ મળશે, કે આપણને કદી પણ જીવ પ્રત્યે-સૌહાર્દ ભાવ મળ્યો જ નથી.

★ જીવ પ્રત્યે આદર,
★ જીવ પ્રત્યે બહુમાન,

એક કીડી પણ આવી છે મારી પાસે તો હું એને આમ કરીને, ફૂટ કરીને ફંગોળી દઉં તો હું જીવને સમજ્યો-નથી. એની દયા કરું એટલું પુરતું નથી, અધુરુ છે, મને એની અંદર ભગવાન દેખાય તો, ત્યારે મારામાં પૂર્ણતા આવે છે.

પ્રભુ તુમ જાણગ રીતિ સર્વ જગ દેખતા,
નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા।

એક કીડીની અંદર પણ મને ભગવાન દેખાય, સિદ્ધાત્મા દેખાય, એની દયા પણ થાય તો, એની પ્રત્યે આદર પણ હોય, તો જયણાપૂર્વક, એની વિરાધના ન થઈ જાય, એ રીતે હું પ્રમાર્જન કરું, તો હું કીડી ને-સમજ્યો છું.

★ જીવ પ્રત્યે નો સૌહાર્દ કદાચ આપણને અનાદિ ભવચક્ર માં મળ્યો નથી.

એમ લાગે કે ના.. ના મને તો જીવ પ્રત્યે સૌહાર્દ છે, કદાચ એની અંદર કોઈ સંબંધ કારણ હોય છે, મોહ કારણ હોય છે, પત્ની પ્રત્યે

સૌહાર્દ છે, પતિ પ્રત્યે છે, સંતાન પ્રત્યે છે, એનો અર્થ એ નથી કે જીવ પ્રત્યે છે. જીવ તો ઘણા છે, એ જીવ રૂપે જ સૌહાર્દ હોત, તો બધા જીવ સાથે હોત. પણ અમુક જ જીવ પ્રત્યે છે, એનો અર્થ એ છે કે એ જીવ પ્રત્યે નથી એ સંબંધ પ્રત્યે છે. એનું જે બાહ્ય શરીર, એની સાથેનો જે સંબંધ, એની પ્રત્યેની જે અપેક્ષા, એની પાસેથી જે તૃષ્ણા, જીવ પ્રત્યે તો સૌહાર્દ ક્યાં છે ?

જીવ પ્રત્યેનો સૌહાર્દ વ્યાપ એ મળી ગય-નો. હું કહું છું એમાં બધું જ આવી ગયું.

દીક્ષાનો અર્થ પણ આ જ છે જીવ પ્રત્યેનો સૌહાર્દ!

સાધનાનો અર્થ પણ આ જ છે જીવ પ્રત્યેનો સૌહાર્દ !

- ☆ લોચનો અર્થ આ જ છે, જીવ પ્રત્યેનો સૌહાર્દ !
- ☆ વિહારનો અર્થ આ જ છે, જીવ પ્રત્યેનો સૌહાર્દ !
- ☆ પાંચ મહાવ્રતનો અર્થ આ જ છે, જીવ પ્રત્યેનો સૌહાર્દ !
- ☆ પંચાચારનો અર્થ આ જ છે, જીવ પ્રત્યેનો સૌહાર્દ !
- ☆ મોક્ષમાર્ગનો અર્થ આ જ છે, જીવ પ્રત્યેનો સૌહાર્દ !

દશવૈકાલિક સૂત્રની વૃત્તિની અંદર, બહુ અદ્ભુત વાત કરી, સાધુ ધર્મ એટલે શું ? ઓઘો લઈને નાચવું એ, કરેમિ ભંતે ઉચ્ચરવું એ, કપડા પહેરી લીધા એ, ઉપાશ્રયમાં બેસી ગયા એ, પાટ ઉપર બેસી-ગયા એ, પ્રવચન આપે એ, સાધુ ધર્મ એટલે શું ? એની અદ્ભુત વ્યાખ્યા, ~~[illegible]~~ પૂર્તિ કરે છે, લલિતવિસ્તરા

સર્વસત્ત્વહિતાશય[illegible] સાધુધર્મ: ।

જગતના બધા જ જીવો પ્રત્યે અંતરથી હિતબુદ્ધિના ફુવારા છુટતા હોય, અંતરથી જે વાત્સલ્યના ઝરણા વહેતા હોય, આનું

નામ સાધુ ધર્મ. ધ્રુવ પ્રત્યેનો સૌહાર્દ, એટલે આત્માના સ્વરૂપ પ્રત્યેનો સાચો અનુરાગ. ધ્રુવ પ્રત્યેનો સૌહાર્દ એટલે આત્માના શુદ્ધ જ્ઞાન, દર્શન, વગેરે અનંત ગુણો પ્રત્યેની આંતરીક લાગણી. ધ્રુવ પ્રત્યેનો સૌહાર્દ એટલે અનંત સિદ્ધ ભગવંતોની નૈશ્ચયિક ઉપાસના. ધ્રુવ પ્રત્યેનો સૌહાર્દ, એટલે વિતરાગ પરમાત્મા પ્રત્યેનો નૈશ્ચયિક નમસ્કાર. ધ્રુવ પ્રત્યેનો સૌહાર્દ, એટલે કેવળજ્ઞાન ની, નૈશ્ચયિક પૂજા! ધ્રુવ પ્રત્યેનો સૌહાર્દ એટલે કેવળ દર્શન પ્રત્યેની ભાવ પ્રદક્ષિણા! ધ્રુવ પ્રત્યેનો સૌહાર્દ એટલે ચૌદ રાજલોકની અંદર, મોક્ષ ગતિ ની પ્રતિતી. ધ્રુવ પ્રત્યેનું સૌહાર્દ, એટલે મોક્ષ પ્રત્યેનું ભાવ ચૈત્યવંદન! ધ્રુવ પ્રત્યેનું સૌહાર્દ એટલે સિદ્ધિગતિ ની નિશ્ચય ક્રિયારૂપ મહાપૂજા! ધ્રુવ પ્રત્યેનું સૌહાર્દ, એટલે દરેક શરીરની અંદર, દહેરાસરની અનુભૂતિ!

★ ધ્રુવ પ્રત્યેનું સૌહાર્દ, એટલે દરેક-ચેતન પ્રત્યે, દહેરાસરના મુળ નાયક ભગવાન તરીકેની પ્રતિતી!

★ ધ્રુવ પ્રત્યેનું સૌહાર્દ એટલે પરમ આનંદને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ!

★ ધ્રુવ પ્રત્યે નું સૌહાર્દ, એટલે જિનવાણીની તાત્વિક પૂર્ણતાની!

દેહો દેવાલય: પ્રોક્ત:,
જીવ: શિવ: સનાતન:।

જેને પ્રત્યેક ધ્રુવ ભગવાન લાગ્યા, ત્યાં રાગ પણ ક્યાં રહેશે, ત્યારે દ્વેષ પણ ક્યાં રહેશે? ત્યારે કષાય પણ ક્યાં રહેશે, ટાંટિયા ખેંચ, ઈર્ષ્યા, મત્સર, બોલાચાલી, વાદ વિવાદ, ઉતારી પાડવા, ઝઘડી પડવું,

કોઈને છેતરવા, કોઈને શીશામાં ઉતારવા, કોઈના રૂપિયા-
દબાવવા.

देहो देवालयः प्रोक्तः; जीवः शिवः सनातनः।

નિશ્ચય નય આનું EXAMPLE આપવા માંગે છે. હજુ મગજ માં બરાબર સમજાતું નથી સાહેબજી. આમ થોડું થોડું સમજાય છે. થોડું થોડું જતું રહે છે. નિશ્ચય નય કહે છે વાંધો નથી. TRY TO UNDERSTAND!

[સમજવાની પ્રયાસ કરો]

એક સોનાની લગડી છે જે ઉકરડામાં પડી છે. બીજુ-સોનાની લગડી જે SHOWROOM માં પડી છે. એ બેમાં ફરક શું છે? એક ઉકરડામાં છે. એક SHOWROOM માં છે. બંને ની જગ્યા જુદી છે. ક્ષેત્ર જુદુ છે. સ્થાન જુદુ છે. બાજુ બાજુનું ATMOSPHERE જુદુ છે. એનાથી ફરક શું પડે? લગડી ઉકરડે હોય તો એ-લગડી જ છે. લગડી SHOWROOM માં હોય તો એ-લગડી જ છે. લગડી ક્યાં પણ હોય, લગડી - લગડી જ છે. ફરક શું પડે છે! જેને ફરક પડે છે એ ઝવેરી નથી. અને જેને ફરક પડતો નથી. એ સાચો પરીક્ષક છે. ઝવેરી છે એને ફરક પડતો નથી ને જેને ફરક પડે છે-એ સાચો ઝવેરી નથી. લગડી ઉકરડે હોય શકે, છતાં પણ લગડી - લગડી જ રહે છે. ઉકરડો ઉકરડો જ રહે છે. લગડી ઉકરડો નથી બની જતી. ઉકરડો લગડી નથી બની જતો, તો ફરક શું પડ્યો? હજુ ઊંડાણમાં જઈએ. લગડી ઉકરડામાં છે એવું પણ કઈ રીતે કહી શકાય, લગડી - લગડીમાં જ છે. લગડી- લગડીમાં જ હોય શકે. ઉકરડો જ ઉકરડામાં હોય શકે. લગડી લગડીમાં છે, ઉકરડો- ઉકરડામાં છે. તો પછી લગડી ઉકરડામાં છે. આવું પણ કઈ રીતે કહી શકાય. અને જે એમ કહે કે એક મિનિટ, લગડી ની વાત જવા દો. એ ક્યાં છે એ બોલો, એ ઉકરડામાં છે કે SHOWROOM માં છે?

તો એ વ્યક્તિએ લગડી ને સમજી જ નથી. અને જે વ્યક્તિ લગડી ને સમજી ગઈ છે, પછી એ લગડી-ઉકરડામાં છે, કે SHOW ROOM માં છે, એનાથી એને કોઈ જ ફરક પડતો નથી. જે લગડીને ખરા અર્થમાં સમજી ગયો છે, એના માટે એ લગડી ઉકરડે હોય ને તો ઉકરડો પણ એના માટે SHOW ROOM છે, જે લગડી ને સમજ્યો જ નથી, લગડી શું છે ? સાચું સોનું છે, શુધ્ધ સોનું છે, આટલા ગ્રામ છે, આટલા રૂપિયાનું છે, જે લગડી ને સમજ્યો જ નથી, એના માટે SHOWROOM પણ ઉકરડો છે.

ધ્રુવ સંસારમાં હોય શકે, ના - નથી. ધ્રુવ સંસારમાં છે, માની પણ લીધું, પણ ધ્રુવ ધ્રુવ જ રહે છે, ધ્રુવ સંસાર નથી બની જતો, સંસાર-ધ્રુવ નથી બની જતો. તો પછી ફરક શું પડે છે, ધ્રુવ તો ધ્રુવ જ રહ્યો. ધ્રુવ સંસારમાં છે આવું આપણે સુક્ષ્મ દ્રષ્ટિએ પણ કહી શકીએ એમ નથી, ધ્રુવ ધ્રુવમાં જ હોય છે. સંસાર સંસારમાં જ હોય છે. તો પછી ધ્રુવ સંસારમાં છે, આવું પણ કઈ રીતે કહી શકાય ? જે કહે છે એક મિનિટ જરા ઉભા રહો, ધ્રુવની વાત પછી કહીએ, પહેલા એ કહીએ કે એ મોક્ષમાં છે કે સંસારમાં છે, એ વ્યક્તિ ધ્રુવને સમજ્યો જ નથી. અને જે વ્યક્તિ ધ્રુવ ને સમજી ગયો, ધ્રુવત્વ શું છે એ એને સમજાઈ ગયું પછી એ ધ્રુવ મોક્ષમાં છે કે સંસારમાં છે, એનાથી એને કોઈ જ ફરક પડતો નથી. નિશ્ચય નય કહેવા માંગે છે, સિદ્ધ ભગવતો એ SHOWROOM માં રહેલી લગડી છે, સંસારી જીવો એ ઉકરડામાં રહેલી લગડી છે, છે તો બંને લગડી જ. અને એ ધ્રુવત્વ સમજાઈ ગયું છે, તો પછી એ ધ્રુવત્વ ક્યાં છે, એ બહુ મહત્વનો પ્રશ્ન રહેતો નથી.

પુવત્ય સમજાઈ ગયું જેને, એના માટે સંસાર પણ મોક્ષ છે. જેને પુવત્ય નથી સમજાયું, એના માટે મોક્ષ પણ સંસાર-છે. જેને પુવત્ય સમજાઈ ગયું, એના માટે સંસારી-પણ સિદ્ધ છે. જેને પુવત્ય નથી સમજાયું, એના માટે સિદ્ધ પણ સંસારી જ છે. જેને પુવત્ય સમજાઈ ગયું, એના માટે સંસાર અને મોક્ષમાં કંઈ ફરક જ રહ્યો નથી. જેને પુવત્ય જ નથી સમજાયું એને સંસાર અને મોક્ષ આ બેમાં ભેદ કરવાનો કોઈ અર્થ રહ્યો નથી.

દેહો દેવાલય: પ્રોક્ત:, જીવ: શિવ: સનાતન: ।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, અદ્ભુત જ્ઞાન પ્રસાદી છુટ્ટે હાથે આપણને આપવા માંગે છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × × × ×

શુક્રવાર

## વ્યાખ્યાન નંબર- ૧૧૯ DATE 29 01 2021

તમારો પ્રશ્ન છે, બધાને ભગવાન માનીએ તો કઈ રીતે ચાલે ?

આપણને એમાં અનુગતુ કરવાની ભૂલ છે એવું નથી, એની અંદર આપણને દોષ લાગી જશે કે ભાઈ, ફલાણા ભાઈને ભગવાન કઈ રીતે માનવા, એનો પણ એટલો બધો PROBLEM નથી. પણ - બીજા ભગવાન થઈ જાય ને બીજાને ભગવાન તરીકે - જોવા, જે આપણા સ્વભાવને હજુ માફક આવતું નથી એ આપણી ખરી તકલીફ છે.

છગનને રસ્તામાં મગન મળી ગયો ને મગને પોલીસનો પોશાક પહેર્યો હતો, છગને કહ્યું કે તું ક્યારથી પોલીસ બની ગયો, અને શા માટે - પોલીસ બન્યો ? મગને કહ્યું કે અઠવાડિયા પહેલા પોલીસ બન્યો છું ને એનું કારણ એટલું જ છે કે, પહેલા SALESMAN હતો ને ત્રાસ ત્રાસ થઈ ગયો હતો, એ ત્રાસ થી મુક્ત થવા પોલીસ બન્યો. છગન કહે એમાં તને શું ત્રાસ થઈ ગયો ? પોલીસ બનીને શું ફાયદો થઈ ગયો ? અને મગને કહ્યું કે પહેલા મને જે પણ માણસ મળે ને એને બહુ જ સજ્જન છે, જ્ઞાનદાન છે, આવી રીતે સમજવું ને - વાત કરતા બહુ જ ત્રાસ પડતો હતો. અને હવે - પોલીસ થઈ ગયો જેટલો સામે વાળો માણસ લબાડ છે, લુચ્ચો છે, ચોર છે, એવું માનીને કામ કરવામાં બહુ આનંદ આવે છે.

વાત મગનની નથી, વાત આપણી છે, સાચુ બોલો, કોઈની સારી પણ વાત, આપણા કાને આવે, ત્યારે આપણે અનુમોદના તરફ ઢળતા હોઈએ છીએ, કે ઈન્કાર તરફ ઢળતા હોઈએ છીએ.

કોઈ ભાઈએ અડસઠ ઉપવાસ કર્યા, આટલી વાત આપણા કાને આવી, આપણી પ્રતિભાવ શું છે, આપણી પ્રતિભાવ એ જ હોય કે ભાઈ, ઓળખું છું, એમને ભાઈ બાંધી મુઠ્ઠી રાખોને! અથવા તો ઉપવાસ તો કરે છે પણ T.V. છોડતો નથી. આપણે ન છોડીએ એની વાંધો નથી. અથવા તો, ઉપવાસ તો કરે છે પણ એને ગુસ્સો બહુ આવે છે, અથવા તો ઉપવાસ છે પણ એ સાવ ઠ નો ઠ છે, એને નવકારથી ઉપર કાંઈ પણ આવડતું નથી. સામે વાળાની સારી વાતનો ઈન્કાર કરી ને આપણે એ સાબિત કરવા માંગીએ છીએ, કે એ માણસ આપણા કરતા પણ વધારે સારો નથી.

અનાદિકાળની જીવની આ તકલીફ છે કે મારાથી વધારે બીજું મહાન કોણ હોય શકે. બીજાની અનુમોદના હોય, બીજાની સાધના હોય, બીજાની તપસ્યા હોય, બીજાની કોઈ આરાધના હોય, બીજાની વાત આપણને મનની અંદર ખટકે, કાનની અંદર વાગે, આંખની અંદર આગ કાંટાની જેમ ખુંચે, અને જ્યાં સુધી આપણે એની કાંઈક નિંદા ન કરી બેસીએ, ત્યાં સુધી આપણને ચેન પડે નહિ. આ આપણી મોટી તકલીફ છે. બીજાને ભગવાન કઈ રીતે એવા ને એ મંદિરમાં જતા રહ્યા હોય તો ભગવાન માનવા અમે તૈયાર છીએ. કેવળજ્ઞાન આવીયા પછી અથ એને અમે ભગવાન માનવા તૈયાર છીએ, પણ એવું કાંઈ જ ના હોય ને અમે જોતા હોઈએ કે એ પાપ કરે છે, એ દોષ સેવે છે, અમે જોતા હોઈએ કે એની અંદર ઘણી ઘણી ખામી છે, એવાને ભગવાન ગણવા કઈ રીતે છે, એ તમારો પ્રશ્ન છે.

હું તમને કહું કે માસક્ષમણ તમે કર્યું હોય, તો માસક્ષમણ પછીનો હજુ ત્રણ-ચાર દિવસનો જ ગાળો ગયો હોય, તમે રસ્તા પરથી જઈ રહ્યા છો. તમારી વાંચી છે,

જે ઢીલી થઈ ગઈ છે ને તમે આમ-આમ ચાલી રહ્યા-
છો, ને વીંટી સરકી ને, MUNICIPALTY નો કોઈ-
ભાગસ ગટર BLOCKAGE થઈ ગયું હોય ને, એનો
બધો કચરો બહાર કાઢ્યો હોય, ભીનો-ભીનો એ કચરો
હોય, કાળો-કાળો, ગંધાતો એ કચરો હોય, તમારી
વીંટી સરી પડી ને, સીધી જ કચરાની અંદર પડી છે,
અડધી અંદર ખૂંપી ગઈ છે, અડધી બહાર દેખાય છે,
અથવા તો મોટા ભાગની અંદર જતી રહી છે, થોડીક
બહાર દેખાય છે, તમને ખ્યાલ આવ્યો કે આ મારી
વીંટી પડી, અને એની અંદર ગઈ છે. હું તમને પુછુ
કે તમે શું કરો ? હમણાં રહેવા દો. એ જ્યારે-
ચોક્ખું થશે, જ્યારે બહાર નીકળશે, જ્યારે શુધ્ધ થશે
ત્યારે વીંટી લઈશું. આજ તમારી પ્રતીતિ હોય ?
હજુ પડી નથી ને તમે લીધી નથી, આજ તમારી-
પ્રતીતિ હોય ?, ગમે તેવો ગંદો, ગંધાતો, એવો
કચરો પણ હોય, વીંટી એ વીંટી જ છે, વીંટી એ
સોનું જ છે, વીંટી એ મુલ્યવાન જ છે. વીંટીને
એક SECOND માટે પણ રહેવા ન દેવાય, કચરામાં
છે તો શું થઈ ગયું, સોનાની વીંટી છે. આપણી
પાસે બહુ જ સ્પષ્ટ પ્રતીતિ છે.

સંસારમાં છે તો શું થઈ ગયું, દોષમાં
છે તો શું થઈ ગયું ? પાપમાં છે તો શું થઈ ગયું,
જે ધ્રુવ છે એ આત્મા છે, એ અનંતગુણો નો સ્વામી
છે, એની અંદર કેવળજ્ઞાન છે, કેવળ દર્શન છે,
અનંત સુખ છે, વિશ્વનું સર્વોત્કૃષ્ટ તત્વ એ જ છે.
આટલી સ્પષ્ટતા આપણી પાસે શા માટે નહિ ?
સવાલ હકીકતમાં સ્પષ્ટતા કે અસ્પષ્ટતા નો પણ
નથી, ખરો સવાલ અંદર ચાલતા સંઘર્ષો, અંદર
ઉઠતા કષાયો, અંદર રમતા રાગદ્વેષો, અંદર ની બધી

આંટીઘૂંટી, અંદરની રમતગમત આની જરી તકલીફ છે. ક્યારે આપણે આત્મ દ્રષ્ટિએ જોઈ શકશું, ક્યારે આપણે જ આપણી સંસારની ગણિત વૃત્તિઓ, આપણા સંસારના ગણિતો, આપણા જ સંસારની બધી આંટીઘૂંટીઓ, જેમાં આપણને કોઈ જ વાંધો નથી આવતો. બરાબર આપણું CLEAR VISION જેની અંદર હોય છે, એને આપણે મોક્ષમાર્ગમાં ઉપયોગી ક્યારે બનાવી શકશું !

તમારો પ્રશ્ન એ છે કે સાહેબ અમે બધાને ભગવાન રૂપે જોઈએ તો અમારો સંસાર ચાલે જ નહિ. હું તમને પુછુ છું, હકીકતમાં આ પ્રશ્ન છે કે જવાબ છે ! બધાને ભગવાન તરીકે જુઓ તો તમારો સંસાર ચાલે જ નહિ, એ સત્ય છે, હકિકત છે, વાસ્તવિકતા છે, ને એટલા જ માટે બધાને ભગવાન તરીકે જોવાના છે, કારણકે સંસાર એ ચલાવવાની વસ્તુ જ નથી, સંસાર એ પુરો કરવાની વસ્તુ છે. જ્યાં સુધી સંસાર ચાલતો રહેશે ત્યાં સુધી નરકમાં જવું પડશે, ત્યાં સુધી નિગોદમાં જવું પડશે, ત્યાં સુધી ૮૪ લાખ યોનિઓમાં ભવભ્રમણ કરવું પડશે, સંસાર ચાલે છે એ જ આપણી મોટી તકલીફ છે. સંસાર ચાલે છે એ જ મોટી ઉપાધિ છે ને, તમે હજુ સંસાર ચલાવવાની ચિંતા કરો છો. હજુ અંધારામાં છીએ, અજ્ઞાનમાં છીએ, હજુ કશી ખબર જ નથી. ગતાગમ જ નથી, લક્ષ્ય સુધ્ધા CLEAR નથી, ને આપણે માર્ગની ચર્ચા કરતા હોઈએ છીએ. જ્યાં લક્ષ્ય જ CLEAR નથી, મંઝિલ જ CLEAR નથી, જ્યાં બરોબર જવા જેવું છે, ને માર્ગની ચર્ચાઓ આપણે કરતા રહીએ, તો એ ચર્ચાનો કોઈ અર્થ જ નથી.

તમારો સવાલ છે કે અમે બધાને ભગવાન તરીકે જોઈ તો લઈએ, અમને ફાયદો શું થશે ?

DATE

ફાયદો એટલો જ છે કે જેને બધામાં ભગવાન દેખાય છે, એ પોતે પણ જલ્દીથી ભગવાન બની જાય છે અને માત્ર નિશ્ચય નય થી જ નહિ, એક અપેક્ષા એ જ નહિ. જે રીતે મહાવીર સ્વામી ભગવાન બન્યા, જે રીતે સીમંધર સ્વામી ભગવાન બન્યા, જે રીતે અનંતાનંત સિધ્ધાત્માઓ ભગવાન બન્યા, બરાબર એ જ રીતે, PRACTICALLY વ્યવહાર નય થી પણ, એ આત્મા ભગવાન બની જાય છે.

જે શુધ્ધ હોય છે એને બધા શુધ્ધ જ દેખાય છે, જે અશુધ્ધ હોય છે એને બધા અશુધ્ધ-જ દેખાય છે. બીજા શબ્દોમાં કહું, જેને બધા શુધ્ધ દેખાય છે એ શુધ્ધ બની જાય છે. જેને બધા અશુધ્ધ લાગે છે, એ અશુધ્ધ જ રહે છે.

મોહવિલય ઉદ્યાનની અંદર, પ્રતિબોધક આચાર્ય ના મુખે, સિધ્ધર્ષિગણિ મહારાજ, અદ્ભુત આત્મ પ્રકૃતિ ને ખોલવાનો, અજ્ઞાન ને દુર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને સમજાવવા માંગે છે, કે ક્ષેત્ર એ દ્રવ્યનો આધાર માત્ર છે. ક્ષેત્ર હલકું હોય શકે. પણ દ્રવ્ય એ હાજર છે, દ્રવ્ય એ ઉત્કૃષ્ટ છે, દ્રવ્ય એ સર્વશ્રેષ્ઠ છે તો, પછી ક્ષેત્ર હલકું છે એનાથી દ્રવ્યને કોઈ જ ફરક પડતો નથી. કચરાનો ઢગલો એ ક્ષેત્ર છે, સોનાની વીંટી એ દ્રવ્ય છે. ક્ષેત્ર હલકામાં હલકું છે, દ્રવ્ય-ઉંચા માં ઉંચુ છે. તો ઉંચા માં ઉંચા દ્રવ્ય ને-હલકા માં હલકા ક્ષેત્રથી કોઈ ઉની આંચ આવતી નથી. એ વીંટી કચરો નથી બની જતી. એ વીંટી, વીંટી જ રહે છે. એ વીંટી નુ મુલ્ય એક પૈસા જેટલું પણ કચરાના ઢગલાના કારણે ઘટતું નથી. બરાબર એ જ રીતે, આત્મા દોષોમાં હોય, આત્મા કષાયમાં હોય,

આત્મા સંસારમાં હોય, આત્મા શરીરમાં હોય, આત્મા કોઈ પણ ગતિમાં હોય, આત્મા કોઈ પણ યોનિમાં હોય, આત્મા ગમે તેવા પાપોની અંદર પણ હોય, આત્મા, આત્મા જ છે, આત્માનું મુલ્ય એક પૈસા જેટલું પણ ઘટતું નથી. ક્ષેત્ર સર્વોત્કૃષ્ટ હોય, ક્ષેત્ર વિશ્વોત્કૃષ્ટ હોય, ક્ષેત્ર સર્વશ્રેષ્ઠ હોય, પણ દ્રવ્ય જો હલકું છે તો એ ક્ષેત્ર મળવાથી દ્રવ્યને કોઈ લાભ થતો નથી. હું તમને એક સવાલ પુછું, આપણે સિધ્ધશિલાની ઉપર જઈ આવ્યા છે કે નહિ ?, સિધ્ધશિલાની અંદર માત્ર અનંતાનંત સિધ્ધો છે, બીજું કંઈ જ નથી, આ વાત પણ ખોટી છે. ચૌદરાજ લોકનો એક ભાગ જ છે, એ જ ક્ષેત્ર જ્યાં અનંત સિધ્ધાત્માઓ છે, ને ચૌદરાજ લોકનો એકપણ ભાગ, એક પણ DOT એવો નથી જ્યાં અસંખ્ય પૃથ્વીકાયના જીવો નથી, અસંખ્ય અપકાયના જીવો નથી, અસંખ્ય તેઉકાયના જીવો નથી, અસંખ્ય વાઉકાયના જીવો નથી, અને અનંત વનસ્પતિ કાયના જીવો નથી. ચૌદ રાજલોકની અંદર સુક્ષ્મ સ્વરૂપે, એકેન્દ્રિય જીવો અસંખ્ય ને અનંતની સંખ્યામાં સતત ને સતત હાજર હોય છે. જ્યાં સિધ્ધશિલાનું ઉપરનું ક્ષેત્ર ત્યાં એ આપણે જઈ આવ્યા છીએ, જ્યાં અનંતાનંત સિધ્ધાત્માઓ, એમની અવગાહના, એમની SPACE, જે SPACE રોકીને એમના આત્માઓ છે, એ જ SPACE ની અંદર તમારા ને મારા, અનંત જન્મ મરણ થઈ ચુક્યા છે. ક્ષેત્ર ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ હતું, પણ આપણી દશા કચરા જેવી હતી, તો ઉંચા ક્ષેત્રથી આપણને કંઈ લાભ થયો નથી.

બરાબર એ જ રીતે જોઈએ, ક્ષેત્ર ચાહે સંસારનું હોય, ક્ષેત્ર ચાહે કોઈપણ હોય, આત્મા છે, એ અનંત ગુણનો સ્વામી છે, કેવળજ્ઞાન અને કેવળ દર્શન એ અંદર લઈને બેઠો છે. એ આત્મા ક્યાંય પણ હોય

એની VALUE જરા પણ ઓછી થતી નથી, કારણકે એ છે તો આત્મા જ! સાચો ઝવેરી એ છે જે ઘરેણાનું BOX નથી જોતો. સાચો ઝવેરી એ છે જે ઘરેણાની ધાર કેવી છે, DESIGN કેવી છે, FASHION છે એ LATEST છે કે નહિ, એ બધી જ SECOND,-THIRD, FORTH NUMBER ની વાત છે. સાચો-ઝવેરી એ છે જે FIRST NUMBER માં જુએ છે, કે ભાઈ એ ઘરેણાનું MATERIAL, એનું જે સોનું, એ સાચું છે કે નહિ.

સભાનો પ્રશ્ન :- સાહેબજી, દારૂના અડ્ડામાં, કોઈ દૂધ પણ પીવે તો એ તો વગોવાય જ છે ને.

પૂજ્યશ્રીનો ઉત્તર :- પ્રશ્ન અહીંયા માણસ કઈ રીતે વગોવાય છે એનો નથી. પ્રશ્ન-મુળ એ છે, દારૂના પીઠામાં રહેલો ગ્લાસ એ દૂધ છે કે નહિ!

આ બધી વાતનો અર્થ એ નથી કે-બેફામ પાપો કરો, બેફામ હોટલો સેવો, કંઈ જ-વાંધો નથી, તમે આત્મા જ છો, એ આ બધી વાતો નો અર્થ નથી. આ વાતનો અર્થ એટલો જ છે કે ભાઈ તમે, એ દૂધને પણ દારૂ જ ગણીને ચાલો, અને આખી જીંદગી એને દારૂ.. દારૂ ની-ગાળો ભાંડ્યા કરો, અને કર્મ બાંધો. અને એના કારણે રાગદ્વેષ કરીને, કષાયો કરીને, કર્મ બાંધીને, તમે સંસારમાં ભટકો, આવું તો હરગીઝ કરવાનું નથી. એક અપેક્ષા, એક દ્રષ્ટિકોણ, એને સમજવાનો પ્રયાસ કરો. સાચો ઝવેરી એ છે, BOX કદાચ-ORDINARY હોય, ઠેકાણા વગરનું હોય, DESIGNમાં

એટલી કમ ના હોય. પણ એ સોનું છે, ઘરેણું સાચું છે, આટલી વાત એના માટે પુરતી હોય. પુદ્ગલ રૂપે એની ચામડી સ્વરૂપે હોય શકે. પુદ્ગલ જબરદસ્ત બંગલા-સ્વરૂપ હોય શકે. મોંઘી દાટ ગાડી સ્વરૂપ હોય શકે. કબાટો ભરીને નોટોના સ્વરૂપે હોય શકે. પણ જે આધ્યાત્મિક ઝવેરી છે, એને એનાથી કોઈ જ ફરક-પડતો નથી. એને મન એ પુદ્ગલનું કોઈજ મુલ્ય-હોતું નથી. ઘાટ છે, ચળકાટ છે, Box - HIFI છે, પણ પુદ્ગલ છે, એ ધ્રુવ નથી એ ઘરેણું ખોટું છે. તો પછી એની કિંમત ફુટી કોડી નો પણ નથી.

ધ્રુવત્વ તદ્દન ગૌણ થઈ જાય, અને પુદ્ગલત્વ જ મુખ્ય થાય, આપણી દ્રષ્ટિ પુદ્ગલ ઉપર-જ હોય, ધ્રુવત્વ ઉપર હોય જ નહીં, તો જ વિજાતીય આકર્ષણ થઈ શકે. જે મહાકુરુ હોય, એને મડદા-પ્રત્યે પણ આકર્ષણ થતું હોય છે. જ્યાં ધ્રુવત્વ ગૌણ સુધ્ધા નથી હોતું, ધ્રુવત્વ ની હાજરી સુધ્ધા નથી, અને પુદ્ગલ નુ જ્યાં એક છત્રી સામ્રાજ્ય છવાયેલું છે. મનોમંથન આપણે કરીએ, આપણી દ્રષ્ટિ શું છે ?

આપણે ક્યાં છીએ ?

આપણે કેટલામાં છીએ ?

આનો ફાયદો શું છે ?

આનો અર્થ શું છે ?

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને બહુ પ્રેમથી સમજાવવા-માંગે છે, કે જે દ્રષ્ટિ તમારી પાસે નથી, તો અનાદિ-કાળથી તમે આંધળા છો. જે આ દ્રષ્ટિનો ઉઘાડ-થયો નથી, તો તમે હકીકતમાં કશું જ જોઈ રહ્યા નથી. વીંટી પડી ગઈ, તમે લેવા જઈ રહ્યા છો, સાથે તમારું બાળક છે, એ કહે છે છી.. છી થઈ ગયું મમ્મી રહેવા દે, કદાચ મમ્મી એને એક તમાચો મારી દેશે, તને

કંઈ ખબર પડતી નથી. કચરો છો છે કોઈ જ કિંમત નથી. વીંટી હરગીઝ છો નથી, વીંટી ને છો - સમજાય નહિ, વીંટી ને તરછોડાય નહિ. આત્મ - દ્રષ્ટિ ખુલે, તો બધા જ સંઘર્ષો સમાપ્ત થઈ જાય. આત્મ દ્રષ્ટિ ખુલી જાય તો સંવેગ અને નિર્વેદ ના - ભાવો ઉછળે. આત્મ દ્રષ્ટિ ખુલી જાય તો કષાયોનું ઉત્થાન અસંભવિત બની જાય. આત્મ દ્રષ્ટિ ખુલી જાય તો, સમભાવનું સામ્રાજ્ય છવાઈ જાય. હિતકર - પણ આત્મ દ્રષ્ટિ જ છે, સાચી પણ આત્મ દ્રષ્ટિ જ છે, અને સુખદાયક પણ આત્મ દ્રષ્ટિ જ છે. તો - પછી આત્મ દ્રષ્ટિ જ કેમ ન અપનાવવી ?

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આત્મ દ્રષ્ટિને એક જ પંક્તિ ની અંદર ઉતારી દે છે,

दोषोऽयमस्यैव न भवादृशाम्।

જીવ નિર્દોષ છે, નિષ્કલંક છે નિર્મળ છે, જીવ પવિત્ર છે, જીવ પરભાવ થી અત્યંત વિશુદ્ધ છે, છોકરો કહે છે, મમ્મી વીંટી ગંદી થઈ ગઈ. મમ્મી કહે છે, વીંટી થોડી જ છે. વીંટી ને - સમજ્યા નથી તો, બાહ્ય નિમિત્તો, બાહ્ય વાતાવરણ, બાહ્ય યોગ ના પ્રભાવ હેઠળ આપણે હોઈએ છીએ. વીંટી સમજાઈ ગઈ, પછી કચરો છે, ગટરનો છે, ગંધાતો છે, નજીક જો જવાય એવું નથી, એમાં હાથ કઈ રીતે નખાય. આ બધા પ્રશ્નોનો કોઈ અવકાશ જ નથી. જીવની અંદર દોષ એવી જે - જઘન્ય દશા છે, જીવની અંદર દોષ ન એવો, જે મધ્યમ દશા છે. જીવ છે જેની અંદર દોષ છે જ નહિ એવું માનવું આ ઉત્કૃષ્ટ દશા છે. આ બધી જ વાત છે ને આ કયાં લગાડવાની, જ્યાં જીવ પ્રત્યે આપણને અસદ્ભાવ આવી રહ્યો છે.

બીજા માટે ખરાબ ભાવ આવી રહ્યો છે કે ભાઈ એ દોષિત છે, ક્રોધી છે, અહંકારી છે, લોભી છે, કપટી છે, જ્યાં આ ભાવ આવે છે, ત્યાં આ નય લગાડવાનો છે. ત્યાં આ દ્રષ્ટિકોણથી જોવાનું છે, જ્યાં પોતાના આત્માની વાત છે, ત્યાં પોતાને દોષિત માનવો, પાપી માનવો, અને એ દોષનો ત્રાસ અનુભવવો, એ દોષને દૂર કરવાનો પુરુષાર્થ કરવો. ત્યાં આ દ્રષ્ટિકોણ હોવો જોઈએ, તો આપણું કલ્યાણ થાય.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

डिम्भरूपमनेनैव द्वितीयं पापनामकम् ।

મોહવિલય ઉદ્યાનની અંદર આચાર્ય ભગવંતની દેશના જ્યાં-ખળખળ વહે છે, વ્યંતર દેવ-દેવી ને જ્યાં પસ્તાવો થાય છે, એ તીવ્ર પસ્તાવો થયો એટલે પહેલી ઘટના એ થઈ કે એમના શરીરમાંથી ભોગતૃષ્ણા બહાર દોડી છે ને સભાની બહાર જઈ ને ઉભી રહી છે. બીજી ઘટના એ બની છે, એમના શરીરમાંથી એક કાળુ બાળક નીકળ્યું છે, એ બાળક કાળું, કાળુ, બિહામણું, વિકરાળ, ભયંકર જોવું એ ના ગમે એવું બાળક, એ બાળક નીકળ્યું એમાંથી બીજું બાળક નીકળ્યું એ પણ કાળુ.. કાળુ. એ બાળક વધી રહ્યું છે... વધી-રહ્યું છે... વધી રહ્યું છે... અને એક બાળક જે એમના શરીરમાંથી નીકળ્યું જે ધોળું છે, સફેદ છે, સરસ છે, હસમુખુ છે. ગમી જાય એવું છે એ બાળક બીજા બાળકને જોર મુક્કી મારે છે, અને એ પાછુ વધતુ અટકી જાય છે, અને નાનું થઈ જાય છે આચાર્ય ભગવંતને પુછવામાં આવ્યું કે આ બધું શું છે, આ બધું કોણ છે ? આચાર્ય ભગવંત કહે છે, પહેલી જે ભોગ-તૃષ્ણા જે બહાર દોડી ગઈ, જે પહેલું બાળક નીકળ્યું કાળુ કાળુ બિહામણું એનું નામ છે અજ્ઞાન, જે એમાંથી બીજું બાળક નીકળ્યું, કાળુ કાળુ એનું નામ છે પાપ. પ્રતિબોધક આચાર્ય-અંતરંગ વિશ્વના પાત્રો ને સમજાવવાની સાથે, સમગ્ર-

વિશ્વની પરીક્ષા કરવા જઈ રહ્યા છે. જીવ ભોગ-તૃષ્ણા
થી દુઃખી છે. જીવની અંદર અજ્ઞાન છે. અજ્ઞાન-
કાળું છે, બિહામણું છે, અંધકાર મય છે. અને
અજ્ઞાનરૂપી બાળક, પાપરૂપી બાળકને જન્મ આપે છે.
જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી પાપનો જન્મ-
થતો જ રહેવાનો છે.

सर्वत्र जन्यते तस्माद्त्रापि जनितं किल।

પ્રતિબોધક આચાર્ય કહે છે, જ્યાં..જ્યાં..જ્યાં..જ્યાં અજ્ઞાન-
નો જન્મ થાય છે, ત્યાં..ત્યાં..ત્યાં..ત્યાં પાપનો જન્મ
થાય છે. અને એના કારણે અહીંયા અજ્ઞાન હતું-
માટે જ પાપનો જન્મ થયો છે. પ્રશ્ન થાય કે અજ્ઞાન
હોય ને કોઈ માણસ પાપ ન કરતો હોય એવું ના
બની શકે. અંધારું હતું, અનાભોગ હતો, અનઉપયોગ
હતો, બિચારા ને કશી ખબર જ ન હતી. અને
એ નથી કોઈ પાપ કરતો, નથી એ જીવને મારતો-
નથી એ જુઠ્ઠું બોલતો, નથી ચોરી કરતો, અજ્ઞાન
છે પણ પાપ નથી.

सर्वत्र जन्यते तस्माद्त्रापि जनितं किल।

તો એ બધું જ અજ્ઞાન પાપને જન્મ આપે એવું જે
કહ્યું, એવું કયા હિસાબે ? આ કઈ રીતે ઘટી શકે,
આ શક્ય જ નથી. અજ્ઞાન હોય ને પાપ નથી આવી
પણ સંભાવના છે. તો પછી એમ કેમ કહી શકાય કે
જ્યાં જ્યાં અજ્ઞાન છે, ત્યાં ત્યાં પાપ થશે જ.

શાસ્ત્રકાર ભગવંતો જવાબ આપે છે,
અજ્ઞાનથી પાપ દેખીતી રીતે કદાચ થતું હોય કે ના-
થતું હોય, અજ્ઞાન પોતે પણ પાપ જ છે. જ્યાં સુધી
અજ્ઞાન ગયું નથી, ત્યાં સુધી પાપ ગયું જ નથી,
અઢાર પાપસ્થાનકોમાં છેલ્લું પાપસ્થાનક, સર્વોત્કૃષ્ટ
પાપસ્થાનક, સૌથી ભયાનક પાપસ્થાનક, જેનું નામ

છે, મિથ્યાત્વસત્ય, આ અજ્ઞાન નો જ સમાનાર્થી શબ્દ છે. અજ્ઞાન પોતે જ પાપ છે. અજ્ઞાન પોતાની અંદર બધા પાપો ને સમાવી ને બેઠું છે. અધ્યાત્મ સારની અંદર - મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

हिंसानुबन्धिनी हिंसा मिथ्यादृष्टेस्तु दुर्मतेः।

મિથ્યાત્વી જીવ હોય છે, દુર્મતિ હોય છે, એને જ્ઞાન નથી, એને સમજણ નથી, બુદ્ધિ નથી, અજવાળુ નથી, મિથ્યાત્વી જીવ હિંસા કરે, એ તો હિંસા હોય જ છે. સ્વરૂપ થી હિંસા હોય છે, અનુબંધ થી હિંસા હોય છે, આજે હત્યા કરી એ પણ હિંસા જ છે, ને ભવિષ્યમાં અનેકાનેક - હત્યાઓ એના હાથે થશે, એથી હિંસાનું આ હિંસા કારણ પણ છે.

अज्ञानशक्तियोगेन, तस्याहिंसापि तादृशी ।।

મિથ્યાત્વી જે અહિંસાનું પણ પાલન કરે, જે જીવદયાનું પણ પાલન કરે, એની અંદર અજ્ઞાન ઘરબાયેલું હોય છે. અને એના કારણે મિથ્યાત્વી, જે અહિંસા હોય એ પણ હકીકતમાં હિંસાનું કારણ બને છે.

असतीनां यथा शीलमशीलस्यैव वृद्धये।

એક સ્ત્રી છે ને હકીકતમાં એ સ્ત્રી અંદરથી બેવફા છે, કુલટા છે. બધી જ રીતે ગયેલી છે. પણ દેખાવ એવો છે, કે એ સતી છે, મહાસતી છે, લાજ, શરમ, મર્યાદા, સંસ્કૃતિ, બધું જ સાચવી ને, આમ જોઈએ તો ધર્મ કરતી હોય, આમ જોઈએ તો એકદમ સાસુ-સસરા ની પતિની સેવા કરતી હોય, કામ હોય ને કોઈ આવે તો કહી દે કે તમે નહીં આવી શકો અંદર, હું એકલી છું. આવુ બધું જ એની અંદર હોય જે સતી ના લક્ષણો હોય, જે શીલના લક્ષણો હોય, એ ઘણું બધું એની અંદર દેખાતું હોય, ઉપરછલ્લી દ્રષ્ટિએ પણ અંદરથી શીલ નથી, અંદરથી મર્યાદા નથી, અંદરથી વફાદારી નથી, અંદરથી સતીત્વ નથી, તો એ જે જે શીલ પાળે, એ બધું જ શીલ

એના અશીલ ની વૃધ્ધિનું કારણ થાય. એના શીલથી બીજાને એના ઉપર વિશ્વાસ પડે, જેના શીલથી - બીજા એને છુટછાટ આપે, એના શીલથી બીજાને - એમ લાગે કે નહિ, બીજુ કોઈ પણ સ્ત્રી ખોટું કામ કરી શકે, આ તો ન જ કરી શકે. અને પછી શીલના દેખાડા દ્વારા મળેલી છુટછાટોનો દુરઉપયોગ, એ - સ્ત્રી દ્વારા થાય. શાસ્ત્રકાર ભગવંતો કહે છે, જે - મિથ્યાત્વી છે, એ જીવ દયા પણ પાળે, અહિંસા પણ પાળે, દેખીતી રીતે એ કોઈ જીવો પર કંઈ ઉપકાર પણ કરે, પણ છતાં એ અંદર અજ્ઞાન છે, અંદર મિથ્યાત્વ છે.

अज्ञानशक्तियोगेन तस्याहिंसापि तादृशी।

અજ્ઞાની ધર્મ પણ કરતો હોય ત્યારે પણ નિશ્ચય - દ્રષ્ટિ એ એ પાપ કરતો હોય છે. કારણકે એનું અજ્ઞાન હજુ ટળ્યું નથી, અને ધર્મનું પહેલું પગલું અજ્ઞાન ટળવું એ હોય છે. અજ્ઞાની એ કરવું જ નહિ એવું નહિ, અહીં કોઈ અજ્ઞાની આવ્યો ને ઓળી કર્યું એ પાપ જ કર્યું, એવો અર્થ પણ નથી - લેવાનો. પણ જ્યાં સુધી જીવ માર્ગાનુસારિતા માં પણ આવ્યો નથી, ચરમાવર્તમાં પણ આવ્યો નથી, હજુ અભવ્ય જેવો જીવ છે, દુર્ભવ્ય જેવો જીવ છે, એવો - જીવ છે ને એ જીવ ગમે તેટલો ધર્મ પણ કરે, એ જીવદયા પણ કરે, અહિંસા પણ પાળે, દીક્ષા પણ લે, અણીશુધ્ધ દીક્ષા પાળે,

तस्याहिंसापि तादृशी

એને અહિંસાથી પણ હિંસાનો અનુબંધ બંધાય. એવું મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ અધ્યાત્મ સાર ગ્રંથમાં કહે છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને બહુ પ્રેમથી સમજાવવા માંગે છે, અજ્ઞાન દુર કરો, જ્યાં સુધી અજ્ઞાન નથી ગયું, ત્યાં સુધી ઠેકાણું -

પડવાનું નથી. પુરુષાર્થ સિધ્ધિ ઉપાય ગ્રંથની અંદર અમૃતચંદ્ર-આચાર્ય કહે છે,

आत्मपरिणामहिंसनहेतुत्त्वात् सर्वमपि हिंसै ।

હિંસા તો હિંસા છે જ, જુઠ પણ હિંસા છે. ચોરી પણ હિંસા છે. અબ્રહ્મ પણ હિંસા છે. પરિગ્રહ પણ હિંસા છે. ક્રોધ પણ હિંસા છે. માન પણ હિંસા છે. માયા પણ-હિંસા છે. લોભ પણ હિંસા છે. રાગ પણ હિંસા છે. દ્વેષ પણ હિંસા છે. પૈશુન્ય, રતિ- અરતિ, પરપરિવાદ, માયા મૃષાવાદ, બધું જ હિંસા છે. આપણે પુછીએ કઈ રીતે હિંસા છે ? અને અમૃતચંદ્રાચાર્ય જવાબ આપે છે,

आत्मपरिणामहिंसनहेतुत्वात् सर्वमपि हिंसैतत् ।

જુઠ થી પણ હકીકતમાં તમારા આત્મ પરિણામની હિંસા જ થાય છે. એવું નથી કે બહાર કોઈ કીડી મરી એટલે હિંસા, એવું નથી બહાર કોઈ કુતરો મર્યો એટલે હિંસા, બહાર કોઈ ઈંડુ ફુટી ગયું એટલે હિંસા. હિંસા બહાર ની પણ હોય છે, હિંસા અંદરની પણ હોય છે, દુનિયાનું કોઈ પણ પાપ ભલે તમે કરતા હો, દરેક રીતે એની અંદર કોઈ જ હિંસા ન હોય, બાહ્ય જીવની હિંસા નથી, આંતરિક તમારા આત્મપરિણામની હિંસા સો ટકા હોય છે. અને જ્યાં હિંસા છે એ પાપ જ છે. અને એ પણ એક જાતની હત્યા જ છે. જ્યાં તમારા સ્વભાવની હત્યા છે, સ્વરૂપની હત્યા છે, આત્મ પરિણામની હત્યા છે. તો પછી વ્રત કર્યો કે એક જ મહાવ્રત રાખો, એક જ અણુવ્રત રાખો. અહિંસા વ્રત, સર્વપ્રાણાતિપાત વિરમણ વ્રત, આટલા બધા વ્રતો કેમ રાખ્યા ? આટલા બધા પાપસ્થાનકો કેમ બતાવ્યા, અને અમૃતચંદ્રાચાર્ય જવાબ આપે છે,

सत्यादीनि व्रतानि कथितानि शिष्यबोधाय ।।

આપણે બધા બાળ જીવ, મુઢ જીવ, આપણને કહી દીધું-હોય કે એક અહિંસા વ્રત જ તમારે પાળવાનું છે,

તો પછી આપણે જૂઠું બોલીએ, ચોરી કરીએ, આવું બધું પણ કરી નાખીએ, આપણને સ્પષ્ટ પ્રતીતિ-ના થાય કે આ પણ મારે ત્યાગ છે, આનો પણ મારે પરિહાર કરવાનો છે, આવી આપણને બુદ્ધિ ના થાય, પણ આપણને સ્પષ્ટ બોધ થાય કે ભાઈ જૂઠું-એ ના બોલાય, ચોરી એ ના કરાય, અને એના કારણે એ બધા જુદા જુદા વ્રતો- મહાવ્રતો એ જ્ઞાની-ભગવંતો એ આપણને આપ્યા છે.

અજ્ઞાન છે તો પાપ થવાનું જ છે.

અજ્ઞાન છે તો જીવનું ઠેકાણું પડવાનું જ નથી. અજ્ઞાન છે તો એક પછી એક પાપ જીવ કરતો જ રહેવાનો છે.

અજ્ઞાન એ પાપનું કારખાનું છે.

અજ્ઞાન એ પાપનો શ્વાસ છે.

અજ્ઞાન એ પાપની ઉર્જા છે.

અજ્ઞાન એ પાપની પરંપરા છે.

અજ્ઞાન એ પાપની ધુવાધારી છે.

ઘરની અંદર તમારે નાનું બાળક હોય, અને એ બાળક બહુ તોફાન કરતો હોય, એટલું તોફાન, - એટલું તોફાન, એટલું તોફાન, વાલીઓ એમ નહિ કહે કે આ તોફાનનો છોડતો નથી. વાલીઓ કહેશે કે આ છોકરો સમજતો જ નથી. કહેશે કે

DATE

જ્ઞાનીઓ એમ નથી કહેતા કે આ પાપ નથી છોડતો, જ્ઞાનીઓ પણ એમ જ કહે છે કે આ જીવ હજુ સમજતો નથી. પહેલાં CLEAR સમજે કે ખરો સવાલ નુકશાની બંધ થાય. એનો છે જ નહિ. ખરો સવાલ આ છોકરો નુકશાન - ઓછા કરે વધુ કરે, એનો પણ નથી. ખરો સવાલ - એની અણસમજનો, એ સમજતો નથી, અજ્ઞાન માં છે, એ ખરો સવાલ છે. છોકરો જો સમજણો થઈ જાય પછી તો એ નુકશાન નથી જ કરવાનો.

જ્ઞાનીઓ સમજે છે કે ખરો સવાલ - આ જીવો પાપોને છોડે, એનો નથી. પાપો વધારે કરે છે, ઓછા કરે છે, એનો પણ નથી. ખરો સવાલ એ જ છે કે જીવોનું અજ્ઞાન છે તો જો અજ્ઞાન ટળી જાય, તો પછી એ પાપો કરવાના જ નથી.

હું તમને કહું તમારા જીવનમાં, તમારા પરિવારના જીવનમાં, તમારા સંતાનોના જીવનમાં, પાપો ઓછા થાય એનું તમારું TARGET છે, તમારું લક્ષ્ય બંધાયું છે. પાપો એમના ના થવા જોઈએ, રાતે એ ના ખાવી જોઈએ, કંદમૂળ ના ખાવું જોઈએ, અભક્ષ્ય ના ખાવું જોઈએ. NON-VEG, ઇંડા જેવી વસ્તુ એના જીવનમાં કદી પણ આવવી જ ના જોઈએ. એ આમ - કરવું જોઈએ.. આ ન કરવું જોઈએ... આ ન કરવું - જોઈએ. આવી ઘણી બધી ગડમથલ આપણી અંદર હોય છે અને એના માટે આપણે આખી જિંદગી - ઝઝૂમ્યા કરીએ છીએ, કદી પણ આપણને થયું કે મારો દીકરો, એનું આ અજ્ઞાન ટળવું જોઈએ.. આ અજ્ઞાન ટળવું જોઈએ, આટલું આટલું એને જ્ઞાન મળવું જોઈએ, બે પ્રતિક્રમણ થવા જોઈએ, પાંચ પ્રતિક્રમણ થવા જોઈએ, જીવવિચાર થવા જોઈએ, નવતત્ત્વ થવા જોઈએ, દંડક થવું

જોઈએ, લઘુ સંગ્રહણી થવું જોઈએ. શાંત સુધારસ થવું જોઈએ, યોગશાસ્ત્ર થવું જોઈએ, ઉપદેશ માલા થવું જોઈએ, પ્રશમરતિ થવું જોઈએ, શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધ-ગુણ વિવરણ, આ બધા ગ્રંથોનું જ્ઞાન મારા સંતાનોને મારા પરિવારને, અપણા તો મને મળવું જોઈએ ન મળે એ ન જ ચાલે ને ન મળે એ બહુ મોટું-પાપ કહેવાય ને, ન મળે એ મોટામાં મોટું પાપ કહેવાય, એ ન મળે એ બધા પાપોનું મુળ કહેવાય, એ ન મળે એ અનંત સંસારનું કારણ કહેવાય, એ ન મળે એ બધા જ દુઃખોનું કારણ કહેવાય, હું તમને પુછુ, આટલી સમજ આપણને જરૂરી ?

આપણો પ્રશ્ન છે કે સાહેબ ચાલો વાત સાચી, જ્ઞાન પણ મળી ગયું, સમજણ પણ મળી ગઈ, તો પછી સમજણ મળ્યા પછી પાપ ન જ થાય એવું જરૂરી ખરું ? કઈ રીતે તમે એની GUARANTEE આપી શકો, કઈ રીતે અમે એની ખાત્રી પામી શકીએ, કે ભાઈ જ્ઞાન મળી ગયું, અજ્ઞાન ટળી ગયું, અને હવે એ ખુબ પાપ નથી-જ કરવાનો, એવું બની શકે કે જ્ઞાન મળી ગયું છતાં ખુબ પાપ કરવાનો ? આનો જવાબ એ છે, તોફાની છોકરો છે, નાનો છે, ત્રણ વરસનો છે, ઘરમાં ઉધામા કરે છે, તોફાન કરે છે, TUBE-LIGHT ફોડી નાખે છે, એટલે પાંત્રીસ વર્ષના પપ્પા પણ TUBE LIGHT ફોડી નાખશે ? પપ્પા મોટા થયા છે, સમજણા થયા છે, તો પછી તોફાન-નથી જ કરવાના, TUBE LIGHT નથી જ ફોડવાના, જે સમજણા થઈ ગયા એ કદી તોફાન કરે નહી. જે તોફાન કરે એ કદી સમજણા હોય નહિ. બરાબર એ જ રીતે જે જ્ઞાની હોય

રજો કદી પાપ કરે નહિ, અને જે પાપ કરે એ કદી જ્ઞાની હોય જ નહિ.

મગન પોલીસ બની ગયો હતો ને કોઈ HIGHWAY ઉપર DUTY બજાવતો હતો, અને એક ગાડી આવી ને ગાડી ને ઉભી રાખી મગને, અંદર જોયું, એક છોકરો હતો વીસ- બાવીસ વર્ષનો ને એ DRIVING કરતો હતો, SEAT BELT એણે બરાબર પહેર્યો હતો. એને અમુક DUTY મગનને અપાઈ હતી કે, યોગ્ય વ્યક્તિ થી અમુક ને પકડવાના બરાબર હોય તો ઈનામ આપવાનું, ન હોય તો દંડ આપવાનો. ને મગન હજુ નવો નવો છે, પ્રામાણિક નોકરી કરે છે. મગને છોકરાને કહ્યું કે તે SEAT BELT બરાબર બાંધ્યો છે ને એટલે હું તને- પાંચ હજાર રૂપિયાનું ઈનામ આપું છું. મગનને જરા- તુક્કો સુઝ્યો એણે છોકરાને પુછ્યું, બોલ તું એ- પાંચ હજાર રૂપિયાનું શું કરીશ, પેલા એ તરત કીધું કે પહેલા તો હું LICENSE બનાવડાવી દઈશ. મગન ચમક્યો, એટલે છોકરાની મમ્મી બોલી પડ્યા ના..ના આ તો દારૂ પીધો છે ને એટલે ગમે તેમ બોલે છે, LICENCE તો છે એની પાસે. મગન હજુ ચમક્યો, ત્યાં તો એના પપ્પા બોલી પડ્યા, મેં હું કહેતો હતો ને આ ચોરેલી ગાડી લઈને આપણે બહુ આગળ નહીં જઈ શકીએ, ફસાઈ ગયા કે નહિ આપણે !

**જીવ પોતાના અજ્ઞાન થી ફસાય છે !**

હું કહું છું, બહુ જ સીધું પડી શકે એમ છે, અનંત કાળની બધી આંટીઘુંટીઓ, ગુંચવાણી ઉકલી શકે એમ છે. બહુ જ SHORT TIME માં તમે હું આપણે બધા, મોક્ષે જઈ શકીએ એમ છે. પેલો પોલીસ તમને પાંચ હજાર આપીને માન લઈ વિદાય

આપતી હતી, અને તમારી લાખો ની ઉંદ એવા ધંધા-તમે કર્યા, એના જેવી ક્હાય આપણી દશા છે. છે-પાપી છે, ગુનાઓ છે, અપરાધો છે, દોષો છે, સંસાર છે, એની ના નથી પણ હવે મે આપણી સમજ જોઈએ તો આ બધું જ જતું રહે. એ સમજણ થયો તો LICENSE વગર નહીં ચલાવે, એ સમજણ થયો દારૂ નહિ પીવે. એ સમજણ થયો તો આવી ચોરી-ચપારી નહીં કરે, આવી રીતે ફસાય જવાની પરિસ્થિતિ એની નહિ આવે, આપણે અનાદિકાળથી આ જ ધંધા કર્યા, દારૂ-પીધા, ચોરી-ચપાટી કરી, ખોટા કામો કર્યા અને નરકમાં ગયા, અસંખ્ય વર્ષોની નરક ભોગાઈ ગઈ, એક સપના રૂપે પણ ખરેખર નરક થી દેખાઈ જશે તો, તો હું તમને કહું છું, સંસાર નું એક પણ પાપ કરવાની તમારી તેવ નહીં રહે. પરિવાર-માટે કરવું પડે ત્યાં સુધી જ્યાં સુધી નરક નથી-જોઈ, દીકરા માટે કરવું પડે ત્યાં સુધી જ્યાં સુધી નરક જોઈ નથી, વિજાતીય નું આકર્ષણ સજ્જન છે, બધી છૂટનું, ત્યાં સુધી જ્યાં સુધી નરક જોઈ નથી.

"સંસારનું એક પણ પાપ નરકને જોયા પછી થઈ શકતું નથી!"

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને બહુ લાગણી થી કહે છે, સમજો. હવે સમજો. મરી જશો. ખુબ પસ્તાશો. બુરા હાલ થશે. છોડી દો બધી અણસમજ, છોડી દો બધું અજ્ઞાન. તમે જ્ઞાનને અપનાવો, તમારું કલ્યાણ થઈ ને રહેશે. અદ્ભુત વાત અજ્ઞાનના સંદર્ભમાં

આ બે બાળકના સંદર્ભમાં, સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહેવા જઈ રહ્યા છે, આજે સમય થયો છે. આજે આટલું રાખીએ.

× × × × × ×

મંગળવાર

વ્યાખ્યાન નંબર - ૧૨૦ DATE 02 02 2021

પ્રશ્ન છે તમારો, કે અજ્ઞાન થી જ પાપ થાય એવું જે તમે કહ્યું એ હજુ મગજમાં બરાબર બેસતું નથી. અજ્ઞાન અમારી અંદર હોય અમે અણ-સમજ માં હોઈએ, અમે ગેરસમજ માં હોઈએ, અમને કશું આવડે નહિ, આધ્યાત્મિક દ્રષ્ટિ એ અમે ઠ હોઈએ, છતાં અમે કોઈ પાપ ન કરીએ એવું કેમ ના બની શકે ? અજ્ઞાનથી જીવ પાપ કરતા હશે, એવા એવા જીવો દ્રઢપ્રહારી જેવા, અર્જુનમાળી જેવા, વગેરે જેવાઓએ અજ્ઞાન ને વશ થઈ ને ઘોર હત્યાઓ-વગેરે કરી, બની શકે !

અમે એવું કશું જ કરતાં નથી. અમને શાસ્ત્રો આવડતા નથી, અમને આગમો આવડતા નથી, અમે કદાચ બહુ વ્યાખ્યાનો સાંભળ્યા નથી, ધર્મની અંદર અમને ગતાગમ નથી પડતી, અને અમે કોઈ પાપ પણ કરતા નથી, અમે શાંતિથી અમારી જીંદગી જીવીએ છીએ, તો પછી અજ્ઞાન થી પાપ થાય જ, એવું કઈ રીતે કહી શકાય ?

જવાબ છે, NUMBER ONE. ધારોકે-માની પણ લીધું, કે કોઈ જ પાપ કર્યા વગર આપણે એમને એમ બેઠા છીએ, તો પછી અજ્ઞાનથી પાપ થયું એવું ના કહેવાય, બની શકે કોઈ માણસે દારૂ પીધા-નો ખુન ના કરે, બની શકે કોઈ માણસે દારૂ પીધોને ચોરી ના કરે, બની શકે કોઈ માણસે દારૂ પીધો ને તોડફોડ ના કરે, છતાં પણ એણે દારૂ પીધો છે એમાં ઘણી બધી વાત આવી જાય છે, અષ્ટક પ્રકરણની અંદર હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

વિદ્દશાર્થમજં હત્વા સર્વમેવ ચકાર સઃ ।

પુરાણની કથા છે, એક ઋષિ છે ને જબરદસ્ત તપ કરે છે ને ઇન્દ્ર ને થ લાગે છે કે, આ મારું સ્વર્ગના

પડાવી લે. એને ચલીત કરવા માટે અપ્સરાઓ ને મોકલે છે,
અને અપ્સરાઓ ત્યાં નૃત્ય વગેરે કરે છે, એમને ખુશ કરી-
દે છે, એમને પ્રસન્ન કરી દે છે, ને વરદાન માંગે છે. ઋષિ
કહે છે, માંગો એ આપું, ને ત્રણ શરત અપ્સરાઓ મુકે છે,
પહેલા નંબરની અંદર, તમે હિંસા કરો, બીજા નંબરમાં તમે
મૈથુન સેવો, ત્રીજા નંબરની અંદર તમે દારૂ પીવો. ઋષિ ઘણું
વિચારે છે કે હિંસામાં તો ઘણું પાપ છે, જીવ હિંસાનું પાપ-
કરાય નહિ, મૈથુન પણ રાગ-દ્વેષનું મુળ છે, અધર્મનું
મુળ છે, હરગીઝ ના કરાય. આ દારૂ છે દારૂમાં વાંધો નથી,

शुद्धकारणपूर्वकम् ।

એમાં હોય છે શું ?, લોટ હોય છે, પાણી હોય છે, વરદાન
આપેલું છે, ત્રણ માંથી એક વસ્તુ કરવાની છે, ત્રીજુ વસ્તુ
ઋષિ પસંદ કરે છે, દારૂ પીવે છે, ભાન ભુલે છે, અને
ત્રણ માંથી એકે પાપ કરવામાં બાકી રાખતા નથી.

દારૂ ખરાબ છે, આટલું આપણે બ-
સમજીએ છીએ, તો અજ્ઞાન ખરાબ છે એ સમાનાર્થી-
વાક્ય જ છે, એ વાક્યમાં હકીકતમાં કોઈ જ ફરક નથી.

- ★ અજ્ઞાન એ નશો છે.
- ★ અજ્ઞાન એ દારૂ છે.
- ★ અજ્ઞાન એ મોહ છે.
- ★ અજ્ઞાન એ બુધ્ધિનું આવરણ છે.
- ★ અજ્ઞાન આત્માને જડ બનાવી દે છે.
- ★ અજ્ઞાન આત્માને પાગલ બનાવી દે છે.

દારૂ પીને માણસ ચુપચાપ બેઠો રહ્યો કે, ચુપચાપ સુઈ
ગયો, એ એટલી મહત્વની વાત નથી, એના કરતા-
મહત્વની વાત એ છે, કે હવે મે એ દારૂપી શકે છે તો
એ કંઈ પણ કરી શકે છે. એમને ખબર નથી આ બચાવ

નથી. શાસ્ત્રકાર ભગવંતો કહે છે, તમને ખબર જ ન હતી કે તમારો ગુનો. એમને ખબર નથી આ બચાવ - નથી. તમને ખબર નથી તો શા માટે ખબર નથી તો જે ખબર નથી એની સજા તમારે ભોગવવી - પડશે. એમને ખબર નથી એ બચાવ નથી, ખબર - નથી તો તમે ઘણું બધું અજુગતું કરવાના છો. મેં કોઈનું ખુન નથી કર્યું, ચોરી નથી કરી, મેં કોઈને કોઈ નુકશાન નથી પહોંચાડ્યું, મેં ફક્ત દારૂ પીધો છે. આટલી જ માણસની દલીલ હોય છે ને એને કહેવું પડશે કે દારૂ પીધો એમાં બધુ જ આવી ગયું, ઘણું બધુ તમે કરી ચુક્યા છો, હજુ તમે ઘણું બધું કરત. અને હરગીઝ તમારી આ હરકત માફ - ન થઈ શકે, તમારે એની સજા ભોગવવી પડશે. અજ્ઞાન એ પણ દારૂ જ છે.

તમારો પ્રશ્ન છે સાહેબ બધી વાત - સાચી, અમે સંસારી માણસ, અમે અહીંયા આવી - એ તો જોઈએ કે બધા મહાત્માઓ ભણવામાં છે ને અમને આશ્ચર્ય થાય અમે કોઈ ભણીએ, સ્વાધ્યાય - કરીએ, આગળ વધીએ એ અમારા માટે સપના જેવી વાત છે, તો અમે સંસારમાં ડુબેલા, ખુંપેલા છીએ, સમય આમ છે નહિ ને એ છે તો એ બધો પ્રમાદ માં જતો રહે છે. આપની બધી જ વાત સાચી ભણવું જોઈએ જ્ઞાન મેળવવું જોઈએ, અજ્ઞાન દૂર કરવું જોઈએ. અમે અમારી જીંદગી જોઈએ, અમારી - પરિસ્થિતિ જોઈએ, અમને નથી લાગતું કે અમે કોઈ જ્ઞાનનું શિખર સર કરી શકીએ તો અમારે શું કરવું ? હું તમને પુછું છું કે તમારી પરિસ્થિતિ વગેરે શું છે એ વાત બાજુ પર મુકી દો, મને એટલો જવાબ આપો, કે તમારે જ્ઞાન

મેળવવું છે કે નહિ ? તરસ હશે તો રસ્તો મળશે, મેળવવું હોય તો લાખ રસ્તા છે, ન મેળવવું હોય તો લાખ બહાના છે, તમે સંસારમાં છો, સંસારી છો, ગૃહસ્થ છો, તમારે રસોડું છે, તમારે OFFICE છે, તમારે પરિવાર છે, તમારે વ્યવહારો છે, તમારે સમયની ખેંચ છે, બધું જ બાજુ ઉપર મુકો, મને જવાબ આપો. તમારે જ્ઞાન મેળવવું છે કે નહિ ? તમે નક્કી કરો કે જે દિવસે તમે જ્ઞાન માટે એક કલાક પણ ન આપ્યો હોય, એક કલાક તમે પ્રવચન પણ નથી-સાંભળ્યું, ધારોકે પ્રવચન હતું જ નહિ અથવા તો તમે જઈ ના શક્યા, કંઈ પણ બન્યું. તમે એક કલાક-ચોપડી લઈને સ્વાધ્યાય કર્યો ના હોય, જરૂરી નથી કે તમે ગાથા જ ગોખો, તમને ગમતા કોઈ પણ ગીતાર્થ ગુરૂ-ભગવંતની ચોપડી તમે વાંચો, કોઈક મહાત્મા પાસે જઈને કોઈ પાઠ લો, કોઈ મહાત્માની સત્સંગ વાતોચીતો રૂપે નહિ, વાચના રૂપે- વ્યાખ્યાન રૂપે કરો. છેવટે તમારે સ્વાધીન તમે ચોપડી વાંચો, જે ગીતાર્થ ગુરૂ ભગવંતની હોય, જે દિવસે એક કલાક પણ, વ્યાખ્યાન, વાચના કે-સ્વાધ્યાય ન થઈ શકે, એના બીજા દિવસે એક ટંક-ભોજન છોડી દેવું, આવું થઈ શકે ? હું તમને પુછુ છું ?

તમારે ધંધાનું એવું કામ આવી ગયું, તમારે સંસારના વ્યવહાર આવી ગયા, તમે જે દિવસે કશું જ ના કરી શક્યા. હું કહું છું બીજા દિવસે એક ટંક તમે છોડી દો. છોડી દેશો તો બહુ વાર છોડવું-નહિ પડે. નહિ છોડો તો જ્ઞાન છુટતું જશે, જ્ઞાન છોડવું પડશે, જ્ઞાન તમારું ટકશે નહિ ને અજ્ઞાન સાથેની બધી જ હોનારતો ના તમે ભોગ બનશો. હું કહું છું કે આપણે તપસ્યા કરનારા, મોટી મોટી તપસ્યા કરનારા, જ્ઞાન માટે તમારા જીવનમાં તમે નક્કી કરો, સાથ જ શરીર

અટકી ગયું, મન અટકી ગયું, એ બધો સમય ક્યાંક-વચ્ચે આવી ગયો, છેલ્લે આવી ગયો એ બાદ કરી મારા જીવનમાં જે દિવસે, કલાક પણ જ્ઞાન માટેનો-પુરુષાર્થ નહિ કર્યો હોય, એના બીજા દિવસે હું એક-ટંક નહિ વાપરું, આમાં આપણું શું મત ?

છગને ચિંટુને પુછ્યું કે તારી શાળામાં કેટલા જણા ભણે છે, કેટલા છોકરા ભણે ? ચિંટુએ તરત જવાબ આપ્યો પપ્પા સો એ પાંચ ! પપ્પાને સંખ્યા જાણવી હતી OVERALL સ્કુલમાં કેટલા છોકરાઓ ભણે છે પાંચસો, હજાર, પંદરસો, બે હજાર, અઢી હજાર, ને ચિંટુએ બહુ સાચો જવાબ આપી દીધો. પપ્પા-સો એ પાંચ ભણે છે. હું તમને પુછુ છું કે આ-સંઘમાં કેટલા ભણે છે.

સંઘનો અભ્યુદય, સંઘની ગરિમા, તમારા સંઘની અંદર કેટલી જુદી-જુદી વ્યવસ્થાઓ છે, બાર મહિને કેટલા સ્વામી વાત્સલ્યો થાય છે. સાધારણની BALANCE કેટલી છે. તપસ્યાનો આંકડો કેટલો ઉંચે પહોંચ્યો. પર્યુષણ ની જન્મ વાંચનની ઉપજ કેટલી થઈ, સંઘની ગરિમાનું માપદંડ આ બધું નથી. સંઘના કેટલા સભ્યો જ્ઞાનસાર ભણ્યા છે. સંઘના કેટલા બાળકો ને ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, વગેરે વગેરે સુત્રો થઈ ગયા છે. સંઘની કેટલી-દીકરીઓને શાંત સુધારસનો ઉંડો અભ્યાસ થયો છે. સંઘના કેટલા વડિલોને ઉપદેશ માલાનું વાંચન થયું છે. સંઘની વહીવટી વ્યવસ્થા સંબંધી શાસ્ત્રો એનો અભ્યાસ કેટલાને થયો છે. સંઘના કેટલા શ્રાવક-શ્રાવિકાઓને પ્રશમરતિના પદાર્થો મોઢે છે. સંઘના કેટલા શ્રાવક-શ્રાવિકાઓ, એમને અધ્યાત્મસારનું

DATE

વાંચન ચાલી રહ્યું છે. સંઘના કેટલા લોકો, યોગસાર નો અભ્યાસ કરી ચુક્યા છે. સંઘના કેટલા શ્રાવક શ્રાવિકાઓ એવા છે, જેમણે શ્રાવક પ્રાયોગ્ય, શ્રાદ્ધ વિધિ, શ્રાદ્ધ ગુણ વિવરણ, શ્રાવક ધર્મ વિધિ, સંવેગ રંગશાળા, ઉપમિતિ ભવ પ્રપંચ કથા, વગેરે વગેરે ગ્રંથોનો અભ્યાસ થયો છે. અથવા પચાસ ગ્રંથનો અભ્યાસ થયો છે. અથવા પચ્ચીસ ગ્રંથનો અભ્યાસ થયો છે. અથવા દસ ગ્રંથનો અભ્યાસ થયો છે. સંઘની અંદર કેટલા શ્રાવકો એવા, જેમને શાસ્ત્રીય શ્રાવક જીવન શું હોય, એનું જ્ઞાન છે. સંઘની અંદર કેટલા શ્રાવકો એવા જેમને શુદ્ધ પૂજા વિધિનુ બરાબર જ્ઞાન છે. સંઘની અંદર કેટલા શ્રાવકો એવા, જેમને સામાયિક શું છે, એની બધી જ ખબર હોય ને, શુદ્ધ સામાયિક તેઓ કરતા હોય. સંઘની અંદર કેટલા શ્રાવકો એવા, જેઓ દિવસ-રાત ચિંતિત હોય કે પાઠશાળાની સંખ્યા આટલી ના ચાલે, માત્ર છોકરાઓ જ આવે ને અમુક ટકા જ આવે, હરગીઝ ના ચાલે. સંઘની એક એક વ્યક્તિ પાઠશાળા આવતી હોવી જોઈએ. દિવસમાં દસ વાર પાઠશાળાનો ક્લાસ બેસતો હોવો જોઈએ. દસ જાતના GROUPS હોય, દસ TEACHERS આવે, જબરદસ્ત ધમધોકાર પાઠશાળા અમારી ચાલતી હોય, જેટલા સંઘમાં સ્વામી વાત્સલ્યમાં આવે છે, એટલા જ લોકો, પાઠશાળાની અંદર આવતા હોવા જ જોઈએ. ન આવે એ કઈ રીતે ચાલે, ચાલો મહેનત કરીએ, કઈ રીતે આવે, એનો વિચાર કરીએ. ગમે તે કરીએ, આકાશ પાતાળ એક કરીએ, પણ સંઘની એક એક વ્યક્તિ, એક દિવસમાં એક કલાક જ્ઞાન પ્રાપ્તિનો પુરુષાર્થ ના કરે, એ તો હરગીઝ ન ચાલે. જ્ઞાન ન મેળવવું એ જ મોટું પાપ. જ્ઞાન ન મેળવવું એ જ હિંસા. જ્ઞાન ન મેળવવું એ જ જુઠ, જ્ઞાન ન મેળવવું એ જ ચોરી,

જ્ઞાન ન મેળવવું એ જ દુરાચાર, જ્ઞાન ન મેળવવું એ જ કષાયો, જ્ઞાન ન મેળવવું એ જ રાગ-દ્વેષ. જ્ઞાન ન મેળવવું એ જ ઝઘડા, ઝઘડો થાય ત્યારે આપણે બધા આમ ચોંકી જઈએ, આ શું થઈ ગયું, ઝઘડો થઈ ગયો. હું તમને કહું છું આપણે જ ઝઘડાની તૈયારી વર્ષો સુધી કરતા હોઈએ, પછી બીજું શું થાય ?

તમારી પોતાની વ્યક્તિગત સમસ્યાઓ, તમારી પારિવારિક સમસ્યાઓ, તમારા સંઘની સમસ્યાઓ, તમારી સામાજીક સમસ્યાઓ, તમારી રાજકીય સમસ્યાઓ, તમારી વૈશ્વિક સમસ્યાઓ તમારી આર્થિક સમસ્યાઓ, તમારી માનસિક સમસ્યાઓ, તમારી આત્મિક સમસ્યાઓ તમારી ધાર્મિક સમસ્યાઓ, બધી જ સમસ્યાઓનું સમાધાન હોય, તો એ માત્ર ને માત્ર જ્ઞાન છે.

દીકરો સ્કુલે નહીં જાય તો એનું ભવિષ્ય બગડશે, આટલું હજુ કહાય તમને સમજાય છે દીકરો જ્ઞાની નહીં બને, તો એનું ભવિષ્ય બગડશે, આ લોક બગડશે, પરલોક બગડશે, બધું જ બગડશે, આ વાત તમને સમજાય છે ? દીકરો અમેરિકા જાય તો તમે એને હોંશે હોંશે મોકલોને એનો વિકાસ થઈ રહ્યો છે, આવું તમને લાગે છે જ્યાં ઘોર અજ્ઞાનમાં પૈસો રગદોળાવાનો, એનું ચારિત્ર્ય ચૂંથાવાનું, એનો આત્મા ચૂંથાવાનો, ભયાનકમાં ભયાનક પાપો એને સરળ લાગે, સહજ લાગે, એ પાપ જ ન લાગે, એટલી નીચી કક્ષાએ પેલો પહોંચી જવાનો, દીકરાની જતી કરવા તમે તૈયાર છો, અજ્ઞાન માટે તમારી પાસે શાબની

DATE

દીકરો જ્ઞાની બને અજ્ઞાની તમને ચિંતા નથી. એવની ફરીયાદો તમારી પાસે ઘણી બધી છે. પણ તમે કહ્યું કે બેટા આ વરસે, તું આટલા પાંચ ગ્રંથ ભેગા લઈ કોઈ સાધ્વીજી પાસે, આ સોનાની NECKLESS તારે-તને આપવાની છે, ઈનામ રૂપે. હું તમને પુછું કે-આટલું આપણને ના આવડે ? દીકરાને સાયકલ-જોવે છે તમે દીકરાને કહો કે બેટા, સાઈકલ તને-સો ટકા અપાવવાની, તુ પાંચ મહિના સુધી, પાંચ-ગાથા, રોજ અર્થ સાથે કર, તારી સાયકલ પાંચ મહિના પછી તું કહે એ COMPANY ની, તું કહે એટલા ભાવની તું કહે એ QUALITY ની તારી CYCLE નક્કી ! - આટલું તમે ના કહી શકો ? તમને આટલું કહેતા આવડે ને, તો દીકરાઓ દસ વરસ સુધી પાઠશાળા-જઈને જે નથી ભણતા એ પાંચ મહિનામાં ભણાય-જાય એમ છે. તમારો દીકરો રોજની ત્રણેક ગાથા-પણ કરે, તો એક વરસની અંદર, બે બે પ્રતિક્રમણ પુરા કરી શકે, પાંચ પ્રતિક્રમણ પુરા કરી શકે એમ છે, અનેક સ્તવન, સજ્ઝાય, થોયો કરી શકે એમ છે, સ્નાત્ર પૂજા સુધી કરી શકે એમ છે. જો એ રોજની ત્રણેક ગાથા કરે, વાત તમને સમજાય છે ?

જે પાંચ-પાંચ વરસ સુધી પાઠશાળા જાય, ના જાય. ખાડા પાડે, ગાથા અડધી-પડધી કરે, ભુલે, REVISION ચાલે, વચ્ચેમાં ગોથા ખાધા કરે, એમાં દીકરાની કોઈ વાંક નથી, આપણી પોતાની વાંક છે. તમે TOTAL કરો કેટલી ગાથા થાય છે. એક વરસની અંદર, MAXIMUM એનું આવશ્યક સુત્રોનું જ્ઞાન થઈ જાય ને, પછી ના પાંચ વર્ષ - દશ વર્ષ - એ એક પછી એક અદ્ભુત ગ્રંથો નો અભ્યાસ કરીને સંઘનો એક એક દીકરો જ્ઞાની બન્યો હોય, સંઘની એક

એક દીકરી જ્ઞાની બની હોય, આખા સંઘની કાયા-
પલટ થઈ જાય, આ બધા લવ જેહાદીઓ મોઢું -
વકાસી ને જોતા રહી જાય, દીકરીનું ભવિષ્ય સુરક્ષિત
થઈ જાય, સાસરે સ્થિર થાય, પાછી ના આવે,
સહનશીલ હોય, સમભાવી હોય, એનામાં કેટકેટલા -
ગુણો હોય, જ્યાં જાય ત્યાં રાણી બનીને રહે,
દીકરો કદી આપઘાત નહિ કરે, દીકરી કદી પાછી -
નહિ આવે, દીકરો ધંધાની અંદર એવા લોભમાં કે
એ પાપમાં નહીં તણાય કે પછી એને આપઘાતના
વિચારો કરવા પડે. એ જીંદગીની અંદર શાંતિથી,
સાદગીથી, સંતોષથી, ખુશીથી, સુખેથી રહી શકશે.
આ બધુ એના SCHOOL, COLLEGE, DEGREE ના
ભણતર દ્વારા નથી થવાનું, તમારી ધીકતી દુકાન -
એને આપી દો એનાથી નથી થવાનું, એ બધું
જ્ઞાનથી થવાનું છે. તો એ તમને જ્ઞાનની -
VALUE સમજાતી નથી !

ફરી તમને પ્રશ્ન કરું કે સંઘમાં -
કેટલા ભણેલા ? આજે સંઘ માટે અમને એટલી
બધી વેદના થાય, કે આ સંઘનું થશે શું ?
આટલું આપણે ત્યાં જ્ઞાન પ્રત્યે ઉદાસીન વાતાવરણ
હશે, જ્ઞાનની મહત્તા નહી હોય, જ્ઞાનનું મુલ્ય -
નહીં હોય, જ્ઞાન પ્રત્યે ઉપાદેય બુદ્ધિ નહી હોય,
અને સંઘનો એકાદ સભ્ય પણ ચોવીસ કલાકની
અંદર જ્ઞાન ના ક્ષેત્રે એક સેકંડ પણ ન આપે
એ મુદ્દે આપણું હૈયું ચિરાઈ ન જતું હોય, તો
સમજ લેવું કે આપણે પોતે હજુ ઘણા અંધારામાં
છીએ. નવા નવા દહેરાસરોની કેટલી જરૂર છે ?
નવા તીર્થોની કેટલી જરૂર છે ? નવા - નવા -
અનુષ્ઠાનોની કેટલી જરૂર છે ? નવી - નવી -

પ્રવૃત્તિ બહારની એની કેટલી જરૂર છે, ને સંઘની અંદર જ્ઞાનની પ્રવૃત્તિમાં વેગ મળે, એમાં કેટલી જરૂર છે, આનું PLUS-MINUS, લાભાલાભ, હિતાહિત, વધુ જરૂરી-ઓછું જરૂરી, આનો વિચાર કોણ કરે ?

હું તમને કહું કે ભગવાન ભરાવવા છે, બધા પડાપડી કરીને નામો લખાવશે. હું તમને કહું કે તમારા દીકરાને પ્રલોભન આપીને, તમારી વહુને પ્રલોભન આપીને, તમારી શ્રાવિકાને પ્રલોભન આપીને, તમારા ઘરના એક એક સભ્ય જે ભાષામાં સમજે એ ભાષામાં એમને સમજાવીને, એમને જ્ઞાન માટે દોડતા કરી દેવા, તો હું તમને પુછું છું એમાં તમારો કેટલો ઉલ્લાસ હશે ?

SUPER IMPORTANT

- ☆ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે ભગવાન ભરાવવા !
- ☆ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે દહેરાસર બનાવવું !
- ☆ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે તીર્થ બનાવવું !
- ☆ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે પાંજરાપોળ બનાવવી !

આગમની અંદર સ્પષ્ટ લખ્યું છે,

पढमं णाणं तओ दया।

પહેલા જ્ઞાન અને પછી દયા. આપણે જ્ઞાન વગર ધર્મ કરવા નીકળીએ છીએ ને, પછી એ જ ધર્મની આપણે ચર્ચા ને નિંદા કરતા હોઈએ છીએ.

EXTREMELY IMPORTANT

- ☆ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે ઉપાશ્રય બનાવવો !
- ☆ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે આયંબિલખાતું બનાવવું !
- ☆ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે ઉપધાન તપ કરાવવા !
- ☆ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે નવ્વાણું કરાવવી !
- ☆ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે છ'રી પાલિત સંઘ કાઢવો !

★ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે પાલીતાણામાં - સામુહિક ચાતુર્માસ કરાવવું !

★ એક વ્યક્તિ ને જ્ઞાન આપવું એટલે શાસનની રક્ષા- કરવી !

★ એક વ્યક્તિને જ્ઞાન આપવું એટલે એના અનંત - જન્મ-મરણ ઉપર પૂર્ણવિરામ મુકી દેવું !

★ એક વ્યક્તિ ને જ્ઞાન આપવું એટલે આખા ચૌદ- રાજલોકની અંદર, અમારી પ્રવર્તનની, દયા ની - જીવદયાની ઘોષણા કરાવવી.

ધર્મદાસગણિ મહારાજ ઉપદેશ માલા- ગ્રંથની અંદર સ્પષ્ટ કહે છે.

सयलम्मि जीवलोए तेणेहं घोसिओ अमाघाओ

સમગ્ર વિશ્વની અંદર તે વ્યક્તિ એ અભયદાનની - ઘોષણા કરી છે,

इक्कं पि जो दुहत्तं सत्तं बोहेइ जिणवयणे ।।

જે એકાદ પણ જીવને જીનવચનનો બોધ પમાડે છે, એ ચૌદ રાજલોકના અનંતાનંત જીવોને, અભયદાનની ઘોષણા આપી રહ્યા છે અભયવચન આપી રહ્યા છે. કારણકે એક વ્યક્તિ જિનધર્મ પામ્યો, જીનવચનનો બોધ પામ્યો, જ્ઞાન પામ્યો, ટુંક સમયની અંદર એ મોક્ષે જતો રહેશે, એના અનંતા કસાઈના - ભવ CANCEL થઈ ગયા,

એના અનંતા માછીમારના ભવ CANCEL થઈગયા,

અનંતા પરમાધામીના ભવ CANCEL થઈ ગયા,

અનંતા એના ભુંડ ઉંદરના ભવો CANCEL થઈગયા,

અનંતા એના POULTARY FARMના ભવો CANCEL થઈ ગયા. અનંતા એના માંસાહારી પણાના ભવો CANCEL થઈ ગયા, અનંતા એના ખુની પણાના ભવો કેન્સલ થઈ ગયા, અનંતા એના હિંસક-

DATE

પણના ભવો CANCEL થઈ ગયા. એક જીવને જ્ઞાન આપી અને ચૌદે રાજલોકના બધા જ જીવોને કતલખાનામાંથી-છોડાવ્યાનું, હત્યાથી બચાવ્યાનું પુણ્ય મળે. પણ હજુ-આપણને જ્ઞાન માટે એવી ઉપાદેય દ્રષ્ટિ ખુલતી નથી!

EXTREMELY IMPORTANT

બધું આપણને ગમે છે. પણ બધાનું જે મૂળ છે. એ મૂળ આપણને ગમતું નથી. મૂળની આપણને કિંમત નથી. મૂળમાં તો આપણે આગ-લગાડી રહ્યા છીએ, તો એ ઝાડનું, એની એક એક ડાળીનું, એની એક એક ~~[illegible]~~ શાખાનું, એના એક પાંદડાનું, એના એક એક ફૂલનું, ફળનું થશે શું?

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, બહુ હૃદયભેદી શબ્દોની અંદર, મોહવિલય ઉદ્યાનમાં, પ્રતિબોધક આચાર્યના-મુખે, અજ્ઞાનની ભયંકરતા, એનું વર્ણન કરતાં કહે છે કે, એ પાપની જન્મદાત્રી છે. અને પાપથી શું-થાય છે? સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે,

एतद्धि सर्वदुःखानां कारणं वर्णितं बुधैः ।

અજ્ઞાનથી પાપ થાય છે ને, પાપ એ જ બધા દુઃખોનું કારણ છે.

उद्वेगसागरे घोरे हठादीनत् प्रवर्तकम् ।।

અને જીવને ધક્કો મારીને ઉદ્વેગના, યાતનાના, પીડાના દુઃખોના, દરિયાની અંદર એ પાડી દે છે. પેલો ના જતો હોય તો બળપૂર્વક, હઠથી, બળજબરીથી, એને ધક્કો મારી દે છે. અને જીવ દુઃખી દુઃખી થઈ જાય છે. જ્ઞાન એક પણ દુઃખનું કારણ નથી બનતું. અજ્ઞાન એક પણ સુખનું કારણ નથી બનતું. શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રંથની અંદર, હરિભદ્રસૂરી મહારાજ કહે છે,

दुःखं पापात् ।

પાપથી દુઃખ જ મળે, પાપથી એક પણ સુખ મળતું નથી, અજ્ઞાનથી પાપ, અને પાપથી દુઃખ, આ વિષચક્રની અંદર, જીવ અનાદિકાળથી ફસાયેલો છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.

मूलं सङ्क्लेशजालस्य पापमेतदुदाहृतम् ।

આ પાપ એ શું છે ? પાપને સમજવાનો પ્રયાસ કરશો, એ જિલસફોલી તમારી ગાડીની નીચે આવી ને મરી ગઈ એ પાપ, તમે જુઠુ બોલ્યા એ પાપ, પણ હજુ પાપ શું છે એ આપણે સમજ્યા નથી.

मूलं सङ्क्लेशजालस्य पापमेतदुदाहृतम् ।

બધા જ સંક્લેશોનું મુળ બીજું કંઈ જ નથી, પાપ છે.

न कर्तव्यमतः प्राज्ञैः सर्वं यत्पापकारणम् ॥

માટે જે પ્રાજ્ઞ હોય, સમજુ હોય, બુદ્ધિશાળી હોય, એણે એવું કશું પણ ના કરવું જોઈએ, જે પાપનું કારણ હોય. સમજવાનો પ્રયાસ કરવો છે. પાપએ સંક્લેશ બધાનું મુળ છે. પાપનો એ સ્વભાવ જ છે, કે એ સંક્લેશ કરાવે. આપણો પ્રશ્ન હોય છે કે - શા માટે આવું બધું, જુઠુ નહી બોલવાનું, ચોરી નહી કરવાની, હિંસા નહિ કરવાની, મૈથુન નહિ કરવાનું, પરિગ્રહ નહી રાખવાનો, પાપ નહી કરવાનું _ _ નહી - કરવાનું આવું શા માટે ? સિદ્ધર્ષિ ગણિ મહારાજ જવાબ આપે છે, પાપ છે ને એ સંક્લેશ કરાવે એ એનો સ્વભાવ જ છે, તમે પુછો શા માટે સંક્લેશ કરાવે, હું તમને સામે પ્રશ્ન કરું છું, આગને નહિં અડવાનું, આગમાં નહિ જવાનું, આગમાં હાથ નહિ નાખવાનો, આગમાં માથુ નહિ નાખવાનું, આગથી દુર રહેવાનું, શા માટે આવા બધા - નિયંત્રણ ? આનો સીધો જવાબ છે કે આગએ દઝાડે, શા માટે દઝાડે ? કારણ કે એ

આગનો એવો સ્વભાવ છે. દાર્શનિક શાસ્ત્રોનો આ એક પદાર્થ છે. તથાસ્વભાવ !

स्वभावोऽप्यपर्यनुयोज्यः।

તમે કદી પણ સ્વભાવની સામે પ્રશ્ન ના કરી શકો, આગમાં નહીં જવાનું કારણકે એ ગરમ છે. કારણકે એ દઝાડે, હવે પ્રશ્ન કરો કે શા માટે દઝાડે ? જવાબ આવે કે કારણકે એવો એનો સ્વભાવ છે. હવે પ્રશ્ન થાય કે શા માટે એનો સ્વભાવ છે, તો આવો પ્રશ્ન કદી ના કરાય ! જેનો જે સ્વભાવ છે એ છે.

स्वभावोऽप्यपर्यनुयोज्यः।

એટલે કે સ્વભાવ સામે કદી પણ પ્રશ્ન થઈ શકે નહિ ! શાસ્ત્રકાર ભગવંતો આપણને દુઃખી કરવા નથી માંગતા, કટકટ કરવા, ટકટક કરવા નથી માંગતા, ટોકટોક કરવા નથી માંગતા, આ પાપ ના કરો, આ પાપ ના કરો, આ પાપ ના કરો, આ પાપ ના કરો, આપણો સવાલ આટલા બધા નિયંત્રણો શા માટે ? એનો શાસ્ત્રકાર ભગવંતોનું એટલું જ કહેવું છે કે, જેનાથી જીવ જતો રહે એવી હજારો વસ્તુ દુનિયામાં છે. તમે અજગરના મોઢામાં જતા રહો જીવ જતો રહે, તમે વાઘને- છંછેડો જીવ જતો રહે, તમે સુતેલા સિંહને ઉઠાડો જીવ જતો રહે, તમે ફાંસો ગળામાં નાખી ને લટકી જાવ ને જીવ જતો રહે, તમે પોટેશિયમ સાઈનાઈડ નું જલદ ઝેર હોય ને એને પીવા જાવ જીવ તમારો જતો રહે. જીવ જતો રહે એવા ઘણા બધા કારણો છે, આ ય નહિ કરવાનું, આય નહિં કરવાનું, અજગર ના મોઢામાં ના જવું, સુતેલા સિંહ ને ય ન ઉઠાડવો, ફાંસો એ ન ખાવો, ઝેર ના પીવું, આમ ચપ્પુ લઈને છાતીમાં ખોસી ના દેવું, આટલી બધી ના શા માટે- આટલા બધા નિયંત્રણ શા માટે ? એ કોઈ આ સવાલ

પુછે તો જ્ઞાનીઓનો જવાબ એટલો જ છે કે ભાઈ તારે જો સુખ હોય તો આ બધું છોડી દે, અને જો તારે સુખ નથી તો પછી તારી ઈચ્છા! આ બધા નિયંત્રણો નથી, કકર નથી, ટકટક નથી અમે તો તમને માર્ગદર્શન આપીએ છીએ, કે ભાઈ આ બધા મોતના રસ્તા છે. તું માનીશ તો તું બચી જઈશ, તું નહી માને તો તું મરી જઈશ એ નક્કી છે.

બરાબર એ જ રીતે, ઉતરાણ નહીં, હોળી નહીં, ફટાકડા નહીં, નાચગાનમાં નહિ જવાનું, આ અભક્ષ્ય નહીં ખાવાનું, આ ICE-CREAM નહીં ખાવાનો, PIZZA નહીં ખાવાના, પાઉં-ભાજી નહીં ખાવાની, બહાર નહીં ખાવાનું, આવું નહીં કરવાનું, તેવું નહિ કરવાનું આટલા બધા નિયંત્રણો શા માટે? જ્ઞાનીઓનો જવાબ એ જ છે, જેમ અજગર એ - જોખમ છે, સિંહ-વાઘ એ મરણનું જોખમ છે, બરાબર એ જ રીતે દરેક પાપ એ પણ મરણનું જોખમ છે જોખમ છે એટલું જ નહિ, નિશ્ચિત પણે મરણ લેવા છે, સિંહ પાસેથી હજુ કદાચ મરણ બચી જાય, એવું બની શકે. પાપ કરીને એનો આત્મા દુઃખી ન થાય એ શક્ય જ નથી, અને તમારે જો બચવું છે તો તમે પાપ છોડી દો.

જિજ્ઞાસાનો પ્રશ્ન :- ભગવંત! પણ જો હોટલ આદિ માં ન જઈએ તો સંક્લેશ થતો હોય તો શું કરવાનું?

પૂજ્યશ્રીનો ઉત્તર :- સંક્લેશ છે ને એની વ્યાખ્યા તમે હજુ બરાબર સમજ્યા નથી. કોઈ તમને હેરાન કરીને તમને ગુસ્સો આવે ને

એમાં તમે બોલો કે તુ મને કષાય ના કરાવ. તમે ઘરે ગયા, તમારો પૌત્ર છે, બે વરસનો ગલગોટા જેવો છે, દોડતો.. દોડતો દાદા દાદા કરીને આવ્યો, તમને વળગી-પડ્યો, તમને એટલું ગમ્યું, તમે એને ભેટયા, તમે-એને ખોળામાં બેસાડ્યો, તમે એને લાડ લડાવ્યા, તમે એની સાથે રમત કરી, ગેલ કર્યું, હું તમને પુછું છું આને કષાય કહેવાય કે ના કહેવાય ? કષાયના બે - સ્વરૂપ છે, રાગ અને દ્વેષ, ક્રોધ વગેરેની અંદર દ્વેષ છે, આ લોભ કષાય હોય છે જે રાગનો એક ભાગ હોય છે ને રાગ એ એની અંદર છે, રાગ એ સંકલેશ છે, રાગ એ અશુધ્ધિ છે, રાગ એ કલુષિતતા છે, રાગ તમને-નડી રહ્યો છે. કોઈની ઉપર ગુસ્સો એટલો આવ્યો તમે ગાળાગાળી કરી દીધી, તમે ગમે તેવા શબ્દો બોલ્યા, તમે બાથંબાથી એ આવી ગયા, એ પણ કષાય. પૌત્ર પ્રત્યેનો, પુત્ર પ્રત્યેનો, પત્ની પ્રત્યેનો જે રાગ આ પણ કષાય.

સંકલેશ છે ને, જ્યાં સુધી સંકલેશ ટળ્યો નથી, ત્યાં સુધી આપણું ઠેકાણું પડવાનું નથી. જેટલી દ્વેષ એ કલુષિતતા છે, એટલી જ રાગની પણ કલુષિતતા હોય છે. હોટલ તમને જવું હતું, આવું બધું સમજાવવામાં આવ્યું, રેમનો દિવસ આવ્યો, હોટલે-નથી જવું નક્કી કર્યું પણ, આંતરીક સંઘર્ષ ચાલી રહ્યો છે. આને શું કહેવાય ? આને નાનો બાળક હવે-પા-પા પગલી ભરી રહ્યો છે, અને ચાલતા... ચાલતા લથડિયા ખાય, ગોથા ખાય, અને પડ્યા વગર રહે નહિ. એને વાગે ખરું, એ રડે ખરું, આવું પણ થાય. હું તમને પુછું એને આવું થાય એટલે તમે શું કરો ? ઘરમાં કાયદો બનાવો કે હવે પછી ક્યારે પણ આ છોકરાએ ચાલવાનો પ્રયાસ કરવો નહિ. અરે ભાઈ પડશે ય ખરું,

ચાલશે પણ ખરું, રડશે ખરું, બધું બરાબર, પણ એ જો પ્રયાસ જ નહિ કરે તો આખી જીંદગી ઘોડીયામાં રહેશે, આખી જીંદગી પડ્યું રહેશે, આખી જીંદગી ચાર ઘુંટણીયે ચાલશે, પ્રયાસ તો કરવો જ પડે.

શરૂ - શરૂ ની અંદર જ્યારે એવું જ્ઞાન - નથી, એવો અભ્યાસ નથી, બની શકે હોટલમાં ન - જવા માટે, કોઈ પણ પાપ ન કરવા માટે, તમારે સંઘર્ષ કરવો પડે. થોડો અભ્યાસ થાય, એ જ છોકરો ગોથા - ખાધા વગર, પડ્યા વગર, ટટ્ટાર સરસ ચાલી શકે છે. બરાબર એ જ રીતે તમે ચાલી શકશો ને એક આ - આવશે, સાચું બોલો એક પણ મહાત્મા ને તમે પૂછો, કે સાહેબ દીક્ષા લીધા પછી હોટલમાં જવાનો વિચાર - સુધ્ધા આવ્યો હશે ? એ તો મહાત્મા નહિ એવા - હજારો શ્રાવકો છે જેમને વિચાર સુધ્ધા હોટલમાં - જવાનો આવતો નથી ને, તેઓ ટટ્ટાર ચાલી રહ્યા છે, તો તેઓ ચાલી શકે ને તમે ન ચાલી શકો ?

પાપ છે તો સમજુ લો બધા જ - સંકલેશો એની અંદર, એની સાથે આવવાના જ છે, એકાદ મૃત્યુ કદાચ સ્વીકારવી થાય, પાપમાં માત્ર જોખમ નથી, નિશ્ચિત મૃત્યુ છે, ને પાપમાં માત્ર એક મૃત્યુ નથી, અનંત મૃત્યુ છે, તો હવે આપણે શું કરવું છે એ આપણે નક્કી કરવાનું છે.

છગન OFFICE માં બેઠો હતો ને મગન દોડતો દોડતો આવ્યો, મગને છગનને કહ્યું કે, પોલીસ પાછળ આવી રહી છે ને તારી બધી ખબર પડી ગઈ છે ને વોરંટ નો બધું જ સાથે છે, પકડી લેશે તને અને લઈ જશે હમણાં, મારી દે ~~[illegible]~~

બારીઓથી કૂદકો, પણ જ્ઞાન કહે કે આ તેરમો માળ છે. મગન કહે કે તેરમો નો તેરમો, અત્યારે શુકન-અપશુકન જોવાનો સમય નથી. કૂદકો મારી દે!

હું તમને કહું છું, તેરમા માળેથી ન જ કુદાય, એની જ્ઞાનને પણ ખબર છે. જ્ઞાન પાસે જે સભાનતા છે, જ્ઞાન પાસે જે સ્પષ્ટતા છે, કે અહીંયાથી કૂદકો માર્યો એટલે તમે મરી જ ગયા. તમારું હાડકું એ ન-મળે. પોલીસ આવે ગમે તે થાય ગમે તેટલા રૂપિયાનું નુકશાન થાય, તેરમા માળેથી કૂદકો ના જ મરાય. જ્ઞાન પાસે સ્પષ્ટતા છે, ગમે તેટલો માનસિક સંઘર્ષ કરવો-પડે, ગમે તેટલા વિરોધો સહેવા પડે, ગમે તે થઈ જાય, પાપ તો ન જ કરાય ને જો મેં પાપ કર્યું છે, હું દુઃખી થવાનો, આટલી સમજ આપણી પાસે નહિ?

मूलं सङ्क्लेशजालस्य पापमेतदुदाहृतम्।

પાપનો એ સ્વભાવ જ છે, કે એ મનને કલુષિત કરે. આપણી અનાદિ ની ગેરસમજ આ છે કે પાપ મીઠું, પાપ સારું, પાપ રૂડું, પાપ સુખદાયક, પાપ કરીએ, તો આપણને સુખ મળે, આવી અનાદિની ગેરસમજ- હકીકતમાં એવું છે જ નહિ. પાપ જ્યારે જ્યારે આપણે કરીએ છીએ, ત્યારે મન કલુષિત થાય છે. એક ગેરસમજના કારણે અંદર DATA ENTRY એવી કરવામાં આવી કે, આવું આવું થાય એ સારું ને એનાથી સુખ મળ્યું એમ સમજવું, એ જે SOFTWARE અંદર FIT કરવામાં આવ્યો એ ખોટો છે ને માટે આપણે ખોટું-ખોટું અર્થઘટન કરીએ. પાપથી દુઃખ આવે એ પછીની વાત છે, પાપ પોતે જ દુઃખ છે, કલુષિતતા છે. આત્મા આપણો ધૂંધવાય, આત્મા આપણો ડહોળાય, આત્મા-રહેંસાય, આત્મા દુઃખી.. દુઃખી થાય, આનું જ નામ પાપ છે.

DATE

मूलं सङ्क्लेशजालस्य ।

પડોશી તમારા ઘરના દરવાજે કચરો નાખી જાય તો તમે એની સાથે ઝઘડો કરશો. પણ પાપ કરવા દ્વારા આપણે જ આત્માને આપણે સતત ઉકરડો બનાવતા હોઈએ, આ પ્રત્યે કદી આપણી દ્રષ્ટિ જતી જ નથી.

मूलं सङ्क्लेशजालस्य ।

પાપ નો એ સ્વભાવ છે કે આત્મસ્વસ્થતા નો એ નાશ કરે છે. આત્મા સ્વસ્થ હોય, મસ્ત હોય - કશું જ નથી, આત્મા એના સ્વભાવ માં છે આત્મા સુખી હોય છે, અને પાપ કરાવીને આપણે આત્માને દુઃખી કરાવીએ છીએ. દુનિયામાં કેટલાક - એવા લોકો છે, જેઓ હઠ પ્રેમી છે. મેં એક - પુસ્તક જોયું હતું જેનું નામ હતું,

## BELIEVE OR NOT ! (માનો કે ન માનો)

જે ચાર પાના ઈચ્છા ને બંધ કરી દીધું, આપણાથી જોવાય નહિ. એક દિ જ વાંચ્યો હતો, દુનિયામાં હઠ પ્રેમી ઓ નો કોઈ તોટો નથી. એવા એવા - લોકો જેઓ પોતાના શરીર સાથે ગંભીર ઈજાદાયક એવા ચેડાઓ કરે, એક માણસ હોય ને એણે બે ગાલમાંથી આરપાર તલવાર PASS કરી હોય, અને ચોપડીમાં એનો ફોટો હતો, આજ આપણાથી જોવાય નહિ. તલવાર જયાં થી અંદર ઘુસી જ્યાં થી પાછી બહાર નીકળી. એ માણસ - પાછો આમ મોઢું બતાડે છે. એવો માણસ હોય - નાકની નથ ની જેમ એણે આખા શરીરની અંદર નથ પહેરેલી હોય. આખા શરીરની અંદર કદાચ પચાસ, સાઈઠ, સિત્તેર જેટલી - અંદર થી ચામડી ને, આરપાર કરીને પહેરી હોય.

જોઈ ન શકાય એવું દ્રશ્ય. જોઈને આપણને આશ્ચર્ય થાય. પીડા છે દર્દ છે, દુઃખ છે, લોહીલુહાણ થઈ ગયા છે. છતાં પણ ગમે છે. છતાં પણ આવું બધું કર્યા જ કરે છે. આપણને પ્રશ્ન થાય કે આ મુર્ખાઓને આમાં શું મજા આવતી હશે, આમાં કરવા જેવું શું લાગતું હશે, હરગીઝ ના કરાય. આપણે તો કોઈ સોય અડાડવા જાય તો પાછળ ખસી જઈએ. આટલી દર્દ- શરીરમાં કાપ-કુપ હોય, આટલો બધો શરીર ઉપર-અત્યાચાર, આપણને એમના માટે પ્રશ્ન થાય કે કઈ રીતે આ લોકો આવા દર્દને સ્વીકારી શકે. જ્ઞાનીઓને આપણા માટે પ્રશ્ન થાય, કે કઈ રીતે આ-જીવ, પાપને સ્વીકારી શકે છે!

मूलं सङ्क्लेशजालस्य पापमेतदुदाहृतम्

- ☆ પાપનો અર્થ જ છે આત્મહત્યા !
- ☆ પાપનો અર્થ જ છે સળગતા ભડકામાં કુદકો મારવો !
- ☆ પાપનો અર્થ જ એ છે, ગળે ફાંસો ખાઈ લેવો !
- ☆ પાપનો જ અર્થ છે, પોતાના ઘરમાં PETROL છાંટીને, કાંડી લગાડી દેવી !
- ☆ પાપનો અર્થ જ છે હાથે કરીને પોતાનું દેવાળું કાઢવું !
- ☆ પાપનો અર્થ જ છે, પોતાના જ પરિવાર, એને સમાપ્ત કરી દેવો !
- ☆ પાપનો અર્થ જ એ છે કે હાથે કરીને અનંત-ભવભ્રમણ કરવાનું, RESERVATION કરાવવું !

मूलं सङ्क्लेशजालस्य पापमेतदुदाहृतम् ।

પંચસુત્રની અંદર સંસાર માટે કહ્યું.

दुक्खरूवे दुक्खफले दुक्खाणुबंधे ।

સંસાર પોતે જ દુઃખ સ્વરૂપ, સંસારનું ફળ એ દુઃખ ને સંસારથી દુઃખની પરંપરા ચાલવાની. બસ આ જ વસ્તુ પાપ માટે પણ કહી શકાય, પાપ પોતે પણ દુઃખ છે પાપનું ફળ પણ દુઃખ છે ને, પાપથી દુઃખની પરંપરા જ

ચાલુ રહે છે. જઘન્ય કક્ષાનો જીવ હોય છે એ એમ માને છે, કે પાપ વર્તમાનમાં પણ મીઠું, અને ભવિષ્યમાં પણ મીઠું. એનું ફળ પણ મીઠું ને એ પોતે પણ મીઠું. મધ્યમ કક્ષાનો જીવ માને છે, કે પાપ છે તો એ વર્તમાનમાં મીઠું, પણ એનું ફળ કડવું. પાપ કેમ ના કરાય, હમણાં ભલે મઝા આવે પછી સઝા મળે, એમ મધ્યમ કક્ષાનો જીવ માને. ઉત્કૃષ્ટ કક્ષાનો જીવ હોય, એ સ્પષ્ટ માને કે પાપ હમણાં પણ કડવું, અને પછી પણ કડવું. પાપ પોતે પણ દુઃખ રૂપ, અને પાપના ફળ તરીકે પણ દુઃખ જ મળે, આ ઉત્કૃષ્ટ કક્ષાના જીવની માન્યતા.

છગન રસ્તા ઉપરથી જતો હતો, ને સામેથી છોકરી આવતી હતી, એટલી ગુસ્સામાં.. એટલી ગુસ્સામાં... એટલી ગુસ્સામાં... અને MAKE UP એટલો બધો કર્યો હતો.. એટલો બધો કર્યો હતો ને છગન ને CONTRAST લાગ્યો ને કંઈ સમજાય નહીં ને SCENE બહુ જ વિચિત્ર લાગ્યો, આ બાજુ ફાટક હતું ને ફાટક તરફ જતી હતી, ધસમસતી જતી હતી ને ગુસ્સાથી ફાટફાટ થતી હતી, અને MAKE UP નો કોઈ પાર ન હતો, અને છગને એને પુછ્યું કે ક્યાં જાય છે. એણે જવાબ આપી દીધો આપઘાત કરવા, તો છગને પુછ્યું કે પછી આટલો બધો MAKE UP શા માટે કર્યો છે? છોકરી એ કહ્યું કે આટલી તમને ખબર નથી પડતી. છગન કહે નથી પડતી છોકરી કહે કે આવતી કાલે છાપામાં ફોટો આવશે ને!

मूलं सङ्क्लेशजालस्य पापमेतदुदाहृतम।

ઉત્કૃષ્ટ કક્ષાનો જીવ હોય છે એ સમજે છે, કે

પાપ હમણાં પણ દુઃખ ને પછી પણ દુઃખ. અજ્ઞાન જેવો અજ્ઞાન પણ સમજે છે કે, એ તમે મરી જ જવાના છો. એ ગાડીના પૈડા તમારા માથા પરથી, શરીર પરથી છોતરે છોતરા ઉડાવીને પસાર થઈ જવાના છે. તમે હતા, નહતા થઈ જવાના છો, એક-બે કિલોમીટર સુધી કદાચ તમારા અવશેષો વેરાયેલા હોય. એટલા-ભયાનક મૃત્યુ ને એ તમે વરવાના છો, તો પછી છાપા-માં ફોટો આવ્યો કે ન આવ્યો, એનાથી કોઈ ફરક જ પડતો નથી. અને ફોટો કેટલો સુંદર દેખાતો હતો કે ન હતો દેખાતો, એનાથી પણ કોઈ ફરક નથી-પડતો.

જીવનની અંદર, કોઈ પણ પાપ કરવાનું આવે ને, હું તમને કહું છું, આ દ્રશ્ય નજર સામે લાવજો. MAKE UP કરેલો છે, શણગારો કરેલો છે, પણ આપણે મરવા માટે જઈ રહ્યા છીએ, આપઘાત કરવા જઈ રહ્યા છીએ, પછી હમણાં સુંદર લાગીએ કે પછી સુંદર લાગીએ, લોકોમાં સારુ દેખાય કે લાઈ એ ગઈ એ રૂપાળી છોકરી હતી, આવી પ્રશંસા-આપણને કોઈ જ કામમાં લાગવાની નથી.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ બહુ પ્રેમથી-આપણને સમજાવે છે, તમે બહુ ગાંડા કાઢ્યા, તમે બહુ પાપમાં રગદોળાયા, અનંત વાર નરકમાં જઈ આવ્યા, અનંત વાર કતલખાને કપાયા, આ જ પાપના કારણે આ બધી હોનારત થઈ. હવે બહુ થયું. હવે તો પાપોને-છોડો, હજુ નહી છોડો, હજુ નહી સમજો, આગમ સૂત્રમાં ભગવાન મહાવીરસ્વામી નું વચન છે,

પુરિસોરમ પાવકમ્મુણા।

હે પુરુષ! હે આત્મન! હે જીવ! હવે તો તું પાપોને છોડ. આજે સમય થયો છે, આજે આટલું શજીએ!